ગ્રન્થાંક - ૯૧

# કર્મગ્રન્થ સાર્થ

## ભાગ ૨ જો

(૩-૪ કર્મગ્રન્થ)

(બંધસ્વામિત્વ-ષડશીતિ)

:- પ્રકાશક :-

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રન્થાંક - ૯૧

સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ :

શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી વિરચિત

ભાગ ૨ જો

(૩-૪ કર્મગ્રન્થ)

# (બંધસ્વામિત્વ : ષડશીતિ)

શબ્દાર્થ, ગાથાર્થ, મુનિરાજ શ્રી જીવવિજયજી
વિરચિત સ્તબુકાર્થ તથા ઉપયોગી ટીપ્પણ સાથે

: પ્રકાશક :
શ્રી બાબુલાલ જેશિંગલાલ મહેતા
ડૉ. મફતલાલ જે. શાહ

★

ઓનરરી સેક્રેટરીઓ
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા
(સ્વ. શેઠ વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)

★

| | | |
|---|---|---|
| આવૃત્તિ ૬ઠ્ઠી | મૂલ્ય | પ્રત : ૩૦૦૦ |
| વી. સં. ૨૫૨૦ | ૨૦-૦૦ | વિ. સં. ૨૦૫૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

—પ્રકાશક—

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મહેસાણા

શ્રી. બાબુલાલ જેસિંગલાલ મહેતા

ડૉ. મફતલાલ જે. શાહ

ઓ. સેક્રેટરીઓ.

—: પ્રાપ્તિસ્થાનો :—

[ ૧ ] શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.
મહેસાણા [ઉ.–ગુ.]

[ ૨ ] શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.
પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

મુદ્રક :
કૃતિ ઓફસેટ
લોઅર ગ્રાઉન્ડ ફ્લોર 'સમૃદ્ધિ',
હાઈકોર્ટ સામે,
નવરંગપુરા, અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના

મુનિશ્રી **જીવવિજયજી** મહારાજ શ્રી રચિત ટબા સાથેના શ્રી **દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજ રચિત પાંચ નવ્ય કર્મગ્રંથ તથા પૂર્વાચાર્ય રચિત સપ્તતિકા નામના છઠ્ઠા કર્મગ્રન્થની આ સંસ્થા તરફથી આવૃત્તિઓ અગાઉ છપાઈ ચૂકી હતી, પાંચમા-છઠ્ઠા કર્મગ્રન્થની ત્રીજી આવૃત્તિ પણ બહાર પડી ચૂકી છે, અગાઉ કર્મગ્રન્થ ભાગ ૧ લામાં ૧ થી ૪ કર્મગ્રન્થ છપાવવામાં આવ્યા હતા. આ આવૃત્તિમાં પણ ૧ થી ૪ કર્મગ્રન્થ સાથે છપાવવા વિચાર હતો, પરંતુ પ્રેસ તથા કાગળોની મુશ્કેલી અંગે સં. ૨૦૦૨ ની સાલમાં ૧ લો તથા ૨ જો કર્મગ્રન્થ બહાર પાડવામાં આવ્યો હતો, હવે બાકી રહેલ **બંધસ્વામિત્વ**નામા તૃતીય કર્મગ્રન્થ તથા **ષડશીતિ** નામા ચતુર્થ કર્મગ્રન્થ બહાર પાડવામાં આવે છે.

પ્રથમ તથા દ્વિતીય કર્મગ્રન્થ માફક આ આવૃત્તિમાં પણ અભ્યાસીઓની સગવડતા ખાતર ટબાની છપાઈ મોટા ટાઈપમાં લેવામાં આવી છે તથા સંસ્થાના ભૂતપૂર્વ અધ્યાપક ભાઈ કુંવરજી મૂળચંદે તૈયાર કરેલ ટિપ્પણ સૌથી પાછળ લેવામાં આવેલ છે.

આ ગ્રન્થના રચયિતા શ્રીમદ્ **દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજ શ્રી સુધર્માસ્વામિથી ૪૫ મી પાટે થયા છે તેઓશ્રીએ અનેક ગ્રંથો રચેલ છે, જેની નોંધ આ સંસ્થા તરફથી બહાર પડેલ 'ભાષ્યત્રયમ્'ની પ્રસ્તાવનામાંથી જોઈ શકાશે.

ટબાકાર શ્રી **જીવવિજયજી** મહારાજશ્રીએ આ ગ્રન્થ ઉપર ટબો સં. ૧૮૦૩ ના વિજયાદશમીના દિવસે રચેલ છે.

આ આવૃત્તિમાં દૃષ્ટિદોષ તથા પ્રેસદોષથી અશુદ્ધિઓ રહી જવા પામેલ છે. રહેલ અશુદ્ધિઓનું શુદ્ધિપત્રક સાથે આપવામાં આવેલ છે, તો તે પ્રમાણે સુધારીને અભ્યાસીઓને વાંચવા ભલામણ છે.

અંતમાં આ ત્રીજો-ચોથો કર્મગ્રંથ પ્રગટ થવાથી હવે અભ્યાસીઓને અભ્યાસમાં પડતી ત્રુટિ દૂર થશે એવી આશા સાથે વિરમીએ છીએ.

**મહેસાણા** લિ.

**સં. ૨૦૧૦ આસો સુદિ ૧** **વકીલ ચીમનલાલ અમૃતલાલ શાહ**

**શ્રી. બાબુલાલ જેશિંગલાલ મહેતા**

ઓ. સેક્રેટરીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# છઠ્ઠી આવૃત્તિની પ્રસ્તાવના

આ ગ્રંથની આ અગાઉ પાંચ આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે. પાંચમી આવૃત્તિની ૩૦૦૦ નકલ ખલાસ થતાં આ છઠ્ઠી આવૃત્તિની ૨૦૦૦ નકલ છપાવવામાં આવેલ છે.

અભ્યાસીઓની અનુકૂળતા માટે ક્રાઉન સોળ પેજીમાં આ ગ્રંથ છપાવવામાં આવેલ છે. આ આવૃત્તિનું પ્રુફ સંશોધન અમદાવાદ શ્રી રતિલાલ ચીમનલાલ દોશી લુદરાવાળાએ કાળજીપૂર્વક કર્યું છે. છતાં દૃષ્ટિદોષ કે મુદ્રણદોષથી જે અશુદ્ધિઓ રહી જવા પામી છે તેનું શુદ્ધિપત્રક આપવામાં આવેલ છે તે પ્રમાણે સુધારીને વાંચવા વિજ્ઞપ્તિ છે.

મહેસાણા
સં. ૨૦૫૦ મેરુતેરસ

લિ.
શ્રી બાબુલાલ જેસિંગલાલ મહેતા
ડૉ. મફતલાલ જે. શાહ
ઓનરરી સેક્રેટરીઓ
શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા

## વિષયાનુક્રમ


| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | બંધસ્વામિત્વ (તૃતિય કર્મગ્રંથ) | ૧-૩૫ |
| ૨ | બંધસ્વામિત્વ યંત્ર | ૩૬-૩૯ |
| ૩ | ષડશીતિ (ચતુર્થ કર્મગ્રંથ) | ૩૮-૧૮૨ |
| ૪ | બંધસ્વામિત્વ તૃતીય કર્મગ્રંથ ટિપ્પણ | ૧૮૩-૨૦૮ |
| ૫ | ઉદય સ્વામિત્વ | ૨૦૮-૨૩૦ |
| ૬ | ઉદીરણા સ્વામિત્વ | ૨૩૧-૨૩૬ |
| ૭ | સત્તા સ્વામિત્વ | ૨૩૧-૨૩૬ |
| ૮ | ચતુર્થ કર્મગ્રંથ ટિપ્પણ | ૨૩૭-૨૯૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બંધસ્વામિત્વનામા તૃતીય કર્મગ્રંથ.

## મંગળ અને અભિધેય

**બંધવિહાણુવિમુક્કં, વંદિયસિરિવદ્ધમાણુજિણચંદં;**
**ગઇઆઇસું વુચ્છં, સમાસઓ બંધસામિત્તં ॥૧॥**

**બંધવિહાણુ**—બંધની રચનાથી
**વિમુક્કં**—વિશેષે રહિતને
**વંદિય**-વાંદીને
**સિરિ**—શ્રી
**વદ્ધમાણુ**—વીરસ્વામી
**જિણચંદં**—જિનોને વિષે ચંદ્ર સમાનને
**ગઇઆઇસું**—ગતિઆદિ ચૌદ માર્ગણાઓને વિષે
**વુચ્છં**—કહીશું
**સમાસઓ**—સંક્ષેપથી
**બંધસામિત્તં**—બંધસ્વામિત્વ

**અર્થ—કર્મબંધનના વિધાનથી રહિત શ્રી વર્ધમાન જિનચંદ્રને નમસ્કાર કરીને ગતિ વગેરે વિષે સંક્ષેપ થકી બંધસ્વામિત્વ કહીશ. ॥ ૧ ॥**

**વિવેચન**—હવે બંધસ્વામિત્વ કહે છે. જીવપ્રદેશ સાથે કર્મનો જે સંબંધ તે બંધ કહીએ. તેનું મિથ્યાત્વાદિક હેતુએ કરીને નિપજાવવું તે બંધવિધાન કહીએ, તેણે કરીને વિમુક્ત એટલે રહિત એવા શ્રી વર્દ્ધમાન સ્વામી જિન તે અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની તેને વિષે ચંદ્રમા સરીખા; તેમના પ્રત્યે વાંદીને—નમસ્કાર કરીને ગતિ વગેરે બાસઠ માર્ગણાસ્થાનકને વિષે સંક્ષેપથી જીવને બંધનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામીપણું એટલે કયો જીવ કેટલી પ્રકૃતિ બાંધે એમ બંધસ્વામિત્વ કહીશ. ॥ ૧ ॥

---

**ગઇ ઇંદિએ ય કાએ, જોએ વેએ કસાય નાણે ય;**
**સંજમ દંસણ લેસા, ભવ સમ્મે સન્નિ આહારે ॥૨॥**

| | |
|---|---|
| **ગઇ**—ગતિ માર્ગણા | **સંજમ**—ચારિત્ર માર્ગણા |
| **ઇંદિએ**—ઇંદ્રિય માર્ગણા | **દંસણ**—દર્શન માર્ગણા |
| **કાએ**—કાય માર્ગણા | **લેસા**—લેશ્યા માર્ગણા |
| **જોએ**—યોગ માર્ગણા | **ભવ**—ભવ્ય માર્ગણા |
| **વેએ**—વેદ માર્ગણા | **સમ્મે**—સમ્યક્ત્વ માર્ગણા |
| **કસાય**—કષાય માર્ગણા | **સન્નિ**—સંજ્ઞિ માર્ગણા |
| **નાણે**—જ્ઞાન માર્ગણા | **આહારે**—આહારક માર્ગણા |

**અર્થ**—ગતિ ચાર, ઇંદ્રિય પાંચ, કાય છ, યોગ ત્રણ, વેદ ત્રણ, કષાય ચાર, જ્ઞાન આઠ, સંયમ સાત, દર્શન ચાર, લેશ્યા છ, ભવ્ય—અભવ્ય બે, સમયકત્વ છ, સંજ્ઞિ—અસંજ્ઞિ બે અને આહારી—અણાહારી એ બે, એ ૧૪ માર્ગણાના ઉત્તરભેદ ૬૨ જાણવા. ॥ ૨ ॥

સંજ્ઞાક્રમ સંગ્રહ

**જિણ સુરવિઉવાહારદુ, દેવાઉય નિરયસુહુમ-**
**વિગલતિગં;**
**એગિંદિ થાવરાયવ, નપુ મિચ્છં હુંડ છેવટ્ઠં ॥૩॥**
**અણમજ્ઝાગિઇસંઘયણ, કુખગઇનિયઇત્થિદુહગ-**
**થીણતિગં**
**ઉજ્જોઅતિરિદુગં તિરિ-નરાઉનરઉરલદુગરિસહં ॥૪॥**

જિણ—જિનનામકર્મ
સુર—સુરદ્વિક
વિઉવ—વૈક્રિયદ્વિક
આહારદુ—આહારકદ્વિક
દેવાઉ—દેવાયુ
નિરય—નરકત્રિક
સુહુમ—સૂક્ષ્મત્રિક
વિગલતિગં—વિકલેંદ્રિયત્રિક
એગિંદિ—એકેંદ્રિય જાતિ
થાવર—સ્થાવર નામકર્મ
આયવ—આતપ નામકર્મ
નપુ—નપુંસક વેદ
મિચ્છં—મિથ્યાત્વ મોહનીય
હુંડ—હુંડ સંસ્થાન
છેવટ્ઠં—છેવટ્ઠું સંઘયણ
અણ—અનંતાનુબંધિ ચારકષાય
મજ્ઝાગિઈ—મધ્યાકૃતિ [વચ્ચેનાં ચાર સંસ્થાન]
સંઘયણ—સંઘયણ [મધ્યનાં ચાર સંઘયણ]
કુખગઈ—અશુભ વિહાયોગતિ
નિય—નીચ ગોત્ર
ઇત્થિ—સ્રીવેદ
દુહગ—દૌર્ભાગ્ય નામકર્મ
થીણતિગં—થીણદ્ધિત્રિક
ઉજ્જોઅ—ઉદ્યોતનામ
તિરિદુગં—તિર્યંચદ્વિક
તિરિ—તિર્યંચાયુ:
નરાઉ—મનુષ્યાયુ:
નર—મનુષ્યદ્વિક
ઉરલદુગ—ઔદારિકદ્વિક
રિસહં—વજ્રઋષભનારાચસંઘયણ

અર્થ—જિનનામ, સુરદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવાયુ અને નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, એકેંદ્રિયજાતિ, સ્થાવરનામ, આતપનામ, નપુંસકવેદ, મિથ્યાત્વ મોહનીય, હુંડસંસ્થાન, છેવટ્ઠું સંઘયણ, અનંતાનુબંધિ ચાર, મધ્યની આકૃતિ [સંસ્થાન] ચાર, મધ્યસંઘયણ ચાર, અશુભવિહાયોગતિ, નીચગોત્ર, સ્રીવેદ, દુર્ભગત્રિક, થીણદ્ધિત્રિક, ઉદ્યોતનામ, તિર્યંચદ્વિક, તિર્યંચાયુ, નરાયુ મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણ ॥ ૩–૪ ॥.

વિવેચન—હવે ૧૨૦ માંથી કેટલીક પ્રકૃતિના અનુક્રમનો સંગ્રહ કહે છે–આગળ જે પ્રકૃતિથી જેટલી પ્રકૃતિ લેવી કહેશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પ્રકૃતિથી માંડીને તેટલી પ્રકૃતિઓ અનુક્રમે લેવી. જિનનામ ૧, દેવગતિ ૧, દેવાનુપૂર્વી ૨, વૈક્રિયશરીર ૧. વૈક્રિયોપાંગ ૨, આહારક શરીર ૧, આહારકોપાંગ ૨, દેવાયુઃ ૧, એવં ૮, નરકગતિ ૧, નરકાનુપૂર્વી ૨, નરકાયુઃ ૩, એવં ૧૧; સૂક્ષ્મ ૧, અપર્યાપ્ત ૨, સાધારણ ૩, બેઇન્દ્રિય ૧, તેઇન્દ્રિય ૨, ચઉરિંદ્રિય ૩, એવં ૧૭; એકેન્દ્રિયજાતિ ૧; સ્થાવરનામ ૧, આતપનામ ૧, એવં ૨૦; નપુંસકવેદ ૧, મિથ્યાત્વમોહનીય ૧, હુંડસંસ્થાન ૧, છેવટ્ઠું સંઘયણ ૧, એવં ૨૪.

અનંતાનુબંધીચાર કષાય ૪, ન્યગ્રોધ ૧, સાદિ ૨, વામન ૩, કુબ્જ ૪, એ ૪ મધ્ય સંસ્થાન, ઋષભનારાચ ૧, નારાચ ૨ અર્દ્ધનારાચ ૩, કીલિકા ૪. એ મધ્ય સંઘયણ ચાર. એવં ૩૬ અશુભ વિહાયોગતિ ૧ નીચૈર્ગોત્ર ૧, સ્રીવેદ ૧, એવં ૩૯ દુર્ભગનામ ૧, દુઃસ્વર ૨, અનાદેય ૩, થીણદ્ધિત્રિક ૩, એવં ૪૫, ઉદ્યોતનામ ૧, તિર્યંચગતિ ૧, તિર્યંચાનુપૂર્વી, તિર્યગાયુ ૩, મનુષ્યાયુ ૧, એવં ૫૦; મનુષ્યગતિ ૧, મનુષ્યાનુપૂર્વી ૨, ઔદારિકશરીર ૧, ઔદારિકોપાંગ ૨, વજ્રઋષભનારાચસંઘયણ ૧, એ પંચાવન પ્રકૃતિનો ક્રમ સંગ્રહ જાણવો. ॥ ૩-૪ ॥

---

**સુરઇગુણવીસવજ્જં, ઇગસઉ ઓહેણ બંધહિ નિરયા;**
**તિત્થવિણા મિચ્છિ સયં, સાસણિ નપુચઉ વિણા છનુઇ ॥૫॥**

| | |
|---|---|
| સુર—સુરાદિક | તિત્થ—તીર્થંકર નામકર્મ |
| ઇગુણવીસ—ઓગણીશ | વિણા—વિના |
| વજ્જં—વર્જીને | મિચ્છિ—મિથ્યાત્વે |
| ઇગસઉ—એકસો એક | સયં—સો |
| ઓહેણ—ઓઘે, સામાન્યપણે | સાસણિ—સાસ્વાદને |
| બંધહિ—બાંધે | નપુચઉ—નપુંસકાદિક ચાર |
| નિરયા—નારક જીવો | છનુઇ—છન્નું |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ—સુરદ્વિકાદિ ઓગણીશ પ્રકૃતિ વર્જીને એકસો એક પ્રકૃતિ ઓઘે નારકીના જીવો બાંધે, તીર્થંકર નામ વિના મિથ્યાત્વે સો પ્રકૃતિ [બાંધે,] નપુંસકચતુષ્ક વિના છન્નુ પ્રકૃતિ સાસ્વાદને [ બંધમાં ] જાણવી. ॥ ૫ ॥

વિવેચન—હવે ગતિમાર્ગણાએ બંધ કહે છે, તેમાં પ્રથમ નરકગતિએ બંધ કહે છે. સુરદ્વિક આદિ દઈને આતપ લગે ઓગણીશ પ્રકૃતિ ટાળીને શેષ એકસો એક પ્રકૃતિ ઓઘ-પણે એટલે ગુણઠાણાની વિવક્ષા વિના સર્વ નારકી સમુચ્ચય-પણે બાંધે. નારકીને ભવસ્વભાવેજ એ ઓગણીશનો બંધ ન હોય, મિથ્યાત્વ ગુણઠાણે તીર્થંકરનામનો બંધ ન હોય, તે માટે તે વિના (૧૦૦) એકસોનો બંધ હોય. સાસ્વાદને નપુંસકાદિક ચાર વિના એટલે નપુંસક ૧, મિથ્યાત્વ ૨, હુંડ ૩, છેવટ્ઠું ૪, એ વિના (૯૬) છન્નુનો બંધ હોય. ॥ ૫ ॥

---

**વિણુઅણ છવીસ મીસે, બિસયરિ સમ્મંમિ જિણ-**
**નરાઉ જુઆ;**
**ઇઅ રયણાઇસુ ભંગો પંકાઇસુ તિત્થયરહીણો ॥૬॥**

| | |
|---|---|
| વિણુઅણછવીસ—અનંતાનુબંધિ આદિ છવ્વીશ વિના | જુઆ—યુક્ત |
| મીસે—મિશ્ર ગુણઠાણે | ઇઅ—એ |
| બિસયરિ—બહોંતેર | રયણાઇસુ—રત્નપ્રભાદિક (ત્રણ) |
| સમ્મંમિ—અવિરતિસમ્યક્ત્વ ગુણઠાણે | ભંગો—ભાંગો [નરકે |
| જિણ—જિનનામકર્મ | પંકાઇસુ—પંકપ્રભાદિક (ત્રણ) નરકે |
| નરાઉ—મનુષ્યાયુએ | તિત્થયર—તીર્થંકર નામકર્મ |
| | હીણો—હીન (ઓછો) |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ– અનંતાનુબંધિ ચતુષ્ક આદિ છવીશ પ્રકૃતિવિના મિશ્રે [સિત્તોર] જાણવી. જિનનામ અને મનુષ્યાયુએ યુક્ત બહોંતેર પ્રકૃતિ સમ્યગ્દૃષ્ટિએ બંધાય, આ [બંધ આશ્રયી] ભંગ રત્નપ્રભા વગેરે ત્રણ નારકીમાં જાણવો. પંકપ્રભા આદિ ત્રણને વિષે [પૂર્વોક્ત બંધનો ભંગ] તીર્થંકર નામકર્મ રહિત કહ્યો છે. ॥ ૬ ॥

વિવેચન– અનંતાનુબંધી આદે લઈને નરાયુ લગે છવીશ (૨૬) પ્રકૃતિ વિના મિશ્રગુણઠાણે સિત્તોર (૭૦) બાંધે, અવિરતિ સમ્યક્‌ત્વગુણઠાણે (૭૨) બ્હોંતેર બાંધે, જિનનામ અને મનુષ્યાયુ ભેળવીએ ત્યારે, નરકગતિ માંહે એ ચાર જ ગુણઠાણાં હોય. રત્નપ્રભા ૨, શર્કરાપ્રભા ૨, અને વાલુકાપ્રભા ૩, એ ત્રણ પૃથ્વીને વિષે એ જ ભાંગો જાણવો. ઓઘે ૧૦૧, મિથ્યાત્વે ૧૦૧ સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦ અને સમ્યક્‌ત્વે ૭૨ પ્રકૃતિનો બંધ હોય. પંકપ્રભા ૧, ધૂમપ્રભા ૨, તમઃપ્રભા ૩, એ ત્રણ નરકે તીર્થંકર હીન બંધ કહેવો. ઓઘે તથા મિથ્યાત્વે ૧૦૦, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦ સમ્યક્‌ત્વે ૭૧, પંકપ્રભાદિકનો આવ્યો તીર્થંકર ન થાય તે માટે તેનો બંધ હોય નહીં. ॥ ૬ ॥

---

નરકગતૌ બંધસ્વામિત્વયંત્રકં તથા રત્નપ્રભા–શર્કરા–પ્રભા–વાલુકાપ્રભા–નારકેષ્વપિ, પંકપ્રભા–ધૂમપ્રભા તમઃપ્રભા–નારકાણાં ઓઘે ચતુર્થ ગુણસ્થાનકે ચ જિનહીનયંત્રકમ્ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નરકગતૌ ઓઘે રત્નપ્રભાદિત્રયે ચ, પંકપ્રભાદિત્રયે જિનહીનં. | બંધપ્રકૃતયઃ | અબંધપ્રકૃતયઃ | બંધવિચ્છેદ પ્રકૃતય | જ્ઞાનાવરણીયં | દર્શનાવરણીયં | વેદનીય પ્રકૃતયઃ | મોહનીય પ્રકૃતયઃ | આયુઃ પ્રકૃતયઃ | નામ પ્રકૃતયઃ | ગોત્ર પ્રકૃતયઃ | અંતરાય પ્રકૃતયઃ | મૂલ પ્રકૃતયઃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | ૧૦૧/૧૦૦ | ૧૯/૨૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૦ | ૨ | ૫ | ૭–૮ |
| મિથ્યાત્વે | ૧૦૦ | ૨૦ | ૪ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૪૯ | ૨ | ૫ | ૭–૮ |
| સાસ્વાદને | ૯૬ | ૨૬ | ૨૬ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૪૭ | ૨ | ૫ | ૭–૮ |
| મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ |
| અવિરતે | ૭૨/૭૧ | ૪૮/૪૯ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩/૩૨ | ૧ | ૫ | ૭–૮ |

**અજિણમણુઆઉ ઓહે, સત્તમિએ નરદુગુચ્ચવિણુ**
**મિચ્છે, ઇગનવઇ સાસાણે, તિરિઆઉ નપુંસચઉ**
**વજ્જં ॥ ૭ ॥**

અજિણમણુઆઉ—જિનનામ કર્મ અને મનુષ્યાયુ મૂકીને
ઓહે—ઓઘે
સત્તમિએ—સાતમીએ
નરદુગ—મનુષ્યદ્વિક
ઉચ્ચ—ઉચ્ચગોત્ર
વિણુ—વિના
મિચ્છે—મિથ્યાત્વે
ઇગનવઇ—એકાણું
સાસાણે—સાસ્વાદને
તિરિઆઉ—તિર્યંચનું આયુ
નપુંસચઉ—નપુંસક ચતુષ્ક
વજ્જં—વર્જીને

અર્થ—જિનનામ અને મનુષ્યાયુવિના [ નવાણું પ્રકૃતિ ] સાતમી નારકીએ ઓઘે બંધાય. મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર વિના મિથ્યાત્વે [ છન્નુ ] બંધાય. તિર્યંચાયુ અને નપુંસકચતુષ્ક વિના સાસ્વાદને એકાણું પ્રકૃતિ બંધમાં હોય. ॥ ૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન–જિનનામ ૧, મનુષ્યાયુઃ ૨, એ બે, એકસો એક માંહેથી હીન કર્યે ઓઘે નવાણું પ્રકૃતિ સાતમી નારકીએ બંધાય. સાતમી પૃથ્વીથી મનુષ્યમાં ન જાય તે માટે મનુષ્યાયુ ન બાંધે. મનુષ્યગતિ ૧, મનુષ્યાનુપૂર્વી ૨. ઉચ્ચગોત્ર ૩, એ ત્રણ વિના મિથ્યાત્વે છન્નું (૯૬)નો બંધ હોય. સાસ્વાદને તિર્યંચાયુઃ ૧, નપુંસકવેદ ૨, મિથ્યાત્વ મોહનીય ૩, હુંડ સંસ્થાન ૪; છેવટ્ઠું સંઘયણ ૫, એ પાંચ વર્જીને [ ૯૧ ] એકાણુંનો બંધ હોય ॥ ૭ ॥

| તમસ્તમાયાં | બંધ પ્રકૃતયઃ | અબંધ પ્રકૃતયઃ | બંધવિચ્છેદ પ્રકૃતયઃ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુકર્મ | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાયકર્મ | મૂલપ્રકૃતયઃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | ૯૯ | ૨૧ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૪૯ | ૨ | ૫ | ૭–૮ |
| મિથ્યાત્વે | ૯૬ | ૨૪ | ૫ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૪૭ | ૨ | ૫ | ૭–૮ |
| સાસ્વાદને | ૯૧ | ૨૯ | ૨૧ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૦ | ૪૫ | ૧ | ૫ | ૭ |
| મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ |
| અવિરતે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ |

**અણુચઉવીસવિરહિઆ સનરદુગુચ્ચા ય સયરિ મીસદુગે,**

**સતરસઓ ઓહિ મિચ્છે, પજતિરિયા વિણુ જિણાહારં ૮**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| અણચઉવીસ—અનંતાનુબંધિ વગેરે ચોવીસ પ્રકૃતિ | સતરસઓ—એકસો સત્તર |
| વિરહિઆ-વિરહિત | ઓહિ—ઓધે |
| સ—સહિત | મિચ્છે—મિથ્યાત્વે |
| નરદુગ—મનુષ્યદ્વિક | પજ્જ—પર્યાપ્તા |
| ઉચ્ચા—ઉચ્ચૈર્ગોત્ર | તિરિયા—તિર્યંચ પંચેંદ્રિય |
| સયરિ—સિત્તેર | વિણુ—વર્જીને |
| મિસદુગે—મિશ્રદ્વિક (મિશ્ર અને અવિરતિ) | જિણુ—જિન નામકર્મ |
| | આહારં—આહારકદ્વિક |

અર્થ—અનંતાનુબંધિ આદિ ચોવીશ પ્રકૃતિ વિના અને મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રે સહિત સિત્તેર પ્રકૃતિ મિશ્રદ્વિકે બંધાય. જિનનામ અને આહારકદ્વિક વિના એકસો સત્તર પ્રકૃતિ પર્યાપ્તા તિર્યંચ ઓધે અને મિથ્યાત્વે બાંધે. ॥ ૮ ॥

વિવેચન—અનંતાનુબંધિથી માંડી તિર્યંચદ્વિક લગે ચોવીશ પ્રકૃતિ, ૯૧ માંહેથી કાઢીએ અને મનુષ્યદ્વિક ને ઉચ્ચગોત્ર એ ત્રણ ભેળવીએ—ત્યારે મિશ્રે અને સમ્યકત્વે સિત્તેર (૭૦)નો બંધ સાતમી નરકે હોય, તિહાંનો નીકળ્યો તો મનુષ્ય ન થાય પણ મનુષ્યદ્વિક તેને ભવાંતરે ઉદયે આવે.

હવે તિર્યંચગતિમાં બંધ કહે છે. એકસો સત્તરનો બંધ ઓધે અને મિથ્યાત્વે પર્યાપ્તા તિર્યંચને હોય. જિનનામ અને આહારકદ્વિક એ ત્રણ વિના. તિર્યંચમાં ગતિ પ્રત્યયેજ જિનનામ અને સંયમ વિના આહારકદ્વિક પણ ન બંધાય તે માટે. ॥ ૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિણુનિરયસોલસાસણિ, સુરાઉ અણુએગતીસવિણુ મીસે;**
**સસુરાઉ સયરિ સમ્મે, બીઅકસાએ વિણા દેસે ॥૯॥**

વિણુ—વિના.
નિરય—નરક (ત્રિકાદિ)
સોલ-સોળ
સાસણિ—સાસ્વાદને
સુરાઉ—દેવાયુ.
અણુએગતીસ—અનંતાનુબંધિ — આદિ એકત્રીસ.
મીસે—મિશ્ર ગુણઠાણે.
સ—સહિત.
સયરિ—સિત્તોર
સમ્મે—સમ્યક્ત્વે.
બીઅ—બીજા (અપ્રત્યાખ્યાનાવરણીય ચાર)
કસાએ—કષાયો.
દેસે—દેશવિરતિગુણઠાણે.

અર્થ—નરકત્રિકાદિ સોલ પ્રકૃતિ વિના સાસ્વાદને [એકસો એક પ્રકૃતિ] બાંધે. દેવાયુ અને અનંતાનુબંધિ આદિ એકત્રીશ પ્રકૃતિ વિના [૬૯ પ્રકૃતિ] મિશ્રે બાંધે, દેવાયુ સહિત સિત્તોર પ્રકૃતિ સમ્યગ્દ્રષ્ટિએ બંધાય. બીજા કષાય વર્જિત દેશવિરતિએ [૬૬ પ્રકૃતિ] બંધે હોય. ॥ ૯ ॥

વિવેચન—નરકત્રિકાદિકથી હુંડ, છેવટ્ઠા લગે સોળ પ્રકૃતિ વિના સાસ્વાદને એકસો એક બંધાય. દેવાયુ અને અનંતાનુબંધિથી રિસહ લગેની એકત્રીશ, એવં બત્રીસ વિના ઓગણોતર (૬૯) પ્રકૃતિ મિશ્રગુણઠાણે બાંધે, દેવાયુઃ સહિત સિત્તોર (૭૦) સમ્યક્ત્વ ગુણઠાણે બાંધે અને બીજા અપ્રત્યાખ્યાનીય ચાર કષાય વિના દેશવિરતિ ગુણઠાણે છાસઠ(૬૬) બાંધે. પર્યાપ્તતિર્યંચને એ પાંચજ ગુણઠાણા હોય. ॥ ૯ ॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગર્ભજ સંજ્ઞિ પર્યાપ્ત પંચેંદ્રિય તિર્યંચગતિ બંધયંત્રકમ્

| તિર્યંચગતિ બંધસ્વામિત્વ | બંધ પ્રકૃતયઃ | અબંધ પ્રકૃતયઃ | વિચ્છેદ પ્રકૃતયઃ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુકર્મ | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાય કર્મ | મૂલ પ્રકૃતયઃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | ૧૧૭ | ૩ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૭–૮ |
| મિથ્યાત્વે | ૧૧૭ | ૩ | ૧૬ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૭–૮ |
| સાસ્વાદને | ૧૦૧ | ૧૯ | ૩૨ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ | ૭–૮ |
| મિશ્રે | ૬૯ | ૫૧ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૭ |
| અવિરતે | ૭૦ | ૫૦ | ૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૭–૮ |
| દેશવિરતે | ૬૬ | ૫૪ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૭–૮ |

**ઇય ચઉગુણેસુ વિ નરા પરમજયા સજિણ ઓહુ દેસાઇ**
**જિણઇક્કારસહીણં, નવસય અપજ્જત્તતિરિઅનરા. ૧૦**

ઇઅ—એમજ, પર્યાપ્ત તિર્યંચની પેઠે
ચઉગુણેસુ—ચાર ગુણઠાણે
વિનરા—પર્યાપ્ત મનુષ્યો પણ
પરમ—વિશેષ
અજયા—અવિરતિ ગુણઠાણાવાળા
સજિણ-જિનનામ સહિત
ઓહુ—ઓઘ (કર્મસ્તવમાં કહ્યા મુજબ)
દેસાઇ—દેશવિરતિ આદિએ
જિણઇક્કારસ—જિનએકાદશ
હીણં—રહિત, હીન
નવસય—એકસો નવ
અપજ્જત્ત—અપર્યાપ્ત પંચેંદ્રિય
તિરિઅનરા—તિર્યંચ તથા મનુષ્યો

અર્થ—ચાર ગુણઠાણાને વિષે પર્યાપ્ત મનુષ્યો પણ એમજ બાંધે, પરન્તુ અવિરતિસમ્યગ્દૃષ્ટિ મનુષ્યો જિનનામ સહિત બાંધે. દેશવિરતિથી માંડીને ઓઘ [કર્મસ્તવોક્ત] બંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવો. જિનએકાદશરહિત એકસો નવ પ્રકૃતિ અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્ય બાંધે. ॥ ૧૦ ॥

વિવેચન—હવે મનુષ્યગતિને વિષે બંધ કહે છે. ચાર ગુણઠાણે મનુષ્યને પણ એમજ બંધ કહેવો. મનુષ્ય ઓઘે ૧૨૦ બાંધે, મિથ્યાત્વે ૧૧૭, સાસ્વાદને ૧૦૧ અને મિશ્રે ૬૯ બાંધે પણ અવિરતિ સમ્યકત્વ ગુણઠાણે જિનનામ સહિત ૭૧ બાંધે, દેશવિરતાદિક ગુણઠાણે ઓઘ બંધ એટલે કે કર્મ-સ્તવોક્તની પેરે જાણવો. એટલે બીજા કર્મગ્રંથમાં કહ્યા પ્રમાણે કહેવું તે કેમ? તે કહે છે–પાંચમે ૬૭, છઠ્ઠે ૬૩, સાતમે ૫૯, આઠમા ગુણઠાણાના પહેલે ભાગે ૫૮, ત્યારપછી પાંચ ભાગ લગે ૫૬, સાતમે ભાગે ૨૬, નવમા ગુણઠાણાના પહેલે ભાગે ૨૨, બીજે ૨૧, ત્રીજે ૨૦, ચોથે ૧૯, પાંચમે ૧૮, દશમે ગુણઠાણે ૧૭, અગિયારમે, બારમે અને તેરમે ગુણઠાણે ૧, ચૌદમે અબંધક હોય.

હવે જિનાદિક નરકત્રિક લગે અગ્યાર પ્રકૃતિએ હીન કર્યે એકસોનવ (૧૦૦) પ્રકૃતિ અપર્યાપ્ત તિર્યંચ અને અપર્યાપ્ત મનુષ્ય બાંધે, કારણ કે એને એકજ મિથ્યાત્વ ગુણઠાણું હોય. યદ્યપિ કરણ અપર્યાપ્તા મનુષ્યને સમ્યકત્વ હોય તિહાં જિનનામ પણ બાંધે છે, પણ ઈહાં લબ્ધિઅપર્યાપ્તા મનુષ્યનીજ વિવક્ષા કરી છે તે માટે એકજ મિથ્યાત્વ ગુણઠાણું હોય. ॥ ૧૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મનુષ્યગતિમાર્ગણાયાં બંધયંત્રકમ.

| મનુષ્યગતિમાર્ગણાયાં | બંધ પ્રકૃતિ | અબંધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુકર્મ | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાય પ્રકૃતયઃ | મૂળ પ્રકૃતયઃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | ૧૨૦ | ૦ | ૩ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૭-૮ |
| મિથ્યાત્વે | ૧૧૭ | ૩ | ૧૬ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૭-૮ |
| સાસ્વાદને | ૧૦૧ | ૧૯ | ૩૨ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ | ૭-૮ |
| મિશ્રે | ૬૯ | ૫૧ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૭ |
| અવિરતે | ૭૧ | ૪૯ | ૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭-૮ |
| દેશવિરતે | ૬૭ | ૫૩ | ૪ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭-૮ |
| પ્રમત્ત સંયતે | ૬૩ | ૫૭ | ૬<br>૭ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭-૮ |
| અપ્રમત્ત સંયતે | ૫૯<br>૫૮ | ૬૧<br>૬૨ | ૧ | ૫ | ૬ | ૧ | ૯ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૭-૮ |
| નિવૃત્તે | ૫૮<br>૫૬<br>૨૬ | ૬૨<br>૬૪<br>૯૪ | ૨<br>૩૦ | ૫ | ૬<br>૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૭ |
| અનિવૃત્તે | ૨૨<br>૨૧<br>૨૦ | ૯૮<br>૯૯<br>૧૦૦ | ૧<br>૧<br>૧ | ૫ | ૪ | ૧ | ૫<br>૪ | ૦ | ૧ | ૧ | ૫ | ૭ |
| | ૧૯<br>૧૮ | ૧૦૧<br>૧૦૨ | ૧<br>૧ | ૫ | ૪ | ૧ | ૩<br>૨<br>૧ | ૦ | ૧ | ૧ | ૫ | ૭ |
| સૂક્ષ્મસંપરાયે | ૧૭ | ૧૦૩ | ૧૬ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૬ |
| ઉપશાંતમોહે | ૧ | ૧૧૯ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ક્ષીણમોહે | ૧ | ૧૧૯ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| સયોગીકેવલીએ | ૧ | ૧૧૯ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| અયોગીકેવલીએ | ૦ | ૧૨૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**નિરયવ્વસુરા નવરં, ઓહેમિચ્છેઇગિંદિતિગસહિઆ;**
**કપ્પદુગે વિય એવં, જિણહીણો જોઇભવણવણે ॥૧૧॥**

નિરયવ્વ—નારકીની પેઠે
સુરા—દેવતા.
નવરં—વિશેષ.
ઓહે—ઓઘે.
મિચ્છે—મિથ્યાત્વે.
ઇગિંદિતિગ—એકેંદ્રિયત્રિક.
સહિઆ—સહિત.
કપ્પદુગે—બે દેવલોકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| વિઅ—પણ. | હીણા—વિના (હીન). |
| એવં—એમજ, દેવતાના ઓઘ—બંધ પેઠે. | જોઈ—જ્યોતિષી. |
| જિણ—જિનનામકર્મ. | ભવણ—ભવનપતિ. |
| | વણે—વ્યંતરને વિષે. |

**અર્થ—નારકીની પેઠે દેવતા બાંધે [=બંધના સ્વામિ જાણવા.] એટલું વિશેષ કે, ઓઘે અને મિથ્યાત્વે એકેંદ્રિય ત્રિક સહિત છે. બે દેવલોકને વિષે પણ એ જ પ્રકારે બંધ હોય. જ્યોતિષ્ક અને ભવનપતિને વિષે જિનનામ વિના [તે] બંધ જાણવો. ॥ ૧૧ ॥**

**વિવેચન**—હવે દેવગતિને વિષે બંધ કહે છે, નારકીની જેમ દેવતાને બંધ કહેવો, પણ એટલું વિશેષ છે કે, ઓઘે અને મિથ્યાત્વગુણઠાણે એકેંદ્રિય, સ્થાવર, આતપ એ ત્રણ સહિત કહેવો. જે ભણી દેવતા એકેંદ્રિયપણું બાંધે [ત્યાં જાય છે] તે માટે ઓઘે ૧૦૪, મિથ્યાત્વે ૧૦૩, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦, સમ્યક્ત્વે ૭૨, દેવતાને એ ચાર [૪] ગુણઠાણાં હોય, બે દેવલોકે પણ એજ બંધ કહેવો, ઓઘે ૧૦૪, મિથ્યાત્વે ૧૦૩, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦, સમ્યક્ત્વે ૭૨ બાંધે.

જ્યોતિષી ભવનપતિ અને વ્યંતરને જિનનામ હીન બંધ કહેવો. જિનનામની સત્તાવંત જીવ ભવનપતિ, વ્યંતર જ્યોતિષીમાં ઉપજે નહીં અને ત્યાંનો આવ્યો જિન થાય નહીં તે માટે ઓઘે ૧૦૩, મિથ્યાત્વે ૧૦૩, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦, સમ્યક્ત્વે ૭૧ બાંધે. ॥ ૧૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઓઘે તથા–સૌધર્મ–ઈશાનદેવલોકે બંધસ્વામિત્વયંત્રકમિદમ્

જ્યોતિષી–ભવનપતિ–વ્યંતર–વાણવ્યંતરેષુ જિનનામહીનમ્

| દેવગતી | બંધપ્રકૃતયઃ | અબંધપ્રકૃતયઃ | વિચ્છેદપ્રકૃતયઃ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય પ્રકૃતયઃ | મોહનીય પ્રકૃતયઃ | આયુકર્મ પ્રકૃતયઃ | નામકર્મ પ્રકૃતયઃ | ગોત્રકર્મ પ્રકૃતયઃ | અંતરાય પ્રકૃતયઃ | મૂળ પ્રકૃતયઃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | ૧૦૪<br>૧૦૩ | ૧૬<br>૧૭ | ૧ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૩<br>૫૨ | ૨ | ૫ | ૭–૮ |
| મિથ્યાત્વે | ૧૦૩ | ૧૭ | ૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૨ | ૨ | ૫ | ૭–૮ |
| સાસ્વાદને | ૯૬ | ૨૪ | ૨૬ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૪૭ | ૨ | ૫ | ૭–૮ |
| મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૭ |
| અવિરતે | ૭૨<br>૭૧ | ૪૮<br>૪૯ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩<br>૩૨ | ૧ | ૫ | ૭–૮ |

**રયણુવ્વસણંકુમારાઇ,આણયાઇ ઉજ્જોયચઉ રહિઆ;**
**અપજ્જતિરિઅવ્વ નવસય–મિગિંદિપુઢવિજલતરુ–**
**વિગલે ॥ ૧૨ ॥**

**રયણુવ્વ**–રત્નપ્રભાની પેઠે.
**સણંકુમારાઈ**–સનત્કુમાર આદિ
**આણયાઈ**–આનત આદિ.
**ઉજ્જોઅચઉ**–ઉદ્યોતાદિક ચાર.
**રહિઆ**–રહિત.
**અપજ્જ**–અપર્યાપ્ત.
**તિરિઅવ્વ**–તિર્યંચની પેઠે.
**નવસયં**–એકસો નવ,
**ઇગિંદિ**–એકેંદ્રિય.
**પુઢવિજલ**–પૃથ્વીકાય, અપ્કાય
**તરુ**–વનસ્પતિકાય.
**વિગલે**–વિકલેંદ્રિયને વિષે.

**અર્થ**—સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો રત્નપ્રભાની પેઠે બાંધે. આનત વગેરેના દેવો ઉદ્યોતચતુષ્ક વિના બાંધે. અપર્યાપ્ત તિર્યંચની પેઠે એકસો નવ પ્રકૃતિનો બંધ એકેં-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રિય જાતિ; પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને વિકલેં-દ્રિયને વિષે હોય છે. ॥ ૧૨ ॥

**વિવેચન**—સનત્કુમારથી માંડીને સહસ્રાર લગે એ ૭ દેવલોકના દેવતાને રત્નપ્રભાની પેઠે બંધ કહેવો. એકેંદ્રિયમાં ઉપજવું નથી; તે માટે એકેંદ્રિયત્રિક ન બાંધે, તેથી ઓઘે ૧૦૧, મિથ્યાત્વે ૧૦૦, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦ અને સમ્યક્ત્વે ૭૨ બાંધે, આનતાદિ ચાર દેવલોક અને નવ ગ્રૈવેયકના દેવતા ઉદ્યોત નામ ૧; તિર્યંકદ્વિક ૩, અને તિર્યંગાયુઃ એ ચાર પ્રકૃતિવિના રત્નપ્રભાની પેઠે બાંધે. એ દેવતા તિર્યંચમાં ન જાય તે માટે ન બાંધે તેથી ઓઘે, ૯૭, મિથ્યાત્વે ૯૬, સાસ્વાદને ૯૨, મિશ્રે ૭૦ અને સમ્યક્ત્વે ૭૨ બાંધે. અનુત્તર વિમાને એકજ સમ્યક્ત્વ ગુણઠાણું છે તિહાં ૭૨ બાંધે એ નથી કહ્યું તો પણ જાણવું. હવે ઇન્દ્રિયમાર્ગણાએ બંધ કહે છે,

અપર્યાપ્ત તિર્યંચની પેઠે મિથ્યાત્વ ગુણઠાણે એકસો નવ પ્રકૃતિ એકેંદ્રિય પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને વિકલ તે બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય; એ સર્વે જીવ બાંધે. ઓઘે પણ ૧૦૯ બાંધે. ॥ ૧૨ ॥

---

**આનતાદિચતુષ્ટયે તથા ગ્રૈવેયકનવકેબંધસ્વામિત્વયંત્રકમિદમ્**

| આનતાદિચતુષ્ટયે તથા ગ્રૈવેયકનવકે | બંધ પ્રકૃતિ | અબંધ પ્રકૃતિ | વિચ્છેદપ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય કર્મ | મોહનીય કર્મ | આયુકર્મ | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાયકર્મ | મૂલપ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | ૯૭ | ૨૩ | ૧ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૪૭ | ૨ | ૫ | ૭-૮ |
| મિથ્યાત્વે | ૯૬ | ૨૪ | ૪ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૪૬ | ૨ | ૫ | ૭-૮ |
| સાસ્વાદને | ૯૨ | ૨૮ | ૨૨ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૪૪ | ૨ | ૫ | ૭-૮ |
| મિશ્રે | ૭૦ | ૫૦ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭ |
| અવિરતે | ૭૨ | ૪૮ | ૦ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૭-૮ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छनवइ सासणि विणु सुहुमतेर केइ पुणबिंति....नवइ ; (चउ)
तिरिअनराउहिं विणा, तणुपज्जत्तिं न जंति
जओ. १३

| | |
|---|---|
| छनवइ–छन्नुं. | चउनवइ–चोराणुं. |
| सासणि–सास्वादने | तिरिअ–तिर्यंच |
| विणु–विना. | नर–मनुष्यना |
| सुहुमतेर–सूक्ष्मनाम वगेरे तेर प्रकृति. | आउहिं–आयुष्य. |
| केइ–कोईक | विणा–विना. |
| पुण–वळी. | तणुपज्जत्तिं–शरीरपर्याप्तिने |
| बिंति–कहे छे. | न जंतिं–पूरी न करे. |
| | जओ–जे कारण माटे. |

अर्थ—सूक्ष्म तेर विना सास्वादन गुणठाणे तेओ छन्नुं बांधे. कोई आचार्य वळी तिर्यंच अने मनुष्यायु विना चोराणुं कहे छे. जे कारण माटे तेओ शरीर पर्याप्ति पूर्ण न करे. ॥ १३ ॥

विवेचन–सास्वादन गुणठाणे सूक्ष्मत्रिकादिकथी छेवठ्ठा लगे तेर प्रकृति १०९ मांथी ओछी कर्ये छन्नुं (९६) बांधे, एने बेज गुणठाणां होय. अने केटलाएक कहे छे के तिर्यंचायु १, मनुष्यायु २, ए बे विना चोराणुं [९४]बांधे. जे भणी एकेंद्रियादिक सास्वादनवंत थका शरीर पर्याप्ति पण पूरी न करी शके तो आयुष्य केम बांधे? तिहां आयु बंधाय त्यारे ते ९६ बांधे अने बीजे मते तो शरीर पर्याप्ति अगा-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉજ સાસ્વાદને આયુ કયાંથી બાંધે ? ત્યારે તે ૯૪ જ બાંધે એ બે મત જાણવા. એ માંહે [૯૪] ચોરાણુંનો મત ખરો ભાસે છે, જે ભણી એકેંદ્રિયાદિકનું જઘન્ય આયુ પણ ૨૫૬ આવલિકાના ક્ષુલ્લક ભવનું હોય, તે આયુના બે ભાગ ગયે એકસો એકોત્તર [૧૭૧] મી આવલિકાએ આયુ બંધાય અને સાસ્વાદનપણું તો ઉત્કૃષ્ટું પણ છ આવલિકાનું હોય તેટલામાં પરભવનું આયુઃ કેમ બંધાય ? તે માટે ચોરાણું [૯૪] જ બંધાય, એ મત શુદ્ધ જણાય છે, અને ગ્રંથકારે ૯૬ કહી તે તો કોણ જાણે કયા આશયે કહી હશે ? તથા આગળ ઔદારિકમિશ્રમાં પણ સાસ્વાદને આયુબંધ વાર્યો છે— **सासणि चउनवइ विणा तिरिअनराउं सुहुमतेर ॥** તો ઈહાં પણ એમજ જોઈએ, તે અને આ સાસ્વાદન એકજ છે. ॥૧૩॥

---

## અપર્યાપ્તા એકેંદ્રિય–પૃથ્વી–અપ્–વનસ્પતિ–વિકલત્રયે બંધસ્વામિત્વયંત્રકમ્.

| અપર્યાપ્તા એકેંદ્રિયાદિકે બંધસ્વામિત્વમ્ | બંધ પ્રકૃતિ | અબંધ પ્રકૃતિ | વિચ્છેદ પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય કર્મ | મોહનીય કર્મ | આયુકર્મ | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાય કર્મ | મૂળ પ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | ૧૦૯ | ૧૧ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૮ | ૨ | ૫ | ૭-૮ |
| મિથ્યાત્વે | ૧૦૯ | ૧૧ | ૧૩/૧૫ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૮ | ૨ | ૫ | ૭-૮ |
| સાસ્વાદને | ૯૬/૯૪ | ૨૪/૨૬ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨/૦ | ૪૭ | ૨ | ૫ | ૭-૮ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પંચેન્દ્રિય, ત્રસ, ગતિત્રસ, મન-વચન-કાયાના યોગ અને ઔદારિક કાયયોગ માર્ગણાઓમાં

**ઓહુ પણિંદિતસેગઇતસેજિણિક્કારનરતિગુચ્ચવિણા;**
**મણવયજોગે ઓહો ઉરલે નરભંગુ તમ્મિસ્સે ॥૧૪॥**

ઓહુ-ઓઘબંધ.
પણિંદિ-પંચેંદ્રિય [માર્ગણા]માં
તસે-ત્રસકાસ [માર્ગણા] માં.
ગઇતસે-ગતિત્રસ [તેઉકાય અને વાઉકાય] માર્ગણાએ.
જિણિક્કાર-જિનાદિક અગિયાર
નરતિગ-મનુષ્ય ત્રિક.
ઉચ્ચ-ઉચ્ચૈર્ગોત્ર
વિણા-વિના.
મણવય-ચાર પ્રકારના મન-અને વચન.
જોગે-યોગ માર્ગણાએ.
ઓહો-ઓઘબંધ.
ઉરલે-ઔદારિક કાયયોગે,
નર-મનુષ્યના બંધની પેઠે.
ભંગુ-ભાંગો.
તમ્મિસ્સે-ઔદારિકમિશ્રયોગે.

અર્થ-પંચેંદ્રિયજાતિ અને ત્રસકાયને વિષે ઓઘ બંધ જાણવો, ગતિત્રસને વિષે જિન એકાદશ, મનુષ્યત્રિક અને ઉચ્ચગોત્ર વિના [એકસો પાંચ] બંધાય. મનયોગ અને વચનયોગે ઓઘ બંધ જાણવો, ઔદારિકે મનુષ્યનો ભાંગો; અને તે [ઔદારિક] ના મિશ્રે.- ॥ ૧૪ ॥

વિવેચન-પંચેંદ્રિય અને ત્રસકાયને ચૌદે ગુણઠાણે ઓઘ, તે બીજે કર્મસ્તવે કહ્યો તેમ બંધ કહેવો. હવે ગતિત્રસ તે તેઉકાય અને વાયુકાય તેને જિણસુરથી માંડીને નરકત્રિક સુધી અગિયાર પ્રકૃતિ અને મનુષ્યત્રિક તથા ઉચ્ચૈર્ગોત્ર એવં ૧૫ ટાળીને એકસો પાંચનો બંધ હોય; ગુણઠાણું એકજ મિથ્યાત્વ હોય. હવે યોગમાર્ગણાએ બંધ કહે છે-મનોયોગ ચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભેદે તે સત્યમનોયોગ ૧, મૃષા મનોયોગ ૨, સત્યમૃષા મનોયોગ ૩, અસત્યામૃષા મનોયોગ ૪, એમ ચાર વચનયોગ, એ આઠ યોગને વિષે તેર ગુણઠાણે ઓઘ તે કર્મ્મસ્તવની જેમ બંધ કહેવો. ઔદારિક કાયયોગને મનુષ્યની જેમ તેર ગુણઠાણે બંધ કહેવો. ઔદારિકમિશ્રને વિષે બંધ હવે કહે છે. ॥૧૪॥

---

**આહારછગવિણોહે, ચઉદસસઉ મિચ્છિ જિણપણગ-હીણં;**
**સાસણિ ચઉનવઇ વિણા, તિરિઅનરાઉ સુહુમતેર. ૧૫**

| | |
|---|---|
| **આહારછગ**—આહારકષટ્ક | **હીણં**—હીન |
| **વિણ**—વિના. | **સાસણિ**—સાસ્વાદને, |
| **ઓહે**—ઓઘે. | **ચઉનવઇ**—ચોરાણું. |
| **ચઉદસસઉ**—એકસો ચૌદ. | **તિરિઅનરાઉ**—તિર્યંચાયુ તથા મનુષ્યાયુ. |
| **મિચ્છિ**—મિથ્યાત્વે. | **સુહુમતેર**—સૂક્ષ્માદિ તેર. |
| **જિણપણગ**—જિનપંચક. | |

**અર્થ**—આહારકષટ્ક વિના ઓઘે એકસો ચૌદ, મિથ્યાત્વે જિનપંચક હીન ૧૦૯ અને સાસ્વાદને તિર્યંચાયુ, મનુષ્યાયુ અને સૂક્ષ્મ આદિ તેર વિના ચોરાણું પ્રકૃતિ બાંધે. ૧૫

**વિવેચન**—આહારકદ્વિક, દેવાયુઃ, નરકત્રિક, એ છ વિના ઓઘે એકસો ચૌદ પ્રકૃતિ બાંધે, ઔદારિકમિશ્ર કાયયોગ મનુષ્ય અને તિર્યંચને અપર્યાપ્તપણે હોય. આહારકદ્વિક તો અપ્રમત્તજ બાંધે તે અપર્યાપ્તપણે હોય નહીં અને દેવાયુ. તથા નરકત્રિક એ ચાર તો પર્યાપ્તો જ બાંધે તે માટે એ ન બાંધે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાત્વગુણઠાણે જિનનામ, સુરદ્વિક, વૈક્રિયદ્વિક એ પાંચ હીન કરીએ ત્યારે એકસો નવનો બંધ હોય. સાસ્વાદન ગુણઠાણે ચોરાણુંનો બંધ હોય. તિર્યંગાયુઃ ૧, મનુષ્યાયુઃ ૨, સૂક્ષ્મત્રિકાદિક તેર એવં ૧૫ પ્રકૃતિ ૧૦૯ માંહેથી કાઢીએ ત્યારે ૯૪ રહે. ઔદારિકમિશ્રનો તો અપર્યાપ્તપણે પણ અલ્પ કાળ છે તેથી તેટલા કાળ માંહે આયુબંધ ન હોય અને સૂક્ષ્માદિક તેર તો સાસ્વાદને ન જ બંધાય. મિશ્ર ગુણઠાણું તો હોય જ નહીં. ॥ ૧૫ ॥

---

**અણચઉવીસાઇવિણા જિણપણજુઅ સમ્મિ જોગિણો સાયં;**
**વિણુ તિરિનરાઉ કમ્મે-વિ એવમાહારદુગિ ઓહો. ૧૬**

અણ—અનંતાનુબંધ્યાદિક.
ચઉવીસાઇ—ચોવીશ વગેરે,
વિણા—વિના.
જિણપણ—જિનપંચક.
જુઅ—યુક્ત. સહિત.
સમ્મિ—સમ્યક્ત્વ ગુણઠાણે.
જોગિણો—સયોગી ગુણઠાણાવાળા
સાયં—શાતા વેદનીય બાંધે.
વિણુ—વિના.
તિરિનરાઉ—તિર્યંચ ને મનુષ્યાયુ
કમ્મે વિ—કાર્મણ કાયયોગે પણ
એવં—એમજ
આહારદુગિ—આહારકદ્વિકે,
ઓહો-ઓઘબંધ

**અર્થ—અનંતાનુબંધિ વગેરે ચોવીશ પ્રકૃતિ વિના અને જિનપંચક સહિત [૭૫] સમ્યગ્દૃષ્ટિએ બાંધે, સયોગી ગુણઠાણાવાળા સાતા બાંધે, તિર્યંચાયુ—મનુષ્યાયુ વિના કાર્મણ કાયયોગે પણ એમજ બંધ હોય. આહારકદ્વિકે ઓઘ બંધ જાણવો. ॥ ૧૬ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન—તે ૯૪ માંહેથી અનંતાનુબંધિઆદિથી તિર્યંચદ્વિક લગે ચોવીશ પ્રકૃતિ ટાળીએ અને જિનનામ ૧, સુરદ્વિક ૩, વૈક્રિયદ્વિક ૫, એ પાંચ યુક્ત કરીએ ત્યારે સમ્યક્ત્વ ગુણઠાણે પંચોત્તેર બાંધે તથા સયોગિ ગુણઠાણે કેવલિસમુદ્ઘાત કરતાં ૨–૬–૭ મા સમયે ઔદારિકમિશ્ર કાયયોગી હોય, ત્યાં તો એક સાતાવેદનીય જ બાંધે, પૂર્વભવથકી ઇહાં ઉત્પત્તિદેશે આવ્યો થકો જીવ પ્રથમ સમયે કેવળ કાર્મણકાયયોગેજ આહાર લીયે પછી બીજા સમયથકી ઔદારિકે મિશ્રિત કાર્મ્મણે આહાર લીયે, ત્યારે શરીરની નિષ્પત્તિ લગે ઔદારિકમિશ્ર કાયયોગી કહીએ, શરીર નીપન્યા પછી ઔદારિક કાયયોગ કહીએ. યત ઉકતં :—

**जोएण कम्मएणं, आहारेइ अणंतरं जीवो ।**
**तेण परं मीसेणं, जाव सरीरस्स निप्फत्ती ॥ १ ॥**

એ ઔદારિકમિશ્રને પહેલું, બીજું, ચોથું, તેરમું, એ ચાર ગુણઠાણાં હોય. તિહાં પહેલે ગુણઠાણે તિર્યંચાયુ અને મનુષ્યાયુ બંધે કહ્યાં તે ઔદારિકમિશ્રપણું તો શરીર પર્યાપ્તિ પૂરી કર્યા અગાઉજ હોય, તે પછી તો ઔદારિક કાયયોગ હોય અને આયુ તો શરીર પર્યાપ્તિ પછીજ બંધાય ત્યારે મિશ્રયોગે એ બે આયુનો બંધ કેમ ઘટે ? તથા વળી ચોથે ગુણઠાણે તિર્યંચ ૭૦ બાંધે, મનુષ્ય ૭૧ બાંધે અને ઔદારિકમિશ્ર કાયયોગી ૭૫ બાંધે એમ કહ્યું, તે ઘણું વિચારવા યોગ્ય છે. કારણકે મનુષ્યદ્વિક ૨, ઔદારિકદ્વિક ૨, એ ૪, વજ્રઋષભ નારાચ સંઘયણ ૧, એ પાંચ પ્રકૃતિ તિર્યંચ–મનુષ્ય સમ્યગ્-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દષ્ટિ ન બાંધે અને ઔદારિકમિશ્ર કાયયોગી બાંધે એમ કહ્યું પણ મનુષ્ય–તિર્યંચ ટાળીને બીજો ઔદારિકમિશ્ર કાયયોગી કોણ હોય? તે માટે એ પાંચ પ્રકૃતિ એહને બંધે કેમ ઘટે? એ ગ્રંથકારે કોણ જાણે શું અભિપ્રાયે આણ્યું હશે! તે પંડિતે વિચારવું. એ સંદેહ ટીકાકારે પણ વિવક્ષ્યો નથી.

કાર્મ્મણ કાયયોગ ભવાંતરાલે વાટે વહેતાં અને ઉપજવાને પહેલે સમયે હોય તથા કેવલિસમુદ્ઘાતમાં ત્રીજે, ચોથે, પાંચમે સમયે હોય. એને ગુણઠાણાં પહેલું, બીજું, ચોથું તેરમું, એ ચાર હોય. તેને તિર્યંગાયુઃ મનુષ્યાયુઃ વર્જીને ઔદારિકમિશ્રની જેમ બંધ કહેવો. એટલે ઓઘે ૧૧૨, મિથ્યાત્વે ૧૦૭, સાસ્વાદને ૯૪, સમ્યક્ત્વે ૭૫ અને તેરમે એક સાતાવેદનીય બાંધે. આહારક કાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ એ બેનો ઉદય છટ્ઠે ગુણઠાણે છે, તે માટે તિહાં ઓઘની પેઠે ૬૩ ને બંધ હોય, એ આહારક પ્રમત્ત સાધુ ચૌદપૂર્વી જ કરે અને તે પ્રારંભવેળા ઔદારિક સાથે મિશ્ર હોય. ॥ ૧૬ ॥

**સુરઓહો વેઉવ્વે, તિરિઅનરાઉ રહિઓ અ તમ્મિસ્સે;**
**વેઅતિગાઇમ બિઅતિઅ–કસાય નવ દુ ચઉ પંચગુણા.**

| | |
|---|---|
| **સુર**–દેવતાની જેમ | **આઇમ**–પહેલા કષાયે, |
| **ઓહો**–ઓઘ. | **બિઅ**–બીજા કષાયે, |
| **વેઉવ્વે**-વૈક્રિય કાયયોગે. | **તિઅકસાય**–ત્રીજા કષાયે, |
| **તિરિઅનરાઉ**–તિર્યગાયુ, નરાયુ | **નવ**–નવ ગુણઠાણા. |
| **રહિઓ**–રહિત. | **દુ**–બે ગુણઠાણા. |
| **તમ્મિસ્સે**–તે વૈક્રિયમિશ્ર કાયયોગે | **ચઉ**–ચાર ગુણઠાણા. |
| **વેયતિગ**–વેદત્રિકે. | **પંચગુણા**–પાંચ ગુણઠાણા. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ—દેવગતિનો ઓઘ બંધ વૈક્રિય કાયયોગે જાણવો. તિર્યંચ અને મનુષ્યાયુ વિના તે દેવગતિનો ઓઘબંધ વૈક્રિયમિશ્રે જાણવો. વેદત્રિક, પહેલા કષાય, બીજા કષાય અને ત્રીજા કષાયે અનુક્રમે નવ બે, ચાર અને પાંચ ગુણઠાણાં હોય. ॥ ૧૭ ॥

વિવેચન—વૈક્રિય કાયયોગને દેવતાની પેઠે બંધ કહેવો. ઓઘે ૧૦૪, મિથ્યાત્વે ૧૦૩, સાસ્વાદને ૯૬, મિશ્રે ૭૦ અને સમ્યક્ત્વે ૭૨ બાંધે. એ ભવપ્રત્યયી વૈક્રિય જાણવું, ગુણપ્રત્યયી નહી. વૈક્રિયમિશ્ર કાયયોગી તે દેવતા નારકી ઉપજતાં હોય, તેને બંધ તિર્યંગાયુઃ મનુષ્યાયુઃ એ બે વર્જીને વૈક્રિયની પેઠે કહેવો, ઓઘે ૧૦૨, મિથ્યાત્વે ૧૦૧, સાસ્વાદને ૯૪, મિશ્ર હોય નહીં. અને સમ્યક્ત્વે ૭૧ નો બંધ હોય. દેવતા-નારકી પોતાના આયુના છ માસ શેષ રહે ત્યારે પરભવાયુ બાંધે, તો તેને અપર્યાપ્તપણે આયુઃ બંધ કેમ હોય? હવે વેદાદિક માર્ગણાએ બંધ કહે છે.—

ત્રણે વેદને પ્રથમ નવ ગુણઠાણાં હોય, પછી અવેદી થાય. આદિમ તે અનંતાનુબંધિને ઓઘે ૧૧૭, મિ૦ ૧૧૭, સાસ્વા૦ ૧૦૧; અપ્રત્યાખ્યાનીને ઓઘે ૧૧૮, મિ૦ ૧૧૭, સાસ્વા૦ ૧૦૧, મિશ્રે ૭૪ અને સ૦ ૭૭; પ્રત્યાખ્યાનીને ઓઘે ૧૧૮ મિથ્યા૦ ૧૧૭, સાસ્વા૦ ૧૦૧, મિશ્રે ૭૪, અવિરતે ૭૭દે, શવિરતે ૬૭. એમાં ગુણઠાણાં આ પ્રમાણે સમજવાનાં છે. આદિમ તે અનંતાનુબંધી ૪ કષાયને પ્રથમનાં બે ગુણઠાણાં હોય. બીજા અપ્રત્યાખ્યાનીય ૪ કષાયને પહેલાં ચાર ગુણઠાણાં હોય. ત્રીજા પ્રત્યાખ્યાનીય ચાર કષાયને પહેલાં પાંચ ગુણઠાણાં હોય. ॥ ૧૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંજલણુતિગે નવ દસ, લોભે ચઉ અજઇ દુ તિ
અનાણુતિગે.
બારસ અચક્ખુચક્ખુસુ પઢમા અહખાય ચરિમચઉ.

| | |
|---|---|
| સંજલણુતિગે—સંજ્વલનત્રિકે. | અચક્ખુચક્ખુસુ—અચક્ષુ અને ચક્ષુદર્શને. |
| નવ દસ—નવ, દશ. | પઢમા—પહેલાં. |
| લોભે—લોભે | બારસ—બાર. |
| ચઉ—ચાર ગુણઠાણાં. | અહખાય—યથાખ્યાત ચારિત્રે, |
| અજઇ—અવિરતિ સંયમે, | ચરિમ—છેલ્લાં. |
| દુતિ—બે અથવા ત્રણ | ચઉ—ચાર. |
| અનાણુતિગે—અજ્ઞાનત્રિકે. | |

અર્થ—સંજ્વલનત્રિકે નવ ગુણઠાણાં, સંજ્વલન લોભે દશ ગુણઠાણાં, અવિરતિ ચારિત્રે ચાર. અજ્ઞાનત્રિકે બે અગર ત્રણ અને અચક્ષુદર્શન તથા ચક્ષુદર્શને બાર ગુણઠાણાં(સર્વને) પ્રથમનાં હોય. યથાખ્યાતચારિત્રે છેલ્લાં ચાર ગુણઠાણાં હોય ॥ ૧૮ ॥

વિવેચન—સંજ્વલન ક્રોધ, માન, અને માયાને નવ ગુણઠાણાં; તિહાં ઓઘની પેઠે બંધ. સંજ્વલન લોભને દશ ગુણઠાણાં, હોય, બંધ ઓઘની પેઠે. સંયમદ્વારે અવિરતિને ચાર ગુણઠાણાં, ઓ૦ ૧૧૮, મિથ્યા૦ ૧૧૭, સા૦ ૧૦૧, મિશ્રે ૭૪ અને સમ્ય૦ ૭૭. અજ્ઞાન ત્રણને બે અથવા ત્રણ ગુણઠાણાં હોય. ઓ૦ ૧૧૭; મિ૦ ૧૧૭, સા૦ ૧૦૧, મિ૦ ૭૪. ચક્ષુદર્શન—અચક્ષુ દર્શન માર્ગણાને વિષે બાર ગુણઠાણાં હોય, તિહાં ઓઘ તે કર્મસ્તવની પેઠે બંધ કહેવો. યથા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખ્યાતચારિત્રને છેલ્લાં ચાર ગુણઠાણાં હોય, તિહા ત્રણમાં એક સાતાનો બંધ, અને અયોગી અબંધક હોય. ॥ ૧૮ ॥

**મણુનાણિ સગ જયાઇ, સમઇઅછેઅ ચઉ દુન્નિ પરિહારે**
**કેવલદુગિદોચરમા-ऽजयाइ नव मइसुओहिदुगे.१९**

| | |
|---|---|
| મણુનાણિ—મનઃપર્યવજ્ઞાને. | કેવલદુગિ—કેવલદ્વિકે |
| સગ—સાત. | દો—બે |
| જયાઇ—પ્રમત્તાદિક. | ચરમા—છેલ્લાં. |
| સમઇઅ—સામાયિકે. | અજયાઈ—અવિરતિ આદિ. |
| છેઅ—છેદોપસ્થાપનીયે. | નવ—નવ ગુણઠાણાં. |
| ચઉ—ચાર [૬ થી ૯] | મઈસુઅ—મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન |
| દુન્નિ—બે [૬—૭] | ઓહિદુગે—અવધિજ્ઞાન તથા—અવધિદર્શને. |
| પરિહારે—પરિહારવિશુદ્ધિએ. | |

અર્થ—મનઃપર્યવજ્ઞાને પ્રમત્તઆદિ સાત, સામાયિક અને છેદોપસ્થાપનીયે ચાર, પરિહારવિશુદ્ધિ ચારિત્રે બે, કેવળદ્વિકે બે છેલ્લાં ગુણઠાણાં હોય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકે અવિરતિઆદિ નવ ગુણઠાણાં હોય. ॥ ૧૯ ॥

વિવેચન—મનઃપર્યવજ્ઞાનીને પ્રમત્તાદિક [છઠ્ઠાથી બારમા લગે] સાત ગુણઠાણાં હોય, ઓઘે ૬૫, પ્ર૦ ૬૩; અપ્ર૦ ૫૯ ઈત્યાદિ. સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રને છઠ્ઠાથી નવમા લાગે ચાર હોય. ઓ૦ ૬૫, પ્ર૦ ૬૩, અપ્ર. ૫૯, ઇત્યાદિ. પરિહારવિશુદ્ધિચારિત્રને છટ્ઠું, સાતમું એ બેજ હોય. ઓ૦ ૬૫, પ્ર૦ ૬૩, અપ્ર૦ ૫૯. કેવળજ્ઞાની અને કેવળદર્શની એ બેને છેલ્લાં બે ગુણઠાણાં હોય. સયોગી એક સાતા બાંધે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અયોગી અબંધક હોય. મતિજ્ઞાની ૧, શ્રુતજ્ઞાની ૨, અવધિજ્ઞાની ૩, અવધિદર્શની ૪, એ ચારને અવિરતિથી માંડીને ક્ષીણમોહ સુધી નવ ગુણઠાણાં હોય. તિહાં ઓઘે ૭૯, સમ્યકત્વે ૭૭, દેશ૦ ૬૭, પ્રમત્તે ૬૩, અપ્ર૦ ૫૯, ઈત્યાદિ. ॥ ૧૯ ॥

**અડ ઉવસમિ ચઉ વેઅગિ, ખઇએ ઇક્કાર મિચ્છ-**
**તિગિ દેસે;**
**સુહુમિ સઠાણું તેરસ, આહારગિ નિઅનિઅગુણોહો ૨૦.**

| | |
|---|---|
| અડ—આઠ [૪ થી ૧૧] | દેસે—દેશવિરતિ ચારિત્રે |
| ઉવસમિ—ઔપશમિક સમકિતે | સુહુમિ—સૂક્ષ્મસંપરાયે. |
| ચઉ—ચાર [ચોથાથી સાતમું] | સઠાણું—પોતપોતાનું ગુણઠાણું |
| વેઅગિ—વેદકે [ક્ષાયોપશમિક-સમ્યકત્વે]. | તેરસ—તેર. |
| ખઇએ—ક્ષાયિક [સમ્યકત્વે] | આહારગિ—આહારક માર્ગણાએ |
| ઇક્કાર—અગિઆર [૪ થી ૧૪] | નિઅનિઅ—પોતપોતાના. |
| મિચ્છતિગિ—મિથ્યાત્વત્રિકે. | ગુણ—ગુણઠાણાંનો. |
| | ઓહો—ઓઘબંધ |

**અર્થ—ઉપશમ સમ્યકત્વે આઠ, વેદક સમ્યકત્વે ચાર, ક્ષાયિકે અગ્યાર, મિથ્યાત્વત્રિકે, દેશવિરતિ ચારિત્રે અને સૂક્ષ્મ સંપરાય ચારિત્રે પોતપોતાના સ્થાનના ગુણઠાણાં હોય. આહારકે તેર ગુણઠાણાં હોય. પોતપોતાના ગુણઠાણાના ઓઘ પેઠે પ્રકૃતિ લેવી. ॥ ૨૦ ॥**

**વિવેચન**—ઔપશમિક સમ્યકત્વીને ચોથાથકી અગિયારમા લગે આઠ ગુણઠાણાં હોય. વેદક તે ક્ષાયોપશમિક સમ્યકત્વીને ચાર ગુણઠાણાં ચોથાથી તે સાતમા લગે હોય. ક્ષાયિકસમ્યકત્વીને ચોથાથી ચૌદમા લગે અગિયાર ગુણઠાણાં હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔપશમિક સમ્યકત્વ તે ઉપશમશ્રેણિએ હોય તથા પ્રથમ સમ્યક્ત્વ પામે તિહાં હોય.

**उवसामगसेढिगयस्स, होइ उवसामियं तु सम्मत्तं ॥**
**जो वा अकयतिपुंजो, अखवियमिच्छो लहइ सम्मं ॥११॥**

ઉપશમ સમ્યક્ત્વી જીવ પરભવાયુર્બંધ ૧, મરણ ૨. અનંતાનુબંધી કષાયનો બંધ ૩, અનંતાનુબંધીનો ઉદય ૪, એ ચાર વાનાં ન કરે, ત્યાંથી પડતો સાસ્વાદને એ ચારે વાનાં કરે તથા ઔપશમિકને નવું પામતાં ૪–૫–૬–૭ એ ચાર ગુણઠાણાં દેશવિરતિ–સર્વવિરતિ સહિત પામે, તેથી નાના જીવની અપેક્ષાયે હોય અને ૮, ૯, ૧૦, ૧૧ એ ચાર ગુણઠાણાં ઉપશમશ્રેણિએ હોય, ત્યાં ઓઘે ૭૭, સમ્યક્ત્વે ૭૫. દેશ૦ ૬૬, પ્રમત્તે ૬૨, અપ્ર૦ ૫૮ ઇત્યાદિ જાણવી. દેવાયુ–મનુષ્યાયુ ન બાંધે. હવે ઉદય આવ્યું મિથ્યાત્વ ક્ષય કરે અને અનુદિત ઉપશમાવે તે ક્ષાયોપશમિક, તેને ૪ ગુણઠાણાં; તિહાં ઓઘે ૭૯, અવિ૦ ૭૭, દેશ૦ ૬૭, પ્ર૦ ૬૩ અને અ૦ ૫૯; તે પછી ઉપશમશ્રેણિએ ઉપશમ સમ્યક્ત્વ હોય અને ક્ષપકશ્રેણિએ ક્ષાયિક હોય. પ્રશ્ન : ઔપશમિક અને ક્ષાયોપશમિકમાં શો વિશેષ છે? ઉત્તરઃ ઔપશમિકને મિથ્યાત્વનાં દળિયાંનું વિપાકથી વેદન નથી અને પ્રદેશથી પણ વેદન નથી અને ક્ષાયોપશમિકને પ્રદેશ થકી વેદન છે.

**यदुक्तं–वेएइ संतकम्मं, खओवसमिएसु नाणुभावंमि ॥**
**उवसंतकसाओ पुण, वेएइ न संतकम्मंपि ॥**

એ વિશેષ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तथा च–खीणे दंसणमोहे, तिविहंमि वि भवनियाणभूयंमि ॥
निप्पच्चवायमउलं, सम्मत्तं खाइयं होइ ॥ १ ॥
तंपि य तइयचउत्थे, भवंमि सिज्झंति खइयसम्मत्ते ॥
सुरनिरयजुयलिसु गई, इमं तु जिणकालियनराणं ॥ २ ॥
बद्धाउयाण एवं, सिज्झंति उ तब्भवे अबद्धाऊ ॥
पट्ठवगो उ मणुस्सो, निट्ठवगो चउसु वि गईसु ॥ ३ ॥

એને [ક્ષાયિકને] ચોથાથી ચૌદમા લગે ગુણઠાણાં ૧૧ હોય. તિહાં ઓઘે ૭૯, અવિ૦ ૭૭, દેશ૦ ૬૭, પ્રમ૦ ૬૩, ઈત્યાદિ બાંધે; યાવત્ અયોગી અબંધક હોય. મિથ્યાત્વી, સાસ્વાદની મિશ્રદૃષ્ટિ, દેશવિરતિ, સૂક્ષ્મસંપરાય એ એટલાને પોતપોતાને નામે એક-એક ગુણઠાણું હોય, તિહાં મિથ્યાદૃષ્ટિને ૧૧૭નો બંધ સાસ્વાદન સમ્યકત્વીને ૧૦૧, મિશ્રદૃષ્ટિને ૭૪, દેશવિરતિને ૬૭ સૂક્ષ્મસંપરાયચારિત્રીને ૧૭ બંધે હોય. સમયે સમયે આહાર કરે તે **આહારક** [આહારી], તેને સયોગી લગે તેર ગુણઠાણાં હોય; તિહાં ઓઘે ૧૨૦, મિથ્યાત્વે ૧૧૭, ઈત્યાદિ; યાવત્ સયોગિ એક બાંધે, એ સર્વ પૂર્વે કહ્યાં તે તે ગુણઠાણે પ્રકૃતિનો બંધ ઓઘ તે કમ્મસ્તવની જેમ કહેવો. ॥ ૨૦ ॥

**પરમુવસમિ વટ્ટંતા, આઉં ન બંધંતિ તેણ અજયગુણે;**
**દેવમણુઆઉહીણો, દેસાઇસુ પુણ સુરાઉવિણા ॥ ૨૧ ॥**

| | |
|---|---|
| **પરમ્**–વિશેષ. | **ન બંધંતિ**–ન બાંધે. |
| **ઉવસમિ**–ઓપશમિકે, | **તેણ**–તે કારણે. |
| **વટ્ટંતા**–વર્તાતા. | **અજયગુણે**–અવિરતિ ગુણઠાણે. |
| **આઉં**–આયુષ્ય, | **દેસાઇસુ**–દેશવિરતિ આદિને વિષે. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ—પરંતુ ઔપશમિક સમ્યક્ત્વે વર્તતા જીવો આયુ બાંધે નહિ, તે માટે [તેમને] અવિરત ગુણસ્થાને દેવ અને મનુષ્યાયુવડે હીન ઓઘબંધ હોય. દેશવિરતાદિમાં વળી દેવાયુ વિના બંધ જાણવો. ॥ ૨૧ ॥

વિવેચન :—પણ એટલું વિશેષ છે જે ઔપશમિક સમ્યક્ત્વે વર્ત્તતા જીવ પરભવનું આયુ ન બાંધે, તે માટે અવિરત સમ્યકત્વ ગુણઠાણે દેવાયુઃ ૧ મનુષ્યાયુઃ ૨ એ બે પ્રકૃતિ ઓઘ માંહેથી હીન કરવી, એટલે ચોથે ગુણઠાણે ઓઘે ૭૭ છે, તે ઈહાં ઉપશમ સમ્યકત્વી ૭૫ બાંધે, કેમકે નરક–તિર્યંગાયુ તો ઓઘમાંજ ટાળ્યાં છે, દેશવિરતાદિક ગુણઠાણે એક દેવાયુ જ હીન કરવું, ત્યારે દેશે૦ ૬૬, પ્રમત્તે ૬૨, અપ્રમત્તે ૫૮, મનુષ્યાયુ તો ઓઘમાંજ ટાળ્યું છે. ॥ ૨૧ ॥

**ઓહે અટ્ઠારસયં, આહારદુગુણ–માઇલેસતિગે;**
**તં તિત્થોણં મિચ્છે, સાણાઇસુ સવ્વહિં ઓહો.૨૨।**

ઓહે—સામાન્યે.
અટ્ઠારસયં—એકસો અઢાર.
આહારદુગુણં—આહારકદ્વિકઊણું
આઇલેસતિગે—આદિની ત્રણ લેશ્યાને વિષે,
તં—તે
તિત્થોણં—તીર્થંકર નામકર્મ વિના
મિચ્છે—મિથ્યાત્વે
સાણાઇસુ—સાસ્વાદનાદિક
સવ્વહિં—સર્વત્ર, [સર્વ ગુણઠાણે)
ઓહો—ઓઘબંધ,

અર્થ—પહેલી ત્રણ લેશ્યાએ આહારકદ્વિક વર્જી એકસો અઢાર પ્રકૃતિ ઓઘે બંધાય. તીર્થંકરનામકર્મ વિના તે બંધ મિથ્યાત્વે [૧૧૭] નો જાણવો. સાસ્વાદનથી માંડીને સર્વ ગુણઠાણે ઓઘબંધ જાણવો. ॥ ૨૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન—કૃષ્ણ; નીલ, કાપોત એ ત્રણ લેશ્યાવંતને આહારકદ્વિક વિના ઓઘે એકસો અઢારનો બંધ હોય. એ ત્રણ લેશ્યા તો ચોથા તથા છઠ્ઠા ગુણઠાણા લગે છે અને આહારકદ્વિક સાતમે બંધાય; તે માટે તે વિના. તથા તીર્થંકર નામકર્મ વિના મિથ્યાત્વે ૧૧૭ બંધાય, સાસ્વાદનાદિક ગુણઠાણે તો સર્વ લેશ્યાવંતને ઓઘની પેરે—કર્મસ્તવની પેરે બંધ કહેવો. ઈહાં ત્રણ લેશ્યાવંતને ચોથે ગુણઠાણે બે આયુનો બંધ કહ્યો, પણ એકજ મનુષ્યનો બંધ ઘટે, જે ભણી નારકી—દેવતા તો મનુષ્યાયુઃ બાંધે, પણ મનુષ્ય અને તિર્યંચ દેવાયુ ન બાંધે, કારણ કે "જે લેશ્યામાં આયુ બંધાય તે લેશ્યામાં ઊપજવું જોઇએ" અને સમ્યગ્‌દૃષ્ટિ તો વૈમાનિકનું જ આયુ બાંધે અને તે વૈમાનિકમાં તો કૃષ્ણ, નીલ, કાપોત નથી તે માટે અશુદ્ધ લેશ્યાવંત સમ્યગ્‌દૃષ્ટિ દેવાયુ ન બાંધે. એમજ ભગવતી સૂત્રના ત્રીશમા શતકને પહેલે ઉદ્દેશે કહ્યું છે કે, ક્રિયાવાદી કૃષ્ણાદિ ૩ લેશ્યાવંત સમ્યગ્‌દૃષ્ટિ દેવાયુ ન બાંધે. દેવતા—નારકી મનુષ્યાયુ બાંધે પણ મનુષ્ય—તિર્યંચ એકે આયુ ન બાંધે એમ કહ્યું છે અને ઘટે પણ એમજ; પછી ગ્રંથકારનો અભિપ્રાય તો બહુશ્રુત જાણે. ॥ ૨૨ ॥

**તેઉ નિરયનવૂણા ઉજ્જોઅચઉ નિરયબાર વિણુ સુક્કા;**
**વિણુ નિરયબાર પમ્હા, અજિણાહારા ઇમા મિચ્છે. ૨૩**

| | |
|---|---|
| તેઉ—તેજોલેશ્યાએ. | પમ્હા—પદ્મલેશ્યાએ |
| નિરય—નરકાદિક. | અ—નહિં (વર્જીને) |
| નવૂણા—નવ પ્રકૃતિએ ઊણો. | જિણ—જિન નામકર્મ. |
| ઉજ્જોઅચઉ—ઉદ્યોત ચતુષ્ક. | આહારા—આહારકદ્વિક. |
| નિરયબાર—નરકત્રિકાદિ બારે. | ઇમા—આ (બંધ) |
| સુક્કા—શુક્લલેશ્યાએ. | મિચ્છે—મિથ્યાત્વે. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ—તેજોલેશ્યાએ નરકાદિ નવ વિના [૧૧૧ પ્રકૃતિનો] બંધ હોય. ઉદ્યોત ચતુષ્ક અને નરકાદિ બાર વિના [૧૦૪] નો બંધ શુક્લલેશ્યાએ જાણવો. નરકાદિ બાર વિના પદ્મ લેશ્યાએ બંધ જાણવો. જિનનામ અને આહારકદ્વિક વિના આ સર્વે બંધ મિથ્યાત્વે જાણવા. ॥ ૨૩ ॥

વિવેચન—તેજોલેશ્યાવંત નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક એ નવ વિના ઓઘે એકસો અગિયાર બાંધે. ઉદ્યોતનામ, તિર્યં-ચદ્વિક અને તિર્યંચાયુઃ એ ઉદ્યોતચતુષ્ક અને નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, એકેંદ્રિય, સ્થાવર અને આતપ એ નર-કાદિ બાર; એ સોળ વિના એકસો ચાર પ્રકૃતિ શુકલલેશ્યા-વંત બાંધે. ઈહાં છઠ્ઠા, સાતમા, આઠમા કલ્પના દેવતા તો સર્વ શુકલલેશ્યાવંત છે અને તે તો ઉદ્યોતચતુષ્ક બાંધે છે ત્યારે પંચેંદ્રિયતિર્યંચમાં ઉપજે છે તો ઈહાં ઉદ્યોતચતુષ્ક કેમ ટાળ્યું? એ પણ સંશય બહુશ્રુતગમ્ય છે, તથા નરકાદિ બાર પ્રકૃતિ વિના પદ્મ લેશ્યાવંત ઓઘે એકસો આઠ બાંધે. જિનનામ ૧ આહારકદ્વિક ૨; એ ત્રણ વર્જીને મિથ્યાત્વે તેજો, પદ્મ અને શુક્લ લેશ્યાને પ્રકૃતિ કહેવી. તે કેમ? તેજોલેશ્યાએ ઓઘે ૧૧૧, મિથ્યાત્વે ૧૦૮ અને સાસ્વાદને ૧૦૧ પછી ઓઘની જેમ ગુણઠાણાં ૭ લગે બંધ જાણવો. પદ્મલેશ્યાને ઓઘે ૧૦૮, મિથ્યાત્વે ૧૦૫, સાસ્વાદને ૧૦૦ પછી ઓઘની જેમ ૭ ગુણઠાણાં લગે બંધ જાણવો. શુક્લ લેશ્યાવંતને ઓઘે ૧૦૪, મિથ્યાત્વે ૧૦૧, સાસ્વાદને 'નપુ મિચ્છ હુંડ છેવટ્ઠું' એ ચાર ટાળ્યે ૯૭ રહે, પછી ઓઘવત્ ૧૩ ગુણ૦ લગે બંધ હોય ।૨૩।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સવ્વગુણ ભવ્વસન્નિસુ, ઓહુ અભવ્વા અસન્નિ-
મિચ્છિસમા,
સાસણિ અસન્નિ સન્નિવ્વ, કમ્મણભંગો અણાહારે
॥ ૨૪ ॥

સવ્વગુણ—સર્વે ગુણઠાણાં.
ભવ્વસન્નિસુ—ભવ્ય અને સંજ્ઞીને [વિષે
ઓહુ—ઓઘની પેરે.
અભવ્વા—અભવ્યો.
અસન્નિ—અસંજ્ઞી
મિચ્છિસમા—મિથ્યાત્વ ગુણઠાણા સરખા.
સાસણિ—સાસ્વાદને,
અસન્નિ—અસંજ્ઞીને.
સન્નિવ્વ—સંજ્ઞીની પેઠે.
કમ્મણ—કાર્મણકાયયોગનો.
ભંગો—ભાંગો.
અણાહારે—અણાહારી માર્ગણાએ.

અર્થ—ભવ્ય અને સંજ્ઞિને વિષે સર્વ ગુણઠાણા અને કર્મસ્તવોક્ત બંધ હોય. અભવ્ય અને અસંજ્ઞિને મિથ્યાત્વ-ગુણઠાણા સમાન બંધ જાણવો. સાસ્વાદને અસંજ્ઞિને સંજ્ઞિની પેઠે બંધ હોય. અણાહારી માર્ગણાએ, કાર્મણ કાયયોગનો ભાંગો [બંધનો] હોય. ॥ ૨૪ ॥

વિવેચન—ભવ્ય અને સંજ્ઞિને વિષે સર્વ ગુણઠાણાં હોય. તિહાં પ્રકૃતિનો બંધ ઓઘની પેરે કહેવો. સિદ્ધાંતમાંહે કેવળીને ભાવ મન નથી તે માટે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી કહ્યા છે તે અભિપ્રાયે તો સંજ્ઞીને (૧૨) બાર ગુણઠાણાં ઘટે પણ ઈહાં કેવળીને દ્રવ્ય મન છે તે વિવક્ષાએ—સંજ્ઞી કહ્યા, તે માટે ૧૪ ગુણઠાણાં કહ્યાં,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यतः—द्रव्यचित्तं विना भावचित्तं न स्यादसंज्ञिवत् ।
विनापि भावचित्तं तु, द्रव्यं केवलिनो भवेत् ॥ १ ॥

અભવ્ય અને અસંજ્ઞી–મન રહિત ઓઘે અને મિથ્યાત્વે ૧૧૭ બાંધે, અભવ્યને તો એક જ ગુણઠાણું હોય. સાસ્વાદને અસંજ્ઞી તે સંજ્ઞીને પેરે ૧૦૧ બાંધે, અસંજ્ઞીને ગુણઠાણાં બેજ હોય. અણાહારીને વિષે કાર્મ્મણ કાયયોગીનો ભાંગો કહેવો. કાર્મ્મણકાયયોગીજ અણાહારી હોય તે માટે ગુણઠાણાં ૧, ૨, ૪, ૧૩ એ ચાર હોય. તિહાં ઓઘે ૧૧૨, મિથ્યાત્વે ૧૦૭, સાસ્વા૦ ૯૪, અવિ૦ ૭૫, અને સયોગીએ ૧ હોય. ॥ ૨૪ ॥

તિસુ દુસુ સુક્કાઇગુણા,ચઉ સગ તેરત્તિ બંધ સામિત્તં;
દેવિંદસૂરિરઇઅં, નેયં કમ્મત્થયં સોઉં. ॥ ૨૫ ॥

તિસુ–ત્રણ લેશ્યાએ [ કૃષ્ણ, નીલ, કાપોત ]
દુસુ–બે લેશ્યાએ [તેજો, પદ્મ]
સુક્કા–શુક્લલેશ્યાએ.
આઇગુણા–પહેલાં ગુણઠાણાં.
ચઉ–ચાર.
સગ–સાત.
તેરત્તિ–તેર એમ.
બંધસામિત્તં–બંધસ્વામિત્વને
દેવિંદસૂરિ–દેવેંદ્રસૂરિએ
રઇઅં–રચ્યું.
નેયં–જાણવું.
કમ્મત્થયં–કર્મસ્તવને.
સોઉં–સાંભળીને.

અર્થ–ત્રણ લેશ્યાએ પહેલાં ચાર ગુણઠાણાં, બે લેશ્યાએ સાત, અને શુક્લ લેશ્યાએ તેર ગુણઠાણાં હોય, એ પ્રકારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધસ્વામિત્વ દેવેન્દ્રસૂરિએ રચ્યું, તે કર્મસ્તવ સાંભળીને [સંભારીને] જાણવા યોગ્ય છે. ॥ ૨૫ ॥

વિવેચન—કૃષ્ણ ૧, નીલ ૨, કાપોત ૩, એ ત્રણ લેશ્યાને વિષે ચાર ગુણઠાણાં હોય. તેજો ૧ પદ્મ ૨, એ બે લેશ્યાને વિષે સાત ગુણઠાણાં હોય, શુક્લ લેશ્યાને વિષે તેર ગુણઠાણાં હોય અને અયોગી તો અલેશી હોય, એ રીતે એ બંધસ્વામીપણું શ્રી તપાગચ્છાધિરાજ ભટ્ટારક શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વર પટ્ટપ્રભાકર શ્રી દેવેંદ્રસૂરીએ રચ્યું, એ બંધસ્વામિત્વ કમ્મસ્તવ સંભારીને જાણવું. ॥ ૨૫ ॥

ઇતિ બંધસ્વામિત્વાખ્યસ્તૃતીયઃ કમ્મગ્રંથઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તૃતીયકર્મ્મગ્રંથે બંધસ્વામિત્વયંત્રકં.

| માર્ગણા | ગુણ૦ ૧૪ | ઓઘેબંધ | મિથ્યા, ૧ | સા૦ ૨ | મિશ્ર ૩ | અ૦ ૪ | દેશ. ૫ | પ્ર૦ ૬ | અ૦ ૭ | અપૂ૦ ૮ | અનિ૦ ૯ | સૂ૦ ૧૦ | ઉપ૦ ૧૧ | ક્ષી૦ ૧૨ | સ૦ ૧૩ | અ૦ ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નરકગતિ | ૪ | ૧૦૧ | ૧૦૦ | ૯૬ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| રત્નપ્ર૦ ૩ | ૪ | ૧૦૧ | ૧૦૦ | ૯૬ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| પંકપ્ર૦ ૩ | ૪ | ૧૦૦ | ૧૦૦ | ૯૬ | ૭૦ | ૭૧ | | | | | | | | | | |
| તમઃપ્ર૦ | ૪ | ૯૯ | ૯૬ | ૯૧ | ૭૦ | ૭૦ | | | | | | | | | | |
| તિર્યંચપર્યા૦ | ૫ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | ૬૯ | ૭૦ | ૬૬ | | | | | | | | | |
| તિ૦અપ૦ | ૧ | ૧૦૯ | ૧૦૯ | | | | | | | | | | | | | |
| મનુ૦ પ૦ | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૬૯ | ૭૧ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ |
| મ૦ અપ૦ | ૧ | ૧૦૯ | ૧૦૯ | | | | | | | | | | | | | |
| દેવગતિ | ૪ | ૧૦૪ | ૧૦૩ | ૯૬ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| ભ.વ્યં.જો. | ૪ | ૧૦૩ | ૧૦૩ | ૯૬ | ૭૦ | ૭૧ | | | | | | | | | | |
| સૌધ. ઈશા. | ૪ | ૧૦૪ | ૧૦૩ | ૯૬ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| સન૦ થી ૬ | ૪ | ૧૦૧ | ૧૦૦ | ૯૬ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| આ.થી૯ગ્રૈ૦ | ૪ | ૯૭ | ૯૬ | ૯૨ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| અનુત્તર | ૧ | ૭૨ | | | | ૭૨ | | | | | | | | | | |
| એકેંદ્રિય. | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬/૯૪ | | | | | | | | | | | | |
| બેઇંદ્રિય. | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬/૯૪ | | | | | | | | | | | | |
| તેઇંદ્રિય. | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬/૯૪ | | | | | | | | | | | | |
| ચૌરિંદ્રિય. | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬/૯૪ | | | | | | | | | | | | |
| પંચેંદ્રિય. | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ |
| પૃથ્વી૦ | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬/૯૪ | | | | | | | | | | | | |
| અપ૦ | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬/૯૪ | | | | | | | | | | | | |
| તેઉ૦ | ૧ | ૧૦૫ | ૧૦૫ | | | | | | | | | | | | | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વાયુ૦ | ૧ | ૧૦૫ | ૧૦૫ | | | | | | | | | | | | | |
| વનસ્પ૦ | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬/૯૪ | | | | | | | | | | | | |
| ત્રસ૦ | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ |
| મનોયો૦ ૪ | ૧૩ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| વચનયો. ૪ | ૧૩ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| ઔદા૦ કા૦ | ૧૩ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૬૯ | ૭૧ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| ઔ. મિશ્ર | ૪ | ૧૧૪ | ૧૦૯ | ૯૪ | | ૭૫ | | | | | | | | | ૧ | |
| વૈક્રિ૦ | ૪ | ૧૦૪ | ૧૦૩ | ૯૬ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| વૈ૦ મિ૦ | ૩ | ૧૦૨ | ૧૦૧ | ૯૪ | | ૭૧ | | | | | | | | | | |
| આ૦ કા૦ | ૧ | ૬૩ | | | | | | ૬૩ | | | | | | | | |
| આ૦ મિ૦ | ૧ | ૬૩ | | | | | | ૬૩ | | | | | | | | |
| કાર્મ૦ | ૪ | ૧૧૨ | ૧૦૭ | ૯૪ | | ૭૫ | | | | | | | | | ૧ | |
| સ્ત્રીવેદી. | ૯ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | | | | | |
| પુરુષ. | ૯ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | | | | | |
| નપુંસક | ૯ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | | | | | |
| અનંતાનુ૦ | ૨ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | | | | | | | | | | | | |
| અપ્રત્યા૦૪ | ૪ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | | | | | | | | | | |
| પ્રત્યા૦ ૪ | ૫ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | | | | | | | | | |
| સંજ્વ૦ ૩ | ૯ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | | | | | |
| સંજ્વ. લો. | ૧૦ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | | | | |
| મતિજ્ઞાની | ૯ | ૭૯ | | | | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| શ્રુતજ્ઞાની | ૯ | ૭૯ | | | | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| અવધિ૦ | ૯ | ૭૯ | | | | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| મનઃપ૦ | ૭ | ૬૫ | | | | | | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| કેવલજ્ઞાની | ૨ | ૧ | | | | | | | | | | | | | ૧ | ૦ |
| મતિઅજ્ઞા. | ૩ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | | | | | | | | | | | |
| શ્રુતઅજ્ઞા. | ૩ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | | | | | | | | | | | |
| વિભંગ૦ | ૩ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | | | | | | | | | | | |
| સામાયિ૦ | ૪ | ૬૫ | | | | | | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | | | | | |
| છેદોપસ્થા૦ | ૪ | ૬૫ | | | | | | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | | | | | |
| પરિહાર૦ | ૨ | ૬૫ | | | | | | ૬૩ | ૫૯ | | | | | | | |
| સૂક્ષ્મસંપ. | ૧ | ૧૭ | | | | | | | | | | ૧૭ | | | | |
| યથાખ્યા૦ | ૪ | ૧ | | | | | | | | | | | ૧ | ૧ | ૧ | ૦ |
| દેશવિર૦ | ૧ | ૬૭ | | | | | ૬૭ | | | | | | | | | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અવિરતિ | ૪ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | | | | | | | | | | |
| ચક્ષુદર્શ૦ | ૧૨ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| અચક્ષુદર્શ૦ | ૧૨ | ૧૨૦ | ૧૧૬ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| અવધિદ૦ | ૯ | ૭૯ | | | | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| કેવલદર્શ૦ | ૨ | ૫ | | | | | | | | | | | | | ૧ | ૦ |
| કૃષ્ણ લે૦ | ૪ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | | | | | | | | | | |
| નીલ લે૦ | ૪ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | | | | | | | | | | |
| કાપોત | ૪ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | | | | | | | | | | |
| તેજો લે૦ | ૭ | ૧૧૧ | ૧૦૮ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | | | | | | | |
| પદ્મ લે૦ | ૭ | ૧૦૮ | ૧૦૫ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | | | | | | | |
| શુક્લ લે૦ | ૧૩ | ૧૦૪ | ૧૦૧ | ૯૭ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| ભવ્ય | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ |
| અભવ્ય | ૧ | ૧૧૭ | ૧૧૭ | | | | | | | | | | | | | |
| ઔપશમિક | ૮ | ૭૭ | | | | ૭૫ | ૬૬ | ૬૨ | ૫૮ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | | | |
| સાસ્વાદન | ૧ | ૧૦૧ | | ૧૦૧ | | | | | | | | | | | | |
| ક્ષાયોપશ૦ | ૪ | ૭૯ | | | | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | | | | | | | |
| ક્ષાયિક | ૧૧ | ૭૯ | | | | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ |
| મિશ્ર | ૧ | ૭૪ | | | ૭૪ | | | | | | | | | | | |
| મિથ્યાત્વ | ૧ | ૧૧૭ | ૧૧૭ | | | | | | | | | | | | | |
| સંજ્ઞિ. | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ |
| અસંજ્ઞિ. | ૨ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | | | | | | | | | | | | |
| આહારી | ૧૩ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| અણાહારી | ૫ | ૧૧૨ | ૧૦૭ | ૯૪ | | ૭૫ | | | | | | | | | ૧ | ૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# षडशीतिनामा चतुर्थकर्मग्रन्थः

## મંગળ અને અભિધેય.

નમિઅ જિણં જિઅમગ્ગણ–ગુણઠાણુવઓગ–
જોગ–લેસાઓ;
બંધપ્પબહૂ ભાવે, સંખિજ્જાઇ કિમવિ વુચ્છં ॥૧॥

નમિઅ–નમસ્કાર કરીને.
જિણં–જિનેશ્વરને,
જિઅ–જીવસ્થાનક,
મગ્ગણ–માર્ગણાદ્વાર.
ગુણઠાણ–ગુણસ્થાનક.
ઉવઓગ–ઉપયોગદ્વાર.
જોગ–યોગ દ્વાર.
લેસાઓ–લેશ્યા દ્વાર.
બંધ–બંધ
અપ્પબહૂ–અલ્પબહુત્વ દ્વાર.
ભાવે–ભાવ [ઉપશમાદિક પાંચ].
સંખિજ્જાઇ–સંખ્યાતાદિ.
કિમવિ–કાંઈક
વુચ્છં–કહીશ.

અર્થ—જિનેશ્વરને નમસ્કાર કરીને જીવસ્થાનક, માર્ગણા-સ્થાનક, ગુણસ્થાનક, ઉપયોગ, યોગ, લેશ્યા, બંધ, અલ્પ-બહુત્વ, ભાવ અને સંખ્યાતા આદિ કંઈક કહીશ. ॥૧॥

વિવેચન—શ્રી જિનને નમસ્કાર કરીને જીવસ્થાનક–જી-વના ૧૪ ભેદ ૧, ગત્યાદિ ૬૨ માર્ગણાસ્થાનક ૨, ૧૪ ગુણ-સ્થાનક ૩, ૧૨ ઉપયોગ ૪, ૧૫ યોગ ૫, ૬ લેશ્યા ૬, બંધહેતુ તથા બંધ, ઉદય, ઉદીરણા, સત્તા ૭, અલ્પબહુત્વ ૮, ઔપશમિકાદિક પાંચ ભાવ ૯ અને સંખ્યાતાદિકનો વિચાર ૧૦. કિમપિ–સ્વલ્પમાત્ર એ દશ દ્વાર કહીશું. ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નમિય જિણં વત્તવ્વા, ચઉદસજિઅઠાણએસુ ગુણ-**
**ઠાણા;જોગુવઓગોલેસા,બંધોદઓદીરણા સત્તા ॥૧॥**

| | |
|---|---|
| **વત્તવ્વા**—કહેવા. | **લેસા**—લેશ્યા. |
| **ચઉદસ**—ચઉદ. | **બંધ**—બંધ. |
| **જિઅઠાણએસુ**—જીવસ્થાનોનેવિષે | **ઉદઓ**—ઉદય. |
| **ગુણઠાણા**—ગુણઠાણાં. | **ઉદીરણા**—ઉદીરણા. |
| **જોગ**—યોગ. | **સત્તા**—સત્તા. |
| **ઉવઓગ**—ઉપયોગ. | |

**અર્થ—જિનેશ્વરને નમસ્કાર કરીને ચૌદ જીવસ્થાનકને વિષે ગુણઠાણાં, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા [એ આઠ] કહેવાનાં છે. ॥૧॥**

**વિવેચન**—પૂર્વોક્ત ગાથામાં ૧૦ દ્વાર કહ્યાં છે, તે પણ એ દ્વારનો અનુક્રમ સુગમ રીતે કહે છે—જિનને નમસ્કાર કરીને એ બોલ કહેવા—ચૌદ જીવસ્થાનકને વિષે ગુણઠાણાં ૧, યોગ ૨, ઉપયોગ ૩, લેશ્યા ૪, મૂળ પ્રકૃતિનો બંધ ૫, ઉદય ૬, ઉદીરણા ૭, સત્તા ૮, એ આઠ દ્વાર કહીશું. ॥૧॥

**તહ મૂલચઉદમગ્ગણ-ઠાણેસુ બાસટ્ઠિઉત્તરેસું ચ;**
**જિઅ ગુણ જોગુવઓગા,લેસપ્પબહું ચ છટ્ઠાણા ॥૨॥**

| | |
|---|---|
| **તહ**—તેમજ. | **ઠાણેસુ**—સ્થાનકને વિષે |
| **મૂલ**—મૂળ. | **બાસટ્ઠિ**—બાસઠ. |
| **ચઉદ**—ચૌદ. | **ઉત્તરેસું**—ઉત્તર [માર્ગણાસ્થાન] ને વિષે. |
| **મગ્ગણ**—માર્ગણા. | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| જિઅ—જીવભેદ. | લેસ—લેશ્યા. |
| ગુણ—ગુણઠાણાં, | અપ્પબહું—અલ્પબહુત્વ. |
| જોગ—યોગ | છટ્ઠાણા—એ છ સ્થાનક. |
| ઉવઓગા—ઉપયોગ. | |

અર્થ—તેમજ મૂળ ચૌદ માર્ગણાસ્થાન અને બાસઠ ઉત્તર માર્ગણાસ્થાનને વિષે જીવભેદ, ગુણઠાણાં, યોગ, ઉપયોગ, લેશ્યા, અલ્પબહુત્વ એ છ સ્થાનક કહીશું. ॥ ૨ ॥

વિવેચન—તેમજ વળી ચૌદ મૂળ માર્ગણાસ્થાનક અને બાસઠ ઉત્તરમાર્ગણાને વિષે જીવભેદ ૧, ગુણઠાણાં ૨, યોગ ૩, ઉપયોગ ૪, લેશ્યા ૫, અલ્પબહુત્વ ૬, એ છ સ્થાનક કહીશું. ॥ ૨ ॥

---

**ચઉદસગુણેસુજિઅ-જોગુવઓગલેસા ય બંધ હેઉ ય;**
**બંધાઇચિઉ અપ્પા બહું ચ તો ભાવસંખાઇ ॥૩॥**

**[દ્વારગાથા.]**

| | |
|---|---|
| ચઉદસ ગુણેસુ—ચૌદ ગુણઠાણાને વિષે | બંધહેઉ—બંધહેતુ. |
| | બંધાઈ ચઉ—બંધાદિક ચાર. |
| જિઅ—જીવના ભેદ. | અપ્પાબહુ—અલ્પબહુત્વ. |
| જોગ—યોગ. | તો—તે પછી. |
| ઉવઓગ—ઉપયોગ. | ભાવ—ભાવ. |
| લેસા—લેશ્યા. | સંખાઇ—સંખ્યાતાદિ. |

અર્થ—ચૌદ ગુણઠાણાને વિષે જીવના ભેદ, યોગ, ઉપયોગ, લેશ્યા અને બંધહેતુ તેમજ બંધાદિ ચાર અને તેમનું અલ્પબહુત્વ તે પછી ભાવ અને સંખ્યાતાદિ કહીશું. ॥૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન—વળી ચૌદ ગુણઠાણાંને વિષે જીવના ભેદ ૧, યોગ ૨, ઉપયોગ ૩, લેશ્યા ૪, બંધહેતુ ૫, બંધ, ઉદય, ઉદીરણા, સત્તા ૯, એનું અલ્પબહુત્વ ૧૦, ત્યારપછી પાંચ ભાવ ૧૧ અને સંખ્યાતાદિકનો વિચાર ૧૨; એ ત્રણ ગાથા વડે ૨૧ દ્વાર કહ્યાં તે અનુક્રમે કહીશું. ॥ ૩ ॥

## ૧૪ જીવસ્થાનો.

**ઇહ સુહુમબાયરેગિંદિ-બિતિચઉઅસન્નિસન્નિપંચિંદી; અપજત્તા પજ્જત્તા, કમેણ ચઉદસ જિઅ-ટ્ઠાણા ॥ ૨ ॥**

ઇહ—આ જગતમાં
સુહુમ—સૂક્ષ્મ
બાયર—બાદર
એગિંદિ—એકેંદ્રિય
બિ—બેઇંદ્રિય
તિ—તેઇંદ્રિય
ચઉ—ચૌરિંદ્રિય
અસન્નિ— અસંજ્ઞિ પંચેંદ્રિય
સન્નિપંચિંદી—સંજ્ઞિપંચેંદ્રિય
અપજત્તા—અપર્યાપ્તા
પજ્જત્તા—પર્યાપ્તા
કમેણ—અનુક્રમે
ચઉદસ—ચૌદ
જિઅટ્ઠાણા—જીવનાં સ્થાનક

અર્થ—આ જગતને વિષે સૂક્ષ્મ, એકેંદ્રિય, બાદર એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, અસંજ્ઞિપંચેંદ્રિય અને સંજ્ઞિ પંચેંદ્રિય, એ અપર્યાપ્તા અને પર્યાપ્તા; એ અનુક્રમે ચૌદ જીવના સ્થાનકો છે. ॥ ૨ ॥

વિવેચન—ઈહાં લોકને વિષે પૃથિવ્યાદિક પાંચ સ્થાવર ચઉદ રાજલોકને વિષે મસીની કૂંપીની પેરે ઠાંસી ઠાંસીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભર્યા છે—સર્વવ્યાપી છે, નજરે દેખાય તેવા નથી, તે સૂક્ષ્મ એકેંદ્રિય ૧ અને જે પૃથિવ્યાદિક પાંચ નજરે દીસે છે તે બાદર એકેંદ્રિય ૨, બેઇંદ્રિય-શંખાદિક ૩, તેઇંદ્રિય-કાનખજૂરા વગેરે ૪, ચઉરિંદ્રિય—વીંછુ આદિક ૫, મન રહિત સમ્મૂચ્છિંમ તે અસંજ્ઞિ પંચેંદ્રિય ૬, મન સહિત તે સંજ્ઞિ પંચેંદ્રિય ૭, જેણે ઉપજતાં પોતપોતાની પર્યાપ્તિ પૂરી નથી કરી તે અપર્યાપ્તા સાત અને જેણે પોતપોતાની પર્યાપ્તિ પૂરી કરી છે તે પર્યાપ્તા ૭, એમ અનુક્રમે અપર્યાપ્તા—પર્યાપ્તા થઇને ચૌદ ભેદ જીવના જાણવા. સંસારી જીવ સર્વ એ ૧૪ ભેદ માંહે આવ્યા. ॥૨॥

## જીવસ્થાનોને વિષે ગુણઠાણાં

**બાયર અસન્નિવિગલે, અપજ્જિ પઢમબિઅ—**
**સન્નિઅપજત્તે;**
**અજયજુઅ સન્નિપજ્જે, સવ્વગુણા મિચ્છ સેસેસુ ॥૩॥**

બાયર—બાદર એકેંદ્રિય [તેઉકાય વાઉકાય વિના]
અસન્નિ—અસંજ્ઞી પંચેંદ્રિય.
વિગલે—વિકલેંદ્રિયને વિષે.
અપજ્જિ—અપર્યાપ્તામાં.
પઢમબિઅ-પહેલું, બીજું.
સન્નિઅપજત્તે—સંજ્ઞી અપર્યાપ્તાને વિષે.
અજયજુઅ—અવિરતિયુક્ત ત્રણ ગુણઠાણાં.
સન્નિપજ્જે—સંજ્ઞીપર્યાપ્તાને વિષે
સવ્વગુણા—સર્વ ગુણસ્થાનક.
મિચ્છ—મિથ્યાત્વ ગુણઠાણું
સેસેસુ—શેષ જીવોને વિષે.

**અર્થ**—અપર્યાપ્તા એવા બાદર એકેંદ્રિય, અસંજ્ઞિ પંચેંદ્રિય અને વિકલેંદ્રિયને વિષે પહેલું અને બીજું ગુણઠાણું હોય, અપર્યાપ્તા સંજ્ઞિ પંચેંદ્રિયને વિષે અવિરતિ સહિત :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[ત્રણ ગુણઠાણાં] હોય: સંજ્ઞિ પર્યાપ્તાને વિષે સર્વ ગુણઠાણાં હોય અને બાકીના જીવસ્થાનકને વિષે મિથ્યાત્વ ગુણઠાણું હોય ॥૩॥**

**વિવેચન**—હવે એ ૧૪ જીવસ્થાનકને વિષે ગુણઠાણાં કહે છે.–બાદર એકેંદ્રિય અપર્યાપ્તા ૧, અસંજ્ઞિ પંચેંદ્રિય અપર્યાપ્તા ૨, ત્રણ વિકલેંદ્રિય અપર્યાપ્તા ૫, એ પાંચને વિષે મિથ્યાત્વ અને સાસ્વાદન એ પહેલાં બે ગુણઠાણાં હોય. તિહાં મિથ્યાત્વે તો એ જીવ સદાય છેજ પણ કોઈક જીવને પરભવથી સમ્યક્ત્વ વમીને આવતાં ઘંટાલાલા ન્યાયે સમ્યક્ત્વનો લેશ આસ્વાદતાં ઉત્પત્તિકાળે અપર્યાપ્તાવસ્થાએ સાસ્વાદનપણું પામીએ, પણ પછી ન હોય. ઈહાં એ કરણ અપર્યાપ્તો જાણવો પણ લબ્ધિ અપર્યાપ્તો નહી. લબ્ધિ અપર્યાપ્તાને તો સાસ્વાદન હોય જ નહી. અપર્યાપ્ત સૂક્ષ્મ એકેંદ્રિયમાં પણ સાસ્વાદન ન હોય, સાસ્વાદન તો લગારેક શુભ પરિણામરૂપ છે અને સૂક્ષ્મમાં તો અતિ સંકિલષ્ટ પરિણામી ઉપજે તે માટે. ઈહાં કોઈક કહે છે કે, આગમમાંહે એકેંદ્રિયને સાસ્વાદન નથી કહ્યું, એકેંદ્રિય સર્વ અજ્ઞાની જ કહ્યા છે, તો ઈહાં એકેંદ્રિય અપર્યાપ્તાને સાસ્વાદન કેમ કહો છો ? તેહનો ઉત્તર આગળ સાસણભાવે નાણં એ ગાથાએ ગ્રંથકારજ કહેશે, તિહાંથી જાણવો. તથા સંજ્ઞિપંચેંદ્રિય અપર્યાપ્તાને વિષે અવિરત સમ્યગ્દૃષ્ટિ યુક્ત એટલે પહેલું, બીજું, ચોથું એ ત્રણ ગુણઠાણાં હોય, સમ્યક્ત્વ સહિત જીવને ઉપજતાં ચોથું હોય, પણ અપર્યાપ્તાને મિશ્રગુણઠાણું ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય. મિશ્ર થકો કાળ ન કરે તે માટે ન સમ્મમિસ્છો કુણઇ કાલં. ઇતિ વચનાત્. સંજ્ઞિ પર્યાપ્તાને વિષે સર્વે ચૌદ ગુણઠાણાં હોય. તેને સર્વ શુભાશુભ પરિણામ હોય તે માટે. શેષ સૂક્ષ્મ અપર્યાપ્તા ૧, સૂક્ષ્મપર્યાપ્તા ૨, બાદર એકેંદ્રિય પર્યાપ્તા ૩, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય પર્યાપ્તા ૬, અસંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તા ૭, એ સાતેને એકજ મિથ્યાત્વ ગુણઠાણું હોય. ॥ ૩ ॥

## જીવસ્થાનોને વિષે યોગ.

**અપજ્જત્તછક્કિ કમ્મુરલ–મીસ જોગા અપજ્જસન્નિસુ;**
**તે સવિઉવ્વ મિસએસુ, તણુપજ્જેસુ ઉરલ–મન્ને ॥૪॥**

અપજ્જત્તછક્કિ–અપર્યાપ્તા છ–જીવને વિષે.
કમ્મ–કાર્મણ.
ઉરલમીસ–ઓદારિકમિશ્ર.
જોગા–યોગ.
અપજ્જસન્નિસુ–અપર્યાપ્તા–સંજ્ઞીને વિષે.
તે–તે બે યોગો.
સવિઉવ્વમીસ–વૈક્રિયમિશ્ર સહિત ત્રણ યોગ.
એસુ–એમાં વળી.
તણુપજ્જેસુ–શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને વિષે.
ઉરલં–ઓદારિક યોગ.
અન્ને–અન્ય આચાર્યો.

અર્થ—અપર્યાપ્તા છ જીવભેદને વિષે કાર્મણ અને ઓદારિકમિશ્ર યોગ હોય, અપર્યાપ્તા સંજ્ઞિ પંચેંદ્રિયને વિષે તે [બે યોગ] વૈક્રિયમિશ્ર સહિત [ત્રણ] હોય, એમાં વળી શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને વિષે ઓદારિક કાયયોગ અન્ય આચાર્યો માને છે. ॥૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન—હવે યોગ ૧૫ કહે છે, સત્ય મનોયોગઃ ૧, અસત્ય મનોયોગઃ ૨, સત્યમૃષા મનોયોગઃ ૩, અસત્યામૃષા મનોયોગઃ ૪, એમ ૪ વચનયોગ, એવં ૮, ઔદારિક કાયયોગ ૯, ઔદારિક મિશ્ર૦ ૧૦, વૈક્રિય૦ ૧૧, વૈક્રિયમિશ્ર૦ ૧૨, આહારક૦ ૧૩, આહારક મિશ્ર૦ ૧૪, અને કાર્મણ કાયયોગ ૧૫. હવે એનો અર્થ કહે છે—અસ્તિ જીવઃ ઈત્યાદિ તથા સર્વનું હિતચિંતન તે સત્ય મનઃ ૧, નાસ્તિ જીવઃ ઈત્યાદિ તથા પરને વિપ્રતારણ બુદ્ધિ તે મૃષા મન ૨, તે બંને મિશ્ર તે સત્યમૃષા મન એટલે કાંઈક સત્ય, કાંઈક મૃષા ૩, સત્ય પણ નહીં અસત્ય પણ નહીં એવી વિચારણા તે અસત્યામૃષા મન ૪, એ જ પ્રમાણે ૪ ભેદે વચનયોગ; એવં ૮, મનુષ્ય-તિર્યંચને ઔદારિક કાયયોગ ૯, તે જ મનુષ્ય-તિર્યંચને ઉપજતાં એક સમય પછી શરીર પર્યાપ્તિ પૂરી કરે ત્યાં લગે કાર્મણ સાથે મિશ્રપણું તે ઔદારિકમિશ્ર તથા કેવલીસમુદ્ઘાતે બીજે, છટ્ઠે, સાતમે સમયે ઔદારિકમિશ્ર કાયયોગ ૧૦, દેવતા-નારકીને તથા લબ્ધિવંત મનુષ્ય—પંચેંદ્રિયતિર્યંચ અને વાયુને વૈક્રિય કાયયોગ ૧૧, તે જ દેવ—નારકીને ઉપજતાં કાર્મણ સાથે વૈક્રિય તે વૈક્રિયમિશ્ર હોય તથા મનુષ્ય અને તિર્યંચને વૈક્રિયારંભ કાળે અને છાંડવાને કાળે ઔદારિક સાથે વૈક્રિયમિશ્ર કાયયોગ ૧૨. ચૌદ પૂર્વધારી આહારક શરીર કરે ત્યારે આહારક કાયયોગ ૧૩, તેને પ્રારંભકાળે અને છાંડવાને કાળે ઔદારિક સાથે આહારકમિશ્ર કાયયોગ હોય ૧૪, અષ્ટકર્મનો જે વિકાર તે કાર્મ્મણ કાયયોગ, તે જીવને અંતરાલ ગતિએ અને ઉપ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાને પહેલે સમયે તથા કેવલિસમુદ્દ્ઘાતને ત્રીજે, ચોથે, પાંચમે સમયે હોય, તૈજસ તો કાર્મણ ભેળું જ ગણ્યું છે; જૂદું નહીં, ઈતિ પંદર યોગ સ્વરૂપ. જીવને પરિસ્પંદનાદિક વીર્ય તે યોગ કહીએ. સૂક્ષ્મ એકેંદ્રિય ૧, બાદર એકેંદ્રિય ૨, બેઇંદ્રિય ૩, તેઇંદ્રિય ૪, ચૌરિંદ્રિય ૫, અસંજ્ઞી પંચેંદ્રિય ૬, એ ૭ અપર્યાપ્તાને વિષે કાર્મ્મણ ૧ અને ઔદારિક મિશ્ર ૨, એ બે યોગ હોય. અંતરાલ ગતિએ અને ઉત્પત્તિને પહેલે સમયે કાર્મ્મણ યોગ હોય અને પછી શરીર પર્યાપ્તિ પૂરી થયા પહેલાં ઔદારિકમિશ્ર યોગ હોય, એવં ૨. સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાને વિષે પૂર્વોક્ત બે યોગ અને વૈક્રિયમિશ્ર સહિત, એવં ૩ યોગ હોય. તિહાં મનુષ્ય–તિર્યંચ અપર્યાપ્તાને કાર્મ્મણ અને ઔદારિકમિશ્ર એ બે યોગ હોય અને દેવતા તથા નારકીને કાર્મ્મણ અને વૈક્રિયમિશ્ર એ બે યોગ હોય, બંનેને મળીને ૩ ત્રણ હોય. એ સાતે અપર્યાપ્તાને શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને ઔદારિક યોગ પણ હોય, એમ અનેરા આચાર્ય કહે છે; તે મતે ૭ અપર્યાપ્તાને ૩ યોગ હોય અને સંજ્ઞી અપર્યાપ્તાને વિષે ૫ યોગ હોય. ગ્રંથકારે એ મતાંતર કહ્યું પણ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને મિશ્રપણું ટળ્યું ત્યારે ઔદારિક યોગ હોય જ, માટે એ મત ખરો જણાય છે. ॥૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સવ્વે સન્નિપજ્જત્તે, ઉરલં સુહુમે સભાસુ તં ચઉસુ;**
**બાયરિ સવિઉવ્વિદુગં, પજસન્નિસુ બારઉવઓગા. ૫.**

સવ્વે—સર્વે [ યોગ ]
સન્નિપજ્જત્તે—સંજ્ઞી પર્યાપ્તાનેવિષે
ઉરલં—ઔદારિક કાયયોગ.
સુહુમે—સૂક્ષ્મ [એકેંદ્રિય]માં
સભાસુ—ભાષા સહિત.
તં—તે.
ચઉસુ—ચાર [ વિ૦ ત્રિક અને અસંજ્ઞીપંચેંદ્રિય]ને વિષે.

બાયરિ—બાદર [એકેંદ્રિય પર્યાપ્તા] ને વિષે.
સવિઉવ્વિદુગં—વૈક્રિયદ્વિક સહિત [ હોય ],
પજસન્નિસુ—પર્યાપ્તાસંજ્ઞીનેવિષે.
બાર ઉવઓગા—બાર ઉપયોગો.

**અર્થ—સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે સર્વ યોગ હોય, પર્યાપ્તા સૂક્ષ્મ એકેંદ્રિયમાં ઔદારિક કાયયોગ હોય, તે ચાર [વિકલેંદ્રિય અને અસંજ્ઞિ પંચેંદ્રિય]ને વિષે ભાષા [અસત્યામૃષા વચનયોગ] સહિત [બે યોગ] હોય, બાદર એકેંદ્રિય પર્યાપ્તાને વિષે વૈક્રિયદ્વિક સહિત [ત્રણ યોગ]હોય. પર્યાપ્તા સંજ્ઞિ પંચેંદ્રિયને બાર ઉપયોગ હોય. ॥૫॥**

**વિવેચન**—સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે સર્વ એટલે ૧૫ યોગ હોય. ઔદારિકમિશ્ર ૧ કાર્મ્મણ ૨, એ બે યોગ તો કેવલી સમુદ્ઘાતે હોય અને વૈક્રિયમિશ્ર મનુષ્ય–તિર્યંચને ઉત્તરવૈક્રિય કરતાં હોય : ને શેષ બાર યોગ તો યથાયોગ્ય હોય જ. સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તાને એક જ ઔદારિક કાયયોગ હોય. બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરિંદ્રિય ૩ અને અસંજ્ઞિપંચેંદ્રિય ૪, એ ચાર પર્યાપ્તાને ચોથી ભાષા સહિત ઔદારિક એટલે ૨ યોગ હોય. બાદર એકેંદ્રિય પર્યાપ્તાને વિષે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔદારિક ૧, વૈક્રિય ૨, વૈક્રિયમિશ્ર ૩, એવં ત્રણ યોગ હોય, વાઉને વૈક્રિયદ્ધિક હોય માટે.

હવે ચૌદ જીવસ્થાનકને વિષે ઉપયોગ કહે છે.—જીવલક્ષણરૂપ અવબોધ તે ઉપયોગ કહીએ. તે પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન એમ ૧૨ જાણવા. પર્યાપ્તા સંજ્ઞિ પંચેંદ્રિયને વિષે એ બારે ઉપયોગ હોય, અનુક્રમે હોય પણ સમકાલે ન હોય, **જુગવં દો નત્થિ ઉવઓગા ઇતિ વચનાત્.**

---

જીવસ્થાનોને વિષે ઉપયોગ

**પજ્જચઉરિંદિઅસન્નિસુ, દુદંસદુઅનાણ દસસુ-**
**ચક્ખુવિણા, સંન્નિઅપજ્જે મણનાણ-**
**ચક્ખુકેવલદુગ વિહૂણા ॥૬॥**

પજ્જચઉરિંદિ-પર્યાપ્તાચૌરિંદ્રિય
અસન્નિસુ—અસંજ્ઞિ પંચેંદ્રિય [પર્યાપ્તાને વિષે.
દુ દંસ-બે દર્શન.
દુ અનાણુ—બે અજ્ઞાન.
દસસુ—દશને વિષે.
ચક્ખુવિણા—ચક્ષુદર્શન વિના. [ત્રણ]

સન્નિઅપજ્જે—સંજ્ઞી અપર્યાપ્તાને વિષે.
મણનાણુ—મનઃપર્યવજ્ઞાન.
ચક્ખુ—ચક્ષુદર્શન.
કેવલદુગ—કેવળદ્રિક.
વિહૂણા—વિના [આઠ].

**અર્થ—પર્યાપ્તચૌરિંદ્રિય અને પર્યાપ્તઅસંજ્ઞિ પંચેંદ્રિયને વિષે બે દર્શન અને બે અજ્ઞાન હોય, દશ જીવભેદને વિષે ચક્ષુદર્શન વિના ત્રણ ઉપયોગ હોય; સંજ્ઞિ પંચેંદ્રિય અપર્યાપ્તાને વિષે મનઃપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન અને કેવળદ્વિક વિના [આઠ] ઉપયોગ હોય . ॥૬॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન—ચૌરિંદ્રિય પર્યાપ્ત ૧, અને અસંજ્ઞી પર્યાપ્ત ૨, એ બેને વિષે બે દર્શન અને બે અજ્ઞાન એવં ૪ ઉપયોગ હોય; તે ચક્ષુદર્શન ૧, અચક્ષુદર્શન ૨, મતિઅજ્ઞાન ૩, શ્રુતઅજ્ઞાન ૪, એમ ચાર હોય. ચાર એકેંદ્રિય ૪, બે બેઇંદ્રિય ૬, બે તેઇંદ્રિય ૮, ચૌરિંદ્રિય અપર્યાપ્ત ૯ અસંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્ત ૧૦, એ દશને વિષે ચક્ષુદર્શન વિના એટલે અચક્ષુદર્શન ૧, મતિઅજ્ઞાન ૨, શ્રુતઅજ્ઞાન ૩, એ ત્રણ હોય, સંજ્ઞિ પંચેંદ્રિય અપર્યાપ્તને વિષે મનઃપર્યવજ્ઞાન ૧, ચક્ષુદર્શન ૨, કેવળજ્ઞાન ૩, કેવળદર્શન ૪, એ ચાર વિના શેષ ૮ ઉપયોગ હોય. "પંચસંગ્રહ"ને મતે ચૌરિંદ્રિય, અસંજ્ઞિ-સંજ્ઞિપંચેંદ્રિય, એ ત્રણ અપર્યાપ્તાને પણ ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયે ચક્ષુદર્શન કહ્યું છે. ॥૬॥

---

### જીવસ્થાનોને વિષે લેશ્યા તથા બંધ, ઉદય, ઉદીરણા, અને સત્તાનાં સ્થાનો.

**સન્નિદુગિ છલેસ અપજ્જબાયરે પઢમચઉતિ સેસેસુ,**
**સત્તટ્ઠ બંધુદીરણ-સંતુદયા અટ્ઠ તેરસસુ ॥૭॥**

સન્નિદુગિ—બે સંજ્ઞીને વિષે.
છ લેસ—છ લેશ્યા.
અપજ્જ—અપર્યાપ્ત.
બાયરે—બાદર એકેંદ્રિયને વિષે.
પઢમ ચઉ—પ્રથમની ચાર.
તિ—ત્રણ

સેસેસુ—બાકીનાને વિષે.
સત્તટ્ઠ—સાત અથવા આઠ કર્મનો
બંધુદીરણ—બંધ તથા ઉદીરણા.
સંતુદયા—સત્તા તથા ઉદય.
અટ્ઠ—આઠ કર્મની.
તેરસસુ—તેર જીવસ્થાનને વિષે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ—સંજ્ઞિદ્વિક [પર્યાપ્તા—અપર્યાપ્તા]ને વિષે ૬ લેશ્યા હોય, અપર્યાપ્તા બાદર એકેંદ્રિયને વિષે પ્રથમની ચાર લેશ્યા હોય અને બાકીના જીવસ્થાનને વિષે પ્રથમની ત્રણ લેશ્યા હોય, સાત અથવા આઠ કર્મનો બંધ તથા ઉદીરણા અને સત્તા તથા ઉદય આઠ કર્મનો તેર જીવસ્થાનને વિષે હોય.॥૭॥

વિવેચન—હવે ૧૪ જીવસ્થાનકે લેશ્યા કહે છે.—સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તો—અપર્યાપ્તો એ બેને વિષે છ એ લેશ્યા હોય. અપર્યાપ્તા બાદર એકેંદ્રિયને વિષે પહેલી ચાર લેશ્યા હોય. કૃષ્ણ, નીલ, કાપોત, એ ૩ તો સર્વને હોયજ, પણ કોઇક તેજોલેશ્યાવંત દેવતા મરીને પૃથ્વી, અપ, વનસ્પતિમાં ઉપજે, તેને અપર્યાપ્તપણે તેજોલેશ્યા હોય તે માટે ચાર લેશ્યા કહી. શેષ અગિયાર જીવસ્થાનકે કૃષ્ણ ૧, નીલ ૨, કાપોત ૩ એ ત્રણ લેશ્યા હોય.

* लेश्या इति कोऽर्थः? लिश्यते-श्लिष्यते कर्मणा सह जीवोऽनयेति लेश्या ।

यतः—कृष्णादिद्रव्यसाचिव्यात्, परिणामो य आत्मनः ।
स्फटिकस्येव तत्राऽयं, लेश्याशब्दः प्रवर्त्तते ॥ १ ॥

તે લેશ્યા ૬ છે,—કૃષ્ણ ૧, નીલ ૨, કાપોત ૩, તેજો ૪, પદ્મ ૫, શુકલ ૬, એનું સ્વરૂપ જાંબૂફળખાદક ષટ્ પુરૂષ તથા ગામનો નાશ કરવા નીકળેલા છ પુરૂષને દ્રષ્ટાંતે જાણવું.

* જે વડે જીવ કર્મ સાથે જોડાય તે લેશ્યા. કૃષ્ણાદિ દ્રવ્યના સંબંધ વડે સ્ફટિકના જેવા આત્માના જે પરિણામ [થાય] ત્યાં આ લેશ્યા શબ્દ પ્રવર્તે છે; અર્થાત્ કૃષ્ણ આદિ દ્રવ્યના યોગે આત્માના જેવા જેવા પ્રકારના પરિણામ થાય તેને લેશ્યા કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तद्यथा–मूलं १ साहं २ पसाहा ३ गुच्छ ४ फलच्छिद्द ५ पडियभक्खणया ६ ।**

**सव्वं १ माणुस २ पुरिसा ३ साउह ४ मुज्झंत ५— धणहरणा[1] ६ ॥ १ ॥**

હવે ચૌદ જીવસ્થાનકે મૂળ પ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા કહે છેઃ—

સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા વર્જીને શેષ તેર જીવસ્થાનકને વિષે સાત અથવા આઠ પ્રકૃતિનો બંધ અથવા ઉદીરણા હોય. ત કેમ? આયુર્બંધ કાલે આઠે કર્મનો બંધ હોય અને

૧. લેશ્યાના પરિણામની માંહોમાંહે તરતમતા જણાવવા માટે જાંબૂફળ ખાનારા છ પુરૂષનું દૃષ્ટાંત આ પ્રમાણે જાણવું:—કોઈ છ પુરૂષો જાંબૂફળ ખાવા માટે તે વૃક્ષ પાસે ગયા. ત્યાં પહેલાનો વિચાર મૂળથી વૃક્ષ ઉખેડવાનો થયો,બીજાએ શાખાઓ કાપવાનું જણાવ્યું, ત્રીજાએ નાની ડાળીઓ કાપવાનું કહ્યું, ચોથાએ ફળવાળા ગુચ્છા તોડવાનું કહ્યું, પાંચમાએ પાકાં ફળો તોડવા કહ્યું અને છઠ્ઠાએ ભોંય ઉપર પડેલાં ફળો ખાવા જણાવ્યું, એ છ પુરૂષના અધ્યવસાયો મુજબ અનુક્રમે કૃષ્ણાદિ છ લેશ્યાવાળાના અધ્યવસાય જાણવા. બીજું ગામનો નાશ કરવાને નીકળેલા છ પુરૂષનું દૃષ્ટાંત આ પ્રમાણે જાણવું—કોઈ છ ચોર ગામ લુંટવાને નીકળ્યા, તેમાં પહેલાએ મનુષ્ય, ઢોર વગેરે સર્વને મારવાનો વિચાર દર્શાવ્યો, બીજાએ મનુષ્યોને મારવા જણાવ્યું, ત્રીજાએ પુરૂષોને મારવા જણાવ્યું. ચોથાએ હથિયારબંધ હોય તેવા પુરૂષોને મારવા જણાવ્યું, પાંચમાએ લડવાને તૈયાર હોય—લડતા હોય, તેવાને મારવા જણાવ્યું અને છઠ્ઠાએ ફક્ત ધન લુંટી લેવા જણાવ્યું. એ છ પુરૂષના અધ્યવસાય મુજબ કૃષ્ણાદિ છ લેશ્યાવાળાના અધ્યવસાયો જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુ ન બાંધતો હોય ત્યારે સાતનો બંધ હોય, એક ભવે આયુર્બંધ એકજ વાર હોય અને સાત કર્મ્મ તો જીવ સદાયે સમયે સમયે બાંધે છે. તથા જ્યારે ભોગવાતા ભવનું આયુઃ ૧ આવલિકા બાકી હોય ત્યારે તે આયુની ઉદીરણા ન હોય, માટે ત્યાં સાતની ઉદીરણા હોય, તે સિવાય સર્વત્ર ૮ ની ઉદીરણા હોય. તથા તેર જીવસ્થાનકને વિષે આઠે કર્મ્મ સત્તાએ અને ઉદયે હોય, તે કેમ ? ઉપશાંતમોહ લગે આઠે કર્મ્મની સત્તા છે અને સૂક્ષ્મસંપરાય લગે આઠનો ઉદય છે અને એ તેર જીવસ્થાનકને વિષે પહેલું, બીજું અને ચોથું ગુણઠાણું પામીએ તે માટે હોઈ શકે.

---

**સત્તટ્ઠ છેગ બંધા, સંતુદયા સત્ત અટ્ઠ ચત્તારિ.**
**સત્તટ્ઠ છ પંચ દુગં. ઉદીરણા સન્નિપજ્જત્તે ॥૮॥**

| | |
|---|---|
| સત્તટ્ઠ—સાત, આઠ. | ચત્તારિ—ચાર. |
| છેગ—છ તથા એક. | પંચદુગં—પાંચ અને બે. |
| બંધા—બંધ. | ઉદીરણા—ઉદીરણા. |
| સંત—સત્તા. | સન્નિપજ્જત્તે—સંજ્ઞી પર્યાપ્તાને વિષે. |
| ઉદયા—ઉદય. | |

અર્થ—સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે સાત, આઠ, છ અને એક કર્મનો બંધ હોય; સત્તા અને ઉદય સાત, આઠ અને ચાર કર્મનો હોય અને ઉદીરણા સાત, આઠ, છ, પાંચ અને બે કર્મની હોય. ॥ ૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન**—સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે ચાર ભેદે બંધ છે, તે કયા? સાતનો બંધ ૧, આઠનો બંધ ૨, છનો બંધ ૩, એકનો બંધ ૪, તેમાં આયુ વર્જીને સાતનો બંધ તે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત લગે અને ઉત્કૃષ્ટો ૭ માસે ઉણા ૩૩ સાગરોપમ તે વળી અંતર્મુહૂર્ત્ત ઊણ પૂર્વકોડીને ત્રીજે ભાગે અધિક એટલો રહે, આઉખાને બંધકાળે આઠનો બંધ તે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત રહે. આઉખાનો બંધકાળ અંતર્મુહૂર્ત્ત હોય તે માટે.

આયુ અને મોહનીય વર્જીને સૂક્ષ્મસંપરાયે છનો બંધ હોય, તે જઘન્ય ૧ સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત રહે. કોઈક જીવ તિહાં એક સમય રહીને અનુત્તર વિમાને જાય; તિહાં અવિરતિ ગુણઠાણે અવશ્ય સાતનો બંધક થાય, તે માટે છનો બંધક જઘન્ય એક સમય રહે. સૂક્ષ્મ સંપરાયનું એટલું જ માન છે, પછી એકનો બંધક થાય અથવા સાતનો બંધક થાય; તથા તે ૭ માંહેથી પાંચ પ્રકૃતિના બંધને વ્યવચ્છેદે એક સાતાવેદનીયનો બંધક હોય, તે જઘન્યથી એક સમય ઉપશમશ્રેણિએ હોય, ઉત્કૃષ્ટપણે દેશે ઊણી પૂર્વકોડી લગે તેરમે ગુણઠાણે રહે. એ જીવ પહેલાથી સાતમા ગુણઠાણા લગે સાત તથા આઠનો બંધક; ત્રીજે, આઠમે, નવમે સાતનો જ બંધક. દશમે છનો બંધક, અને અગિયારમે, બારમે અને તેરમે એકનો બંધક હોય, તથા સંજ્ઞિપંચેંદ્રિય પર્યાપ્તાને સત્તા અને ઉદય આશ્રયીને ત્રણ સ્થાનક હોય. તે એક સાતનું ૧; આઠનું ૨, ચારનું ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિહાં આઠની સત્તા અભવ્યને અનાદિ અનંત અને ભવ્ય આશ્રયી અનાદિ સાંત હોય. તથા મોહને ક્ષયે ક્ષીણમોહ ગુણઠાણે સાતની સત્તા, તે જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત્ત હોય. સયોગિ ગુણઠાણે ઘાતિકર્મ ૪ ને ક્ષયે ચારની સત્તા, તે જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટપણે નવ વરસે ઊણી પૂર્વકોડિ હોય.

આઠનો ઉદય અભવ્ય આશ્રયીને અનાદિ-અનંત, ભવ્ય આશ્રયીને અનાદિ-સાંત; ઉપશાંતમોહથી પતિત આશ્રયીને સાદિ-સાંત, તે ઉદય ઉપશમશ્રેણિ થકી પડીને અંતર્મુહૂર્તે ફરી શ્રેણિ પ્રાપ્ત કરે તેને હોય, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત સુધી અને ઉત્કૃષ્ટ દેશે ઊણો અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત એટલે કાળે ફરી શ્રેણિ કરે તે માટે. મોહનીય વર્જીને સાતનો ઉદય તે ઉપશાંત મોહે તથા ક્ષીણમોહે પામીએ, તિહાં જઘન્ય એક સમય-ઉપશાંતમોહે ૧ સમય રહીને બીજે સમયે ભવક્ષયે દેવતા થતો અવિરતિ થાય ત્યાં અવશ્ય આઠનો ઉદય હોય માટે. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત તે ઉપશાંતમોહ અને ક્ષીણમોહનું માન અંતર્મુહૂર્ત્તનું છે માટે, પછી આઠનો ઉદયી અથવા ચારનો ઉદયી થાય. ચાર ઘાતિકર્મને ક્ષયે ચારનો ઉદયી તેરમે-ચૌદમે ગુણઠાણે હોય. તે જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ નવ વરસે ઊણી પૂર્વકોડિ હોય, એ સંબંધિ વિશેષ કહે છે.

મિથ્યાત્વથી માંડીને ઉપશાંતમોહ લગે આઠની સત્તા,ક્ષીણમોહે સાતની સત્તા અને સયોગી-અયોગીએ ચારની સત્તા.

મિથ્યાત્વ થકી સૂક્ષ્મસંપરાય લગે આઠનો ઉદય, ઉપ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંતમોહ અને ક્ષીણમોહે સાતનો ઉદય. સયોગીએ તથા અયોગીએ ચારનો ઉદય હોય.

તથા સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાને ઉદીરણાસ્થાનક પાંચ હોય તે કેમ? ૮, ૭, ૬, ૫, ૨. તિહાં જ્યારે ભોગવાતા ભવનું આયુ એક આવલિકા શેષ હોય ત્યારે આયુઃ કર્મની ઉદીરણા ન હોય ત્યારે સાતની ઉદીરણા હોય, તે વિના આઠની ઉદીરણા હોય, તિહાં મિથ્યાત્વથી પ્રમત્ત લગે સાત અથવા આઠની ઉદીરણા અને મિશ્રે તો સદૈવ મરણનો અભાવ હોવાથી આઠની જ ઉદીરણા હોય તથા અપ્રમત્ત થકી સૂક્ષ્મસંપરાયની એક આવલિકા બાકી હોય ત્યાં લગે વેદનીય-આયુઃ વર્જીને છની ઉદીરણા [illegible] મોહ-નીયની ઉદીરણા ન હોય, આવલિકા પ્રવિષ્ટ માટે.

તિહાંથી યાવત્ બારમાની આવલિકા બાકી રહે ત્યાં લગે પાંચની ઉદીરણા, તે ક્ષીણમોહની છેલ્લી આવલિકામાં જ્ઞાનાવરણીય ૧, દર્શનાવરણીય ૨, અને અંતરાય ૩, એ ત્રણે આવલિકા પ્રવિષ્ટ થયાં માટે ઉદીરણા ન હોય, ત્યારે નામ ૧, ગોત્ર ૨; એ બેની ઉદીરણા હોય. એમ સયોગીએ પણ બેની ઉદીરણા અને અયોગીએ અનુદીરક હોય. યદ્યપિ અયોગીએ ભવોપગ્રાહી ચાર કર્મનો ઉદય છે તો પણ યોગને અભાવે ઉદીરણા ન હોય. ઉદીરણા તો યોગવશ છે તે માટે. ॥૮॥

—— ——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચૌદ જીવસ્થાનોમાં આઠ દ્વાર, અને 'પ્રજ્ઞાપના' મુજબ અલ્પબહુત્વ.

| | જીવસ્થાનેષુ | ગુણસ્થાન ૧૪ | યોગ ૧૫ | ઉપ૦ ૧૨ | લેશ્યા ૬ | કર્મબંધ | ઉદય | ઉદીરણા | સત્તા | અલ્પબહુત્વ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એકેંદ્રિય સૂક્ષ્મ અપર્યાપ્તા. | ૧ | ૨-૩ | ૩ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | અસંખ્યાતગુણા | ૧૩ |
| ૨ | એકેંદ્રિય સૂક્ષ્મ પર્યાપ્તા. | ૧ | ૧ | ૩ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | સંખ્યાતગુણા | ૧૪ |
| ૩ | એકેંદ્રિય બાદર અપર્યાપ્તા. | ૧-૨ | ૨-૩ | ૩ | ૪ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | અસંખ્યાતગુણા | ૧૨ |
| ૪ | એકેંદ્રિય બાદર પર્યાપ્તા. | ૧ | ૩ | ૩ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | અનંતગુણા | ૧૧ |
| ૫ | બેઇંદ્રિય અપર્યાપ્તા. | ૧-૨ | ૨-૩ | ૩ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | વિશેષાધિક | ૧૦ |
| ૬ | બેઇંદ્રિય પર્યાપ્તા. | ૧ | ૨ | ૩ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | વિશેષાધિક | [illegible] |
| ૭ | તેઇંદ્રિય અપર્યાપ્તા. | ૧-૨ | ૨-૩ | ૩ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | વિશેષાધિક | [illegible] |
| ૮ | તેઇંદ્રિય પર્યાપ્તા. | ૧ | ૨ | ૩ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | વિશેષાધિક | [illegible] |
| ૯ | ચઉરિંદ્રિય અપર્યાપ્તા. | ૧-૨ | ૨-૩ | ૩ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | વિશેષાધિક | ૮ |
| ૧૦ | ચઉરિંદ્રિય પર્યાપ્તા. | ૧ | ૨ | ૪ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | સંખ્યાતગુણા | ૩ |
| ૧૧ | પંચેંદ્રિય સમ્મૂ૦ અપર્યા૦ | ૧-૨ | ૨-૩ | ૩ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | અસંખ્યાતગુણા | ૬ |
| ૧૨ | પંચેંદ્રિય સમ્મૂ૦ પર્યાપ્તા. | ૧ | ૨ | ૪ | ૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | વિશેષાધિક | ૪ |
| ૧૩ | સંજ્ઞીપંચેંદ્રિય અપર્યાપ્તા. | ૧,૨,૪ | ૩-૪-૫ | ૮ | ૬ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | અસંખ્યાતગુણા | ૨ |
| ૧૪ | સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા. | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૭-૮-૬ ૧ | ૭-૮-૪ | ૭,૮,૬,૫,૨. | ૭।૮।૪ | સર્વથી થોડા | ૧ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૪ માર્ગણાસ્થાન.

ગઇ ઇંદિએ ય કાએ, જોએ વેએ કસાય નાણેસુ;
સંજમ દંસણ લેસા, ભવ સમ્મે સન્નિ આહારે ॥૯॥

| | |
|---|---|
| ગઈ ઇંદિએ—ગતિ અને ઇંદ્રિયમાં | દંસણ—દર્શનમાં |
| કાએ—કાયમાં | લેસા—લેશ્યામાં |
| જોએ—યોગમાં | ભવ—ભવ્યમાં |
| વેએ—વેદમાં | સમ્મે—સમ્યકત્વમાં |
| કસાય—કષાયમાં | સન્નિ—સંજ્ઞિમાં |
| નાણેસું—જ્ઞાનમાં | આહારે—આહારીમાં |
| સંજમ—સંયમમાં | |

વિવેચન—હવે ૧૪ માર્ગણાસ્થાન કહે છે. ગતિદ્વાર ૧, ઈંદ્રિયદ્વાર ૨, કાયદ્વાર ૩, યોગદ્વાર ૪, વેદદ્વાર ૫, કષાય-દ્વાર ૬, જ્ઞાનદ્વાર ૭, સંયમદ્વાર ૮, દર્શનદ્વાર ૯, લેશ્યા-દ્વાર ૧૦, ભવ્યદ્વાર ૧૧, સમ્યકત્વદ્વાર ૧૨, સંજ્ઞિદ્વાર ૧૩, આહારીદ્વાર૧૪, એ એકેકા માર્ગણાદ્વારને વિષે સર્વ સંસારી જીવ આવે. ॥૯॥

---

## ૧૪ માર્ગણાના ૬૨. ઉત્તરભેદ.

સુરનરતિરિનિરયગઇ,ઇગબિઅતિઅચઉપણિંદિછકાયા;
ભૂજલજલણાનિલવણ-તસા ય મણવયણતણુજોગા. ૧૦

| | |
|---|---|
| સુર—દેવગતિ | બિઅ—બેઇંદ્રિય |
| નર—મનુષ્યગતિ | તિઅ—તેઇંદ્રિય |
| તિરિ—તિર્યંચગતિ | ચઉ—ચઉરિંદ્રિય |
| નિરયગઈ—નરકગતિ | પણિંદિ—પંચેંદ્રિય |
| ઇગ—એકેંદ્રિય | છકાયા—છ કાયો |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ભૂ-પૃથ્વીકાય | તસા-ત્રસકાય |
| જલ-અપકાય | ય-અને |
| જલણ-તેઉકાય | મણ-મનોયોગ |
| અનિલ-વાઉકાય | વયણ-વચનયોગ |
| વણ-વનસ્પતિકાય | તણુજોગા-કાયયોગ |

**વિવેચન** — હવે એ ૧૪ મૂળ માર્ગણાનાં ૬૨ ઉત્તર માર્ગણાદ્વાર કહે છે. દેવગતિ ૧, મનુષ્યગતિ ૨, તિર્યંચગતિ ૩, નરકગતિ ૪, એ ચાર ભેદે **ગતિમાર્ગણા.** એક સ્પર્શનેંદ્રિયવંત તે એકેંદ્રિય ૧, સ્પર્શન અને રસન એ બે ઈંદ્રિયવંત તે બેઈંદ્રિય ૨, સ્પર્શન અને રસન અને ઘ્રાણવંત તે તેઈન્દ્રિય ૩, સ્પર્શન. રસન, ઘ્રાણ અને ચક્ષુવંત તે ચૌરિંદ્રિય ૪, સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રવંત તે પંચેંદ્રિય ૫, એ પાંચ ભેદે **ઇંદ્રિયમાર્ગણા** કહીએ. પૃથ્વીકાય ૧, અપકાય ૨, તેઉકાય ૩, વાઉકાય ૪. વનસ્પતિકાય ૫ અને ત્રસકાય તે બેઈંદ્રિયાદિક ૬. એ છ **કાયમાર્ગણા** કહીએ. મનોયોગી તે સંજ્ઞિપંચેંદ્રિય ૧, વચનયોગી તે બેઈંદ્રિયાદિક ૨, કાયયોગી તે સર્વ સંસારી ૩, એ ત્રણભેદે **યોગમાર્ગણા** જાણવી [૪] ૧૦

---

**વેઅ નરિત્થિનપુંસા, કસાય કોહમયમાયલોભત્તિ ।।**
**મઇસુઅવહિમણકેવલ, વિભંગમઇસુઅ**
**નાણસાગારા ।। ૧૧ ।।**

| | |
|---|---|
| વેઅ-વેદ | નપુંસા-નપુંસક વેદ |
| નર-પુરૂષવેદ | કસાય-કષાય |
| ઇત્થિ-સ્રીવેદ | કોહ-ક્રોધ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **મય**—માન | **મણુ**—મનઃપર્યવજ્ઞાન |
| **માય**—માયા | **કેવલ**—કેવલજ્ઞાન |
| **લોભત્તિ**—લોભ, એમ | **વિભંગ**—વિભંગઅજ્ઞાન |
| **મઈ**—મતિજ્ઞાન | **મઈ**—મતિઅજ્ઞાન |
| **સુઅ**—શ્રુતજ્ઞાન | **સુઅનાણુ**—શ્રુતઅજ્ઞાન (તે) |
| **અવહિ**—અવધિજ્ઞાન | **સાગારા**—સાકારોપયોગ જાણવા |

**વિવેચન**—હવે ત્રણ ભેદે **વેદમાર્ગણા**—પુરૂષવેદી ૧, સ્ત્રીવેદી ૨, નપુંસકવેદી ૩. હવે ચાર ભેદે **કષાયમાર્ગણા**—ક્રોધ કષાયી ૧, માન કષાયી ૨, માયા કષાયી ૩, લોભ કષાયી ૪. હવે **જ્ઞાનમાર્ગણા** કહે છે—મતિજ્ઞાની ૧, શ્રુતજ્ઞાની ૨, અવધિજ્ઞાની ૩, મનઃપર્યવજ્ઞાની ૪, કેવલજ્ઞાની ૫, વિભંગજ્ઞાની ૬, મતિઅજ્ઞાની ૭ અને શ્રુતઅજ્ઞાની ૮. મિથ્યાત્વ પંકે મલિન તે અજ્ઞાન, જ્ઞાન તે વિશેષોપયોગ માટે સાકારોપયોગ કહીએ. ઈહાં સંસારમાંહે સર્વ વસ્તુનું જાણવું તે બે ભેદે હોય, સામાન્યપણે અને વિશેષપણે.

તિહાં સામાન્યપણે વૃક્ષ માત્ર દીઠું, તે અનાકાર-દર્શન કહીએ અને તે તાલ-તમાલાદિક વિશેષપણે ધારવું તે સાકાર—જ્ઞાન કહીએ. એ આઠ જ્ઞાનમાંહે સર્વ જીવ આવ્યા ॥ ૧૧ ॥

---

**સામાઇઅછેઅપરિહાર, સુહુમઅહક્ખાયદેસજય**
**અજયા,**
**ચક્ખુઅચક્ખુ ઓહી–કેવલદંસણઅણાગારા ॥૧૨॥**

| | |
|---|---|
| **સામાઈઅ**—સામાયિક ચારિત્ર | **પરિહાર**—પરિહારવિશુદ્ધિ |
| **છેઅ**—છેદોપસ્થાપનીય | **સુહુમ**—સૂક્ષ્મસંપરાય |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહક્ખાયં—યથાખ્યાત
દેસજય—દેશવિરતિ
અજયા—અવિરતિ [એ સાત સંયમ]
ચક્ખુ—ચક્ષુદર્શન
અચક્ખુ—અચક્ષુદર્શન
ઓહી—અવધિદર્શન
કેવલદંસણ—કેવળદર્શન
અણાગારા—તે અનાકારોપયોગ. જાણવા.

**વિવેચન**—હવે સાત ભેદે **સંયમમાર્ગણા** કહે છે—સામાયિક સંયમી ૧, છેદોપસ્થાપનીય સંયમી ૨, પરિહારવિશુદ્ધિ ૩, સૂક્ષ્મસંપરાય સંયમી ૪, યથાખ્યાત સંયમી ૫, દેશસંયમી તે દેશવિરતિ ૬, અસંયમી તે અવિરતિ ૭, એ સાત ભેદે **સંયમ માર્ગણા** જાણવી.

એનું વિવેચન કહે છે.—સમભાવ તે રાગ-દ્વેષ રહિતપણું તેનો આય—લાભ છે જ્યાં તે સામાયિક કહીયે, તે સામાયિક બે ભેદે છે,—ઈત્વરિક ૧, યાવત્કથિક ૨; તિહાં શ્રી ઋષભદેવ અને વીરસ્વામીના તીર્થે દીક્ષાના દિવસે સામાયિક ચારિત્ર ઉચ્ચરે, તે ઉપસ્થાપના લગે જ રહે; તે માટે ઇત્વરિક કહીએ અને બાવીશ તીર્થંકરના વારે તથા મહાવિદેહક્ષેત્રમાં દીક્ષાના દિવસે સામાયિક ઉચ્ચરે તે યાવજ્જીવ લગે રહે; તે **યાવત્કથિક** કહીએ. ઈત્વરિકને પંચમહાવ્રત પ્રતિક્રમણ સહિત અને સ્થિતકલ્પ હોય અને યાવત્કથિકને ચાર મહાવ્રત અને અસ્થિત કલ્પ હોય, ૧. પૂર્વપર્યાય છેદીને અનેરા વિશુદ્ધ પર્યાયનું ઉપસ્થાપન કરવું તે છેદોપસ્થાપનીય કહીએ. તે બે ભેદે—સાતિચાર ૧, નિરતિચાર ૨, તિહાં મૂળ ગુણને ભંગે પૂર્વપર્યાયનો છેદ કરીને ફરી ઉપસ્થાપના વ્રતારોપણ કરે તે **સાતિચાર** કહીએ. અને શ્રી ઋષભદેવ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીરસ્વામીના તીર્થે દીક્ષા પછી યોગોદ્વહન બાદ ફરી ઉપ-સ્થાપના કરતાં પૂર્વપર્યાયનો છેદ કરે ત્યારે, તથા તીર્થ-થકી અન્ય તીર્થે સંક્રમણ કરે ત્યારે, જેમ શ્રી પાર્શ્વનાથના સાધુ-કેશી, ગાંગેય વગેરેએ શ્રી વીરના શાસનમાં આવી પંચમહાવ્રત ઉચ્ચરી પૂર્વપર્યાય છેદીને નવો પર્યાય ગ્રહ્યો, એ નિરતિચાર કહીએ. એ છેદોપસ્થાપનીય ચારિત્ર ભરત-ઐરવતક્ષેત્રે પહેલા અને છેલ્લા જિનને વારે જ હોય ૨.

પરિહાર તે તપ વિશેષે કરીને વિશુદ્ધિ છે જે ચારિત્રને વિષે તે પરિહારવિશુદ્ધિ કહીએ. તે બે ભેદે-'નિર્વિશમાન" ૧, 'નિર્વિષ્ટકાયિક" ૨ તિહાં ચારિત્રના ધરણહાર તે નિર્વિષ્ટકાયિક કહીએ, તે કેમ ? ઈહાં નવ જણ ઉત્કૃષ્ટ પરિણામી વજ્રઋષભનારાચ સંઘયણવંત જઘન્યથી ઓગણ-ત્રીસ વરસના ગૃહસ્થ પર્યાયવંત અને વીશ વરસના દીક્ષા-પર્યાયવંત, ઉત્કૃષ્ટા દેશઊણી પૂર્વકોડિના પર્યાયવાળા, ગચ્છથી જૂદા નીકળે તે ગચ્છ થાપે. તિહાં એક વાચનાચાર્ય અને ચાર નિર્વિશમાન તે વિશેષ તપ કરનાર અને ચાર તેના અનુચારી હોય. તિહાં નિર્વિશમાન તે ઉન્હાળે જઘન્ય ચતુર્થ, મધ્યમ છઠ્ઠ, ઉત્કૃષ્ટો અઠ્ઠમ કરે. શીયાળે જઘન્ય છઠ્ઠ, મધ્યમ અઠ્ઠમ, ઉત્કૃષ્ટો દશમ કરે. વર્ષાકાળે જઘન્ય અઠ્ઠમ, મધ્યમ દશમ, ઉત્કૃષ્ટો દુવાલસભક્ત કરે, પારણે અભિગ્રહ સહિત આયંબિલ કરે અને તેના સેવક તે નિત્યે આયંબિલ કરે; એમ છ માસ લગે કરીને પછી પરિહારિક તે અનુચર થાય, અને અનુચર તે પરિહારિક થાય. એમ છ માસ લગે તે તપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે, ત્યારપછી વાચનાચાર્ય તે પ્રકારે તપ કરે અને આઠમાંથી એકને વાચનાચાર્ય થાપે, અને છ માસ લગે સાત સેવાકારી થાય. એમ અઢાર માસે એ તપ પૂર્ણ થયે વળી ફરી એજ તપ આદરે કે જિનકલ્પ આદરે અથવા ગચ્છમાં આવે. એ ચારિત્રિયા તીર્થંકરના શિષ્યના શિષ્ય અથવા શિષ્ય હોય પણ પાછળના ન હોય ૩. સૂક્ષ્મ—અંશમાત્ર છે સંપરાય—કષાય જ્યાં તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર. તે બે ભેદે—સંકિલશ્યમાન ૧, વિશુદ્ધયમાન ૨, ઉપશમશ્રેણિથી પડતાં સંકિલશ્યમાન હોય અને શ્રેણિએ ચઢતાં વિશુદ્ધયમાન હોય. ૪. યથા—યથા તથ્યપણે કરીને કષાય રહિતપણા માટે ખ્યાત—પ્રસિદ્ધ તે યથાખ્યાત ચારિત્ર, તે બે ભેદે છદ્મસ્થ ૧, કેવળી ૨. છદ્મસ્થ બે ભેદે—ઉપશાંત ૧, ક્ષીણમોહ ૨. કેવળી બે ભેદે—સયોગી ૧, અયોગી ૨. ૫. નિરપરાધી ત્રસ જીવનો સંકલ્પીને નિરપેક્ષપણે વધ ન કરે તે દેશયતિ—દેશવિરતિ કહીએ, પાંચમે ગુણઠાણે વર્ત્તતાં, વીશ વિશ્વા જીવદયાવંત સાધુધર્મની અપેક્ષાએ શ્રાવકને સવા વિશ્વાની દયા હોય તે માટે દેશસંયત....૬.

**जीवा सुहुमा थुला, संकप्पारंभओ य ते दुविहा ।**
**सावराह निरवराहा, साविक्खा चेव निरविक्खा ॥ १ ॥**

સર્વથા વિરતિ રહિત તે અયત—અસંયત કહીએ. મિથ્યાત્વી અને સમ્યગ્દષ્ટિ પણ ચોથા ગુણઠાણા લગે વર્ત્તતા સર્વ જીવ અસંયત કહીએ ૭. એ સાત સંયમનો વિચાર લેશથી કહ્યો. એ સાત ભેદ માંહે સર્વ જીવ આવ્યા એ સંયમ માર્ગણા કહીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્ષુદર્શનની ૧, અચક્ષુદર્શનની ૨, અવધિદર્શનની ૩, અને કેવલદર્શનની ૪, એ ચાર ભેદે **દર્શનમાર્ગણા.** સામાન્ય એટલે નથી વિશિષ્ટ વ્યક્ત આકાર જ્યાં તે અનાકારોપયોગ કહીએ, તે દર્શન જાણવું ॥ ૪ ॥ ૧૨ ॥

## કિણ્હા નીલા કાઊ, તેઊ પમ્હા ય સુક્ક ભવ્વિઅરા;
## વેઅગ ખઇગુવસમ મિચ્છ મીસ સાસાણ સન્નિઅરે ૧૩

| | |
|---|---|
| **કિણ્હા**—કૃષ્ણલેશ્યા | **વેઅગ**—વેદક સમ્યક્ત્વ |
| **નીલા**—નીલલેશ્યા | **ખઇગ**—ક્ષાયિક સમ્યક્ત્વ |
| **કાઊ**—કાપોતલેશ્યા | **ઉવસમ**—ઔપશમિક સમ્યક્ત્વ |
| **તેઊ**—તેજોલેશ્યા | **મિચ્છ**—મિથ્યાત્વ |
| **પમ્હા**—પદ્મલેશ્યા | **મીસ**—મિશ્ર |
| **સુક્ક**—શુકલલેશ્યા | **સાસાણ**—સાસ્વાદન સમ્યક્ત્વ |
| **ભવ્વ**—ભવ્ય | **સન્નિ**—સંજ્ઞી |
| **ઇઅરા**—અભવ્ય | **ઇઅરે**—અસંજ્ઞી |

**વિવેચન:**—કૃષ્ણલેશ્યા ૧, નીલલેશ્યા ૨, કાપોતલેશ્યા ૩, તેજોલેશ્યા ૪; પદ્મલેશ્યા ૫ અને શુકલલેશ્યા ૬. એ **લેશ્યા માર્ગણા.** ભવ્ય ૧, ઈતર તે અભવ્ય ૨, એ **ભવ્યમાર્ગણા.** સમ્યક્ત્વ પુદ્ગલ વેદે તે વેદક—ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ૧, ત્રણ દર્શનમોહનીય ક્ષય કરે તે ક્ષાયિક ૨ ઉદીર્ણ મિથ્યાત્વનો ક્ષય થયે અને અનુદીર્ણનો ઉપશમ થયે જેમાં પ્રદેશવેદન અને વિપાકવેદન ન હોય તે ઔપશમિક સમ્યક્ત્વ કહીએ, તે બે ભેદે ગ્રંથિભેદસંભવ ૧ અને ઉપશમશ્રેણિસંભવ ૨, એ ત્રીજું ૩, અશુદ્ધ પુદ્ગલરૂપ અવળી મતિવંત તે મિથ્યાત્વ ૪, અર્દ્ધશુદ્ધ પુદ્ગલદલિક તે મિશ્ર ૫, ઔપશમિક સમ્યક્ત્વ વમતાં સ્વાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર હોય તે સાસ્વાદન ૬, એ છ માંહે સર્વ જીવ આવ્યા, એ સમ્યક્ત્વમાર્ગણા. દીર્ઘકાલિકી સંજ્ઞાવંત-મન સહિત તે સંજ્ઞી, ૧, તેથી ઈતર મનરહિત તે અસંજ્ઞી એ સંજ્ઞીમાર્ગણા.

## માર્ગણાને વિષે જીવભેદ.

**આહારેઅર ભેઆ, સુરનિરયવિભંગમઇસુઓહિદુગે;**
**સમ્મત્તતિગે પમ્હા, સુક્કા સન્નીસુ સન્નિદુગં ॥૧૪॥**

| | |
|---|---|
| **આહાર**—આહારક | **ઓહિદુગે**—અવધિજ્ઞાન અને અવધિદર્શનને વિષે |
| **ઇઅર** —ઈતર (અણાહારક) | **સમ્મત્તતિગે**—સમ્યક્ત્વત્રિકમાં |
| **ભેઆ**—ભેદ. | **પમ્હા**—પદ્મલેશ્યા |
| **સુર**—દેવગતિ | **સુક્કા**—શુક્લલેશ્યા |
| **નિરય**—નરકગતિ | **સન્નીસુ**—સંજ્ઞીમાં |
| **વિભંગ**—વિભંગજ્ઞાન | **સન્નિદુગં**—સંજ્ઞીદ્વિક |
| **મઇ** —મતિજ્ઞાન | |
| **સુઅ**—શ્રુતજ્ઞાન | |

**અર્થ—આહારી અને અણાહારી [એ ચૌદ માર્ગણાના પૂર્વોક્ત ૬૨] ભેદો જાણવા. દેવગતિ, નરકગતિ, વિભંગજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન, સમ્યક્ત્વત્રિક, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા અને સંજ્ઞિપંચેંદ્રિયને વિષે સંજ્ઞિપંચેંદ્રિય પર્યાપ્તા અને સંજ્ઞિપંચેંદ્રિય અપર્યાપ્તા એ બે જીવભેદ હોય છે ॥૧૪॥**

**વિવેચન**—ઓજ, લોમ, કવલ આહાર લે તે આહારી ૧, વિગ્રહગતિએ તથા કેવલી સમુદ્ઘાતે આહાર ન લે તે અણાહારી ૨, એ **આહારીમાર્ગણા**. એ પ્રકારે ચૌદ મૂળ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગણાના પૂર્વોક્ત ૧૨ ઉત્તર માર્ગણાભેદ હોય. એકેકી મૂળ માર્ગણામાંહે સર્વ જીવ આવે. હવે એને વિષે જીવસ્થાનક કહે છે.–દેવગતિને વિષે ૧, નરકગતિને વિષે ૨, વિભંગજ્ઞાનીને વિષે ૩, મતિજ્ઞાનીને વિષે ૪, શ્રુતજ્ઞાનીને વિષે ૫, અવધિજ્ઞાની ૬ તથા અવધિદર્શનીને વિષે ૭, ઔપશમિક ૧, ક્ષાયોપશમિક ૨, ક્ષાયિક ૩, એ ત્રણ સમ્યક્ત્વને વિષે ૧૦, પદ્મલેશ્યાને વિષે ૧૧, શુકલલેશ્યાને વિષે ૧૨ અને સંજ્ઞીને વિષે ૧૩; એ તેર માર્ગણાને વિષે સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તો ૧ અને અપર્યાપ્તો ૨, એ બે જીવના ભેદ હોય.

ઈહાં અપર્યાપ્તો તે સર્વત્ર કરણ અપર્યાપ્તો જાણવો. પણ લબ્ધિ અપર્યાપ્તો નહીં. ઈહાં ત્રણ સમ્યક્ત્વને વિષે જીવના ભેદ ૨ કહ્યા, પણ ઔપશમિક સમ્યક્ત્વને વિષે અપર્યાપ્તો સંજ્ઞી પંચેંદ્રિય કેમ હોય ? ટીકાકારે લખ્યું છે જે ઉપશમ સમ્યક્–ત્વવંત મરીને અનુત્તર વિમાને જાય ત્યાં અપર્યાપ્તપણે ઔપ-શમિક સમ્યકત્વ હોય, પછી ક્ષાયોપશમિક પામે. પણ વળી ટીકામાં કહ્યું જે ઔપશમિક સમ્યક્ત્વી મરે નહીં તેમ આયુ ન બાંધે, ત્યારે તે અપર્યાપ્તો કેમ હોય ? તથા વળી અન્ય ગ્રંથે કહ્યું છે જે ઉપશમશ્રેણિથી ઉપશમ સમ્યકત્વી તે અદ્ધા[કાળ]ક્ષયે જ પડે અને ભવક્ષયે મરે તે ક્ષાયિક જ હોય તે મરીને અનુત્તર વિમાને જાય.

यत—उवसमसेढिं पत्ता मरंति उवसमगुणेसु जे सत्ता ॥
ते लवसत्तमदेवा, सव्वट्ठे खयसम्मत्तजुआ ॥ १ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈહાં ઘણું વિચારવા યોગ્ય છે. ॥ ૧૪॥

**તમસન્નિ અપજ્જજુઅં, નરે સબાયરઅપજ્જતેઉએ;**
**થાવરઇગિંદિપઢમા, ચઉ બાર અસન્નિદુદુવિગલે.૧૫**

તં—તે બે ભેદ
અસન્નિ—અસંજ્ઞી
અપજ્જ—લબ્ધિ અપર્યાપ્તા
જુયં—યુક્ત, સહિત
નરે—મનુષ્યગતિને વિષે
સબાયર અપજ્જ—બાદરએકેં-
દ્રિય અપર્યાપ્તા સહિત [ત્રણ]
તેઉએ—તેજોલેશ્યામાં હોય
થાવર—સ્થાવર [પાંચ] માં
ઇગિંદિ—એકેંદ્રિયમાં.
પઢમા ચઉ—પહેલા ચાર[જીવભેદ]
બાર—પ્રથમના બાર [ભેદ]
અસન્નિ—અસંજ્ઞીમાં.
દુ દુ—બે બે જીવભેદ.
વિગલે—વિકલેંદ્રિયમાં

અર્થ—તે [બે ભેદ] લબ્ધિ અપર્યાપ્તા અસંજ્ઞિએ યુક્ત [ત્રણ જીવભેદ] મનુષ્યગતિને વિષે હોય. બાદર એકેંદ્રિય અપર્યાપ્તા સહિત [ત્રણ] તેજોલેશ્યાને વિષે હોય. પાંચ સ્થાવર અને એકેંદ્રિયને વિષે પ્રથમના ચાર જીવભેદ હોય, અસંજ્ઞીમાર્ગણાને વિષે બાર જીવભેદ હોય. વિકલેંદ્રિય માર્ગણાને વિષે બે બે જીવભેદ હોય. ॥૧૫॥

વિવેચન—ગર્ભજ મનુષ્યમાં સંજ્ઞીપર્યાપ્તો ૧, અપર્યાપ્તો ૨, એ બે ભેદ હોય અને સંમૂર્ચ્છિમ મનુષ્યમાં અસંજ્ઞી અપર્યાપ્તો એ એક ભેદ હોય. એવં મનુષ્યમાં ૩ જીવના ભેદ હોય. તેજોલેશ્યામાં સંજ્ઞી અપર્યાપ્તો—પર્યાપ્તો એ બે, અને બાદર એકેંદ્રિય અપર્યાપ્તો, એ ૩ ભેદ હોય, તેજોલેશ્યાવંત દેવતા એકેંદ્રિયમાં ઉપજે તેને અપર્યાપ્તપણે તેજોલેશ્યા હોય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે. પાંચ સ્થાવરકાય અને એકેંદ્રિય એ છ બોલને વિષે પહેલા ચાર ભેદ હોય તે એ કે–સૂક્ષ્મ પર્યાપ્તો, અપર્યાપ્તો, બાદર પર્યાપ્તો, અપર્યાપ્તો, એવં ૪. અસંજ્ઞીને વિષે સંજ્ઞી-પર્યાપ્તો, અપર્યાપ્તો એ બે ટાળીને શેષ બાર જીવના ભેદ હોય. વિકલેંદ્રિય એકેકામાંહે એ બે ભેદ હોય. બેઇંદ્રિય અપર્યાપ્તા, પર્યાપ્તા. તેઇંદ્રિય પર્યાપ્તા, અપર્યાપ્તા. ચૌરિંદ્રિય પર્યાપ્તા, અપર્યાપ્તા. ॥ ૧૫ ॥

**દસચરિમતસેઅજયા–હારગતિરિતણુકસાયદુઅનાણે;**
**પઢમતિલેસાભવિઅર, અચક્ખુનપુમિચ્છિસવ્વેવિ.૧૬**

| | |
|---|---|
| દસ ચરિમ–દશ છેલ્લા. | પઢમ–પ્રથમની |
| તસે–ત્રસકાયમાર્ગણાએ | તિલેસા–ત્રણ લેશ્યા માર્ગણામાં |
| અજય–અવિરતિ માર્ગણાએ | ભવિઅર–ભવ્ય તથા અભવ્ય માર્ગણાએ, |
| આહારગ–આહારક માર્ગણાએ | અચક્ખુ–અચક્ષુદર્શનમાર્ગણાએ |
| તિરિ–તિર્યંચગતિ માર્ગણાએ. | નપુ–નપુંસકવેદ માર્ગણાએ |
| તણુ–કાયયોગ માર્ગણાએ | મિચ્છિ–મિથ્યાત્વ માર્ગણાએ. |
| કસાય–કષાય માર્ગણાએ. | સવ્વેવિ–સર્વે જીવભેદ |
| દુઅનાણે–બે અજ્ઞાન માર્ગણાએ | |

**અર્થ—ત્રસકાયને વિષે છેલ્લાં દશ જીવસ્થાનો હોય, અવિરતિ ચારિત્ર, આહારી, તિર્યંચગતિ, કાયયોગ, કષાય, બે અજ્ઞાન, પ્રથમની ત્રણ લેશ્યા, ભવ્ય, અભવ્ય, અચક્ષુ દર્શન, નપુંસક વેદ અને મિથ્યાત્વને વિષે સર્વે જીવસ્થાનો હોય. ॥૧૬॥**

**વિવેચન**—ત્રસકાયને વિષે છેલ્લા દશ ભેદ હોય–બેઇંદ્રિય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧, તેઇંદ્રિય ૨, ચૌરિંદ્રિય ૩, અસંજ્ઞી પંચેંદ્રિય ૪, સંજ્ઞી પંચેંદ્રિય ૫, તે પર્યાપ્તા-અપર્યાપ્તા એવં ૧૦, અસંયત-અવિરતિ ૧, આહારી ૨, તિર્યંચગતિ ૩, કાયયોગી ૪, ચારે કષાયી ૮, મતિ અજ્ઞાની ૯, શ્રુત અજ્ઞાની ૧૦, પહેલી ત્રણ લેશ્યા-કૃષ્ણ, નીલ, કાપોત ૧૩, ભવ્ય ૧૪, ઇતર તે અભવ્ય ૧૫, અચક્ષુદર્શની ૧૬, નપુંસકવેદી ૧૭ અને મિથ્યાત્વી ૧૮; એ અઢાર બોલને વિષે સર્વે [૧૪] જીવના ભેદ હોય ॥ ૧૬ ॥

**પજસન્ની કેવલદુગે, સંજમમણુનાણદેસમણમીસે;**
**પણ ચરિમ પજ્જ વયણે, તિય છ વ પજ્જિયર**
**ચક્ખુંમિ ॥૧૭॥**

| | |
|---|---|
| **પજસન્ની**-પર્યાપ્તા સંજ્ઞી. | **પણચરિમ**-પાંચ છેલ્લા. |
| **કેવલદુગે**-કેવળજ્ઞાન તથા કેવળ દર્શન | **પજ્જ**-પર્યાપ્તા. |
| **સંજમ**-સંયમ માર્ગણાએ. | **વયણે**-વચનમાર્ગણા વિષે. |
| **મણનાણ**-મનઃપર્યવજ્ઞાનમાં | **તિય**-ત્રણ. |
| **દેસ**-દેશવિરતિમાં. | **છ વ**-અથવા છ જીવભેદ. |
| **મણ**-મનોયોગે. | **પજ્જિયર**-ત્રણ પર્યાપ્તા અને ત્રણ અપર્યાપ્તા. |
| **મીસે**-મિશ્રદૃષ્ટિમાર્ગણાએ. | **ચક્ખુંમિ**-ચક્ષુદર્શનમાર્ગણાએ |

અર્થ-કેવળજ્ઞાન, કેવળદર્શન, પાંચ સંયમ, મનઃપર્યવ-જ્ઞાન, દેશવિરતિ ચારિત્ર, મનોયોગ, અને મિશ્ર સમ્યક્ત્વને વિષે પર્યાપ્તા સંજ્ઞીપંચેંદ્રિય જીવ હોય. વચનયોગને વિષે પાંચ છેલ્લા પર્યાપ્તા જીવસ્થાનો હોય. ચક્ષુદર્શનને વિષે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પર્યાપ્તા ત્રણ જીવસ્થાન અથવા ત્રણ પર્યાપ્તા-અપર્યાપ્તા મળી છ જીવસ્થાનો હોય ॥ ૧૭ ॥**

**વિવેચન**—કેવળજ્ઞાની ૧, કેવળદર્શની ૨, પાંચ સંયમી ચારિત્રિયા ૭, મનઃપર્યવજ્ઞાની ૮, દેશવિરતિ ૯, મનોયોગી ૧૦ અને મિશ્રદૃષ્ટિ ૧૧, એ અગિયાર બોલને વિષે સંજ્ઞી પંચેંદ્રિય [1]પર્યાપ્તાનો એકજ ભેદ હોય. પાંચ છેલ્લા-તે બેઈંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચૌરિંદ્રિય ૩, સંજ્ઞી ૪, અસંજ્ઞી ૫, એ પાંચે પર્યાપ્તા ભેદ વચનયોગીને વિષે હોય ચક્ષુદર્શનીને વિષે ત્રણ અથવા છ ભેદ હોય-ચૌરિંદ્રિય ૧, અસંજ્ઞી પંચેંદ્રિય ૨, સંજ્ઞી પંચેંદ્રિય એ ત્રણ પર્યાપ્તા હોય અને ત્રણ અપર્યાપ્તા પણ ભેળા ગણીએ ત્યારે છ ભેદ પણ હોય, કેમકે એ ત્રણે અપર્યાપ્તાને પણ ઇંદ્રિય પર્યાપ્તિ પૂરી થયે થકે ચક્ષુદર્શન હોય એમ પંચસંગ્રહની મૂળ ટીકામાં પણ કહ્યું છે. ॥ ૧૭ ॥

**થીનરપણિંદિચરમા, ચઉઅણુહારે દુસન્નિછઅપજ્જા;**
**તેસુહુમઅપજ્જવિણા, સાસણિ ઇત્તો ગુણે વુચ્છં ૧૮.**

| | |
|---|---|
| **થીનરપણિંદિ**—સ્ત્રીવેદ, પુરુષવેદ તથા પંચેંદ્રિયમાં | **તે**—તે [આઠ ભેદ] |
| **ચરમાચઉ**—છેલ્લા ચાર જીવભેદ | **સુહુમઅપજ્જવિણા**—સૂક્ષ્મ અપર્યાપ્તા વિના [સાત] |
| **અણાહારે**—અણાહારક માર્ગણાએ | **સાસણિ**—સાસ્વાદન માર્ગણાએ |
| **દુસન્નિ**—બે સંજ્ઞી [અને] | **ઇત્તો**—હવે પછી |
| **છ અપજ્જા**—છ અપર્યાપ્તા | **ગુણે વુચ્છં**—ગુણઠાણાં કહીશું |

૧ કરણપર્યાપ્તો અને લબ્ધિપર્યાપ્તો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ — સ્ત્રીવેદ, પુરુષવેદ અને પંચેંદ્રિયને વિષે છેલ્લાં ચાર જીવસ્થાન હોય. અણાહારીને વિષે બે સંજ્ઞિ[પર્યાપ્ત --અપર્યાપ્ત] અને છ અપર્યાપ્તા એ આઠ જીવસ્થાન હોય. સૂક્ષ્મ અપર્યાપ્તા વિના તે સાત જીવસ્થાન સાસ્વાદન સમ્યક્ત્વે હોય. હવે પછી ગુણઠાણાં કહીશું. ॥ ૧૮ ॥

વિવેચન — સ્ત્રીવેદી ૧, પુરૂષવેદી ૨, પંચેંદ્રિય ૩, એ ત્રણને વિષે છેલ્લા--અસંજ્ઞી પંચેંદ્રિય ૧, સંજ્ઞી પંચેંદ્રિય ૨. એ બે અપર્યાપ્તા [કરણ અપર્યાપ્તા] અને પર્યાપ્તા એવં ૪ ભેદ હોય, જો કે પર્યાપ્ત—અપર્યાપ્ત અસંજ્ઞીને સિદ્ધાંતમાં સર્વથા નપુંસક જ કહેલા છે તો પણ અહીં લિંગાકાર માત્રને અંગીકાર કરીને સ્ત્રી વેદ તથા પુરૂષવેદને વિષે પણ અસંજ્ઞીને લીધો છે માટે દોષ નથી. અણાહારીને વિષે છ અપર્યાપ્તા અને સંજ્ઞી અપર્યાપ્તો—પર્યાપ્તો એવં ૮ ભેદ હોય, સાતે અપર્યાપ્તા વિગ્રહગતિએ અણાહારી હોય અને સંજ્ઞી પર્યાપ્તો કેવળીસમુદ્ઘાતે અણાહારી હોય માટે; સૂક્ષ્મ એકેંદ્રિય અપર્યાપ્તા વિના તેજ સાત ભેદ સાસ્વાદન સમ્યક્ત્વીને વિષે હોય, સૂક્ષ્મ એકેંદ્રિય તે અતિસંક્લિષ્ટ પરિણામી છે તે માટે તેમાં સાસ્વાદની ન ઊપજે; એ ૬૨ માર્ગણાસ્થાનકને વિષે જીવસ્થાનક કહ્યાં.

હવે ૬૨ માર્ગણાને વિષે ગુણઠાણાં કહીએ છીએ. ॥૧૮॥

## માર્ગણા વિષે ગુણસ્થાન.

**પણતિરિચઉસુરનિરએ નરસન્નિપણિંદિભવતસિસવ્વે ;**
**ઇગવિગલભૂદગવણે, દુ દુ એગં ગઇતસઅભવ્વે. ૧૯.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ—પાંચ ગુણઠાણાં
તિરિ—તિર્યંચગતિને વિષે
ચઉ—ચાર ગુણઠાણાં
સુરનિરએ—દેવતા તથા નારકીને વિષે હોય
નર—મનુષ્યગતિ.
સન્નિ—સંજ્ઞી માર્ગણા
પણિંદિ—પંચેંદ્રિયમાર્ગણા
ભવ્વ—ભવ્યમાર્ગણા
તસિ—ત્રસકાય માર્ગણાને વિષે
સવ્વે—સર્વ ગુણઠાણાં હોય

ઇગ—એકેંદ્રિય માર્ગણા
વિગલ—વિકલેંદ્રિય માર્ગણા
ભૂ—પૃથ્વીકાય માર્ગણા
દગ—અપ્કાય માર્ગણા
વણે—વનસ્પતિ માર્ગણાને વિષે
દુ દુ—એ બે ગુણઠાણાં હોય
એગં—એક ગુણઠાણું
ગઇતસ—ગતિત્રસ [તેઉકાય તથા વાઉકાય]
અભવ્વે—અભવ્ય માર્ગણાને વિષે

અર્થ— તિર્યંચગતિને વિષે પહેલાં પાંચ ગુણઠાણાં હોય, દેવતા અને નારકીને વિષે ચાર ગુણઠાણાં હોય, મનુષ્યગતિ, સંજ્ઞી, પંચેંદ્રિય, ભવ્ય અને ત્રસકાયને વિષે સર્વ ગુણઠાણાં હોય. એકેંદ્રિય, વિકલેંદ્રિય, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયને વિષે એ બે ગુણઠાણાં હોય. ગતિત્રસ અને અભવ્યને વિષે એક ગુણઠાણું હોય ॥ ૧૯ ॥

વિવેચન— દેશવિરતિ લગે પ્રથમનાં પાંચ ગુણઠાણાં તિર્યંચગતિને વિષે હોય, પ્રથમનાં ચાર ગુણઠાણાં દેવગતિ, નરકગતિને વિષે હોય, તેઓ અવિરતિ છે માટે. મનુષ્ય-ગતિ ૧, સંજ્ઞી ૨, પંચેંદ્રિય ૩, ભવ્ય ૪, ત્રસકાય ૫. એ પાંચને વિષે સર્વે (૧૪) ગુણઠાણાં હોય. એકેંદ્રિય ૧, વિકલેં-દ્રિય તે બેઇંદ્રિય ૨, તેઇંદ્રિય ૩, ચૌરિંદ્રિય ૪, પૃથ્વીકાય ૫, અપ્કાય ૬, વનસ્પતિકાય ૭, એ સાતને વિષે મિથ્યાત્વ ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સાસ્વાદન ૨ એ બે ગુણઠાણાં હોય. ગતિત્રસ તે તેઉકાય ૧, વાયુકાય ૨, અને અભવ્ય ૩, એ ત્રણને વિષે એક મિથ્યાત્વ ગુણઠાણું હોય ॥ ૧૯ ॥

---

**વેઅતિકસાયનવદસ,લોભે ચઉ અજઇ દુતિ અનાણુતિગે,**
**બારસ અચક્ખુચક્ખુસુ, પઢમા અહખાઇચરિમચઉ ૨૦.**

| | |
|---|---|
| **વેઅ**—ત્રણ વેદે | **અનાણુતિગે**—અજ્ઞાનત્રિકે |
| **તિકસાય**—ત્રણ કષાયે | **બારસ**—બાર ગુણઠાણાં |
| **નવ**—નવ ગુણઠાણાં | **અચક્ખુ**—અચક્ષુદર્શને |
| **દસ**—દશ ગુણઠાણાં | **ચક્ખુસુ**—ચક્ષુદર્શને |
| **લોભે**—લોભ માર્ગણાએ | **પઢમા**—પ્રથમનાં [ગુણઠાણાં] |
| **ચઉ**—ચાર ગુણઠાણાં | **અહખાઇ**—યથાખ્યાત ચારિત્રે |
| **અજઇ**—અવિરતિ માર્ગણાએ | **ચરિમચઉ**—છેલ્લાં ચાર ગુણઠાણાં હોય |
| **દુ તિ**—બે અથવા ત્રણ ગુણઠાણાં | |

**અર્થ**—ત્રણ વેદ અને ત્રણ કષાયને વિષે નવ ગુણઠાણાં હોય, લોભે દશ ગુણઠાણાં હોય, અવિરતિ ચારિત્રને વિષે ચાર ગુણઠાણાં હોય, અજ્ઞાનત્રિકે બે અથવા ત્રણ ગુણઠાણાં હોય અને ચક્ષુદર્શન તથા અચક્ષુદર્શનને વિષે પ્રથમનાં બાર ગુણઠાણાં હોય. યથાખ્યાત ચારિત્રને વિષે છેલ્લાં ચાર ગુણઠાણાં હોય. ॥ ૨૦ ॥

**વિવેચન**—ત્રણ વેદ તે પુરૂષવેદ ૧, સ્ત્રીવેદ ૨; નપુંસકવેદ ૩; ત્રણ કષાય તે ક્રોધ ૧. માન ૨. માયા ૩; એ છને વિષે નવ ગુણઠાણાં હોય. લોભ કષાયને વિષે દશ ગુણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઠાણાં હોય. અવિરતિને પ્રથમનાં ચાર ગુણઠાણાં હોય, મતિ અજ્ઞાની ૧. શ્રુતઅજ્ઞાની ૨; વિભંગજ્ઞાની ૩; એ ત્રણને વિષે મિથ્યાત્વ ૧. સાસ્વાદન ૨. મિશ્ર ૩. એ ત્રણ ગુણઠાણાં હોય. વિશુદ્ધપણા રહિત છે માટે. મિશ્રે મિશ્રિત જ્ઞાન તે ¥ અજ્ઞાન જ કહીએ તેથી. કેટલાએક કહે છે કે–અજ્ઞાનીને બેજ ગુણઠાણાં હોય. જો કે મિશ્રે યથાસ્થિત તત્ત્વનો નિર્ણય નથી, તો પણ ત્યાં જ્ઞાનનો લેશ છે તે માટે નિશ્ચે અજ્ઞાન ન કહીએ.

સિદ્ધાંતે તો અજ્ઞાનીને એકજ ગુણઠાણું કહ્યું છે. સાસ્વાદન તો સમ્યક્ત્વ છે ત્યાં તો જ્ઞાન કહ્યું છે પછી તો બહુશ્રુત કહે તે ખરૂં.

અચક્ષુદર્શની ૧, ચક્ષુદર્શની ૨; એ બેને વિષે ક્ષીણમોહ સુધીનાં પહેલાં બાર ગુણઠાણાં હોય. યથાખ્યાત ચારિત્રને વિષે અગ્યારમાથી ચૌદમા લગે છેલ્લાં ચાર ગુણઠાણાં હોય ॥ ૨૦ ॥

---

**મણનાણિ સગ જયાઇ, સમઇઅ છેઅ ચઉ દુન્નિ પરિહારે,**
**કેવલદુગિ દો ચરિમા,–જયાઇ નવ મઇસુઓહિદુગે ૨૧.**

મણનાણિ–મનઃપર્યવજ્ઞાને.
સગ–સાત.
જયાઇ–પ્રમત્તાદિ.
સમઇઅ–સામાયિકે.
છેઅ–છેદોપસ્થાપનીયે.
ચઉ–ચાર.
દુન્નિ–બે.
પરિહારે–પરિહારવિશુદ્ધિ ચારિત્રે

કેવલદુગિ–કેવળદ્વિકે (કેવળજ્ઞાન તથા કેવળદર્શને)
દો ચરિમા–બે છેલ્લાં ગુણઠાણાં
અજયાઇ નવ–અવિરતિ આદિ નવ ગુણઠાણાં.
મઇસુ–મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન માર્ગણાને વિષે.
ઓહિદુગે–અવધિજ્ઞાન અને અવધિદર્શનને વિષે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ—મનઃપર્યવજ્ઞાને પ્રમત્તાદિ સાત ગુણઠાણાં હોય, સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રે ચાર [પ્રમત્તાદિ] ગુણઠાણાં હોય, પરિહાર વિશુદ્ધિ ચારિત્રે પ્રમત્ત–અપ્રમત્ત એ બે ગુણઠાણાં હોય. કેવળદ્વિકે છેલ્લાં બે ગુણઠાણાં હોય. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકે અવિરતિ આદિ નવ ગુણઠાણાં હોય. ॥ ૨૧ ॥

વિવેચન— મનઃપર્યવજ્ઞાનીને વિષે પ્રમત્તસંયતથી માંડીને બારમા લગે સાત ગુણઠાણાં હોય. સામાયિક ચારિત્ર ૧. છેદોપસ્થાપનીય ૨; એ બેને વિષે પ્રમત્તથી નવમા લગે ચાર હોય. પરિહારવિશુદ્ધિ ચારિત્રને વિષે પ્રમત્ત ૧, અપ્રમત્ત ૨, એ બે હોય. કેવળજ્ઞાની ૧, કેવળદર્શની ૨. એ બેને વિષે છેલ્લાં બે ગુણઠાણાં હોય. મતિજ્ઞાન ૧; શ્રુતજ્ઞાન ૨, અવધિજ્ઞાન ૩, અવધિદર્શન ૪, એ ચારને વિષે અવિરતિથી બારમા સુધી નવ ગુણઠાણાં હોય; ઈહાં અવધિદર્શનને વિષે પહેલાં ૩ ગુણઠાણાં વાર્યાં તે શું જાણીએ–શા હેતુએ વાર્યાં હશે, તેની ખબર પડતી નથી. સિદ્ધાંતમાં તો મિથ્યાત્વે વિભંગજ્ઞાનીને પણ અવધિ દર્શન કહ્યું છે અને ઘટે પણ ખરું

तथा च भगवत्यंगे–ओहिदंसणअणागारोवउत्ताणं भंते ! किं नाणी अन्नाणी ? गोयमा ! नाणी वि अन्नाणी वि । जे नाणी ते तिन्नाणी अत्थेगइया चउनाणी, जे अन्नाणी ते मईअन्नाणी सुयअन्नाणी विभंगनाणी । श० ८. उ० २.

ઇહાં જે અજ્ઞાની એટલે કે મિથ્યાત્વાદિક ૩ ગુણઠાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ત્તતા જે વિભંગજ્ઞાની તેને અવધિદર્શન કહ્યું અને ઈહાં કર્મગ્રંથે ના કહી એ સંદેહાસ્પદ છે ॥ ૨૧ ॥

**અડ ઉવસમિ ચઉ વેઅગિ, ખઇએ ઇક્કાર – મિચ્છતિગિ દેસે,**
**સુહુમે અ સઠાણું તેર, જોગ આહાર સુક્કાએ ॥૨૨॥**

અડ–આઠ ગુણઠાણાં
ઉવસમિ–ઔપશમિકે.
ચઉ–ચાર ગુણઠાણાં.
વેઅગિ–વેદક સમ્યક્ત્વે
ખઇએ–ક્ષાયિક સમકિતે
ઇક્કાર–અગિયાર ગુણઠાણાં
મિચ્છતિગિ–મિથ્યાત્વત્રિકે
દેસે–દેશવિરતિએ.
સુહુમે–સૂક્ષ્મસંપરાયે.
સઠાણું–પોતપોતાનાં ગુણસ્થાનક હોય.
તેર–તેર ગુણઠાણાં.
જોગ–ત્રણ યોગ માર્ગણાએ.
આહાર–આહાર માર્ગણાએ.
સુક્કાએ–શુક્લલેશ્યા માર્ગણાએ

**અર્થ**– ઔપશમિક સમ્યક્ત્વે આઠ [અવિરતિ આદિ] ગુણઠાણાં હોય, વેદક સમ્યક્ત્વે ચાર ગુણઠાણાં હોય અને ક્ષાયિક સમ્યક્ત્વે [અવિરતાદિ] અગિયાર ગુણઠાણાં હોય. મિથ્યાત્વત્રિક, [મિથ્યાત્વ, સાસ્વાદન અને મિશ્ર] દેશવિરતે અને સૂક્ષ્મસંપરાયે પોતપોતાનાં ગુણઠાણાં હોય. ત્રણયોગ માર્ગણાએ, આહારી માર્ગણાએ અને શુક્લલેશ્યા માર્ગણાએ તેર ગુણઠાણાં હોય. ॥ ૨૨ ॥

**વિવેચન**—ઉપશમ સમ્યક્ત્વીને ચોથાથી અગ્યારમા લગે આઠ ગુણઠાણાં હોય. વેદક તે ક્ષયોપશમ સમ્યક્ત્વ તેને ચોથાથી સાત લગે ચાર ગુણઠાણાં હોય. ક્ષાયિક સમ્યક્ત્વીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોથાથી ચૌદમા લગે અગ્યાર ગુણઠાણાં હોય. મિથ્યાત્વીને મિથ્યાત્વ ગુણઠાણું, સાસ્વાદન સમ્યક્ત્વીને સાસ્વાદન ગુણઠાણું, મિશ્રદૃષ્ટિને મિશ્ર ગુણઠાણું, દેશવિરતિને દેશવિરતિ ગુણઠાણું, સૂક્ષ્મસંપરાય ચારિત્રીયાને સૂક્ષ્મસંપરાય ગુણઠાણું; એ રીતે એ પાંચને સ્વસ્થાન તે પોતપોતાનું એકેક ગુણઠાણું હોય. મનોયોગી ૧, વચનયોગી ૨, કાયયોગી ૩, આહારી ૪ અને શુક્લલેશ્યાવંત ૫, એ પાંચને તેર ગુણઠાણાં હોય. ચૌદમે ગુણઠાણે તો અયોગી અલેશી હોય. ॥ ૨૨ ॥

**અસન્નિસુ પઢમદુગં, પઢમતિલેસાસુ છચ્ચ દુસુ સત્ત;**
**પઢમંતિમદુગ અજયા, અણહારે મગ્ગણાસુ ગુણા, ૨૩.**

| | |
|---|---|
| **અસન્નિસુ**—અસંજ્ઞીમાર્ગણાએ | **સત્ત**—સાત ગુણઠાણાં |
| **પઢમદુગં**—પહેલાં બે ગુણઠાણાં | **પઢમંતિમદુગ**—પહેલાં બે અને છેલ્લાં બે |
| **પઢમતિલેસાસુ**—પહેલી ત્રણ લેશ્યાએ | **અજયા**—અવિરતિ ગુણઠાણું |
| | **અણહારે**—અનાહાર માર્ગણાએ |
| **છચ્ચ**—છ ગુણઠાણાં | **મગ્ગણાસુ**—માર્ગણાદ્વારને વિષે |
| **દુસુ**—તેજો અને પદ્મ લેશ્યાએ | **ગુણા**—ગુણઠાણાં જાણવાં |

**અર્થ—અસંજ્ઞીને વિષે પહેલાં બે ગુણસ્થાનક હોય, પહેલી ત્રણ લેશ્યાએ છ ગુણસ્થાનક હોય, બે [તેજો પદ્મ] લેશ્યાએ સાત ગુણસ્થાનક હોય, અનાહારક માર્ગણાએ પહેલાં બે, છેલ્લાં બે અને અવિરતિ એ પાંચ ગુણસ્થાનક હોય, એ પ્રકારે માર્ગણાને વિષે ગુણઠાણાં કહ્યાં. ॥ ૨૩ ॥**

**વિવેચન**—અસંજ્ઞીને વિષે પહેલાં બે ગુણઠાણાં હોય, પહેલી ૩-કૃષ્ણ ૧, નીલ ૨, કાપોત ૩, લેશ્યાને વિષે પહેલાં છ ગુણઠાણાં હોય. ત્રીજે કર્મગ્રંથે ૪ કહ્યાં અને ઈહાં છ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યાં તે શું ? **તત્રોત્તરં**–પૂર્વપ્રતિપન્ન પાંચમા–છઠ્ઠા ગુણઠાણાવંતને કૃષ્ણાદિક ૩ લેશ્યા હોય. કૃષ્ણાદિક ૩ લેશ્યાવંત પાંચમું–છઠ્ઠું ગુણઠાણું ન પામે, તે માટે વિરોધ નહીં. યતઃ–

**सम्मत्तसुअं सव्वासु लहइ सुद्धासु तिसु य चारित्तं ।**
**पुव्वपडिवन्नओ पुण, अन्नयरीए उ लेसाए ॥ १ ॥**

૧ તેજોલેશ્યા, ૨ પદ્મલેશ્યા, એ બે લેશ્યાને ૭ ગુણઠાણાં હોય. પહેલાં બે, છેલ્લાં બે અને ચોથું અવિરતિ સમ્યગ્દૃષ્ટિ એ પાંચ ગુણઠાણાં અણાહારીને હોય, ત્યાં પહેલું–બીજું અને ચોથું ગુણઠાણું વિગ્રહગતિએ હોય, તેરમું કેવળીસમુદ્ઘાતે અને ચૌદમું તો અણાહારી જ છે. એ ૬૨ માર્ગણાને વિષે ગુણઠાણાં કહ્યાં. ॥ ૨૩ ॥

## માર્ગણાને વિષે ૧૫ યોગ

**સચ્ચેઅર મીસઅસચ્ચ–મોસમણ વય વિઉવ્વિઆહારા;**
**ઉરલં મીસા કમ્મણ, ઇઅ જોગા કમ્મઅણહારે ॥૨૪॥**

| | |
|---|---|
| **સચ્ચ**–સત્યમનોયોગ | **આહારા**–આહારક યોગ |
| **ઇઅર**–અસત્યમનોયોગ | **ઉરલં**–ઔદારિક યોગ |
| **મીસ**–મિશ્ર [સત્યાસત્ય]મનોયોગ | **મીસા**–ઔદારિકાદિમિશ્ર યોગ |
| **અસચ્ચમોસમણ**–અસત્યામૃષા (વ્યવહાર) મનોયોગ | **કમ્મણ**–કાર્મણ યોગ |
| **વય**–વચનયોગ [ઉપર પ્રમાણે ચાર] | **ઇઅ**–એમ |
| | **જોગા**–યોગો |
| | **કમ્મ**–કાર્મણયોગ |
| **વિઉવ્વિ**–વૈક્રિયયોગ | **અણહારે**–અનાહારી માર્ગણાએ |

**અર્થ**—સત્ય, અસત્ય, મિશ્ર અને અસત્યામૃષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[એ ચાર–ચાર પ્રકારે] મનોયોગ અને વચનયોગ, વૈક્રિય કાયયોગ, આહારક કાયયોગ, ઔદારિક કાયયોગ, મિશ્ર-કાયયોગો[વૈક્રિયમિશ્ર, આહારક મિશ્ર, ઔદારિકમિશ્ર]અને કાર્મણ કાયયોગ એ યોગો જાણવા, અણાહારી માર્ગણાએ કાર્મણ કાયયોગ હોય. ॥ ૨૪ ॥

વિવેચન—૧ સત્યમનોયોગ, ૨ અસત્યમનોયોગ, ૩ સત્યા-સત્ય મનોયોગ, ૪ અસત્યામૃષામનોયોગ; એ ચાર મનના યોગ, ૫ સત્ય વચનયોગ, ૬ અસત્ય વચનયોગ, ૭ સત્યા-સત્ય વચનયોગ, ૮ અસત્યામૃષા વચનયોગ; એ ચાર વચનના યોગ, એવં આઠ. ૯ વૈક્રિય કાયયોગ, ૧૦ આહારક કાયયોગ, ૧૧ ઔદારિક કાયયોગ એ ત્રણના મિશ્ર તે ૧૨ વૈક્રિયમિશ્ર કાયયોગ, ૧૩ આહારકમિશ્ર કાયયોગ, ૧૪ ઔદારિકમિશ્ર કાયયોગ અને ૧૫ કાર્મણ કાયયોગ, એ પંદર યોગ કહીએ,

યોગ તે આત્માનો વીર્ય–વ્યાપાર–સ્ફુરણાદિક. અણા-હારીને વિષે એક કાર્મણ કાયયોગ કહીએ, વિગ્રહગતિએ અને કેવલિસમુદ્ઘાતે ૩–૪–૫ સમયે વર્તતા જીવો અણાહારી હોય છે. ॥ ૨૪ ॥

**નરગઇ પણિંદિતસતણુ,અચક્ખુનરનપુકસાયસમ્મદુગે;**
**સન્નિ છલેસાહારગ,ભવમઇસુઅઓહિદુગિ સવ્વે. ૨૫.**

| | |
|---|---|
| નરગઇ—મનુષ્યગતિમાં | સન્નિ—સંજ્ઞી માર્ગણાએ |
| પણિંદિ—પંચેંદ્રિયમાં | છલેસા—છ લેશ્યાએ |
| તસ—ત્રસકાયમાં | આહારગ—આહારક માર્ગણાએ |
| તણુ—કાયયોગમાં | ભવ—ભવ્ય માર્ગણાએ |
| અચક્ખુ—અચક્ષુદર્શનમાં | મઇ—મતિજ્ઞાન માર્ગણાએ |
| નર—પુરુષવેદમાં | સુઅ—શ્રુતજ્ઞાન તથા |
| નપુ—નપુંસકવેદમાં | ઓહિદુગિ—અવધિજ્ઞાન તથા અવધિદર્શન માર્ગણાએ |
| કસાય—કષાયમાં | સવ્વે—સર્વ [યોગો] |
| સમ્મદુગે—સમ્યક્ત્વદ્વિકે | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ—મનુષ્યગતિ, પંચેંદ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, અચક્ષુદર્શન, પુરુષવેદ, નપુંસકવેદ, કષાયમાર્ગણા અને સમ્યકત્વદ્વિક [ક્ષાયોપશમિક-ક્ષાયિક] ને વિષે તેમજ સંજ્ઞી, છ લેશ્યા, આહારી, ભવ્ય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકને વિષે સર્વ યોગ હોય. ॥ ૨૫ ॥

વિવેચન—૧ મનુષ્યગતિ, ૨ પંચેંદ્રિય, ૩ ત્રસકાય, ૪ કાયયોગી; ૫ અચક્ષુદર્શની, ૬ પુરુષવેદી, ૭ નપુંસકવેદી, ૮–૧૧ ચાર કષાયવાળા, ૧૨ ક્ષાયોપશમિક સમ્યક્ત્વી, ૧૩ ક્ષાયિક સમ્યક્ત્વી, ૧૪ સંજ્ઞી ૧૫–૨૦ છ લેશ્યાવંત, ૨૧ આહારી, ૨૨ ભવ્ય, ૨૩ મતિજ્ઞાની, ૨૪ શ્રુતજ્ઞાની, ૨૫ અવધિજ્ઞાની અને ૨૬ અવધિદર્શની; એ છવીશ માર્ગણાને વિષે પન્નર યોગ હોય. ॥ ૨૫ ॥

**તિરિઇત્થિઅજયસાસણ.અનાણઉવસમઅભવ્વમિચ્છેસુ**
**તેરાહારદુગૂણા, તે ઉરલદુગૂણ સુરનિરએ. ૨૬.**

તિરિ—તિર્યંચગતિમાર્ગણાએ
ઇત્થિ—સ્રીવેદ માર્ગણાએ
અજય—અવિરતિમાર્ગણાએ
સાસણ—સાસ્વાદન માર્ગણાએ
અનાણ—ત્રણ અજ્ઞાનમાર્ગણાએ
ઉવસમ—ઓપશમિક સમ્યક્ત્વ માર્ગણાએ
અભવ્વ—અભવ્ય માર્ગણાએ
મિચ્છેસુ—મિથ્યાત્વમાર્ગણાએ
તેર—તેર [યોગ હોય]
આહારદુગૂણા—આહારકદ્વિક રહિત
તે—તે [તેર યોગ]
ઉરલદુગૂણ—ઔદારિકદ્વિકવિના
સુરનિરએ—દેવતા અને નારકીને વિષે.

અર્થ—તિર્યંચગતિ, સ્રીવેદ, અવિરતિ ચારિત્ર, સાસ્વાદન સમ્યક્ત્વ, ત્રણ અજ્ઞાન, ઉપશમ સમ્યકત્વ, અભવ્ય અને મિથ્યાત્વને વિષે આહારકદ્વિક રહિત તેર યોગ હોય. દેવતા અને નારકીને વિષે તે ઔદારકદ્વિક વિના (અગિયાર યોગ) હોય. ॥ ૨૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન**—તિર્યંચગતિ; સ્ત્રીવેદી, અવિરતિ, સાસ્વાદન સમ્યક્ત્વી, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની, ઉપશમ સમ્યક્ત્વી, અભવ્ય અને મિથ્યાત્વી એ દશ દ્વારને વિષે આહારકદ્વિક વિના તેર યોગ હોય, એટલે આહારક કાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ એ બે યોગ ન હોય. તે મધ્યેથી ઔદારિક અને ઔદારિકમિશ્ર કાયયોગ વિના શેષ અગ્યાર યોગ દેવતા તથા નારકીને વિષે હોય, કારણ કે તેમને ઔદારિક શરીર ન હોય.

અહીં ઔપશમિક સમ્યક્ત્વીને તેર યોગ કહ્યા. પણ ઔદારિક મિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણ એ ત્રણ યોગ ઘટે નહીં ત્યારે શેષ દશજ ઘટે, જે માટે ઉપશમ સમ્યક્ત્વવંત થકો મરે નહીં, ત્યારે એ ત્રણ યોગ કેમ હોય? કદાચિત્ મતાંતરે ઉપશમશ્રેણિએ ઉપશમ સમ્યક્ત્વી મરી અનુત્તર વિમાને જાય તો વૈક્રિયમિશ્ર અને કાર્મણ કાયયોગ પામીએ પણ ઔદારિકમિશ્ર કાયયોગનું સ્થાન તો ક્યાંઈ લાધે નહીં, એ વિચારવા યોગ્ય છે. ॥૨૬॥

**કમ્મુરલદુગં થાવરિ, તે સવિઉવ્વિદુગ પંચઇગિ પવણે;**
**છઅસન્નિચરિમવઇજુઅ, તેવિઉવ્વદુગૂણ ચઉ વિગલે. ૨૭**

કમ્મુરલદુગં—કાર્મણ તથા ઔદારિકદ્વિક
થાવરિ—સ્થાવરકાયમાં
તે—તે [ત્રણ] યોગ
સવિઉવ્વિદુગ—વૈક્રિયદ્વિક સહિત
પંચ—પાંચ યોગ [કરતાં
ઇગિ—એકેંદ્રિયને વિષે
પવણે—વાયુકાયને વિષે
છ—છ યોગ
અસન્નિ—અસંજ્ઞીમાર્ગણાનેવિષે
ચરિમ—છેલ્લા
વઇજુઅ—વચનયોગ યુક્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| વિઉવ્વદુગૂણુ—વૈક્રિયદ્વિક ઊણા કરતાં | ચઉ—ચાર યોગ<br>વિગલે—વિકલેંદ્રિયને વિષે |

**અર્થ—કાર્મણ કાયયોગ અને ઔદારિકદ્વિક [એ ત્રણ યોગ] સ્થાવરને વિષે હોય. તે [ત્રણ યોગ] વૈક્રિયદ્વિક સહિત એટલે પાંચ યોગ એકેંદ્રિય જાતિ અને વાયુકાયને વિષે હોય. છેલ્લા વચન [અસત્યામૃષા] યોગ સહિત છ યોગ અસંજ્ઞીને વિષે હોય. તે [છ યોગ] વૈક્રિયદ્વિક રહિત ચાર યોગ વિકલેંદ્રિયને વિષે હોય. ॥ ૨૭ ॥**

વિવેચન—૧ કાર્મણ, ૨ ઔદારિક, ૩ ઔદારિકમિશ્ર; એ ત્રણ યોગ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, અને વનસ્પતિકાય એ ચાર સ્થાવરને વિષે હોય. તે કાર્મણ, ઔદારિક અને ઔદારિક મિશ્ર કાયયોગને વૈક્રિય અને વૈક્રિયમિશ્ર કાયયોગે સહિત કરીએ એટલે પાંચ યોગ એકેંદ્રિય અને વાયુકાયને વિષે હોય. એ પાંચ યોગ અસત્યામૃષા વચનયોગે સહિત એવં છ યોગ અસંજ્ઞીને વિષે હોય; વાયુ સહિત માટે. તે છ યોગ મધ્યેથી વૈક્રિયદ્વિકે ઊણા એટલે ઔદારિક, ઔદારિકમિશ્ર, કાર્મણ અને અસત્યામૃષા વચન યોગ એ ચાર યોગ બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિયને વિષે હોય ॥ ૨૭ ॥

**કમ્મુરલમીસવિણુ મણવઇસમઇઅછેઅચક્ખુમણનાણે,**
**ઉરલદુગ કમ્મ પઢમં,—તિમમણવઇ કેવલદુગંમિ. ૨૮.**

| | |
|---|---|
| **કમ્મ**—કાર્મણ<br>**ઉરલમીસ**—ઔદારિકમિશ્ર<br>**વિણુ**—વિના (તેર) | **મણ**—મનોયોગે<br>**વઇ**—વચનયોગે<br>**સમઇઅ**—સામાયિક |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| છેઅ—છેદોપસ્થાપનીયચારિત્રે | કમ્મ—કાર્મણ. |
| ચકખુ—ચક્ષુદર્શને. | પઢમંતિમ—પહેલાં અને છેલ્લા. |
| મણનાણે—મનઃપર્યવજ્ઞાને. | મણવઇ—મનોયોગ તથા વચનયોગ |
| ઉરલદુગ—ઔદારિકદ્વિક | કેવલદુગંમિ—કેવલદ્વિકે. |

**અર્થ—મનોયોગે, વચનયોગે, સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, ચક્ષુદર્શન અને મનઃપર્યવજ્ઞાનને વિષે કાર્મણ અને ઔદારિકમિશ્ર વિના [તેર યોગ] હોય. કેવળદ્વિકને વિષે ઔદારિકદ્વિક, કાર્મણ કાયયોગ અને પહેલા-છેલ્લા મન-વચન યોગ હોય. ॥ ૨૮ ॥**

**વિવેચન**—કાર્મણ કાયયોગ અને ઔદારિકમિશ્ર કાયયોગ એ બે યોગ વિના શેષ ૧૩ યોગ ૧ મનોયોગી, ૨ વચનયોગી, ૩ સામાયિક ચારિત્રવંત, ૪ છેદોપસ્થાપનીય ચારિત્રવંત, ૫ ચક્ષુદર્શની અને ૬ મનઃપર્યવજ્ઞાની; એ છ માર્ગણાને વિષે હોય. ૧ ઔદારિક કાયયોગ, ૨ ઔદારિકમિશ્ર કાયયોગ, ૩ કાર્મણ કાયયોગ, ૪ સત્ય મનોયોગ. ૫ અસત્યામૃષા મનોયોગ, ૬ સત્ય વચનયોગ ૭ અસત્યામૃષા વચનયોગ; એવં સાત યોગ કેવળજ્ઞાની અને કેવળદર્શનીને વિષે હોય. ॥૨૮॥

---

**મણવઇઉરલા પરિહારિ, સુહુમિ નવ તે ઉ મીસિ સવિઉવ્વા;**
**દેસે સવિઉવ્વિદુગા, સકમ્મુરલમીસ અહખાએ. ૨૯**

| | |
|---|---|
| મણવઈ—મનોયોગ તથા વચનયોગ. | પરિહારિ—પરિહારવિશુદ્ધિચારિત્રે. |
| ઉરલા—ઔદારિક કાયયોગ. | સુહુમિ—સૂક્ષ્મસંપરાય ચારિત્રે. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नव–नव योग.
ते उ–ते वळी.
मीसि–मिश्रसमकित मार्गणाए
सविउव्वा–वैक्रिययोग सहित.
देसे–देशविरति मार्गणाए.

सविउव्विदुगा–वैक्रियद्विक सहित
सकम्मुरलमीस–कार्मण अने
औदारिकमिश्र सहित.
अहखाए–यथाख्यात चारित्र
मार्गणाए.

अर्थ—मनोयोगो, वचनयोगो अने औदारिक काययोग ए नव योग परिहारविशुद्धि चारित्र अने सूक्ष्मसंपराय चारित्र विषे होय ते वळी वैक्रिय काययोगसहित [दशयोग] मिश्र मार्गणाए होय, वैक्रियद्विक सहित [अग्यार] देशविरति चारित्रे होय, कार्मण अने औदारिकमिश्र काययोग सहित [अग्यार योग] यथाख्यात चारित्रने विषे होय.॥२९॥

विवेचन—चार मनना, चार वचनना अने औदारिक काययोग एवं ९ योग परिहारविशुद्धि चारित्री अने सूक्ष्मसंपराय संयमी ए बेने विषे होय. ते नव योग वैक्रिय काययोगे सहित एटले दश योग मिश्रदृष्टिने होय. अहींआं वैक्रियमिश्र न कह्यो ते मिश्रदृष्टिने वैक्रिय प्रारंभ दीसतो नथी माटे. तेज नव योग वैक्रियद्विके सहित एवं ११ योग देशविरतिने होय, तेज नव योग कार्मण अने औदारिकमिश्रे सहित एवं ११ योग यथाख्यात चारित्रीने होय. कार्मण अने औदारिकमिश्र ते केवलि समुद्घाते जाणवा. ए योग कह्या. ॥ २९ ॥

---

## मार्गणाने विषे उपयोग

तिअनाणनाणपणचउ,
हंसणबारजिअलक्खणुवओगा ।
विणु मणनाणदुकेवल, नवसुरतिरिनिरयअजएसु.३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| જિઅ—જીવના. | નવ—નવ ઉપયોગ |
| લક્ખણ—લક્ષણરૂપ | સુરતિરિનિરય—દેવતા, તિર્યંચ, નારકી અને |
| ઉવઓગા—ઉપયોગો | અજએસુ—અવિરતિ ચારિત્ર માર્ગણાએ |
| વિણુ—વિના, | |
| મણનાણ—મનઃપર્યવજ્ઞાન | |
| દુકેવલ—કેવળજ્ઞાન તથા કેવળદર્શન | |

**અર્થ—ત્રણ અજ્ઞાન, પાંચ જ્ઞાન અને ચાર દર્શન એ બાર જીવના લક્ષણરૂપ ઉપયોગો છે; મનઃપર્યવજ્ઞાન અને કેવળદ્વિક વિના નવ ઉપયોગ-દેવતા, તિર્યંચ, નારકી અને અવિરતિ ચારિત્રને વિષે હોય ॥ ૩૦ ॥**

**વિવેચન**—ત્રણ અજ્ઞાન તે ૧ મતિઅજ્ઞાન, ૨ શ્રુતઅજ્ઞાન અને ૩ વિભંગજ્ઞાન; પાંચ જ્ઞાન તે ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન અને ૫ કેવળજ્ઞાન; ચાર દર્શન તે ૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન અને ૪ કેવળદર્શન; એવં ૩ અજ્ઞાન, ૫ જ્ઞાન અને ૪ દર્શન એ બાર ઉપયોગ તે જીવનું મુખ્ય લક્ષણ છે. યદુક્તં – **જીવો ઉવઓગલક્ખણો.** ઇતિવચનાત્ ત્યાં ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, એ આઠ તે સાકાર ઉપયોગ અને ૪ દર્શન તે નિરાકારઉપયોગ કહીએ. તિહાં ૧ મનઃપર્યવજ્ઞાન, ૨ કેવળજ્ઞાન, ૩ કેવળદર્શન, એ ત્રણ વિના શેષ ૯ ઉપયોગ—૧ દેવતા, ૨ નારકી ૩ અસંયત ચારિત્ર અને ૪ તિર્યંચ એ ચારને વિષે હોય. ॥ ૩૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તસજોઅવેઅ સુક્કા-હાર નર પણિંદિ સન્નિભવિસવ્વે;**
**નયણેઅર પણલેસા, કસાય દસ કેવલદુગૂણા ૩૧.**

| | |
|---|---|
| **તસ**—ત્રસકાયમાં | **ભવિ**—ભવ્ય માર્ગણામાં |
| **જોઅ**—ત્રણ યોગમાં | **સવ્વે**—સર્વ ઉપયોગ |
| **વેઅ**—ત્રણ વેદમાં | **નયણેઅર**—ચક્ષુદર્શને, અચક્ષુ દર્શને |
| **સુક્ક**—શુક્લલેશ્યાએ | |
| **આહાર**—આહારી માર્ગણાએ | **પણલેસા**—પાંચ લેશ્યાએ |
| **નર**—મનુષ્યગતિમાં | **કસાય**—કષાયે |
| **પણિંદિ**—પંચેંદ્રિય જાતિમાં | **દશ**—દશ ઉપયોગ |
| **સન્નિ**—સંજ્ઞીમાર્ગણામાં | **કેવલદુગૂણા**—કેવળદ્વિક રહિત |

**અર્થ**—ત્રસકાય, યોગ, વેદ, શુક્લલેશ્યા, આહારી, મનુષ્યગતિ, પંચેંદ્રિયજાતિ, સંજ્ઞી અને ભવ્ય માર્ગણાને વિષે સર્વ ઉપયોગ હોય. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, પાંચ લેશ્યા અને કષાયમાર્ગણાને વિષે કેવળદ્વિક રહિત દશ ઉપયોગ હોય ॥ ૩૧ ॥

**વિવેચન**—૧ ત્રસકાય, ૨-૪ ત્રણયોગ, ૫-૭ ત્રણવેદ; ૮ શુક્લલેશ્યા, ૯ આહારી, ૧૦ મનુષ્યગતિ ૧૧ પંચેંદ્રિય, ૧૨ સંજ્ઞી અને ૧૩ ભવ્ય; એ તેર માર્ગણાને વિષે ૧૨ ઉપયોગ હોય. અહીંઆં ૩ વેદને તો ઉપયોગ ૧૦ હોય અને નવ * ગુણઠાણાં લગેજ વેદોદય હોય, તો કેવળદ્વિક ક્યાંથી હોય? પણ અહીંઆં ગ્રંથકારે વેદને લિંગાકારમાત્ર જ વિવક્ષ્યો છે તે માટે તેને કેવળદ્વિક પણ હોય. જેમ "ઇત્થિલિંગસિદ્ધા પુરિસલિંગસિદ્ધા" તેમ આ પણ જાણવું. નયન તે ૧ ચક્ષુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શની, ઈતર તે ૨ અચક્ષુદર્શની ૩–૭ કૃષ્ણાદિ પાંચ લેશ્યા [કૃષ્ણ; નીલ, કાપોત, તેજો અને પદ્મ], ૮–૧૧ ચાર કષાય. એવં ૧૧ માર્ગણાએ કેવળદ્વિક વિના ૧૦ઉપયોગ હોય.॥૩૧॥

---

**ચઉરિંદિઅસન્નિદુઅન્નાણદુદંસ-**
**ઇગબિતિથાવરિઅચક્ખુ;**
**તિઅનાણદંસણદુગં,અનાણતિગિઅભવિમિચ્છદુગે.૩૨**

| | |
|---|---|
| ચઉરિંદિ–ચૌરિંદ્રિયમાં | અચક્ખુ–ચક્ષુદર્શન વિના [ત્રણ] |
| અસન્નિ–અસંજ્ઞીમાં | તિઅનાણ–ત્રણ અજ્ઞાન |
| દુ અન્નાણ–બે અજ્ઞાન | દંસણદુગં–બે દર્શન |
| દુદંસ–બે દર્શન | અનાણતિગિ–ત્રણ અજ્ઞાન માર્ગણાએ |
| ઇગબિતિ–એકેંદ્રિય, બેઈંદ્રિય અને તેઈંદ્રિયમાં | અભવિ–અભવ્ય માર્ગણાએ |
| થાવરિ–પાંચ સ્થાવરમાં | મિચ્છદુગે–મિથ્યાત્વતથાસાસ્વાદને |

**અર્થ**—ચૌરિંદ્રિય અને અસંજ્ઞીનેવિષે બે અજ્ઞાન [મતિ-શ્રુત અજ્ઞાન] અને બે દર્શન [ચક્ષુ–અચક્ષુ દર્શન] હોય. એકેંદ્રિય, બેઈંદ્રિય,તેઈંદ્રિય,અને સ્થાવરકાયનેવિષે ચક્ષુદર્શન વિના [ત્રણ ઉપયોગ] હોય. ત્રણ અજ્ઞાન, અભવ્ય અને મિથ્યાત્વદ્વિકને વિષે ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય.॥૩૨॥

વિવેચન-૧ ચૌરિંદ્રિય, ૨ અસંજ્ઞી, એ બેને બે અજ્ઞાન તે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને બે દર્શન તે ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ ચાર ઉપયોગ હોય. ૧ એકેંદ્રિય, ૨ બેઈંદ્રિય, ૩ તેઈંદ્રિય અને ૪–૮ પાંચસ્થાવર એવં આઠમાર્ગણાને વિષે બે અજ્ઞાન અને એક અચક્ષુદર્શન એવં ત્રણ ઉપયોગ હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ અજ્ઞાન, ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એવં ૫ ઉપયોગ તે ૧–૩ ત્રણ અજ્ઞાન, ૪ અભવ્ય ૫ મિથ્યાત્વ અને સાસ્વાદન એ ૭ માર્ગણાને વિષેજાણવા. અહીંઆં પણ સાસ્વાદનીને અજ્ઞાન કહ્યાં અને સિદ્ધાંતે એ જ્ઞાન કહ્યાં તે સંદેહ અને વિભંગજ્ઞાનને અહીંઆં અવધિદર્શન ન કહ્યું તે પણ સંદેહ છે. ॥૩૨॥

---

**કેવલદુગેનિઅદુગં,નવતિઅનાણવિણુખઇઅઅહખાએ;**
**દંસણનાણતિગં દેસિ, મીસિ અન્નાણમીસંતં ॥૩૩॥**

| | |
|---|---|
| **કેવલદુગે**–કેવલદ્વિકે | **દંસણનાણતિગં**–ત્રણ દર્શન તથા ત્રણ જ્ઞાન |
| **નિઅદુગં**–નિજદ્વિક | **દેસિ**–દેશવિરતિ માર્ગણાએ |
| **નવ**–નવ ઉપયોગ | **મીસિ**–મિશ્ર માર્ગણાએ |
| **તિઅનાણવિણુ**-ત્રણઅજ્ઞાનવિના | **અન્નાણમીસં**–અજ્ઞાને કરીમિશ્ર |
| **ખઇઅ**–ક્ષાયિક સમકિતે | **તં**–તે [૭] |
| **અહખાએ**–યથાખ્યાત ચારિત્રે | |

અર્થ–કેવળદ્વિકે પોતાનું દ્વિક [કેવળ જ્ઞાન–દર્શન] હોય. ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રે ત્રણઅજ્ઞાન વિના નવ ઉપયોગ હોય. દેશવિરતિએ ત્રણ દર્શન અને ત્રણ જ્ઞાન હોય, મિશ્ર માર્ગણાને વિષે તે [૭ ઉપયોગ] અજ્ઞાને મિશ્રિત હોય ॥૩૩॥

વિવેચન–કેવળજ્ઞાની અને કેવળદર્શની એ બેને વિષે નિજદ્વિક તે ૧ કેવળજ્ઞાન અને કેવળદર્શન એજ બે ઉપયોગ હોય, શેષ ૧૦ ઉપયોગ ન હોય. કેવળજ્ઞાન ઉત્પન્ન થયે બીજાં છાદ્મસ્થિક જ્ઞાન રહે નહીં. 'નટ્ઠંમ્મિ અ છાઉમત્થિએ નાણે'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इति वचनात्।।त्रण अज्ञान विना शेष ९ उपयोग क्षायिक सम्यक्त्वी अने यथाख्यात चारित्री ए बेने विषे होय. त्रण ज्ञान अने त्रण दर्शन ए ७ उपयोग देशविरतिने विषे होय. मिश्रदृष्टिने ए ज ७ उपयोग होय पण त्रण ज्ञान ते अज्ञाने मिश्रित होय, शुद्ध न होय. अहीं आ मिश्रने अवधिदर्शन कह्युं, ते सिद्धांतनो अभिप्राय लीधोः अन्यथा "अजयाई नव मईसुओहिदुगे" त्यां पोते ज अवधिदर्शनने मिश्रगुणठाणुं कह्युं नथी ।। ३३ ।।

---

**मणनाणचक्खुवज्जा, अणहारे तिन्निदंस चउनाणा**
**चउनाणसंजमोवसम,–वेअगे ओहिदंसे अ ।। ३४ ।।**

| | |
|---|---|
| मणनाण–मनःपर्यवज्ञान | चउनाणा–चार ज्ञान अने |
| चक्खु–चक्षुदर्शन | संजम–चार संयमने विषे |
| वज्जा–वर्जीने | उवसम–उपशम सम्यक्त्वे |
| अणहारे–अणाहारीमार्गणाए | वेअगे–वेदक सम्यक्त्वे |
| तिन्निदंस–त्रणदर्शन | ओहिदंसे–अवधिदर्शने |

अर्थ—मनःपर्यवज्ञान अने चक्षुदर्शन वर्जीने [दश उपयोग] अणाहारीने होय. चार ज्ञान, संयम, उपशम सम्यक्त्व, वेदक सम्यक्त्व अने अवधिदर्शनने विषे त्रण दर्शन अने चार ज्ञान होय छे. ।। ३४ ।।

विवेचन — मनःपर्यवज्ञान अने चक्षुदर्शन ए बे वर्जीने शेष १० उपयोग अणाहारीने विषे होय; विग्रहगतिए तथा केवळी समुद्घाते अणाहारी होय, तिहां मनःपर्यवज्ञान

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ચક્ષુદર્શનનો સંભવ નથી માટે. ત્રણ દર્શન અને ચાર જ્ઞાન એવં ૭ ઉપયોગ તે ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ સામાયિકચારિત્ર, ૬ છેદોપસ્થાપનીય ચારિત્ર, ૭ પરિહારવિશુદ્ધિ ચારિત્ર, ૮ સૂક્ષ્મસંપરાય ચારિત્ર, ૯ ઉપશમ સમ્યક્ત્વ ૧૦ વેદક તે ક્ષાયોપશમિક સમ્યકત્વ અને ૧૧ અવધિદર્શન; એ અગ્યાર માર્ગણાને વિષે હોય. ॥ ૩૪ ॥

---

**દો તેર તેર બારસ, મણે કમા અટ્ઠ દુ ચઉ ચઉ વયણે;**
**ચઉ દુ પણ તિન્નિ કાએ, જિઅગુણજોગોવઓગન્ને. ૩૫**

**દો**—બે જીવસ્થાનક
**તેર**—તેર ગુણઠાણા
**તેર**—તેર યોગ
**બારસ**—બાર ઉપયોગ
**મણે**—મનોયોગને વિષે
**કમા**—અનુક્રમે
**અટ્ઠ**—આઠ
**ચઉ**—ચાર
**વયણે**—વચનયોગે
**પણ**—પાંચ
**તિન્નિ**—ત્રણ
**કાએ**—કાયયોગે
**જિઅ**—જીવસ્થાન
**ગુણ**—ગુણસ્થાન
**જોગ**—યોગ
**ઉવઓગ**—ઉપયોગ
**અન્ને**—બીજા આચાર્ય [કહે છે]

**અર્થ**—મનોયોગે બે, તેર, તેર અને બાર. વચનયોગે આઠ, બે, ચાર, અને ચાર. કાયયોગે ચાર, બે, પાંચ અને ત્રણ, એમ અનુક્રમે જીવસ્થાન, ગુણસ્થાનક, યોગ અને ઉપયોગ હોય, એમ અન્ય આચાર્ય કહે છે. ॥ ૩૫ ॥

**વિવેચન**—હવે ત્રણ યોગને વિષે જીવસ્થાન, ગુણસ્થાન, યોગ અને ઉપયોગ આશ્રયીને મતાંતર કહે છે. પૂર્વે યોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યા તેમાં કાયયોગ સર્વ જીવને કહ્યો, વચનયોગ બેઇંદ્રિયાદિક સર્વને કહ્યો અને મનોયોગ સંજ્ઞી પંચેંદ્રિયને કહ્યો; પણ અહીં આ મતાંતરે અનેરા આચાર્ય કહે છે જે, એક યોગ હોય તેને બીજો યોગ ન કહીએ. સંજ્ઞી પંચેંદ્રિયને મનોયોગ છે, તેને વચનયોગ, કાયયોગ ન હોય. વિકલેંદ્રિય અને અસંજ્ઞી પંચેદ્રિયને વચનયોગ અને એકેંદ્રિયને કાયયોગ એકજ કહીએ.

ત્યારે તેમને મતે મનોયોગીને જીવના ભેદે ૧ સંજ્ઞી પર્યાપ્તો, ૨ અપર્યાપ્તો, એ બે હોય; ગુણઠાણાં ૧૩ હોય; ૧ ઔદારિકમિશ્ર, ૨ કાર્મણ એ બે વિના યોગ તેર હોય. કારણ કે એ બે તો ઉપજતાં તથા કેવળી સમુદ્ઘાતે હોય અને ત્યાં મનોયોગ ન હોય તે માટે, અને ઉપયોગ બાર હોય. વચનયોગીને જીવના ભેદ આઠ તે બેઈંદ્રિયના ૨, તેઈંદ્રિયના ૨, ચૌરિંદ્રિયના ૨, અને અસંજ્ઞી પંચેંદ્રિયના ૨, એવં આઠ ભેદ હોય; ગુણઠાણાં ૨ હોય; યોગ ચાર તે ૧ ઔદારિક, ૨ ઔદારિકમિશ્ર, ૩ કાર્મણ અને ૪ અસત્યામૃષાવચન એવં ૪ હોય; ઉપયોગ ૪ તે બે અજ્ઞાન અને બે દર્શન એવં ચાર હોય; કાયયોગીને જીવના ભેદ ચાર—એકેંદ્રિય સૂક્ષ્મ, બાદર, તે પર્યાપ્તા અને અપર્યાપ્તા એવં ચાર હોય; ગુણઠાણાં ૨ તે પહેલું અને બીજું હોય; યોગ પાંચ તે ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક અને કાર્મણ કાયયોગ એવં પાંચ હોય, ઉપયોગ ત્રણ તે બે અજ્ઞાન અને અચક્ષુદર્શન એવં ત્રણ હોય; એ પ્રકારે જીવના ભેદ, ગુણઠાણાં, યોગ અને ઉપયોગ અનેરા આચાર્ય કહે છે. ત્રણયોગને વિષે એ મતાંતર માંહે તો પ્રત્યક્ષ દોષ દેખાય છે; કેમકે મનોયોગીને જીવના ભેદ બે કહ્યા, તે અપર્યાપ્તાને મન કેમ હોય? મનઃપર્યાપ્તિ બાંધે ત્યારે મનો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગી થાય અને તે તો પર્યાપ્તો કહેવાય અને કદાચિત્ મનલબ્ધિવંત અપર્યાપ્તાને મન કહીએ તો તેને યોગ ૧૫ જોઇએ, ઔદારિકમિશ્ર અને કાર્મણ શા માટે ન હોય? એ દોષ; તથા વચનયોગીને પણ જીવના ભેદ આઠ કહ્યા તે કેમ ઘટે? અપર્યાપ્તાને ભાષાપર્યાપ્તિ પૂરી કર્યા વિના વચન યોગ કેમ કહીએ? એ પણ દોષ. ॥ ૩૫ ॥

---

## બાસઠ માર્ગણાને વિષે લેશ્યા.

**છસુ લેસાસુ સઠાણં, એગિંદિઅસન્નિભૂદગવણેસુ;**
**પઢમા ચઉરો તિન્નિ ઉ, નારયવિગલગ્ગિપવણેસુ;**

| | |
|---|---|
| **છસુ લેસાસુ**—છ લેશ્યાદ્વારે | **વણેસુ**—વનસ્પતિકાયમાર્ગણાએ |
| **સઠાણં**—સ્વસ્થાન [પોતપોતાની લેશ્યા] | **પઢમાચઉરો**—પ્રથમની ચાર લેશ્યા |
| **એગિંદિ**—એકેંદ્રિયમાં | **તિન્નિ ઉ**—વળી ત્રણ લેશ્યા |
| **અસન્નિ**—અસંજ્ઞીમાં | **નારય**—નારકીમાં |
| **ભૂ**—પૃથ્વીકાયમાં | **વિગલ**—વિકલેંદ્રિયમાં |
| **દગ**—અપકાયમાં | **અગ્ગિ**—અગ્નિકાયમાં |
| | **પવણેસુ**—વાયુકાયમાં |

**અર્થ**—છ લેશ્યા માર્ગણાને વિષે પોતપોતાની લેશ્યા હોય. એકેંદ્રિય, અસંજ્ઞી, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયને વિષે ત્રણ લેશ્યા હોય. નારકી, વિકલેંદ્રિય, તેઉકાય અને વાઉકાયને વિષે ત્રણ લેશ્યા હોય. ॥૩૬॥

**વિવેચન**—લેશ્યા માર્ગણાએ છએ લેશ્યાને વિષે સ્વસ્થાને પોતપોતાની એકેકી લેશ્યા હોય. ૧ એકેંદ્રિય, ૨ અસંજ્ઞી, ૩ પૃથ્વીકાય, ૪ અપ્કાય અને ૫ વનસ્પતિકાય; એ પાંચને વિષે પહેલી ચાર લેશ્યા હોય. તિહાં કૃષ્ણ, નીલ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાપોત એ ત્રણ લેશ્યા તો ભવપ્રત્યયી સદાય હોય અને તેજો *લેશ્યાવંત દેવતા મરીને એકેંદ્રિયમાં ઉપજે ત્યારે ઉપજતાં થોડી વેળા લગે તેજોલેશ્યા હોય. પહેલી ત્રણ લેશ્યા – ૧ નારકી, ૨–૪ વિકલેંદ્રિય, ૫ તેઉકાય અને ૬ વાયુકાય; એ છ માર્ગણાને વિષે હોય. ॥ ૩૬ ॥

---

**અહખાયસુહુમકેવલ,—દુગિસુક્કાછાવિ સેસઠાણેસુ;**
**નરનિરયદેવતિરિઆ, થોવા દુ અસંખણંતગુણા. ૩૭**

| | |
|---|---|
| અહખાય—યથાખ્યાત | નિરય—નારકી |
| સુહુમ—સૂક્ષ્મસંપરાયચારિત્રે | દેવ—દેવ |
| કેવલદુગિ—કેવળજ્ઞાન અને દર્શને | તિરિઆ—તિર્યંચ |
| સુક્કા—શુકલલેશ્યા | થોવા—થોડા |
| છાવિ—છએ લેશ્યા | દુ—બે |
| સેસઠાણેસુ—બાકીનાં [૪૧ માર્ગણા] સ્થાનકે | અસંખ—અસંખ્યાતગુણા |
| નર—મનુષ્ય | અણંતગુણા—અનંતગુણા |

અર્થ—યથાખ્યાત ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર અને કેવળદ્વિકને વિષે શુક્લલેશ્યા હોય, બાકીની માર્ગણા (૪૧) ને વિષે છએ લેશ્યા હોય. મનુષ્ય થોડા હોય, નારકી અને દેવતા અસંખ્યાતગુણ હોય અને તિર્યંચ તેથી અનંતગુણા હોય, ॥ ૩૭ ॥

વિવેચન—૧ યથાખ્યાત ચારિત્ર, ૨ સૂક્ષ્મસંપરાય ચારિત્ર, ૩ કેવળજ્ઞાન અને ૪ કેવળદર્શન; એ માર્ગણાને વિષે એક શુક્લ લેશ્યા હોય અને શેષ ૪૧ માર્ગણાને વિષે છએ લેશ્યા હોય. એ લેશ્યા દ્વાર કહ્યું, હવે ૬૨ માર્ગણા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનકને વિષે અલ્પબહુત્વ કહે છે, તિહાં પ્રથમ ગતિ ૪ માંહે સર્વથી થોડા મનુષ્ય છે તે કેમ? મનુષ્ય બે ભેદે છે —૧ સમ્મૂચ્છિંમ અને ૨ ગર્ભજ. તેમાં સમ્મૂચ્છિંમ તે ગર્ભજ મનુષ્યના મળ, મૂત્ર, શુક્ર, શોણિત માંસ, પરૂ અને કલેવર વગેરે, અપવિત્ર ૧૪ સ્થાનકને વિષે ઉપજે છે, તે અંતર્મુહૂર્ત આયુવાળા છે અને ચર્મચક્ષુએ દેખાતા નથી. તેને જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટપણે ૨૪ મુહૂર્ત ઉપજવા–ચ્યવવાનો વિરહકાળ હોય અને તે અંતર્મુહૂર્તે નિર્લેપ થાય તે માટે સમ્મૂચ્છિંમ મનુષ્ય કોઈ વખત હોય પણ ખરા અને કોઇ વખતે ન પણ હોય અને ગર્ભજ મનુષ્ય તો સદૈવ હોયજ. તે સંખ્યાતાજ હોય જ પણ અસંખ્યાતા ન હોય. તિહાં સંખ્યાતાના સંખ્યાતા ભેદ છે, તે માટે મનુષ્ય કેટલા છે તેનું વિવેચન કહે છે, જે કોઇક રાશિને તેજ રાશિ સાથે ગુણિએ તે વર્ગ કહીએ, તિહાં એકનો તો વર્ગ ન હોય **એકેન ગુણિતં તદેવ ઇતિવચનાત્** તે માટે બેનો વર્ગ ચાર, એ પહેલો વર્ગ; ચારનો વર્ગ ૧૬ એ બીજો વર્ગ, સોળનો વર્ગ ૨૫૬ એ ત્રીજો વર્ગ એનો વર્ગ, ૬૫૫૩૬ એ ચોથો વર્ગ, એનો વર્ગ ૪૨૯૪૯૬૭૨૯૬ એ પાંચમો વર્ગ; એનો વર્ગ ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬ એ છઠ્ઠો વર્ગ; **છઠ્ઠો વગ્ગો પંચમવગ્ગપડુપન્નો. ઇતિ પ્રજ્ઞાપના વચનાત્** માટે છઠ્ઠો વર્ગ તે પાંચમા વર્ગ સાથે ગુણીએ ત્યારે ૭, ૯૨, ૨૮, ૧, ૬૨, ૫૧, ૪૨, ૬, ૪૩, ૩૭, ૫૯, ૩, ૫૪, ૩૯, ૫૦, ૩, ૩૬ થયા. એ અંક બોલવાની યુક્તિ પ્રાચીન રીતે આ પ્રમાણે છે—સાત ક્રોડાક્રોડી કોડી, બાણુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ કોડાકોડી કોડિ, અઠાવીશ હજાર કોડાકોડી કોડિ, એકસો કોડાકોડી કોડી, બાસઠ કોડાકોડી કોડી, એકાવન લાખ કોડાકોડી, બેંતાળીશ હજાર કોડાકોડી, છશેં કોડાકોડી, તેંતાલીશ કોડાકોડી, સાડત્રીસ લાખ કોડી, ઓગણસાઠ હજાર કોડિ, ત્રણશેં કોડી, ચોપન કોડી, ઓગણચાળીશ લાખ, પચાસ હજાર, ત્રણસો અને છત્રીશ. અથવા એકડાને છન્નુવાર ઠાણ બમણો કરીએ તો પણ એજ રાશિ થાય. છન્નવઇ છેઆણુગદાયરાસિ. ઇતિ વચનાત્ એટલા જઘન્ય પદે ગર્ભજ મનુષ્ય હોય અને જ્યારે સંમૂચ્છિંમ હોય ત્યારે ઉત્કૃષ્ટપદે અસંખ્યાતા હોય. અને તે અસંખ્યાતા ઉત્સર્પિણી–અવસર્પિણીના સમય જેટલા એટલે ક્ષેત્ર થકી સાત રાજ પ્રમાણ ઘનીકૃત લોકની એક પ્રદેશની શ્રેણિના અંગુલ પ્રમાણ ક્ષેત્રને વિષે જેટલા પ્રદેશ હોય તેના પ્રથમ વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળના પ્રદેશ સાથે ગુણીએ, તે ગુણતાં જેટલા પ્રદેશ થાય તેટલા પ્રદેશનું એકેક ખંડુક કલ્પીએ, ઈહાં અંગુલપ્રમાણ સૂચીક્ષેત્રને વિષે આકાશપ્રદેશ અસંખ્યાતા છે, પણ અસત્કલ્પનાએ ૨૫૬ કલ્પીએ, તેનું વર્ગમૂળ ૧૬, બીજું ૪ અને ત્રીજું બે, હવે પહેલું વર્ગમૂળ ત્રીજા વર્ગમૂળ સાથે ગુણીએ ત્યારે ૩૨ થયા, એટલા પ્રદેશનું ખંડુક લેવું, હવે એકેક ખંડુકે એકેક મનુષ્ય અપહરતાં જો એક મનુષ્ય અધિક હોત તો સમગ્ર એક શ્રેણિ અપહરાત, એટલાજ ઉત્કૃષ્ટપદે સમ્મૂચ્છિંમ અને ગર્ભજ બંને મળીને મનુષ્ય હોય તે માટે નારકી વગેરે સર્વ થકી મનુષ્ય થોડા હોય, તે મનુષ્ય થકી નારકી અસંખ્યાતગુણા અધિકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય, કાળ થકી અસંખ્યાતી ઉત્સર્પિણી – અવસર્પિણીના સમય જેટલા છે. ક્ષેત્રથકી પ્રતરને અસંખ્યાતમે ભાગે અસંખ્યાતી શ્રેણિના જેટલા આકાશપ્રદેશ હોય તેટલા છે. તે કેમ? અંગુલ પ્રમાણ પ્રતરક્ષેત્રને વિષે જેટલી શ્રેણિ હોય તેના વર્ગમૂળ અસંખ્યાતા ઉઠે. ત્યાં પહેલું વર્ગમૂળ બીજા વર્ગમૂળ સાથે ગુણીએ, જેમકે અસત્ કલ્પનાએ અંગુલપ્રમાણ પ્રતર–ને વિષે ૨૫૬ શ્રેણિ છે. તેનું પહેલું વર્ગમૂળ ૧૬, બીજું ૪, તે સોળને ચારે ગુણતાં ૬૪ થાય; એ ચોસઠ તે અ–સંખ્યાતી જાણવી. એટલી શ્રેણિની પહોળપણે સૂચી ઈહાં ગ્રહવી; એટલી શ્રેણિ માંહે જેટલા આકાશપ્રદેશ હોય તેટલા નારકી છે. તે માટે મનુષ્ય થકી નારકી અસંખ્યાતગુણા હોય.

તે થકી દેવતા અસંખ્યાતગુણા છે તે કેમ? અંગુલ માત્ર ક્ષેત્રના પ્રદેશનું પહેલું વર્ગમૂળ તેને અસંખ્યાતમે ભાગે જેટલી શ્રેણિ, તેના જેટલા આકાશપ્રદેશ હોય તેટલા તો અસુરકુમાર દેવતા છે; તેટલા વળી નાગકુમાર છે; યાવત્ એટલા સ્તનિતકુમાર છે, તથા સંખ્યાત યોજન પ્રમાણ આકાશપ્રદેશની સૂચીરૂપ ખંડુકે કરી એકેક વ્યંતર અપહરી–એ તો ઘનીકૃત લોકનો માંડાને આકારે સમગ્ર પ્રતર અપહરાય તેટલા વ્યંતર દેવતા છે, તથા બસેં છપ્પન અંગુલ પ્રમાણ આકાશપ્રદેશની સૂચીરૂપ જેટલે ખંડુકે કરી એકેક જ્યોતિષી અપહરીએ તો ઘનીકૃત લોકનો સમગ્ર પ્રતર અપહરાય તેટલા જ્યોતિષી દેવતા છે; તથા એક અંગુલ માત્ર ક્ષેત્રના પ્રદેશનું ત્રીજું વર્ગમૂળ તેનો ઘન કરીએ તથા બીજા વર્ગમૂળ સાથે ગુણીએ તેટલી ઘનીકૃત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રદેશની શ્રેણિના જેટલા પ્રદેશ હોય તેટલા વૈમાનિક દેવતા છે; એમ સકળ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવતા મળીને નારકી થકી અસંખ્યાતગુણા છે.

તે થકી તિર્યંચ અનંતગુણા છે, તે તિર્યંચ માંહે વનસ્પતિના જીવ અનંત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે, અહીં સંખ્યાતાના સંખ્યાતા ભેદ છે, અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે અને અનંતાના અનંત ભેદ છે, તેથી ઉક્તવિરોધ જાણવો નહીં. એ ગતિ આશ્રયી અલ્પબહુત્વ કહ્યું ॥ ૩૮ ॥

**પણચઉતિદુએગિંદી, થોવાતિન્નિઅહિઆઅણંતગુણા, તસથોવ અસંખગ્ગી, ભૂજલનિલઅહિય વણણંતા ૩૯**

| | |
|---|---|
| તિન્નિ—ત્રણ [ચૌરિંદ્રિય, તેઇંદ્રિય બેઇંદ્રિય.] | અસંખગ્ગી—અસંખ્યાતગુણા [અગ્નિકાય |
| અહિઆ—અધિક | ભૂ—પૃથ્વીકાય |
| અણંતગુણા—અનંતગુણા | જલ—અપ્કાય |
| | અનિલ—વાયુકાય |
| તસ—ત્રસ | અહિય—અધિક |
| થોવ—થોડા | અણંતા—અનંતગુણા |

**અર્થ :—** પંચેંદ્રિય થોડા હોય; ચૌરિંદ્રિય તેઇંદ્રિય અને બેઇંદ્રિય એ ત્રણે અનુક્રમે એક-એકથી અધિક હોય: એકેંદ્રિય તેથી અનંતગુણા હોય; ત્રસ થોડા હોય, અગ્નિકાય અસંખ્યાતગુણા હોય; પૃથ્વીકાય, અપ્કાય, અને વાઉકાય એકેકથી અધિક હોય અને વનસ્પતિકાય તેથી અનંતા હોય. ॥ ૩૯ ॥

**વિવેચન:—** હવે ઇંદ્રિય આશ્રયી અલ્પબહુત્વ કહે છે ૧ સર્વ થકી થોડા પંચેંદ્રિય, ૨ તેથી ચૌરિંદ્રિય વિશેષાધિક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩ તે થકી તેઈંદ્રિય વિશેષાધિક, ૪ તે થકાં બેઈંદ્રિય વિશેષાધિક એ ચાર ચાર બોલ પ્રતરની અસંખ્યાત કોડાકોડી * યોજન પ્રમાણ એક પ્રાદેશિકી શ્રેણિની સૂચી તેના જેટલા આકાશપ્રદેશ તેટલી શ્રેણિના જેટલા આકાશપ્રદેશ તેટલા તે તે દરેક જીવો છે અને એકેક થકી વિશેષાધિક છે. તે થકી એકેંદ્રિય અનંતગુણા છે, કારણ કે વનસ્પતિકાયના જીવ અનંતા છે. હવે **કાય આશ્રયી** અલ્પબહુત્વ કહે છે—

૧ સર્વ થકી થોડા ત્રસકાઈઆ છે, અસંખ્યાત કોડાકોડિ * યોજન પ્રમાણ આકાશશ્રેણિની સૂચી તેમાં જેટલા આકાશ-પ્રદેશ હોય તેટલા ત્રસ જીવો છે તે માટે. ૨ તે થકી તેઉકાઈઆ અસંખ્યાતગુણા છે, અસંખ્યાત લોકનાં જેટલા આકાશ પ્રદેશ હોય તેટલા છે માટે. ૩ તે થકી પૃથ્વીકાઈયા જીવ વિશેષાધિક છે. ૪ તે થકી અપ્કાઈઆ વિશેષાધિક ૫ તે થકી વાયુકાઈઆ જીવ વિશેષાધિક છે. ૬ તે થકી વનસ્પતિ કાય જીવ અનંતગુણા છે, કેમકે તેઓ અનંત લોકાકાશપ્રદેશ પ્રમાણ છે. ॥ ૩૮ ॥

---

**મણવયણકાયજોગી; થોવા અસંખગુણ અણંતગુણા;**
**પુરિસા થોવા ઇત્થી, સંખગુણાણંતગુણ કીવા ૩૯.**

**મણ**—મનોયોગી
**વયણ**—વચનયોગી
**કાયજોગી**—કાયયોગી
**અસંખગુણ**—અસંખ્યાતગુણા
**પુરિસા**—પુરૂષવેદ વાળા
**ઇત્થિ**—સ્રીવેદવાળા
**કીવા**—નપુંસક વેદવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ—મનોયોગી થોડા હોય, વચનયોગી અસંખ્યાતગુણા હોય અને કાયયોગી અનંતગુણા હોય, પુરૂષો થોડા હોય, સ્ત્રીઓ તેથી સંખ્યાતગુણ હોય અને તેથી અનંતગુણ નપુંસકો હોય. ॥ ૩૯ ॥

વિવેચન—હવે યોગઆશ્રયી અલ્પબહુત્વ કહે છે. ૧ સર્વ થકી થોડા મનોયોગી છે, સંજ્ઞીપંચેંદ્રિયનેજ મનોયોગ હોય તે માટે. ૨ તે થકી વચનયોગી અસંખ્યાતગુણ; બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરિંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિયને પણ વચનયોગ હોય તે માટે. ૩ તે થકી કાયયોગી અનંતગુણા, એકેંદ્રિયને પણ કાયયોગ હોય અને તે અનંતા છે તે માટે.

વેદઆશ્રયી ૧ સર્વ થકી થોડા પુરૂષવેદી છે. ૨ તે થકી સ્ત્રીવેદી સંખ્યાત ગુણા છે; તિર્યંચમાં પુરૂષ થકી ત્રિગુણી અને ત્રણ અધિક, મનુષ્યમાં ૨૭ ગુણી અને સત્યાવીશ અધિક અને દેવતામાં બત્રીસ ગુણી અને ૩૨ અધિક સ્ત્રીઓ હોય, તે માટે. ૩ તે થકી નપુંસક અનંતગુણા અધિક હોય, એકેંદ્રિય સર્વ નપુંસક છે અને વળી તેઓ અનંતા છે તે માટે. ॥ ૩૯ ॥

---

**માણી કોહી માઇ, લોભી અહિઅમણનાણિણો થોવા;**
**ઓહિઅસંખામઇસુઅ, અહિઅસમ અસંખવિબ્ભંગા.**

| | |
|---|---|
| **માણી**—માની | **લોભી**—લોભી |
| **કોહી**—ક્રોધી | **અહિઅ**—અધિક |
| **માઈ**—માયી (કપટી) | **મણનાણિણો**—મનઃપર્યવજ્ઞાની |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **થોવા**–થોડા | **સુઅ**–શ્રુતજ્ઞાની |
| **ઓહિ**–અવધિજ્ઞાની | **સમ**–સરખા |
| **અસંખા**–અસંખ્યાતગુણા | **અસંખ**–અસંખ્યાતગુણા |
| **મઈ**–મતિજ્ઞાની | **વિબ્ભંગા**–વિભંગજ્ઞાની |

**અર્થ— માની, ક્રોધી, માયી અને લોભી એક–એકથી અધિક હોય છે. મનઃપર્યવજ્ઞાની થોડા હોય; અવધિજ્ઞાની તેથી અસંખ્યાતગુણા હોય, મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની તેથી અધિક હોય અને માંહોમાંહે સરખા હોય; વિભંગજ્ઞાની તેથી અસંખ્યાતગુણા હોય ॥ ૪૦ ॥**

**વિવેચન**—હવે[૧] **કષાયદ્વારે** અલ્પબહુત્વ કહે છે – ૧ સર્વથી થોડા માનકષાયી. ૨ તે થકી ક્રોધી વિશેષાધિક; માન થકી ક્રોધ પરિણામનો કાળ અધિક છે માટે. ૩ તે થકી માયાવંત વિશેષાધિકઃ બહુકાળ રહે તે માટે ૪ તે થકી લોભકષાયી વિશેષાધિક; પ્રાયઃ સર્વને સદાય લોભ પરિણામ હોય છે માટે.

હવે **જ્ઞાનદ્વારે** અલ્પબહુત્વ કહે છે—

૧ મનઃપર્યવજ્ઞાની સર્વ થકી થોડા; લબ્ધિવંત કોઇક સંયતનેજ એ જ્ઞાન હોય તે માટે. ૨ તે થકી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા; સમ્યગ્દૃષ્ટિ દેવતા–નારકીને પણ હોય તે માટે. ૩–૫ તે થકી મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની વિશેષાધિક છે, તિર્યંચ–મનુષ્ય માંહે અવધિ વિના સમ્યગ્દૃષ્ટિ છે તે પણ

૧ દેવતાને લોભ વધારે હોય, નારકીને ક્રોધ વધારે હોય, મનુષ્યને માન વધારે હોય અને તિર્યંચને માયા વધારે હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિક ગણવાથી અને માંહો–માંહે તે [મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની] બંને તુલ્ય છે, સહચારી છે માટે,* જત્થ મઈનાણં તત્થ સુયનાણં જત્થ સુયનાણં તત્થ મઈનાણં ઈતિવચનાત્. ૫ તે થકી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા છે; મિથ્યાદૃષ્ટિ દેવતા–નારકી અસંખ્યાતગુણા છે અને તે સર્વને વિભંગજ્ઞાન હોય તે માટે. ॥ ૪૦ ॥

**કેવલિણોણંતગુણા, મઈસુઅઅન્નાણિણંતગુણ તુલ્લા;**
**સુહુમા થોવા પરિહાર, સંખ અહખાય સંખગુણા,૪૧**

| | |
|---|---|
| કેવલિણો–કેવલજ્ઞાની જીવ | સુહુમા–સૂક્ષ્મસંપરાયવાળા |
| અણંતગુણા–અનંતગુણા | પરિહાર–પરિહારવિશુદ્ધિવાળા |
| મઈ–મતિઅજ્ઞાની | સંખ–સંખ્યાતગુણા |
| સુઅઅન્નાણિ–શ્રુતઅજ્ઞાની | અહખાય–યથાખ્યાતચારિત્રવાળા |
| તુલ્લા–બરાબર | સંખગુણા–સંખ્યાતગુણા |

અર્થ—કેવળજ્ઞાની અનંતગુણ હોય; મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની તેથી અનંતગુણ છે અને માંહોમાંહે બંને સરખા છે. સૂક્ષ્મસંપરાય ચારિત્રવાળા થોડા હોય; પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા તેથી સંખ્યાતગુણા હોય; યથાખ્યાત ચારિત્રવાળા તેથી સંખ્યાતગુણા હોય. ॥૪૧॥

વિવેચન— ૬ તે [વિભંગજ્ઞાની] થકી કેવળી અનંતગુણા છે, સિદ્ધ અનંતા માટે. ૭–૮ તે થકી મતિઅજ્ઞાની,

* જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય અને જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં મતિજ્ઞાન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુત અજ્ઞાની અનંતગુણા છે; સિદ્ધથકી પણ વનસ્પતિકાય અનંતગુણા છે માટે. એ બે માંહોમાંહે તુલ્ય છે.

હવે સંયમદ્વારે અલ્પબહુત્વ કહે છે—

૧ સૂક્ષ્મસંપરાય સંયમી સર્વ થકી થોડા છે; ઉત્કૃષ્ટા પણ શતપૃથક્ત્વ પામીએ તે માટે. ૨ તે થકી પરિહારવિશુદ્ધિ સંયમી સંખ્યાતગુણા છે; ઉત્કૃષ્ટા સહસ્રપૃથકત્વ પામીએ તે માટે. ૩ તે થકી યથાખ્યાત સંયમી સંખ્યાતગુણા છે; કોટી-પૃથકત્વ કેવળી સદાય હોય માટે. ॥ ૪૧ ॥

---

**છેય સમઇય સંખા, દેસ અસંખગુણણંતગુણ અજયા,**
**થોવ અસંખદુણંતા, ઓહિનયણ કેવલ અચક્ખુ. ૪૨**

| | |
|---|---|
| **છેય**—છેદોપસ્થાપનીયચારિત્રવાળા | **થોવ**—થોડા |
| **સમઇય**—સામાયિક ચારિત્રવાળા | **અસંખ**—અસંખ્યાતગુણા |
| **સંખા**—સંખ્યાતગુણા | **દુણંતા**—બે અનંતા |
| **દેસ**—દેશવિરતિ | **ઓહિ**—અવધિદર્શની |
| **અસંખગુણ**—અસંખ્યાતગુણ | **નયણ**—ચક્ષુદર્શની |
| **અણંતગુણ**—અનંતગુણા | **કેવલ**—કેવલદર્શની |
| **અજયા**—અવિરતિ | **અચક્ખુ**—અચક્ષુદર્શની |

**અર્થ**:—છેદોપસ્થાપનીય ચારિત્રવાળા સંખ્યાતગુણા હોય અને સામાયિક ચારિત્રવાળા તેથી સંખ્યાતગુણા હોય. દેશવિરતિ અસંખ્યાતગુણ હોય અને અવિરતિ અનંતગુણ હોય. અવધિદર્શની થોડા હોય, ચક્ષુદર્શની અસંખ્યાતગુણ હોય અને કેવળદર્શની તથા અચક્ષુદર્શની એ બે અનંતગુણ હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન—૪ તે યથાખ્યાત સંયમી થકી છેદોપસ્થાપનીય સંયમી સંખ્યાતગુણા હોય; કોટીશતપૃથક્ત્વ પામીએ માટે. ૫ તે થકી સામાયિક સંયમી સંખ્યાતગુણા હોય; કોટિસહસ્ર પૃથક્ત્વ સદાયે હોય માટે. ૬ તે થકી દેશવિરતિ અસંખ્યાતગુણા છે; તિર્યંચમાં દેશવિરતિ અસંખ્યાતા પામીએ તે માટે. તે થકી અવિરતિ–અસંયમી અનંતગુણા હોય, મિથ્યાદૃષ્ટિ અનંતા છે માટે.

હવે દર્શનદ્વારે અલ્પબહુત્વ કહે છે—

૧ સર્વ થકી થોડા અવધિદર્શની છે; દેવતા, નારકી મનુષ્ય અને તિર્યંચમાં કેટલાએક હોય તે માટે. તે થકી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા હોય; ચૌરિંદ્રિય અને પંચેંદ્રિય સર્વને હોય તે માટે. ૩ તે થકી કેવળદર્શની અનંતગુણા છે; સિદ્ધ અનંતા છે તે માટે. ૪ તે થકી અચક્ષુદર્શની અનંત ગુણ છે; સર્વ સંસારી જીવને અચક્ષુદર્શન છે તે માટે. ॥૪૨

---

**પચ્છાણુપુવ્વિ લેસા, થોવા દો સંખણંત દો અહિઆ,**
**અભવિઅર થોવ ણંતા, સાસણ થોવોવસમસંખા. ૪૩**

| | |
|---|---|
| પચ્છાણુપુવ્વિ–પશ્ચાનુપૂર્વી (છેલ્લેથી પહેલે આવવું) | અહિઆ–વિશેષાધિક |
| લેસા–લેશ્યા | અભવ–અભવ્યો |
| થોવા–થોડા | ઇઅર–ભવ્યો |
| દો–બે લેશ્યાવાળા | થોવ–થોડા |
| અસંખ–અસંખ્યાતગુણા | અણંત–અનંતગુણા |
| અણંત–અનંતગુણા | સાસણ–સાસ્વાદની |
| દો–બે લેશ્યાવંત | ઉવસમ–ઔપશમિકવાળા |
| | સંખા–સંખ્યાતગુણા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ—લેશ્યાવાળા પશ્ચાનુપૂર્વીએ ગણવા એટલે શુક્લ લેશ્યાવાળા સૌથી થોડા હોય, પદ્મ અને તેજો એ બે લેશ્યાવાળા અસંખ્યાતગુણ હોય. કાપોતલેશ્યાવાળા અનંતગુણ હોય અને ભવ્ય અનંતગુણા હોય; સાસ્વાદનસમ્યક્ત્વી થોડા હોય ઉપશમ સમ્યક્ત્વી સંખ્યાતગુણા હોય. ॥૪૩॥**

**વિવેચન**—હવે લેશ્યાદ્વારે અલ્પબહુત્વ કહે છે—પશ્ચાનુપૂર્વીએ લેશ્યા કહેવી. તે આ પ્રમાણે—૧ સર્વ થકી થોડા શુક્લ લેશ્યાવંત છે; લાંતકાદિક ઉપરના દેવતા સર્વ અને કોઇક મનુષ્ય–તિર્યંચમાં હોય તે માટે. ૨ પદ્મલેશ્યાવંત અસંખ્યાતગુણા છે; કોઈક મનુષ્ય–તિર્યંચ અને સનત્કુમાર, માહેન્દ્ર તથા બ્રહ્મલોક કલ્પના દેવતાને સર્વને હોય અને તે દેવતા ઉપરનાથી (લાંતકાદિકથી) અસંખ્યાતગુણા છે તે માટે. તે થકી તેજોલેશ્યાવંત અસંખ્યાતગુણા છે; જ્યોતિષી સૌધર્મ અને ઈશાનના સર્વ દેવતા; કેટલાએક ભવનપતિ, વ્યંતર, મનુષ્ય અને તિર્યંચમાં તેજોલેશ્યાવંત હોય તે માટે. ૪ તે થકી કાપોતલેશ્યાવંત અનંતગુણા છે; તે લેશ્યા અનંતકાયમાં પણ છે તે માટે. ૫ તે થકી નીલલેશ્યાવંત વિશેષાધિક છે; ઘણાને તે લેશ્યા હોય છે તે માટે. ૬ તે થકી કૃષ્ણલેશ્યાવંત વિશેષાધિક છે, ઘણાને હોય છે તે માટે.

હવે **ભવ્યદ્વારે** અલ્પબહુત્વ કહે છે,—

૧ અભવ્ય થોડા છે, જઘન્ય યુક્તાનંત પ્રમાણ છે તે માટે. ૨ તે થકી ભવ્ય એટલે મોક્ષગમન યોગ્ય તે અનંતગુણા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે સમ્યકત્વદ્વારે અલ્પબહુત્વ કહે છે—

૧ સાસ્વાદન સમ્યક્ત્વી સર્વથી થોડા હોય; ઉપશમ સમ્યક્ત્વ વમતાં કોઇકને હોય તે માટે. ૨ તે થકી ઔપશમિક સમ્યક્ત્વી સંખ્યાતગુણા હોય. ॥ ૪૩ ॥

---

**મીસાસંખાવેઅગ, અસંખગુણખઇઅમિચ્છદુઅણુંતા;**
**સન્નિઅર થોવણુંતા,—ણહાર થોવેઅર અસંખા ૪૪.**

| | |
|---|---|
| મીસા—મિશ્રદષ્ટિ | સન્નિ—સંજ્ઞી |
| સંખા—સંખ્યાતગુણા | ઇઅર—અસંજ્ઞી |
| વેઅગ—ક્ષાયોપશમિકસમકિતી | થોવ—થોડા |
| ખઇઅ—ક્ષાયિક સમ્યકત્વી | અણહાર—અણાહારી |
| મિચ્છ—મિથ્યાદષ્ટિ | ઇઅર—આહારી |
| દુ—(બે) બે | અસંખા—અસંખ્યગુણા |
| અણુંતા—અનંતગુણા | |

**અર્થ—મિશ્રદષ્ટિ સંખ્યાતગુણ હોય, ક્ષયોપશમ સમ્યક્ત્વવાળા અસંખ્યાતગુણ હોય અને ક્ષાયિક સમ્યકત્વવાળા તથા મિથ્યાત્વી એ બે અનંતગુણા હોય. સંજ્ઞી થોડા હોય અને અસંજ્ઞી અનંતા હોય. અણાહારી થોડા હોય અને આહારી અસંખ્યાતગુણ હોય. ॥૪૪॥**

વિવેચન—૩ (તે ઔપશમિક) થકી મિશ્રદષ્ટિ સંખ્યાતગુણા હોય. ૪ તે થકી વેદક તે ક્ષાયોપશમિક સમ્યકત્વી અસંખ્યાતગુણા હોય. ૫ તે થકી ક્ષાયિક સમ્યકત્વી અનંતગુણા હોય, સિદ્ધ અનંતા છે માટે. ૬ તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થકી મિથ્યાદૃષ્ટિ અનંતગુણા છે; સિદ્ધ થકી પણ વનસ્પતિકાય અનંત છે માટે.

હવે **સંજ્ઞીદ્વારે** અલ્પબહુત્વ કહે છે—

૧ સંજ્ઞી થોડા હોય; પંચેંદ્રિયમાંજ સંજ્ઞી હોય તે માટે. ૨ ઈતર તે અસંજ્ઞી અનંતગુણા હોય; એકેંદ્રિય અનંતા છે માટે.

હવે **આહારદ્વારે** અલ્પબહુત્વ કહે છે—

૧ અણાહારી થોડા છે; વિગ્રહગતિએ વર્તતા જીવ, કેવલિ સમુદ્ઘાતિ, અયોગી કેવળી અને સિદ્ધ એટલા જ અણાહારી હોય તે માટે. ૨ તે થકી આહારી અસંખ્યાતગુણા હોય; અણાહારીથી બીજા સર્વ આહારી હોય તે માટે.

અહીં અણાહારી થકી આહારી અનંતગુણા કેમ ન કહ્યા ?

**ઉત્તર :**—પ્રતિસમયે સદાયે એક નિગોદના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વિગ્રહગતિએ વર્તતા જીવ પામીએ; તે સર્વ અણાહારી છે તે માટે અસંખ્યાતગુણાજ યુક્ત છે. ॥૪૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ૬૨ | માર્ગણાસ્થાનેષુ | જીવભેદ ૧૪ | ગુણઠા૦ ૧૪ | યોગ ૧૫ | ઉપયોગ ૧૨ | લેશ્યા ૬ | અલ્પબહુત્વં | અનુક્રમ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૨ | ૪ | ૧૧ | ૯ | ૬ | અસંખ્યાતગુણા | ૩ |
| ૨ | મનુષ્યગતિ | ૩ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૩ | તિર્યંચગતિ | ૧૪ | ૫ | ૧૩ | ૯ | ૬ | અનંતગુણા | ૪ |
| ૪ | નરકગતિ | ૨ | ૪ | ૧૧ | ૯ | ૩ | અસંખ્યાતગુણા | ૨ |
| ૫ | એકેંદ્રિય | ૪ | ૨ | ૫ | ૩ | ૪ | અનંતગુણા | ૫ |
| ૬ | બેઈંદ્રિય | ૨ | ૨ | ૪ | ૩ | ૩ | વિશેષાધિક | ૪ |
| ૭ | તેઈંદ્રિય | ૨ | ૨ | ૪ | ૩ | ૩ | વિશેષાધિક | ૩ |
| ૮ | ચૌરિંદ્રિય | ૨ | ૨ | ૪ | ૪ | ૩ | વિશેષાધિક | ૨ |
| ૯ | પંચેંદ્રિય | ૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪ | ૨ | ૩ | ૩ | ૪ | વિશેષાધિક | ૩ |
| ૧૧ | અપ્કાઈયા | ૪ | ૨ | ૩ | ૩ | ૪ | વિશેષાધિક | ૪ |
| ૧૨ | તેઉકાઈયા | ૪ | ૧ | ૩ | ૩ | ૩ | અસંખ્યાતગુણા | ૨ |
| ૧૩ | વાયુકાઈયા | ૪ | ૧ | ૫ | ૩ | ૩ | વિશેષાધિક | ૫ |
| ૧૪ | વનસ્પતિકાય | ૪ | ૨ | ૩ | ૩ | ૪ | અનંતગુણા | ૬ |
| ૧૫ | ત્રસકાઈયા | ૧૦ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૧૬ | મનોયોગી | ૧-૨ | ૧૩ | ૧૫–૧૩ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૧૭ | વચનયોગી | ૫/૮ / | ૧૩/૨ | ૧૩/૪ | ૧૨/૪ | ૬ | અસંખ્યાતગુણા | ૨ |
| ૧૮ | કાયયોગી | ૧૪/૪ / | ૧૩/૬ | ૧૫/૫ | ૧૨/૩ | ૬ | અનંતગુણા | ૩ |
| ૧૯ | પુરૂષવેદી | ૨/ | ૯ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૨૦ | સ્રીવેદી | ૨/ | ૯ | ૧૩ | ૧૨ | ૬ | સંખ્યાતગુણા | ૨ |
| ૨૧ | નપુંસકવેદી | ૧૪. | ૯ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણા | ૩ |
| ૨૨ | ક્રોધકષાયી | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ | વિશેષાધિક | ૨ |
| ૨૩ | માનકષાયી | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૨૪ | માયાકષાયી | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ | વિશેષાધિક | ૩ |
| ૨૫ | લોભકષાયી | ૧૪ | ૧૦ | ૧૫ | ૧૦ | ૬ | વિશેષાધિક | ૪ |
| ૨૬ | મતિજ્ઞાની | ૨ | ૯ | ૧૫ | ૭ | ૬ | અસંખ્યાતગુણા | ૩ |
| ૨૭ | શ્રુતજ્ઞાની | ૨ | ૯ | ૧૫ | ૭ | ૬ | તુલ્ય | ૪ |
| ૨૮ | અવધિજ્ઞાની | ૨ | ૯ | ૧૫ | ૭ | ૬ | અસંખ્યાતગુણા | ૨ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | મનઃપર્યવજ્ઞાની | ૧ | ૭ | ૧૩ | ૭ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૩૦ | કેવળજ્ઞાની | ૧ | ૨ | ૭ | ૨ | ૧ | અનંતગુણા | ૬ |
| ૩૧ | મતિ અજ્ઞાની | ૧૪ | | ૧૩ | ૫ | ૬ | અનંતગુણા | ૭ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાની | ૧૪ | ૨ અથવા ૩ | ૧૩ | ૫ | ૬ | સરખા | ૮ |
| ૩૩ | વિભંગ જ્ઞાની | ૨ | | ૧૩ | ૫ | ૬ | અસંખ્યાતગુણા | ૫ |
| ૩૪ | સામાયિક ચારિત્રી | ૧ | ૪ | ૧૩ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૫ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ | ૪ | ૧૩ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૪ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ | ૨ | ૯ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૨ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ | ૧ | ૯ | ૭ | ૧ | સર્વથી થોડા | ૧ |
| ૩૮ | યથાખ્યાતચારિત્રી | ૧ | ૪ | ૧૧ | ૯ | ૧ | સંખ્યાતગુણા | ૩ |
| ૩૯ | દેશવિરતિ | ૧ | ૧ | ૧૧ | ૬ | ૬ | અસંખ્યાતગુણા | ૬ |
| ૪૦ | અવિરતિ | ૧૪ | ૪ | ૧૩ | ૯ | ૬ | અનંતગુણા | ૭ |
| ૪૧ | ચક્ષુદર્શની | ૬ | ૧૨ | ૧૩ | ૧૦ | ૬ | અસંખ્યાતગુ૦ | ૨ |
| ૪૨ | અચક્ષુદર્શની | ૧૪ | ૧૨ | ૧૫ | ૧૦ | ૬ | અનંતગુણા | ૪ |
| ૪૩ | અવધિદર્શની | ૨ | ૯ | ૧૫ | ૭ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૪૪ | કેવળદર્શની | ૧ | ૨ | ૭ | ૨ | ૧ | અનંતગુણા | ૩ |
| ૪૫ | કૃષ્ણલેશ્યાવંત | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | વિશેષાધિક | ૬ |
| ૪૬ | નીલલેશ્યાવંત | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | વિશેષાધિક | ૫ |
| ૪૭ | કાપોતલેશ્યાવંત | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | અનંતગુણા | ૪ |
| ૪૮ | તેજોલેશ્યાવંત | ૩ | ૭ | ૧૫ | ૧૦ | ૧ | અસંખ્યાતગુ૦ | ૩ |
| ૪૯ | પદ્મલેશ્યાવંત | ૨ | ૭ | ૧૫ | ૧૦ | ૧ | અસંખ્યાતગુણા | ૧ |
| ૫૦ | શુક્લલેશ્યાવંત | ૨ | ૧૩ | ૧૫ | ૧૨ | ૧ | સર્વથી થોડા | ૨ |
| ૫૧ | ભવ્ય | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણા | ૨ |
| ૫૨ | અભવ્ય | ૧૪ | ૧ | ૧૩ | ૫ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૫૩ | ક્ષાયોપશમિક સ૦ | ૨ | ૪ | ૧૫ | ૭ | ૬ | અસંખ્યાતગુણા | ૪ |
| ૫૪ | ક્ષાયિકસમ્યક્ત્વી | ૨ | ૧૧ | ૧૫ | ૯ | ૬ | અનંતગુણા | ૫ |
| ૫૫ | ઔપશમિક | ૨ | ૮ | ૧૩ | ૭ | ૬ | સંખ્યાતગુણા | ૨ |
| ૫૬ | મિશ્રદૃષ્ટિ | ૧ | ૧ | ૧૦ | ૫ ૬ | ૬ | સંખ્યાતગુણા | ૩ |
| ૫૭ | સાસ્વાદન સ૦ | ૭ | ૧ | ૧૩ | ૫ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૫૮ | મિથ્યાત્વી | ૧૪ | ૧ | ૧૩ | ૫ | ૬ | અનંતગુણા | ૬ |
| ૫૯ | સંજ્ઞી | ૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા | ૧ |
| ૬૦ | અસંજ્ઞી | ૧૨ | ૨ | ૬ | ૪ | ૪ | અનંતગુણા | ૨ |
| ૬૧ | આહારી | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૨ | ૬ | અસંખ્યાતગુણા | ૨ |
| ૬૨ | અણાહારી | ૮ | ૫ | ૧ | ૧૦ | ૬ | સર્વથી થોડા | ૧ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણઠાણાને વિષે જીવસ્થાન

**સવ્વજિઅઠાણમિચ્છે, સગસાસણિ પણઅપજ્જસન્નિદુગં;**
**સમ્મે સન્ની દુવિહો, સેસેસું સન્નિપજ્જત્તો ॥૪૫॥**

| | |
|---|---|
| **સવ્વજિઅઠાણ**—સર્વ જીવસ્થાન | **સન્નિદુગં**—સંજ્ઞિદ્વિક |
| **મિચ્છે**—મિથ્યાત્વ ગુણઠાણે | **સમ્મે**—(અવિરતિ)સમ્યગ્દષ્ટિ ગુણઠાણે |
| **સગ**—સાત | **સન્નીદુવિહો**—બે પ્રકારે સંજ્ઞી |
| **સાસણિ**—સાસ્વાદને | **સેસેસુ**—બાકીના ગુણસ્થાનને વિષે |
| **પણ**—પાંચ | **સન્નિપજ્જત્તો**—સંજ્ઞીપર્યાપ્તો |
| **અપજ્જ**—અપર્યાપ્તા | |

**અર્થ**—મિથ્યાત્વગુણઠાણે સર્વ જીવસ્થાન હોય, પાંચ અપર્યાપ્તા અને સંજ્ઞીદ્વિક મળી સાત જીવસ્થાન સાસ્વાદન ગુણઠાણે હોય. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે બે પ્રકારના સંજ્ઞી હોય. બાકીના ગુણસ્થાનકને વિષે સંજ્ઞી પર્યાપ્તો હોય. ॥ ૪૫ ॥

**વિવેચન**—હવે ચૌદ ગુણઠાણાને વિષે દશ દ્વાર કહે છે, ત્યાં પ્રથમ જીવસ્થાન કહે છે. મિથ્યાત્વ ગુણઠાણે સર્વે (ચૌદ) જીવના ભેદ હોય. સાસ્વાદન ગુણઠાણે સાત જીવના ભેદ હોય; તે કયા ? તે કહે છે—૧ બાદર એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય; ૩ તેઇંદ્રિય, ૪ ચૌરિંદ્રિય અને ૫ અસંજ્ઞી પંચેંદ્રિય, એ પાંચ અપર્યાપ્તા અને સંજ્ઞિ પંચેંદ્રિયપર્યાપ્તા-અપર્યાપ્તા એવં સાત હોય.* ઈહાં સઘળે અપર્યાપ્તો કહ્યો તે કરણ

* એકેંદ્રિયમાં સમ્યક્ત્વ વમતો અવતરે તેથી અપર્યાપ્ત અવસ્થાએ સાસ્વાદન ગુણઠાણું હોય અને સંજ્ઞીપંચેંદ્રિયને ગ્રંથીભેદ કર્યા પછી [ઉપશમ સમ્યક્ત્વ પામીને] પડતાં સાસ્વાદન ગુણઠાણું હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપર્યાપ્તો જાણવો પણ લબ્ધિ અપર્યાપ્તો નહીં. જે ભણી લબ્ધિ અપર્યાપ્તામાં સાસ્વાદન ગુણઠાણું હોય નહીં. સમ્યક્ત્વ ગુણઠાણે સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તો અને અપર્યાપ્તો એ બે ભેદ હોય, શેષ મિશ્ર, દેશવિરતિ વગેરે ૧૧ ગુણઠાણે સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તો એ એકજ જીવનો ભેદ હોય. ॥૪૫॥

---

ગુણઠાણાને વિષે યોગ

**મિચ્છદુગિઅજઇજોગા–હારદુગુણા અપુવ્વપણગે ઉ;**
**મણવઇઉરલં સવિઉવ્વિ,મીસિસવિઉવ્વિદુગદેસે.૪૬.**

| | |
|---|---|
| મિચ્છદુગિ–મિથ્યાત્વ અને સાસ્વાદને | મણ– મનના [ચાર] |
| અજઇ–અવિરતિ સમ્યગ્દષ્ટિએ | વઇ–વચનના [ચાર] |
| જોગા–યોગો | ઉરલં–ઔદારિક કાયયોગ |
| આહારદુગ–આહારક યોગ અને આહારક મિશ્રયોગ | સવિઉવ્વિ–વૈક્રિય સહિત |
| ઊણા–ઓછા | મીસિ–મિશ્ર ગુણઠાણે |
| અપુવ્વપણગે–ઉ–અપૂર્વાદિક પાંચ ગુણઠાણે તો | સવિઉવ્વિદુગ–વૈક્રિયદ્વિકસહિત |
| | દેસે–દેશવિરતિ ગુણઠાણે |

અર્થ–મિથ્યાત્વદ્વિક [મિથ્યાત્વ અને સાસ્વાદન]ને વિષે અને અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે આહારકદ્વિક વિના[તેર] યોગ હોય. અપૂર્વકરણાદિ પાંચ ગુણઠાણે તો મનના [૪] વચનના [૪] અને ઔદારિકકાય યોગ [એ નવ] હોય. વૈક્રિયકાયયોગ સહિત [દશ યોગ] મિશ્ર ગુણઠાણે હોય. દેશવિરતિ ગુણઠાણે વૈક્રિયદ્વિક સહિત [અગિયાર યોગ] હોય ॥૪૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન—૧ મિથ્યાત્વ, ૨ સાસ્વાદન, ૩ અવિરતિ સમ્યગ્દષ્ટિ એ ત્રણ ગુણઠાણે આહારકદ્વિક વિના ૧૩ યોગ હોય આહારકદ્વિક તો સંયતને જ હોય તે માટે. અપૂર્વાદિક ૮–૯–૧૦–૧૧–૧૨એ પાંચ ગુણઠાણે ચાર મનના, ચાર વચનના અને ઔદારિક કાયયોગ એવં નવ યોગ હોય. અહીં લબ્ધિનું પ્રયુંજવું[1] ન હોય તે માટે વૈક્રિયદ્વિક અને આહારકદ્વિક એ યોગો ન હોય,[2] મિશ્રગુણઠાણે પૂર્વોક્ત નવ યોગ વૈક્રિયકાયયોગ સહિત એટલે દશ યોગ હોય, વૈક્રિયવંતને મિશ્ર ગુણઠાણું હોય પણ મિશ્રે વૈક્રિય પ્રારંભ ન કરે તે માટે વૈક્રિયમિશ્ર ન હોય. દેશવિરતિ ગુણઠાણે પૂર્વોક્ત નવ યોગ વૈક્રિયદ્વિક સહિત એટલે ૧૧ યોગ હોય. ॥૪૬॥

---

**સાહારદુગ પમત્તે, તે વિઉવાહારમીસ વિણુ ઇઅરે;**
**કમ્મુરલદુગંતાઇમ-મણવયણ સજોગિ ન અજોગી.૪૭.**

| | |
|---|---|
| **સાહારદુગ**—આહારકદ્વિકસહિત | **ઉરલદુગ**—ઔદારિકદ્વિક |
| **પમત્તે**—પ્રમત્ત ગુણઠાણે | **અંતાઇમ**—પહેલા અને છેલ્લા |
| **તે**—[તેર યોગ] | **મણવયણ**—મનોયોગ અને વચન યોગ. |
| **વિઉવાહારમીસ**—વૈક્રિયમિશ્ર તથા આહારકમિશ્ર | **સજોગિ**—સયોગી ગુણઠાણે |
| **વિણુ**—વિના | **ન**—ન હોય. |
| **ઇઅરે**—અપ્રમત્ત ગુણઠાણે | **અજોગી**—અયોગી ગુણઠાણે |
| **કમ્મ**—કાર્મણ કાયયોગ | |

---

૧ અતિ વિશુદ્ધિ ચારિત્ર હોવાથી. ૨ તેમજ અહીં અપર્યાપ્તો ન હોય તેથી ઔદારિકમિશ્ર ન હોય અને કાર્મણકાયયોગ તો અંતરાલ ગતિમાં હોય તેથી અહીં ન હોય. વળી સમુદ્ઘાત અવસ્થા પણ અહીં નથી માટે તે બંને યોગ ન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ-પૂર્વોક્ત અગ્યાર યોગ આહારકદ્વિક સહિત[તેર યોગ] પ્રમત્ત ગુણઠાણે હોય. તે તેર યોગ વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર વિના [એટલે અગ્યાર યોગ] અપ્રમત્ત ગુણઠાણે હોય. કાર્મણ કાયયોગ, ઔદારિકદ્વિક. છેલ્લા અને પહેલા મનના તથા વચનના [બે-બે] યોગ [એ સાત] સયોગી કેવળીને હોય અને અયોગી કેવળીને યોગ ન હોય. ॥૪૭॥**

**વિવેચન**—પ્રમત્ત ગુણઠાણે પૂર્વોક્ત ૧૧ તે આહારકદ્વિકે સહિત એવં તેર યોગ હોય; અહીં આહારક શરીર કરે તે માટે. તે અપ્રમત્ત ગુણઠાણે પૂર્વોક્ત તેર યોગ વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર એ બે યોગ વિના એટલે ૧૧ યોગ હોય; પ્રમત્ત થકો વૈક્રિય-આહારક કરીને સાતમે આવે ત્યારે વૈક્રિય-આહારક યોગ હોય; પણ અપ્રમત્ત થકો વૈક્રિય-આહારક કરે પણ નહી અને છાંડે પણ નહિ તે માટે અપ્રમત્તને વૈક્રિયમિશ્ર-આહારકમિશ્ર ન હોય. ૧ કાર્મણ કાયયોગ, ૨ ઔદારિકમિશ્ર કાયયોગ એ બે યોગ કેવળિસમુદ્ઘાતે હોય અને ઔદારિક કાયયોગ. પહેલા અને છેલ્લા મન અને વચનના યોગ; એ પાંચ તો સહજે હોય, એવં સાત યોગ સયોગી ગુણઠાણે કેવળીને હોય. અયોગી ગુણઠાણે એકે યોગ ન હોય, યોગનો રોધ કરીને અયોગી થયા માટે ॥ ૪૭ ॥

### ગુણઠાણાને વિષે ઉપયોગ

**તિઅનાણ દુદંસાઇમ-દુગે અજઇ દેસિનાણદંસતિગં;**
**તે મીસિ મીસા સમણા, જયાઇ* કેવલદુ અંતદુગે ૪૮**

---

*'કેવલિદુગંતદુગે' ઇતિ પાઠાંતરમ્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિઅનાણ—ત્રણ અજ્ઞાન
દુદંસ—[ચક્ષુ—અચક્ષુ] બે દર્શન
આઇમદુગે—આદિના બે ગુણઠાણે
અજઇ—અવિરતિએ
દેસિ—દેશવિરતિએ
નાણદંસતિગં-જ્ઞાનદર્શનત્રિક[છ]
તે—તે [છ ઉપયોગ]
મીસિ—મિશ્ર ગુણઠાણે
મીસા—અજ્ઞાને મિશ્ર
સમણા—મનઃપર્યવજ્ઞાન સહિત
જયાઈ—પ્રમત્તાદિ [સાત]ગુણઠાણે
કેવલદુ—કેવળજ્ઞાન તથા કેવળ-
દર્શન
અંતદુગે—છેલ્લાં બે ગુણઠાણે

અર્થ:—પહેલા બે ગુણઠાણે ત્રણ અજ્ઞાન અને બે દર્શન [ચક્ષુ—અચક્ષુ] હોય. અવિરતિ અને દેશવિરતિ ગુણઠાણે ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન હોય, તે છ ઉપયોગ મિશ્રગુણઠાણે અજ્ઞાને કરી મિશ્ર હોય. મનઃપર્યવજ્ઞાન સહિત [સાત ઉપયોગ] પ્રમત્તાદિ [સાત] ગુણઠાણે હોય, અને છેલ્લા બે ગુણઠાણે કેવળદ્વિક હોય. ॥૪૮॥

વિવેચન:—મિથ્યાત્વ અને સાસ્વાદન એ બે ગુણઠાણે ત્રણ અજ્ઞાન અને ચક્ષુ—અચક્ષુ એ બે દર્શન એવં પાંચ ઉપયોગ હોય. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ એ બે ગુણઠાણે ત્રણ જ્ઞાન, ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શન એવં ૬ ઉપયોગ હોય. મિશ્ર ગુણઠાણે એજ છ ઉપયોગ તે અજ્ઞાને કરી મિશ્રિત હોય. કોઈ વાર સમ્યક્ત્વબાહુલ્ય હોય ત્યારે જ્ઞાનબાહુલ્ય અને કોઈવારે મિથ્યાત્વબાહુલ્ય હોય ત્યારે અજ્ઞાનબાહુલ્ય હોય. અહીંઆં મિશ્ર ગુણઠાણે જે અવધિદર્શન કહ્યું તે સિદ્ધાંતને અભિપ્રાયે જાણવું પણ એ કર્મગ્રંથનો અભિપ્રાય નહીં. પ્રમત્તથી બારમા લગે સાત ગુણઠાણે પૂર્વોક્ત છ ઉપયોગ મનઃપર્યવ જ્ઞાને સહિત એટલે સાત ઉપયોગ હોય. અંતદ્વિક એટલે છેલ્લાં બે, સયોગી અને અયોગી ગુણઠાણાને વિષે કેવળજ્ઞાન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કેવળદર્શન એ બે ઉપયોગ હોય, શેષ ૧૦ છાદ્મસ્થિક ઉપયોગ છે તે ઇહાં ન હોય. નટ્ઠંમિ ય છાઉમત્થિએ નાણે ઇતિ વચનાત્ ॥૪૮॥

**સાસણભાવે નાણું, વિઉવ્વગાહારગે ઉરલમિસ્સં;**
**નેગિંદિસુ સાસાણો; નેહાહિગયં સુયમયંપિ ॥૪૯॥**

| | |
|---|---|
| સાસણભાવે—સાસ્વાદનભાવે | એગિંદિસુ—એકેંદ્રિયને વિષે |
| નાણં— મતિ—શ્રુતજ્ઞાન | સાસાણો—સાસ્વાદનપણું. |
| વિઉવ્વગાહારગે—વૈક્રિય અને આહારક શરીરે. | નેહાહિગયં—અહીં ગ્રહણ કર્યું નથી |
| ઉરલમિસ્સં—ઔદારિકમિશ્રયોગ | સુયમયંપિ—સૂત્રને વિષે માન્યું છે—પણ |
| ન—નથી | |

અર્થ—સાસ્વાદનપણું છતે જ્ઞાન, વૈક્રિય અને આહારક શરીરે ઔદારિકમિશ્ર કાયયોગ અને એકેંદ્રિયને વિષે સાસ્વાદનપણું નથી; એ પ્રકારે સૂત્રને વિષે માનેલું છે, છતાં અહીં [કર્મગ્રંથમાં] ગ્રહણ કર્યું નથી. ॥ ૪૯ ॥

વિવેચનઃ—હવે અહીંઆં સૂત્રને સંમત છે પણ કેટલાએક બોલ કર્મગ્રંથે નથી લીધા તે કહે છે. સિદ્ધાંતે સાસ્વાદન હોય ત્યાં જ્ઞાન કહ્યું છે, તે માટે બેઇંદ્રિયાદિકને ઉપજતાં સાસ્વાદનપણે જ્ઞાની કહ્યા છે, તે કર્મગ્રંથે જ્ઞાન ન કહ્યું. તેનો અભિપ્રાય એ છે કે, જે સાસ્વાદન છે તે સમ્યક્ત્વથી પડતાં હોય, તે મિથ્યાત્વને સન્મુખ છે માટે મેલું સમ્યક્ત્વ છે, ત્યાં જ્ઞાન પણ મલીન છે; તે માટે અજ્ઞાન જ કહ્યું. તથા 'પન્નવણા ભગવતી' પ્રમુખે વૈક્રિય અને આહારકને પ્રારંભકાળે ઔદારિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે મિશ્રભાવે ઔદારિકમિશ્ર કહ્યું છે પણ તે કર્મગ્રંથે અંગીકાર ન કર્યું, તેનો એ હેતુ જે, ગુણપ્રત્યયિક લબ્ધિને બલવત્તરપણે કરીને કરવા માંડે તેનું પ્રાધાન્યપણું હોય તે માટે, અહીં વૈક્રિયાહારકનું પ્રાધાન્ય વિવક્ષ્યું તેથી ઔદારિકમિશ્ર યોગ ન ગ્રહ્યો પણ વૈક્રિયાહારકને પ્રારંભકાળે તથા પરિત્યાગકાળે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્રજ કહ્યા. તથા સિદ્ધાંતે એકેંદ્રિયમાંહે સાસ્વાદન ગુણઠાણું નથી એમ કહ્યું છે અને કર્મગ્રંથે એકેંદ્રિયમાં સાસ્વાદન કહ્યું છે; એનું કારણ કાંઈ જણાતું નથી. જે સિદ્ધાંતે સ્પષ્ટ ના કહી તે કર્મગ્રંથકારે કેમ આદરી એનું તત્ત્વ કેવળી જાણે.

વળી અહીં આ ગાથામાંહે નથી કહ્યું પણ 'ભગવતી પન્નવણા જીવાભિગમ' પ્રમુખ સિદ્ધાંતમાંહે વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન કહ્યું છે, તે માટે પહેલાથી માંડી બારમા ગુણઠાણા લગે અવધિદર્શન હોય અને અહીંઆં કર્મગ્રંથના મતે વિભંગજ્ઞાનીને અવધિદર્શન ન કહ્યું તે માટે ચોથા ગુણઠાણાથી ઉપરના ગુણઠાણેજ અવધિદર્શન હોય એમ કહ્યું છે. ॥ ૪૯ ॥

---

## ગુણઠાણાને વિષે લેશ્યા

**છસુ સવ્વા તેઉતિગં, ઇગિ છસુ સુક્કા અજોગિઅલ્લેસા ;
બંધસ્સ મિચ્છ અવિરઈ, કસાય જોગત્તિ ચઉહેઉ. ૫૦**

| | |
|---|---|
| **છસુ**—છ ગુણઠાણાને વિષે | તેઉતિગં—તેજો પદ્મ અને શુક્લ |
| **સવ્વા**—સર્વ લેશ્યા હોય | એ ત્રણ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ઈગિ—એક[અપ્રમત્ત]ને વિષે | મિચ્છ—મિથ્યાત્વ |
| સુક્કા—શુકલ લેશ્યા | અવિરઈ—અવિરતિ |
| અજોગિ—અયોગી કેવળી | કસાય—કષાય |
| અલ્લેસા—લેશ્યા રહિત હોય | જોગત્તિ—યોગ એમ |
| બંધસ્સ—બંધના | ચઉહેઉ—ચાર હેતુ હોય છે. |

**અર્થ—[પહેલા] ૭ ગુણઠાણાને વિષે સર્વ લેશ્યા હોય; એક [અપ્રમત્ત] ગુણઠાણાને વિષે તેજો આદિત્રણ લેશ્યા હોય; ૭ [અપૂર્વકરણાદિ]ગુણઠાણાને વિષે શુકલ લેશ્યા હોય અને અયોગી કેવળી લેશ્યારહિત છે. મિથ્યાત્વ, અવિરતિ,કષાય અને યોગ એમ ચાર હેતુ બંધના હોય છે. ॥૫૦॥**

વિવેચન-૭ ગુણઠાણાને વિષે છએ લેશ્યા હોય. અહીંયાં પ્રત્યેક લેશ્યાના અસંખ્યાતા લોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનક છે, તે માટે પ્રમત્તો પણ કૃષ્ણલેશ્યાના અધ્યવસાય હોય; તે વિરોધ નહીં. સાતમે અપ્રમત્તગુણઠાણે ૧ તેજો, ૨ પદ્મ અને ૩ શુક્લલેશ્યા હોય, આઠમાથી તેરમા લગે છ ગુણઠાણે એક શુક્લલેશ્યા હોય અને અયોગી ગુણઠાણે લેશ્યા ન હોય.

## હવે કર્મબંધના હેતુ કહે છે—

કર્મ બાંધવાના ૧ મિથ્યાત્વ, ૨ અવિરતિ ૩ કષાય અને ૪ યોગ એ ચાર મૂળ હેતુ છે. મદ્યવિષયાદિ પ્રમાદ તે પણ કર્મબંધના હેતુ છે પણ તે અવિરતિ અને યોગમાંહે આવ્યા માટે જુદા કહ્યા નથી ॥ ૫૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અભિગહિઅમણભિગહિઆભિનિવેસિયસંસઇય-**
**મણાભોગં;**
**પણમિચ્છબારઅવિરઇ, મણકરણાનિયમુછજિઅવહો.**

| | |
|---|---|
| **અભિગહિઅં**—અભિગ્રહિક. | **બારઅવિરઇ**—બાર અવિરતિ. |
| **અણભિગહિઅં**-અનભિગ્રહિક. | **મણ**—મન. |
| **અભિનિવેસિય**—આભિનિવેશિક. | **કરણ**—ઇંદ્રિયોને. |
| **સંસઇયં**—સાંશયિક. | **અનિયમુ**—અનિયમન [તાબામાં રાખે નહિં તે]. |
| **અણાભોગં**—અનાભોગ. | **છજિઅવહો**—છકાયજીવનો વધ. |
| **પણમિચ્છ**—એ પાંચ મિથ્યાત્વ. | |

**અર્થ—અભિગ્રહિક, અનભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગ એ પાંચ મિથ્યાત્વ. મન અને ઇંદ્રિયોનું છુટાપણું અને છકાય જીવનો વધ એ બાર અવિરતિ. ૫૧**

**વિવેચન**—૧ પોતે માનેલું એ જ દર્શન સારૂં ઇત્યાદિ અભિગ્રહિક મિથ્યાત્વ, ૨ સર્વે દર્શન સારાં ઇત્યાદિ અનભિગ્રહિક મિથ્યાત્વ, ૩ પોતે ખોટું જાણે તો પણ ગોષ્ટામાહિલાદિકની જેમ પકડયો મત મૂકે નહીં તે આભિનિવેશિક મિથ્યાત્વ, ૪ જિનપ્રણીત વચનને વિષે સંશય રાખે તે સાંશયિક મિથ્યાત્વ, ૫ એકેંદ્રિયાદિકની પેઠે અજાણપણું તે અનાભોગ મિથ્યાત્વ; એ પાંચ ભેદે મિથ્યાત્વ જાણવું.

હવે બાર ભેદે અવિરતિ કહે છે—પાંચ ઇંદ્રિય અને છટ્ઠું મન એ છ પોતપોતાને વિષયે પ્રવર્તે તેનું અનિવારણ [છૂટાપણું] અને પૃથ્વીકાયાદિ છ કાયજીવનો વધ એ બાર ભેદ અવિરતિના જાણવા. ॥ ૫૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નવ સોલ કસાયા પનર, જોગ ઇઅ ઉત્તરા ઉ સગવન્ના;**
**ઇગ ચઉ પણ તિગુણેસુ, ચઉતિદુઇગપચ્ચઓ બંધો.**

| | |
|---|---|
| **નવસોલકસાયા**—નવ તથા સોળ [મળી પચીશ] કષાય. | પાંચ, ત્રણ. |
| **પનરજોગ**—પંદર યોગ. | **ગુણેસુ**—ગુણઠાણાને વિષે [ અનુક્રમે. ] |
| **ઇઅ ઉત્તરાઉ**—એપ્રકારે ઉત્તર ભેદ વળી. | **ચઉ તિ દુ ઇગ**—ચાર, ત્રણ, બે, એક. |
| **સગવન્ના**—સત્તાવન. | **પચ્ચઓ બંધો**—પ્રત્યયિક બંધ હોય. |
| **ઇગ ચઉ પણ તિ**—એક. ચાર, | |

**અર્થ—નવ [નોકષાય] અને સોળ [કષાય] કષાયો, પંદર યોગ, એ પ્રકારે ઉત્તરભેદ વળી સત્તાવન થાય છે એક ચાર, પાંચ અને ત્રણ ગુણઠાણાને વિષે અનુક્રમે ચાર, ત્રણ, બે અને એક હેતુ પ્રત્યયિક બંધ હોય. ॥ ૫૨ ॥**

**વિવેચન**—હાસ્યાદિક નવ નોકષાય અને સોળ કષાય, એવં ૨૫ કષાય અને પૂર્વે વર્ણવેલા પન્નર યોગઃ એ સર્વ મળીને બંધના મૂળ હેતુના ૫૭ ઉત્તરહેતુ જાણવા.

હવે ગુણઠાણે મૂળ ચાર હેતુ કહે છે—પહેલે મિથ્યાત્વ ગુણઠાણે ચારે હેતુ પ્રત્યયિક બંધ હોય; સાસ્વાદનાદિક ચાર ગુણઠાણે મિથ્યાત્વ ટાળીને ત્રણ પ્રત્યયિક બંધ હોય, અહીંઆં મિથ્યાત્વ ટળ્યું છે તે માટે. પ્રમત્તાદિક પાંચ ગુણઠાણે કષાય અને યોગ એ બે પ્રત્યયિક બંધ હોય, અવિરતિ પણ ટળી છે તે માટે; તથા ઉપશાંતમોહાદિક ત્રણ ગુણઠાણે એક જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગપ્રત્યયિક બંધ હોય, કષાય પણ ટળ્યા છે માટે; અને અયોગી તો હેતુના અભાવે અબંધક હોય. ॥ ૫૨ ॥

---

### ૧૨૦ ઉત્તરપ્રકૃતિને વિષે મૂળ બંધહેતુ.

**ચઉમિચ્છ મિચ્છઅવિરઇ-પચ્ચઇઆ સાય સોલ પણતીસા; જોગવિણુતિપચ્ચઇઆ,–હારગજિણવજ્જ-સેસાઓ. ૫૩**

**ચઉ**—ચાર પ્રત્યયિકી
**મિચ્છ**—મિથ્યાત્વ પ્રત્યયિકી
**મિચ્છઅવિરઇપચ્ચઇઆ**—મિથ્યાત્વ અને અવિરતિ પ્રત્યયિકી
**સાય**—સાતા વેદનીય
**સોલ**—સોળ પ્રકૃતિ
**પણતીસા**—પાંત્રીસ પ્રકૃતિ
**જોગવિણુ**—યોગવિના
**તિ**—ત્રણ [બંધહેતુ]
**પચ્ચઇઆ**—પ્રત્યયિકી હોય.
**આહારગ**—આહારકદ્વિક
**જિણ**—જિનનામકર્મ
**વજ્જ**—વર્જીને
**સેસાઓ**—શેષ પ્રકૃતિઓ

**અર્થ**—ચાર હેતુપ્રત્યયિકી સાતાવેદનીય, મિથ્યાત્વપ્રત્યયિકી સોળ પ્રકૃતિ અને મિથ્યાત્વ તથા અવિરતિ પ્રત્યયિકી પાંત્રીશ પ્રકૃતિ હોય. જોગ વિના ત્રણ બંધહેતુ પ્રત્યયિકી આહારકદ્વિક અને જિનનામ વર્જીને બાકીની પ્રકૃતિ જાણવી.

**વિવેચન**—એક સાતા વેદનીય ચાર હેતુએ બંધાય, મિથ્યાત્વથી સયોગી લગે બંધાય છે તે માટે, નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવર ચતુષ્ક, હુંડક સંસ્થાન, આતપ નામકર્મ, છેવટ્ઠું સંઘયણ, નપુંસકવેદ અને મિથ્યાત્વ, એ સોળ પ્રકૃતિ એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાત્વ હેતુએજ બંધાય, એનો મિથ્યાત્વ ગુણઠાણેજ બંધ છે. ઉપરના ગુણઠાણે નથી તે માટે/તથા તિર્યંચત્રિક, થીણદ્ધિત્રિક, દુર્ભગત્રિક, અનંતાનુબંધી ચતુષ્ક, મધ્યાકૃતિચતુષ્ક, મધ્યસંઘયણ ચતુષ્ક, નીચગોત્ર, ઉદ્યોત નામકર્મ, અશુભ વિહાયોગતિ, સ્ત્રીવેદ એ પચીશ પ્રકૃતિ સાસ્વાદનને અંતે ટળે અને વજ્રઋષભનારાચ સંઘયણ, મનુષ્યત્રિક, બીજા ચાર કષાય અને ઔદારિકદ્વિક એ દશ પ્રકૃતિ અવિરતિને અંતે ટળે; એવં ૩૫ પ્રકૃતિ મિથ્યાત્વ અને અવિરતિ એ બે હેતુએ બંધાય; અવિરતિ ટળ્યે એનો બંધ ટળે તે માટે એ પર પ્રકૃતિ કહી/શેષ ૬૮ રહી તે માંહેથી આહારકદ્વિક અને જિન નામકર્મ એ ત્રણ ટાળીને શેષ ૬૫ પ્રકૃતિ યોગ વિના મિથ્યાત્વ, અવિરતિ અને કષાય એ ત્રણ હેતુએ બંધાય; મિથ્યાત્વથી સૂક્ષ્મસંપરાય લગે એનો યથાયોગ્ય બંધ છે, પછી કેવળ યોગ રહ્યો ત્યાં એનો બંધ નહીં તે માટે યોગ ટાળ્યો, આહારકદ્વિક અને જિનનામ એ ત્રણ પ્રકૃતિ તો એ ચાર હેતુ માંહિ કોઈ હેતુએ ન બંધાય, કારણ કે સમ્યક્ત્વ ગુણે કરીને તીર્થંકરનામ બંધાય, અને સંયમ ગુણે કરીને આહારકદ્વિક બંધાય, 'સમ્મત્તગુણનિમિત્તં તિત્થયરં સંજમેણ આહારં' ઇતિ વચનાત્. ॥ ૫૩ ॥

---

ગુણઠાણાને વિષે ઉત્તર બંધહેતુ.

**પણપન્નપન્નાતિઅછહિઅચત્તગુણચત્તછચઉદુગવીસા;**
**સોલસ દસ નવ નવ સત્ત, હેઉણો ન ઉ અજોગિમ્મિ.૫૪**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| પણપન્ન—પંચાવન | સોલસ—સોલ |
| પન્ના—પચાસ. | દસ—દશ |
| તિઅછહિઅચત્ત—તેંતાલીસ, છેંતાલીશ. | નવ નવ—નવ, નવ |
| | સત્ત—સાત |
| ગુણચત્ત—ઓગણચાલીશ | હેઉઓ—બંધહેતુઓ |
| છચઉદુગવીસા—છવીશ, ચોવીશ અને બાવીશ | ન ઉ—નથી વળી. |
| | અજોગિંમિ—અયોગી ગુણઠાણે. |

અર્થ—અનુક્રમે પંચાવન, પચાસ, તેંતાલીશ, છેંતાલીશ ઓગણચાળીશ, છવીશ, ચોવીશ, બાવીશ, સોળ, દશ, નવ, નવ અને સાત ઉત્તર બંધહેતુઓ તેર ગુણઠાણાને વિષે જાણવા. અયોગી ગુણઠાણે વળી બંધહેતુ નથી. ॥ ૫૪ ॥

વિવેચન—મિથ્યાત્વે ૫૫ બંધહેતુ હોય, સાસ્વાદને ૫૦, મિશ્રે ૪૩, અવિરતિ સમ્યકત્વે ૪૬, દેશવિરતિ ગુણઠાણે ૩૯, પ્રમત્તે ૨૬, અપ્રમત્તે ૨૪, અપૂર્વકરણે ૨૨, અનિવૃત્તિબાદરે ૧૬, સૂક્ષ્મસંપરાયે ૧૦, ઉપશાંતમોહે ૯, ક્ષીણમોહે ૯, અને સયોગીઓ ૭ બંધહેતુ હોય. અને અયોગી ગુણઠાણે હેતુ નહીં. બંધનો અભાવ છે માટે. ॥ ૫૪ ॥

---

**પણપન્નમિચ્છિહારગદુગૂણસાસાણિપન્નમિચ્છવિણા;**
**મીસદુગકમ્મઅણ વિણુ, તિચત્ત મીસે અહ છચત્તા. ૫૫**

| | |
|---|---|
| પણપન્ન—પંચાવન | હીન |
| મિચ્છિ—મિથ્યાત્વ ગુણઠાણે | સાસાણિ—સાસ્વાદને |
| આહારગદુગૂણ—આહારકદ્વિકે | પન્ન—પચાસ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મિચ્છવિણા**—મિથ્યાત્વ વિના.
**મીસદુગ**—મિશ્રદ્વિક (ઔદારિક-મિશ્ર, વૈક્રિયમિશ્ર).
**કમ્મ**—કાર્મણ કાયયોગ
**અણ**—અનંતાનુબંધિ
**વિણુ**—વિના
**તિચત્ત**—તેંતાલીશ
**મીસે**—મિશ્ર ગુણઠાણે
**અહ**—હવે
**છચત્તા**—છેંતાલીશ

**અર્થ**—આહારકદ્વિક વિના ૫૫ બંધહેતુ મિથ્યાત્વ ગુણઠાણે હોય. સાસ્વાદને પાંચ મિથ્યાત્વ વિના ૫૦ બંધહેતુ હોય. મિશ્રદ્વિક [ઔદારિકમિશ્ર–વૈક્રિયમિશ્ર], કાર્મણકાય-યોગ, અનંતાનુબંધી કષાય [એ સાત] વિના ૪૩ બંધહેતુ મિશ્ર ગુણઠાણે હોય. પછી ૪૬ બંધહેતુ હોય. ॥ ૫૫ ॥

**વિવેચન**—મિથ્યાત્વ ગુણઠાણે આહારકદ્વિકનો ઉદય ન હોય તે માટે ૫૫ બંધહેતુ હોય. સાસ્વાદન ગુણઠાણે પાંચ મિથ્યાત્વ વિના ૫૦ બંધહેતુ હોય; પાંચ મિથ્યાત્વ તો મિથ્યાત્વ ગુણઠાણે રહ્યા તે માટે. આ ૫૦ બંધહેતુ માંહેથી ૧ ઔદારિકમિશ્ર, ૨ વૈક્રિયમિશ્ર, ૩ કાર્મ્મણકાય-યોગ અને ચાર અનંતાનુબંધી કષાય, એ સાત વિના મિશ્ર ગુણઠાણે ૪૩ હેતુ હોય ૧ ઔદારિકમિશ્ર, ૨ વૈક્રિયમિશ્ર, ૩ કાર્મણ એ ત્રણ તો ઊપજતી વેળાએ અને ગત્યંતરાલે હોય પણ મિશ્ર ગુણઠાણે કોઇ જીવ મરે નહીં તે માટે ન હોય અને અનંતાનુબંધીનો ઉદય તો સાસ્વાદન લગેજ હોય, તે માટે પણ અહીં ન હોય. હવે છેંતાલીશ હોય. [ક્યાં હોય તે આગળની ગાથામાં કહે છે.] ॥ ૫૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સદુમીસકમ્મઅજએ, અવિરઇ કમ્મુરલમીસબિકસાએ ।**
**મુત્તુ ગુણચત્ત દેસે, છવીસ સાહારદુ પમત્તે ॥૫૬॥**

**સ**—સહિત
**દુમીસ**—બે મિશ્ર [ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર].
**કમ્મ**—કાર્મણયોગ
**અજએ**—અવિરતિ ગુણઠાણે
**અવિરઇ**—ત્રસકાયનું અવિરતિપણું
**કમ્મ**—કાર્મણયોગ
**ઉરલમીસ**—ઔદારિક મિશ્ર
**બિકસાએ**—બીજા (અપ્રત્યાખ્યાનીય ચાર) કષાય
**મુત્તુ**—મૂકીને
**ગુણચત્ત**—ઓગણચાલીશ
**દેસે**—દેશવિરતિ ગુણઠાણે
**છવીસ**—છવીસ
**સાહારદુ**—આહારકદ્વિક સહિત
**પમત્તે**—પ્રમત્ત ગુણઠાણે

**અર્થ**—બે મિશ્રયોગ અને કાર્મણ કાયયોગ સહિત [૪૬ બંધ હેતુ] અવિરતિ ગુણઠાણે હોય. ત્રસકાયની અવિરતિ, કાર્મણ કાયયોગ, ઔદારિકમિશ્ર અને બીજા [અપ્રત્યાખ્યાનીય] ચાર કષાય મૂકીને ૩૯ બંધહેતુ દેશવિરતિ ગુણઠાણે હોય. પ્રમત્ત ગુણઠાણે ૨૬ બંધહેતુ હોય; તે આહારકદ્વિક સહિત અને, ॥ ૫૬ ॥

**વિવેચન** — પૂર્વોક્ત ૪૩ હેતુને ૧ ઔદારિકમિશ્ર, ૨ વૈક્રિયમિશ્ર અને ૩ કાર્મણ એ ત્રણ સહિત કરતાં અવિરતિ ગુણઠાણે ૪૬ હેતુ હોય; એ ત્રણ હેતુ ગત્યંતરાલે હોય અને ગત્યંતરાલે પણ ચોથું ગુણઠાણું હોય તે માટે. તે મધ્યથી ૧ ત્રસકાયની અવિરતિ ૨ કાર્મણ ૩ ઔદારિકમિશ્ર અને અપ્રત્યાખ્યાનીય ચાર કષાય, એ સાત હેતુ ટાળીએ ત્યારે દેશવિરતિ ગુણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઠાણે ૩૯ હેતુ હોય. પ્રમત્ત ગુણઠાણે ૨૬ બંધ હેતુ હોય, ત્યાં આહારકદ્વિકનો ઉદય હોય તે માટે તે બે સહિત કરીએ એટલે ॥ ૫૬ ॥

---

**અવિરઇઇગારતિકસાય,વજ્જઅપમત્તિમીસદુગરહિઆ;**
**ચઉવીસ અપુવ્વે પુણ, દુવીસ અવિઉવ્વિઆહારે. ૫૭**

| | |
|---|---|
| **અવિરઈ**—અવિરતિ | **રહિઆ**—રહિત |
| **ઈગાર**—અગિયાર | **ચઉવીસ**—ચોવીશ |
| **તિકસાય**—ત્રીજા [પ્રત્યાખ્યાનીય] ચાર કષાય, | **અપુવ્વે**—અપૂર્વકરણે |
| **વજ્જ**—રહિત | **પુણ**—વળી |
| **અપમત્તિ**—અપ્રમત્ત ગુણઠાણે, | **દુવીસ**—બાવીશ |
| **મીસદુગ**—મિશ્રદ્વિક | **અવિઉવ્વિઆહારે**—વૈક્રિય અને આહારક વિના. |

**અર્થ—અગિયાર અવિરતિ તથા ત્રીજા [પ્રત્યાખ્યાનીય] ચાર કષાય રહિત [૨૬ હેતુ પ્રમત્તે] હોય અને અપ્રમત્ત ગુણઠાણે વળી વૈક્રિય મિશ્ર અને આહારક મિશ્ર વિના ૨૪ તથા અપૂર્વ કરણે વૈક્રિય અને આહારક વિના ૨૨ બંધહેતુ હોય.**

વિવેચન—૪૧ હેતુ થાય; તે માંહેથી ૧૧ અવિરતિ અને પ્રત્યાખ્યાનીય ચાર કષાય, એ ૧૫ હેતુ ટાળીએ ત્યારે પ્રમત્ત ગુણઠાણે ૨૬ હેતુ હોય. અપ્રમત્ત થકો વૈક્રિય-આહારકનો પ્રારંભ ન કરે તે માટે અપ્રમત્તે ૧ વૈક્રિયમિશ્ર અને ૨ આહારકમિશ્ર એ બે હેતુ ટાળીને ૨૪ હેતુ હોય, અપૂર્વ-કરણ ગુણઠાણે વૈક્રિય અને આહારક પણ ન હોય તે માટે ૨૨ હેતુ હોય. ૫૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અછહાસસોલબાયરિ, સુહુમેદસવેઅસંજલણુતિવિણા;**
**ખીણુવસંતિ અલોભા, સજોગિ પુવ્વુત્ત સગ જોગા. ૫૮**

| | |
|---|---|
| **અછહાસ**–હાસ્યાદિક છ વિના | **વિણા**–વિના |
| **સોલ**–સોલ | **ખીણુવસંતિ**–ક્ષીણમોહ તથા ઉપશાંતમોહે |
| **બાયરિ**–બાદર સંપરાયે | **અલોભા**–લોભ વિના [નવ] |
| **સુહુમે**–સૂક્ષ્મ સંપરાગે | **સજોગિ**–સયોગી ગુણઠાણે |
| **દસ**–દશ | **પુવ્વુત્ત**–પૂર્વોક્ત |
| **વેઅ**–વેદ ત્રણ | **સગજોગા**–સાત યોગ |
| **સંજલણતિ**–સંજવલન ત્રણ | |

**અર્થ**—હાસ્યષટ્ક વિના સોળ બંધહેતુ બાદર સંપરાયે હોય. સૂક્ષ્મસંપરાયે ત્રણ વેદ અને સંજવલનત્રિક [ક્રોધ, માન, માયા] વિના દશ બંધહેતુ હોય. ક્ષીણમોહ તથા ઉપશાંતમોહ ગુણઠાણે લોભ વિના નવ બંધહેતુ હોય. સયોગીકેવળી ગુણઠાણે પૂર્વોક્ત સાત યોગ હોય. ॥ ૫૮ ॥

**વિવેચન**—પૂર્વોક્ત ૨૨ હેતુમાંહેથી હાસ્યાદિ છ વર્જીને ૧૬ હેતુ અનિવૃત્તિબાદર ગુણઠાણે હોય. તે માંહેથી ત્રણ વેદ અને સંજવલનત્રિક એ ૬ હેતુ ટાળીને સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ૧૦ હેતુ હોય. તે માંહેથી સંજવલનનો લોભ ટાળીને ઉપશાંતમોહ તથા ક્ષીણમોહ એ બે ગુણઠાણે ૯ હેતુ હોય. સયોગી ગુણઠાણે પહેલું તથા છેલ્લું મન, પહેલું તથા છેલ્લું વચન, ઔદારિક કાયયોગ, ઔદારિકમિશ્ર કાયયોગ અને કાર્મણ કાયયોગ એ સાત હેતુ હોય.

ઈહાં ચૌદ ગુણઠાણે ઉત્તર બંધહેતુ કહ્યા, તે સર્વ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ આશ્રયીને સમુચ્ચય પદે કહ્યા. પણ એકેક જીવ આશ્રયીને વિવક્ષીએ ત્યારે તેના ૪૭૧૩૦૧૦ ભાંગા થાય.

પ્રથમ મિથ્યાત્વ ગુણઠાણે ૩૪૭૭૬૦૦ ભાંગા થાય, તે આ પ્રમાણે મિથ્યાત્વ ગુણઠાણે આહારક દ્વિક વિના ૫૫ હેતુ સમુચ્ચયપદે કહ્યા. પણ એક જીવને તો જઘન્યથી ૧૦; મધ્યમથી ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, અને ઉત્કૃષ્ટથી ૧૮ હેતુ, એમ નવ વિકલ્પ હોય, ત્યાં પાંચ મિથ્યાત્વમાંથી એક જીવને એક સમયે એકજ મિથ્યાત્વ હોય, પાંચ ઇંદ્રિય મધ્યે એક ઈંદ્રિયનો વિષય હોય અને મનની અવિરતિ તો યોગ મધ્યેજ ગણી છે માટે અહીંઆં ગણવી નહીં. તથા છકાય મધ્યે કોઈક જીવ કોઈ વારે એક કાયનો વધ કરે એટલે પૃથ્વીનોજ વધ કરે અથવા અપ્નો જ વધ કરે એવં છ કાયના ૬ ભાંગા થાય. કોઈક જીવ બે કાયનો વધ કરે. તેના દ્વિસંયોગી ૧૫ ભાંગા થાય. કોઈક જીવ ત્રણ કાયનો વધ કરે, તેના ત્રિસંયોગી ૨૦ ભાંગા થાય. એમ ચતુઃસંયોગી ૧૫ ભાંગા, પંચસંયોગી ૬ ભાંગા અને ષટ્સંયોગી એક ભાંગો થાય. જ્યાં જેટલી કાયનો વધ વિવક્ષીએ ત્યાં તેટલા ભાંગા સાથે પાંચ મિથ્યાત્વે ગુણીએ, તેને પાંચ ઇંદ્રિયે ગુણીએ, તેને બે યુગલ સાથે ગુણીએ, તેને ત્રણ વેદે ગુણીએ, તેને ચાર કષાયે ગુણીએ, તેને વળી યોગ સાથે ગુણીએ એટલે જ્યાં જેટલા મિથ્યાત્વ વગેરે હોય તેટલા સાથે અનુક્રમે ગુણીએ ત્યારે ત્યાં તેટલા ભાંગા થાય. એ ભાંગા ઉપજાવવાની વિધિઃ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મિથ્યાત્વે બંધહેતુ ભાંગા.

હવે પ્રથમ મિથ્યાત્વે જઘન્યપદે ૧ એક કાયનો વધ, ૨ એક મિથ્યાત્વ, ૩ એક ઇંદ્રિય, ૪–૫ એક યુગલ, ૬ એક વેદ, ૭–૯ ત્રણ કષાય, તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી પડતો મિથ્યાત્વે આવે ત્યારે બંધાવલિકા અથવા સંક્રમાવલિકા લગે અનંતાનુબંધી ઉદયે ન હોય ત્યારે કષાયના ત્રણજ ભેદ હોય અને અનંતાનુબંધીના ઉદય વિના મિથ્યાત્વી મરે નહીં તેથી અપર્યાપ્તાવસ્થાભાવી ૧ કાર્મણ, ૨ ઔદારિક-મિશ્ર, ૩ વૈક્રિયમિશ્ર એ ત્રણ યોગ પણ ન હોય ત્યારે ૧૦ યોગ માંહેલો એક યોગ એ ૧૦ હેતુ હોય, માટે એક કાયના ભાંગા ૬, તેને પાંચ મિથ્યાત્વ સાથે ગુણતાં ૩૦ થયા. તેને પાંચ ઇંદ્રિય સાથે ગુણતાં ૧૫૦ થયા. તેને બે યુગલ સાથે ગુણતાં ૩૦૦ થયા. તેને ત્રણ વેદ સાથે ગુણતાં ૯૦૦ થયા. તેને ૪ કષાય સાથે ગુણતાં ૩૬૦૦ થયા. તેને દશ યોગ સાથે ગુણતાં ૩૬૦૦૦ થયા. એ દશ હેતુના ભાંગા થયા.

હવે એ દશ માંહે ભય ભેળવીએ ત્યારે ૧૧ હેતુ થાય, ત્યાં પણ એમજ ૩૬૦૦૦ ભાંગા થાય. અથવા કુચ્છા [ જુગુપ્સા ] ભેળવીએ તોપણ ૩૬૦૦૦ ભાંગા થાય અથવા બે કાયનો વધ વિવક્ષીએ તોપણ ૧૧ હેતુ થાય; ત્યાં કાયભાંગા ૧૫ સાથે પૂર્વોક્ત રીતિએ ગુણીએ ત્યારે ૯૦૦૦૦ ભાંગા થાય, તથા અનંતાનુબંધીનો ઉદય હોય ત્યારે ૪ કષાયે ૧૧ હેતુ હોય, ત્યાં યોગ ૧૩ છે તેથી ત્યાં [1]ભાંગા ૪૬૮૦૦

[1] ચાર કષાય સુધી ગુણતાં પૂર્વોક્ત રીતે ૩૬૦૦ ભાંગા થાય, તેને તેર યોગ સાથે ગુણતાં ૪૬૮૦૦ ભાંગા થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય. એ ૧૧ હેતુના ૪ વિકલ્પ ભેળા કરીએ ત્યારે ૨૦૮૮૦૦ ભાંગા થાય.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે ૧૨ હેતુ થાય, ત્યાં ૩૬૦૦૦ ભાંગા થાય. તથા ભય અને બે કાય લેખવીએ ત્યારે બે કાયના ૧૫ ભાંગા સાથે ગુણતાં ૯૦૦૦૦ ભાંગા થાય, કુચ્છા અને બે કાય સાથે ૯૦૦૦૦ થાય. ત્રણકાય લેખવીએ ત્યારે ૨૦ ભાંગા સાથે ગુણતાં ૧૨૦૦૦૦ થાય. અનંતાનુબંધીનો ઉદય હોય ત્યારે અનંતાનુબંધી અને ભય ભેળવીએ ત્યાં યોગ ૧૩ હોય; ત્યારે ૪૬૮૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી અને કુચ્છા ભેળવતાં ૪૬૮૦૦ ભાંગા થાય. તથા અનંતાનુબંધી અને બે કાય લેખવતાં ૧૧૭૦૦૦ ભાંગા થાય. એ બાર હેતુના ૭ વિકલ્પે થઇને ૫૪૬૬૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય તથા કુચ્છા ભેળવીએ અને *બે કાય લેખવીએ ત્યારે ૧૩ હેતુ થાય, ત્યાં ૯૦૦૦૦ ભાંગા થાય. ભય અને ત્રણ કાય લેખવીએ ત્યારે ૧૨૦૦૦૦ ભાંગા થાય. કુચ્છા અને ત્રણ કાયે પણ ૧૨૦૦૦૦ ભાંગા થાય. ૪ કાય લેખવીએ ત્યારે ૯૦૦૦૦ ભાંગા થાય તથા અનંતાનુબંધીને ઉદયે ભય, કુચ્છા મેળવીએ ત્યારે યોગ ૧૩ હોય, તેથી ૪૬૮૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, ભય અને બે કાય લેખવતાં ૧૧૭૦૦૦ ભાંગા થાય; તેમજ અનં-

* એક કાય પ્રથમના દશ હેતુમાં ગણાયેલ છે. તેથી બે કાય ગણવી જેથી ફક્ત એક હેતુ વધ્યો એમ બધે સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાનુબંધી, કુચ્છા અને બે કાય ભેળવતાં ૧૧૭૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી અને ત્રણકાય લઈએ ત્યારે ૧૫૬૦૦૦ ભાંગા થાય. એ ૧૩ હેતુના આઠ વિકલ્પે થઈને ૮૫૬૮૦૦ ભાંગા થાય.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય તથા કુચ્છા ભેળવીએ અને ત્રણ કાય લેખવીએ ત્યારે ૧૪ હેતુ થાય. ત્યાં ૧૨૦૦૦૦ ભાંગા થાય. ભય ભેળવીને ૪ કાય લેખવીએ ત્યારે ૯૦૦૦૦ ભાંગા થાય. કુચ્છા ભેળવીને ચાર કાય લેખવીએ ત્યારે ૯૦૦૦૦ ભાંગા થાય. પાંચ કાય ગણીએ ત્યારે ૩૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધીને ઉદયે ભય–કુચ્છા અને બે કાય ગણીએ ત્યારે યોગ ૧૩ હોય, ત્યારે ૧૧૭૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, ભય અને ત્રણ કાય ગણતાં ૧૫૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, કુચ્છા અને ત્રણ કાય લેખવીયે ત્યારે ૧૫૬૦૦૦ ભાંગા થાય તથા અનંતાનુબંધી અને ચાર કાય ગણીએ ત્યારે ૧૧૭૦૦૦ ભાંગા થાય. એ ચૌદ હેતુના આઠ વિકલ્પે થઈને ૮૮૨૦૦૦ ભાંગા થાય.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય, કુચ્છા ભેળવીએ અને ૪ કાય ગણીએ એટલે ૧૫ હેતુ હોય; ત્યાં ૯૦૦૦૦ ભાંગા થાય, ભય અને ૫ કાયના ૩૬૦૦૦ ભાંગા થાય. કુચ્છા અને ૫ કાયના ૩૬૦૦૦ ભાંગા થાય અને છ કાય લેખવીએ ત્યારે ૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધીને ઉદયે યોગ ૧૩ હોય તેથી અનંતાનુબંધી ભય અને કુચ્છા ભેળવીએ અને ત્રણ કાય ગણીએ ત્યારે ૧૫૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી તથા ભય ભેળવીએ અને ૪ કાય ગણીએ ત્યારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૭૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, કુચ્છા અને ૪ કાય ભેળવીએ ત્યારે ૧૧૭૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી અને ૫ કાય ગણીએ ત્યારે ૪૬૮૦૦ ભાંગા થાય. એ ૧૫ હેતુના આઠ વિકલ્પે થઇને ૬૦૪૮૦૦ ભાંગા થાય.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય, કુચ્છા અને ૫ કાય ભેળવીએ એટલે ૧૬ હેતુ થાય, ત્યાં ૩૬૦૦૦ ભાંગા થાય. ભય અને ૭ કાયના ૬૦૦૦ ભાંગા થાય. કુચ્છા અને ૭ કાયના ૬૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધીને ઉદયે યોગ ૧૩ હોય તેથી અનંતાનુબંધી, ભય, કુચ્છા અને ૪ કાય ગણીએ ત્યાં ૧૧૭૦૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, ભય અને ૫ કાય ગણીએ ત્યારે ૪૬૮૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, કુચ્છા અને ૫ કાય ભેળવીએ, ત્યારે ૪૬૮૦૦ ભાંગા થાય, અનંતાનુબંધી અને ૬ કાય ભેળવીએ ત્યારે ૭૮૦૦ ભાંગા થાય. એ સોળ હેતુના ૭ વિકલ્પે થઈને ૨૬૬૪૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ મધ્યે ભય, કુચ્છા અને ૭ કાય લઈએ ત્યારે ૧૭ હેતુ હોય, ત્યાં ૬૦૦૦ ભાંગા થાય, અનંતાનુબંધીને ઉદયે ભય–કુચ્છા અને ૫ કાય ગણીએ ત્યારે ૪૬૮૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, ભય અને કાય ૬ હોય, ત્યાં ૭૮૦૦ ભાંગા થાય. અનંતાનુબંધી, કુચ્છા અને ૬ કાય હોય, ત્યાં ૭૮૦૦ ભાંગા થાય એ ૧૭ હેતુના ચાર વિકલ્પે થઈને ૬૮૪૦૦ ભાંગા થયા.

હવે ૬ કાય, ૧ મિથ્યાત્વ, ૧ ઇન્દ્રિય, ૪ કષાય, ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુગલ [ હાસ્યાદિ. ], ૧ વેદ, ૧ યોગ, ભય અને કુચ્છા, એ ૧૮ હેતુના ૭૮૦૦ ભાંગા થાય. એવં મિથ્યાત્વ ગુણઠાણે ૧૦ થી ૧૮ હેતુના ૯ વિકલ્પે થઈને ૩૪૭૭૬૦૦ ભાંગા થાય.

હવે બીજા સાસ્વાદન ગુણઠાણે ૩૮૩૦૪૦ ભાંગા ઉપજે, તે આ પ્રમાણે–પાંચ મિથ્યાત્વ ટાળતાં સાસ્વાદન ગુણઠાણે સર્વ જીવ આશ્રયીને ૫૦ હેતુ કહ્યા પણ એક જીવને તો જઘન્ય ૧૦. મધ્યમ ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ઉત્કૃષ્ટા ૧૭ હેતુ એક સમયે હોય, એ આઠ વિકલ્પ હોય. અનંતાનુબંધીનો ઉદય અવશ્ય હોય, મિથ્યાત્વ પાંચે ન હોય. જઘન્યપદે કાય ૧ નો વધ, ઇંદ્રિય ૧, કષાય ૪, હાસ્યાદિયુગલ ૨. વેદ ૧ અને યોગ ૧૩ માંહેલો એક; એ દશ હેતુ હોય. એક કાયાના ભાંગા ૬ તેને પાંચ ઇંદ્રિય સાથે ગુણતાં ૩૦ થાય, તેને ચાર કષાય સાથે ગુણતાં ૧૨૦ થાય, તેને બે યુગલ સાથે ગુણીએ ત્યારે ૨૪૦ થાય, તેને ૩ વેદ સાથે ગુણીએ ત્યારે ૭૨૦ થાય, તેને ૧૩ યોગ સાથે ગુણીએ ત્યારે ૯૩૬૦ થાય, સાસ્વાદનમાં નપુંસકવેદે વૈક્રિયમિશ્ર યોગ ન હોય, કેમકે સાસ્વાદની નારકીમાં ન ઉપજે, તે માટે ૯૩૬૦ માંથી ૨૪૦ ભાંગા ઓછા કરીએ ત્યારે ૯૧૨૦ ભાંગા ૧૦ હેતુના થાય, તે ૧૦ હેતુ માંહે ભય મેળવીએ ત્યારે ૧૧ હેતુ થાય, ત્યાં પણ ૯૧૨૦ ભાંગા થાય. એમ દશ હેતુમાં કુચ્છા ભેળવીએ ત્યારે પણ ૧૧ હેતુના ૯૧૨૦ ભાંગા થાય. તથા કાય ૨ લઈએ ત્યારે ત્યાં ભાંગા ૨૨૮૦૦ થાય. એમ ૧૧ હેતુના ત્રણ વિકલ્પે ૪૧૦૪૦ ભાંગા થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માંહે ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે ૧૨ હેતુ થાય, ત્યારે ૯૧૨૦ ભાંગા થાય. ભય અને કાય ૨ લઈએ ત્યારે ભાંગા ૨૨૮૦૦ થાય. કુચ્છા અને કાય ૨ લઇએ ત્યારે ૨૨૮૦૦ ભાંગા થાય. ફક્ત ૩ કાય લેતાં ૩૦૪૦૦ ભાંગા થાય એ ૧૨ હેતુના ૪ વિકલ્પે ૮૫૧૨૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માંહે ભય અને કુચ્છા ભેળવીએ અને કાય ૨ લઈએ ત્યારે ૧૩ હેતુ થાય, ત્યાં ૨૨૮૦૦ ભાંગા થાય, ભય અને કાય ૩ લઈએ ત્યારે ૩૦૪૦૦ ભાંગા થાય. કુચ્છા અને કાય ૩ લઈએ ત્યારે ૩૦૪૦૦ ભાંગા થાય. ફક્ત ૪ કાયજ લઈએ ત્યારે ૨૨૮૦૦ ભાંગા થાય. એ ૪ વિકલ્પે ૧૩ હેતુના ૧૦૬૪૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માંહે ભય, કુચ્છા અને કાય ૩ ભેળવીએ ત્યારે ૧૪ હેતુ થાય. ત્યાં ૩૦૪૦૦ ભાંગા થાય. ભય અને કાય ૪ લઈએ ત્યારે ૨૨૮૦૦ ભાંગા થાય. કુચ્છા અને કાય ૪ લઇએ ત્યારે ૨૨૮૦૦ ભાંગા થાય. ફક્ત ૫ કાય જ લઈએ ત્યારે ૯૧૨૦ ભાંગા થાય. એ ૪ વિકલ્પે ૧૪ હેતુના ૮૫૧૨૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માંહે ભય, કુચ્છા અને કાય ૪ મેલવીએ ત્યારે ૧૫ હેતુ થાય, ત્યાં ૨૨૮૦૦ ભાંગા થાય. ભય અને ૫ કાય લઈએ ત્યારે ૯૧૨૦ ભાંગા થાય. કુચ્છા અને પાંચ કાય લઈએ ત્યારે ૯૧૨૦ ભાંગા થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફક્ત ૭ કાય લઇએ ત્યારે ૧૫૨૦ ભાંગા થાય. એમ ૧૫ હેતુના ૪ વિકલ્પે ૪૨૫૬૦ ભાંગા થાય.

હવે પૂર્વોક્ત ૧૦ હેતુ માંહે ભય, કુચ્છા અને ૫ કાય લેખવીએ ત્યારે ૧૬ હેતુ થાય, ત્યાં ૯૧૨૦ ભાંગા થાય, ભય અને ૬ કાય લેખવીએ ત્યારે ૧૫૨૦ ભાંગા થાય, કુચ્છા અને ૭ કાય લેખવીએ ત્યારે ૧૫૨૦ ભાંગા થાય. એવં ૩ વિકલ્પે ૧૬ હેતુના ૧૨૧૬૦ ભાંગા થયા,

હવે ૭ કાય, ૧ ઇંદ્રિય, ૪ કષાય, ૨ યુગલ. ૧ વેદ, ૧ ભય, ૧ કુચ્છા. ૧ યોગ. એ ૧૭ હેતુના ૧૫૨૦ ભાંગા થાય. એ પ્રકારે સાસ્વાદન ગુણઠાણે આઠ વિકલ્પે થઈને ૩૮૩૦૪૦ ભાંગા થયા.

હવે મિશ્ર ગુણઠાણે ૩૦૨૪૦૦ ભાંગા હોય, તે આ પ્રમાણે–મિશ્રે ૪૩ હેતુ કહ્યા તે ૪ અનંતાનુબંધી, ઔદારિક મિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણ એ ૭ હેતુ સાસ્વાદન કરતાં ઓછા હોય એટલે ૪૩ હેતુ હોય. એક જીવને તો જઘન્યથી ૯, મધ્યમ ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ઉત્કૃષ્ટ ૧૬ હેતુ હોય, ત્યાં જઘન્યથી ૧ કાય, ૧ ઇંદ્રિય, ૩ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ અને યોગ ૧૦ માંહેલો ૧, એ નવ હેતુ હોય, એક કાયના ભાંગા ૬ તેને પાંચ ઇંદ્રિય સાથે ગુણતાં ૩૦ થાય, તેને ૪ કષાય સાથે ગુણતાં ૧૨૦ થાય; તેને બે યુગલ સાથે ગુણતાં ૨૪૦ થાય, તેને ૩ વેદ સાથે ગુણતાં ૭૨૦ થાય. તેને ૧૦ યોગ સાથે ગુણતાં ૭૨૦૦ ભાંગા ૯ હેતુના થાય. તે નવમાં ભય ભેળવીએ ત્યારે ૭૨૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાંગા થાય. કુચ્છા ભેળવીએ ત્યારે ૭૨૦૦ ભાંગા થાય. અને ૨ કાય લઈએ ત્યારે ૧૮૦૦૦ ભાગા થાય, એ દશ હેતુના ૩ વિકલ્પે ૩૨૪૦૦ ભાંગા થયા.

પૂર્વોક્ત ૯ માંહે ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે ૧૧ હેતુ થાય, ત્યારે ૭૨૦૦ ભાંગા થાય. ભય અને કાય બે લઇએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા થાય, કુચ્છા અને બે કાય લઈએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા થાય. ત્રણ કાયજ લઈએ. ત્યારે ૨૪૦૦૦ ભાંગા થાય. એ ૧૧ હેતુના ૪ વિકલ્પે ૬૭૨૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૯ માંહે ભય, કુચ્છા અને ૨ કાય લઇએ ત્યારે ૧૨ હેતુના ૧૮૦૦૦ ભાંગા થાય. ભય અને ૩ કાય લઇએ ત્યારે ૨૪૦૦૦ ભાંગા થાય. કુચ્છા અને ૩ કાય લઇએ ત્યારે ૨૪૦૦૦ ભાંગા થાય. કાય ૪ લઇએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા થાય. એ ૧૨ હેતુના ચાર વિકલ્પે ૮૪૦૦૦ ભાંગા થયા.

પૂર્વોક્ત ૯ માંહે ભય–કુચ્છા અને કાય ૩ લઈએ ત્યારે ૧૩ હેતુના ૨૪૦૦૦ ભાંગા થાય. ભય અને કાય ૪ લઇએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા; કુચ્છા અને કાય ૪ લઈએ ત્યારે ૧૮૦૦૦ ભાંગા થાય. પાંચ કાયજ લઈએ ત્યારે ૭૨૦૦ ભાંગા; એ ૧૩ હેતુના ૪ વિકલ્પે ૬૭૨૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૯ માંહે ભય, કુચ્છા અને કાય ૪ લેખવીએ ત્યારે ૧૪ હેતુના ૧૮૦૦૦ ભાંગા થાય. ભય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫ કાય લઇએ ત્યારે ૭૨૦૦ ભાંગા, કુચ્છા અને ૫ કાય લઇએ ત્યારે પણ ૭૨૦૦ ભાંગા, છ કાયજ લઈએ ત્યારે ૧૨૦૦ ભાંગા; એ ૪ વિકલ્પે ૧૪ હેતુના ૩૩૬૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૯ માંહે ભય, કુચ્છા અને પાંચ કાય લેખવીએ ત્યારે ૧૫ હેતુના ૭૨૦૦ ભાંગા થાય. ભય અને છ કાય લઈએ ત્યારે ૧૨૦૦ ભાંગા. કુચ્છા અને ૬ કાય લઇએ ત્યારે ૧૨૦૦ ભાંગા. એ ૧૫ હેતુના ૩ વિકલ્પે ૯૬૦૦ ભાંગા થયા. ૬ કાય, ૧ ઇંદ્રિય, ૩ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ, ૧ યોગ, ભય અને કુચ્છા; એ પ્રકારે ૧૬ હેતુના ૧૨૦૦ ભાંગા થાય. એ આઠ વિકલ્પે થઈને મિશ્ર ગુણઠાણે ૩૦૨૪૦૦ ભાંગા થયા.

હવે ચોથે અવિરતિ ગુણઠાણે ૩૮૩૦૪૦ ભાંગા ઉપજે તે આ પ્રમાણે—અવિરતિ ગુણઠાણે યોગ તેર હોય તેથી ૪૬ હેતુ હોય. એક જીવને જઘન્ય ૯, મધ્યમ ૧૦ ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ઉત્કૃષ્ટા ૧૬ હેતુ હોય, ત્યાં જઘન્યથી ૧ કાય, ૧ ઇંદ્રિય, ૩ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ અને ૧ યોગ; એ નવ હેતુ હોય. અહીંયાં સર્વત્ર ભાંગા સાસ્વાદનની પેઠેજ કહેવા. સાસ્વાદને જેમ નપુંસકવેદે વૈક્રિયમિશ્ર ન હોય, તેમ અહીંઆં અવિરતિ નપુંસકવેદીને ઔદારિકમિશ્ર યોગ ન હોય; સમ્યગ્દૃષ્ટિ જીવ નપુંસક નર–તિર્યંચમાં ન જાય તે માટે. અહિંઆં કોઇ કહે છે જે સ્ત્રીવેદીને પ્રાયે અપર્યાપ્તા અવસ્થાએ ચોથું ગુણઠાણું ન હોય તે માટે સ્ત્રીવેદીને ચોથે ગુણઠાણે ૧ ઔદારિકમિશ્ર, ૨ વૈક્રિયમિશ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ૩ કાર્મ્મણ એ ત્રણ યોગ ન હોય; ત્યારે તેના ભાંગા પણ ઓછા થાય. નવ હેતુના ૮૪૦૦, દશ હેતુના ૩૭૮૦૦ અગ્યાર હેતુના ૭૮૪૦૦, બાર હેતુના ૯૮૦૦૦, તેર હેતુના ૭૮૪૦૦, ચૌદ હેતુના ૩૯૨૦૦, પંદર હેતુના ૧૧૨૦૦ અને સોળ હેતુના ૧૪૦૦ ભાંગા થાય, એ સર્વ મળીને ૩૫૨૮૦૦ ભાંગા થયા. પણ એ મત બહુ સમ્મત નથી; જે માટે બ્રાહ્મી, સુંદરી, શ્રીમલ્લિનાથ, રાજીમતી વગેરે અનુત્તર વિમાનથી અહીંયાં સ્ત્રીવેદે અવતર્યા તેને અપર્યાપ્તપણે ચોથું ગુણઠાણું કેમ નહિ હોય? તે માટે એ વિચારવા યોગ્ય છે, તત્ત્વ તો બહુશ્રુત જાણે.

હવે પાંચમે દેશવિરતિ ગુણઠાણે ૧૬૩૬૮૦ ભાંગા ઉપજે, તે આ પ્રમાણે–અવિરતિ ગુણઠાણે ૪૬ હેતુ હતા તે માંહેથી ૪ અપ્રત્યાખ્યાનીય કષાય, ૧ ત્રસકાયની અવિરતિ, ઔદારિકમિશ્ર અને કાર્મ્મણ; એ ૭ હેતુ ટાળતાં શેષ હેતુ દેશવિરતિ ગુણઠાણે હોય, ત્રસથી વિરમ્યા માટે એક કાયના ૫ ભાંગા, ૧૦ દ્વિસંયોગી, ૧૦ ત્રિસંયોગી, ૫ ચતુઃસંયોગી અને ૧ પંચસંયોગી એ પ્રકારે ભાંગા જાણવા. અહીંયાં એક જીવ આશ્રયી જઘન્યથી ૮, મધ્યમ ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ઉત્કૃષ્ટા ૧૪ હેતુ હોય, એમ સાત વિકલ્પ છે. ત્યાં જઘન્યથી ૧ કાય, ૧ ઈંદ્રિય, ૨ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ અને યોગ ૧૧ માંહેલો ૧; એ આઠ હેતુ હોય. ત્યાં ૧ કાયના ભાંગા ૫, તેને પાંચ ઈંદ્રિય સાથે ગુણતાં ૨૫ થાય, તેને ૪ કષાયે ગુણતાં ૧૦૦ થાય, તેને બે યુગલ સાથે ગુણતાં ૨૦૦ થાય, તેને ૩ વેદ સાથે ગુણતાં ૬૦૦ થાય; તેને ૧૧ યોગ સાથે ગુણતાં ૬૬૦૦ ભાંગા આઠ હેતુના થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે આઠ હેતુમાં ભય ભેળવીએ ત્યારે ૬૬૦૦ ભાંગા, કુચ્છા ભેળવીએ ત્યારે ૬૬૦૦ ભાંગા અને કાય ૨ લઈએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા થાય. એ નવ હેતુના ૩ વિકલ્પે થઈને ૨૬૪૦૦ ભાગા થાય.

પૂર્વોક્ત આઠ હેતુમાંહે ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે ૬૬૦૦ ભાંગા, ભય અને કાય ૨ લઇએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા; કુચ્છા અને ૨ કાય લઇએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા અને ૩ કાયજ લઇએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા થાય. એ દશ હેતુના ૪ વિકલ્પે થઈને ૪૬૨૦૦ ભાંગા થયા.

હવે પૂર્વોક્ત ૮ માંહે ભય, કુચ્છા અને ૨ કાય લઇએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા, ભય અને ૩ કાય લઇએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા, કુચ્છા અને ૩ કાય લઈએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા અને ચાર કાયજ લઈએ ત્યારે ૬૬૦૦ ભાંગા થાય એ ૧૧ હેતુના ૪ વિકલ્પે થઇને ૪૬૨૦૦ ભાંગા થયા.

પૂર્વોક્ત ૮ માંહે ભય, કુચ્છા અને ૩ કાય લઇએ ત્યારે ૧૩૨૦૦ ભાંગા, ભય અને ૪ કાય લઇએ ત્યારે ૬૬૦૦ ભાંગા, કુચ્છા અને ૪ કાય લઈએ ત્યારે ૬૬૦૦ ભાંગા અને પાંચ કાયજ લઈએ ત્યારે ૧૩૨૦ ભાંગા થાય. એ બાર હેતુના ૪ વિકલ્પે થઈને ૨૭૭૨૦ ભાંગા થયા.

પૂર્વોક્ત ૮ માંહે ભય-કુચ્છા અને ચાર કાય લઇયે ત્યારે ૬૬૦૦ ભાંગા, ભય અને પાંચ કાય લઈએ ત્યારે ૧૩૨૦ અને કુચ્છા અને ૫ કાય લઇએ ત્યારે ૧૩૨૦ ભાંગા થાય. એ તેર હેતુના ૩ વિકલ્પે થઇને ૯૨૪૦ ભાંગા થયા. પૂર્વોક્ત ૮ માંહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભય, કુચ્છા અને ૫ કાય લઈએ ત્યારે ૧૪ હેતુ થયા તેના ૧૩૨૦ ભાંગા થાય. એ પ્રકારે પાંચમે ગુણઠાણે સાત વિકલ્પે થઈને ૧૬૩૬૮૦ ભાંગા થયા.

હવે છટ્ઠે પ્રમત્તગુણઠાણે ૧૧૮૪ ભાંગા ઉપજે, તે આ પ્રમાણે—અહીંયાં પાંચમા ગુણઠાણે ૩૯ હેતુ છે તે માંહેથી ૧૧ અવિરતિ અને ૪ પ્રત્યાખ્યાનીય કષાય એ ૧૫ ટાળીએ અને આહારકદ્વિકનો ઉદય થયો તેને સહિત કરીએ એટલે ૨૬ હેતુ હોય. એક જીવને ૫, ૬, ૭ હેતુ હોય. જઘન્યથી ૧ કષાય, ૨ હાસ્યાદિ, ૧ વેદ, ૧ યોગ, એવં ૫ હેતુ હોય. કષાય ૪ને યુગલ બે સાથે ગુણતાં ૮. તેને ૩ વેદ સાથે ગુણતાં ૨૪, તેને ૧૩ યોગ સાથે ગુણતાં ૩૧૨ થાય; પણ સ્ત્રીવેદીને આહારકદ્વિક ન હોય તેથી તેના ૧૬ ઓછા કરીએ ત્યારે પાંચ હેતુના ૨૯૬ ભાંગા થાય. ભય ભેળવીએ ત્યારે ૨૯૬, કુચ્છા ભેળવીએ ત્યારે ૨૯૬; એ છ હેતુના બે વિકલ્પે ૫૯૨ ભાંગા થાય. ભય અને કુચ્છા ભેળવીએ ત્યારે સાત હેતુના ૨૯૬ ભાંગા થાય. એમ ત્રણ વિકલ્પે થઈને ૧૧૮૪ ભાંગા પ્રમત્ત ગુણઠાણે હોય.

હવે સાતમે અપ્રમત્ત ગુણઠાણે ૧૦૨૪ ભાંગા હોય, તે આ પ્રમાણે—અહીંઆં અવિરતિ એકે ન હોય, ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર, આહારકમિશ્ર, અને કાર્મ્મણ એ ચાર પણ ન હોય, તેથી યોગ ૧૧, સંજ્વલનના કષાય ૪ અને નવ નોકષાય એ ૨૪ હેતુ હોય. એક જીવને ૫, ૬, ૭, હેતુ હોય. તેના ભાંગા પ્રમત્તની જેમ ગણવા પણ સ્ત્રીવેદીને આહારક વિના ૧૦ યોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેતુ હોય. તેથી એક યોગના ૧૬૦ ભાંગા ઓછા કરીએ ત્યારે ત્રણ વિકલ્પે ૧૦૨૪ ભાંગા અપ્રમત્ત ગુણઠાણે થાય.

હવે અપૂર્વકરણ ગુણઠાણે ૮૬૪ ભાંગા ઉપજે—તે આ પ્રમાણે પૂર્વોક્ત સાતમે ગુણઠાણે ૨૪ હેતુ કહ્યા, તેમાંથી આહારક કાયયોગ તથા વૈક્રિયકાયયોગ ટાળતાં ૨૨ હેતુ હોય. એક જીવને ૫, ૬, ૭, હેતુ હોય. ૧ કષાય; ૨ હાસ્યાદિ, ૧ યોગ, ૧ વેદ, એ પાંચ હેતુ હોય; ત્યાં ૪ કષાયને બે યુગલ સાથે ગુણતાં ૮, તેને ૯ યોગ સાથે ગુણતાં ૭૨, તેને ત્રણ વેદ સાથે ગુણતાં ૨૧૬ ભાંગા થાય. ભય ભેળવીએ ત્યારે ૨૧૬, કુચ્છા ભેળવીએ ત્યારે ૨૧૬ અને ભય—કુચ્છા બે ભેળવીએ ત્યારે ૨૧૬ ભાંગા થાય. એ પ્રમાણે સર્વ મળી ૮૬૪ ભાંગા થયા.

હવે અનિવૃત્તિબાદર ગુણઠાણે ૧૪૪ ભાંગા ઉપજે. તે આ પ્રમાણે—પૂર્વોક્ત આઠમે ગુણઠાણે ૨૨ હેતુ કહ્યા છે તે માંહેથી હાસ્યષટ્ક ટાળીએ ત્યારે સોળ હેતુ હોય. એક જીવને ૨, ૩, હેતુ હોય, ૪ કષાયને ૯ યોગ સાથે ગુણતાં ૩૬ ભાંગા થાય અને વેદોદય હોય ત્યારે ત્રણ વેદે ગુણતાં ૧૦૮ ભાંગા થયા. બંને મળીને ૧૪૪ ભાંગા થયા.

સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ૯ ભાંગા ઉપજે તે આ પ્રમાણે-નવમે ગુણઠાણે ૧૬ હેતુ કહ્યા છે તેમાંથી ત્રણ વેદ અને સંજ્વલન ત્રિક બાદ જતાં લોભ અને ૯ યોગ બાકી રહે. તેથી ૯ યોગને ૧ કષાયે ગુણતાં ૯ ભાંગા થાય.

ઉપશાંતમોહ ગુણઠાણે ૪ મનના, ૪ વચનના અને ઔદારિક કાયયોગ, એ ૯ યોગજ હોય, એક જીવને એકજ યોગ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તેથી ભાંગા ૯ હોય.

બારમે ક્ષીણમોહ ગુણઠાણે પણ પૂર્વોક્ત ૯ ભાંગા હોય.

પૂર્વોક્ત સયોગી ગુણઠાણે પહેલું–છેલ્લું મન, વચન એ ૪, ઔદારિકદ્વિક અને ૧ કાર્મણ કાય એ ૭ યોગ હોય, તેના ભાંગા ૭ જાણવા.

અયોગી ગુણઠાણે હેતુ ન હોય. એ સર્વ મળીને ચૌદ ગુણઠાણે ૪૭૧૩૦૧૦ ભાંગા થયા.

આ પ્રમાણે કર્મબંધના મૂળહેતુ તથા ઉત્તરહેતુ અને ઉત્તરહેતુના ભાંગા કહ્યા. ॥ ૫૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણઠાણાને વિષે મૂળ પ્રકૃતિબંધ

**અપમત્તંતા સત્તટ્ઠ, મીસઅપુવ્વબાયરા સત્ત;**
**બંધઇ છસ્સુહુમો એગમુવરિમાબંધગાજોગી. ૫૯.**

| | |
|---|---|
| **અપમત્તંતા**—અપ્રમત ગુણઠાણા પર્યંત | **બંધઇ**—બાંધે. |
| **સત્તટ્ઠ**—સાત, આઠ કર્મ | **છ**—છ કર્મ |
| **મીસ**—મિશ્ર ગુણઠાણાવાળા | **સ્સુહુમો**—સૂક્ષ્મસંપરાયવાળા |
| **અપુવ્વ**—અપૂર્વકરણ ગુણઠાણા વાળા | **એગં**—એક કર્મ |
| **બાયરા**—બાદરસંપરાય ગુણઠાણા વાળા | **ઉવરિમા**—ઉપરના (૧૧-૧૨-૧૩) ગુણઠાણાવાળા |
| **સત્ત**—સાત કર્મ | **અબંધગા**—અબંધક |
| | **અજોગી**—અયોગી ગુણઠાણા વાળા |

**અર્થ**—અપ્રમત્ત ગુણઠાણા પર્યંત સાત કે આઠ કર્મ બાંધે. મિશ્ર, અપૂર્વકરણ અને બાદર સંપરાય ગુણઠાણાવાળા સાત કર્મ બાંધે; સૂક્ષ્મ સંપરાયવાળા છ બાંધે; ઉપરના [૧૧–૧૨–૧૩] ગુણઠાણાવાળા એક કર્મ બાંધે અને અયોગી–ગુણઠાણાવાળા અબંધક છે. ॥ ૫૯ ॥

**વિવેચન**—મિથ્યાત્વથી માંડીને અપ્રમત્ત લગે સાત અથવા આઠ કર્મ બાંધે; આયુબંધ કાળે આઠ, અન્યથા સાત કર્મ સદા સર્વ જીવ બાંધે. મિશ્ર, અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદર એ ૩ ગુણઠાણે સાત કર્મ બાંધે, અહીંયાં ૩ ગુણઠાણે આયુષ્ય ન બંધાય તે માટે સૂક્ષ્મસંપરાય ગુણઠાણે મોહનીય અને આયુ એ બે વર્જીને ૬ કર્મ બાંધે. ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગી એ ત્રણ ગુણઠાણાવાળા જીવ એક સાતા વેદનીયજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણઠાણે ઉત્તર બંધહેતુના એક જીવ આશ્રયી વિકલ્પના ભાંગાનું યંત્ર

| ગુણસ્થાને | મૂળહેતુ | બંધ હેતુના વિકલ્પ | બંધ હેતુના સ્થાનક | સર્વ વિકલ્પ* ના ભાંગ | જે જે બંધ હેતુના | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૮ હેતુના | ૯ હેતુના | ૧૦ હેતુના | ૧૧ હેતુના |
| મિથ્યાત્વે | ૫૫ | ૯ | ૧૦-૧૧<br>૧૨-૧૩<br>૧૪-૧૫<br>૧૬-૧૭<br>૧૮ | ૩૪૭૭૬૦૦ | ૦ | ૦ | ૩૬૦૦૦ | ૨૦૮૮૦૦ |
| સાસ્વાદને | ૫૦ | ૮ | ૧૦-૧૧<br>૧૨-૧૩<br>૧૪-૧૫<br>૧૬-૧૭ | ૩૮૩૦૪૦ | ૦ | ૦ | ૯૧૨૦ | ૪૧૦૪૦ |
| મિશ્રે | ૪૩ | ૮ | ૯-૧૦<br>૧૧-૧૨<br>૧૩-૧૪<br>૧૫-૧૬ | ૩૦૨૪૦૦ | ૦ | ૭૨૦૦ | ૩૨૪૦૦ | ૬૭૨૦૦ |
| અવિરતે | ૪૬ | ૮ | ૯-૧૦<br>૧૧-૧૨<br>૧૩-૧૪<br>૧૫-૧૬ | ૩૮૩૦૪૦ | ૦ | ૯૧૨૦ | ૪૧૦૪૦ | ૮૫૧૨૦ |
| દેશવિરતે | ૩૯ | ૭ | ૮-૯<br>૧૦-૧૧<br>૧૨-૧૩<br>૧૪ | ૧૬૩૬૮૦ | ૪૩૨૦ | ૨૬૪૦૦ | ૪૬૨૦૦ | ૪૬૨૦૦ |

*સર્વ વિકલ્પના બધા ગુણસ્થાને મળીને કુલ ૪૭૧૩૦૧૦ ભાંગા થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| જે સ્થાનકે જેટલા ભાંગા છે તેની સંખ્યા. | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૨ હેતુના | ૧૩ હેતુના | ૧૪ હેતુના | ૧૫ હેતુના | ૧૬ હેતુના | ૧૭ હેતુના | ૧૮ હેતુના |
| ૫૪૬૬૦૦ | ૮૫૬૮૦૦ | ૮૮૨૦૦૦ | ૬૦૪૮૦૦ | ૨૬૬૪૦૦ | ૬૮૪૦૦ | ૭૮૦૦ |
| ૮૫૧૨૦ | ૧૦૬૪૦૦ | ૮૫૧૨૦ | ૪૨૫૬૦ | ૧૨૧૬૦ | ૧૫૨૦ | ૦ |
| ૮૪૦૦૦ | ૬૭૨૦૦ | ૩૩૬૦૦ | ૯૬૦૦ | ૧૨૦૦ | ૦ | ૦ |
| ૦૬૪૦૦ | ૮૫૧૨૦ | ૪૨૫૬૦ | ૧૨૧૬૦ | ૧૫૨૦ | ૦ | ૦ |
| ૨૭૭૨૦ | ૯૨૪૦ | ૧૩૨૦ | ૦ | ૦ | ૦ | ૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૃષ્ઠ ૧૪૨–૧૪૩ ના કોષ્ટકનું અનુસંધાન

| ગુણસ્થાને | ઓઘહેતુ | વિકલ્પ | સ્થાનક | સર્વ વિકલ્પના ભાંગા | ૨ હેતુ | ૩ હેતુ | ૫ હેતુ | ૬ હેતુ | ૭ હેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રમત્તે | ૨૬ | ૩ | ૫–૬–૭ | ૧૧૮૪ | ૦ | ૦ | ૨૯૬ | ૫૯૨ | ૨૯૬ |
| અપ્રમત્તે | ૨૪ | ૩ | ૫–૬–૭ | ૧૦૨૪ | ૦ | ૦ | ૨૫૬ | ૫૧૨ | ૨૫૬ |
| અપૂર્વકરણે | ૨૨ | ૩ | ૫–૬–૭ | ૮૬૪ | ૦ | ૦ | ૨૧૬ | ૪૩૨ | ૨૧૬ |
| અનિવૃત્તિ | ૧૬ | ૨ | ૨–૩ | ૧૪૪ | ૩૬ | ૧૦૮ | ૦ | ૦ | ૦ |
| સૂક્ષ્મસંપરાયે | ૧૦ | ૧ | ૨ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉપશાંતમોહે | ૯ | ૧ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ક્ષીણમોહે | ૯ | ૧ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સયોગી | ૭ | ૧ | ૧ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાંધે, અયોગી ગુણઠાણે અબંધક હોવાથી કોઈ જીવ કર્મ ન બાંધે ॥૫૯॥

### ગુણઠાણે ઉદય અને સત્તા.

**આસુહુમં સંતુદએ, અટ્ઠવિ મોહવિણુ સત્ત ખીણંમિ;**
**ચઉ ચરિમદુગે અટ્ઠ ઉ, સંતે ઉવસંતિ સત્તુદએ. ૬૦**

આસુહુમં—સૂક્ષ્મસંપરાય ગુણઠાણા લગે
સંતુદયે—સત્તા તથા ઉદયમાં
અટ્ઠવિ—આઠે કર્મપ્રકૃતિ
મોહવિણુ—મોહનીય વિના
સત્ત—સાત કર્મપ્રકૃતિ
ખીણંમિ—ક્ષીણમોહે
ચઉ—ચાર કર્મપ્રકૃતિ
ચરિમદુગે—છેલ્લા બે ગુણઠાણે
અટ્ઠ ઉ—આઠ વળી
સંતે—સત્તામાં
ઉવસંતિ—ઉપશાંતમોહે
સત્તુદએ—સાત પ્રકૃતિ ઉદયે

અર્થ—સૂક્ષ્મસંપરાય ગુણઠાણા સુધી સત્તા અને ઉદયને વિષે આઠે કર્મપ્રકૃતિઓ હોય; મોહનીય કર્મ વિના સાત કર્મપ્રકૃતિ ક્ષીણમોહ ગુણસ્થાને [સત્તા અને ઉદયમાં] હોય છેલ્લા બે ગુણઠાણે ચાર કર્મપ્રકૃતિ [સત્તા અને ઉદયમાં] હોય અને ઉપશાંતમોહ ગુણઠાણે વળી આઠ કર્મપ્રકૃતિ સત્તામાં અને સાત પ્રકૃતિ ઉદયમાં હોય ॥ ૬૦ ॥

વિવેચન—મિથ્યાત્વથી માંડીને સૂક્ષ્મસંપરાય લગે આઠે કર્મપ્રકૃતિ ઉદયે અને સત્તાએ હોય. બારમે ક્ષીણમોહ ગુણઠાણે મોહનીય વર્જીને સાત કર્મ્મ ઉદયે અને સત્તાએ હોય. સયોગી અને અયોગી એ બે ગુણઠાણે ૪ કર્મ ઉદયે અને સત્તાએ હોય. અગ્યારમે ઉપશાંતમોહ ગુણઠાણે આઠની સત્તા અને ઉદયે મોહનીય વર્જીને સાત કર્મ હોય ॥૬૦॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણઠાણે મૂળ પ્રકૃતિની ઉદીરણા

**ઉઇરંતિ પમત્તંતા, સગટ્ઠ મીસટ્ઠ વેઅઆઉ વિણા;**
**છગ અપમત્તાઇ તઓ, છ પંચ સુહુમો પણુવસંતો.૬૧**

| | |
|---|---|
| **ઉઇરંતિ**—ઉદીરણા કરે છે. | **છગ**—છ કર્મને |
| **પમત્તંતા**—પ્રમત્ત ગુણઠાણા સુધીના | **અપમત્તાઈ**—અપ્રમત્તાદિ ત્રણ ગુણઠાણાવાળા |
| **સગટ્ઠ**—સાત, આઠ | **તઓ**—તે પછી |
| **મીસટ્ઠ**—મિશ્રદષ્ટિ આઠને | **છપંચ**-છ અથવા પાંચ કર્મને |
| **વેઅ**—વેદનીય કર્મ | **સુહુમો**—સૂક્ષ્મસંપરાયવાળો |
| **આઉ**—આયુ કર્મ | **પણ**—પાંચ |
| **વિણા**—વિના | **ઉવસંતો** ઉપશાંતમોહવાળો |

**અર્થ**—પ્રમત્ત ગુણસ્થાન સુધીના જીવો સાત અથવા આઠ કર્મની ઉદીરણા કરે છે. મિશ્રદષ્ટિ ગુણઠાણાવાળા આઠ કર્મની ઉદીરણા કરે, વેદનીય અને આયુ વિના છ કર્મની ઉદીરણા અપ્રમત્તાદિ ત્રણ ગુણઠાણાવાળા કરે, તે પછી સૂક્ષ્મ સંપરાયવાળા છ અથવા પાંચ કર્મની ઉદીરણા કરે અને ઉપશાંતમોહવાળા પાંચ કર્મની ઉદીરણા કરે છે. ॥૬૧॥

**વિવેચન**—મિથ્યાત્વથી માંડીને પ્રમત્ત ગુણઠાણા લગે સાત કે આઠ કર્મ ઉદીરે; આયુની છેલ્લી આવલિકાએ આયુની ઉદીરણા ન હોય તેથી સાત ઉદીરે. અન્યથા, સદાય આઠ ઉદીરે. મિશ્રે મરે નહીં તેથી ત્યાં આઠ ઉદીરે. વેદનીય અને આયુ એ બે વર્જીને અપ્રમત્તાદિક ત્રણ એટલે ૭, ૮, ૯, ગુણઠાણે ૬ કર્મ ઉદીરે. સૂક્ષ્મસંપરાયે છ કે પાંચ ઉદીરે, આવલિકા થાકતી હોય ત્યાં લગે ૬ ઉદીરે અને આવલિકા એક શેષ રહે ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહનીયની ઉદીરણા મટે ત્યારે ૫ ઉદીરે, ઉપશાંતમોહે વેદનીય, મોહનીય અને આયુ ટાળીને શેષ ૫ કર્મ ઉદીરે ॥૬૧॥

### ગુણઠાણે અલ્પબહુત્વ.

**પણ દો ખીણ દુ જોગી, ણુદીરગુ અજોગી થોવ ઉવસંતા;**
**સંખગુણ ખીણ સુહુમા-નિઅટ્ટિઅપુવ્વ સમ અહિઆ.**

| | |
|---|---|
| **પણ દો**—પાંચ તથા બે | **સંખગુણ**—સંખ્યાતગુણા |
| **ખીણ**—ક્ષીણમોહવાળો | **ખીણ**—ક્ષીણમોહવાળા |
| **દુ**—[ એજ ] બે કર્મને | **સુહુમ**—સૂક્ષ્મસંપરાયવાળા |
| **જોગી**—સયોગી | **અનિઅટ્ટિ**—અનિવૃત્તિબાદરવાળા |
| **અણુદીરગુ**—અનુદીરક | **અપુવ્વ**—અપૂર્વકરણવાળા |
| **અજોગી**—અયોગી કેવળી | **સમ**—સરખા |
| **થોવ**—થોડા | **અહિઆ**—વિશેષાધિક |
| **ઉવસંતા**—ઉપશાંતમોહવાળા | |

અર્થ—ક્ષીણમોહવાળા પાંચ અથવા બે કર્મને ઉદીરે, સયોગી કેવળી બે કર્મને ઉદીરે અને અયોગી કેવળી અનુદીરક હોય. ઉપશાંતમોહ ગુણસ્થાને વર્તવાવાળા જીવો સર્વથી થોડા હોય; ક્ષીણમોહવાળા સંખ્યાતગુણા હોય, સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિબાદરસંપરાય અને અપૂર્વકરણ ગુણઠાણાવાળા (માંહોમાંહે) સરખા હોય અને [ ક્ષીણમોહથી ] વિશેષાધિક હોય. ॥ ૬૨ ॥

વિવેચન—ક્ષીણમોહે પાંચ ઉદીરે અને એક આવલિકા શાકતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ૩ ની ઉદીરણા મટે ત્યારે નામ અને ગોત્ર એ બે કર્મ ઉદીરે. સયોગી ગુણઠાણે નામ અને ગોત્ર એ બે કર્મ ઉદીરે અને અયોગી ગુણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઠાણે અનુદરક હોય. [1]અહીં સર્વકર્મની ઉદય—સત્તાની સ્થિતિ એક આવલિકા થાકતી [શેષ] હોય, ત્યારે ઉદીરણા ટળે એ પરમાર્થ છે.

હવે ૧૪ ગુણઠાણાનું અલ્પબહુત્વ કહે છે—સર્વથકી થોડા ઉપશાંતમોહ ગુણઠાણી હોય; વિવક્ષિત કાળે ઉત્કૃષ્ટા પડિવજતા ૫૪ પામીએ તે માટે. તે થકી ક્ષીણમોહ ગુણઠાણી સંખ્યાતગુણા હોય, વિવક્ષિત સમયે પડિવજતા ઉત્કૃષ્ટ એકસો આઠ પામીએ અને પૂર્વપ્રતિપન્ન શતપૃથક્ત્વ પામીએ તે માટે. એ ઉત્કૃષ્ટ પદે અલ્પબહુત્વ જાણવું, અન્યથા ક્ષીણમોહ થોડા અને ઉપશાંતમોહ ઘણા એમ પણ હોય. તે થકી સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિબાદર અને અપૂર્વકરણ એ ૩ ગુણઠાણાવાળા પરસ્પર [માંહોમાંહે] સરખા અને ક્ષીણમોહથી વિશેષાધિક હોય; વિવક્ષિત સમયે પડિવજતા ઉત્કૃષ્ટા ઔપશમિક ૫૪ અને ક્ષપક ૧૦૮, એ પ્રકારે ૧૬૨ પામીએ અને પૂર્વપ્રતિપન્ન શતપૃથક્ત્વ પામીએ તે માટે. એ પાંચ ગુણઠાણાવાળા કોઈવાર કહ્યાથી થોડા પણ હોય અને કોઈ વાર ન પણ હોય. એ અલ્પબહુત્વ ઉત્કૃષ્ટપદે જાણવું. ॥૬૨॥

---

**જોગિ અપમત્ત ઇઅરે, સંખગુણા દેસસાસણા મીસા;**
**અવિરઇ અજોગિમિચ્છા, અસંખચઉરો દુવેણંતા ૬૩.**

| | |
|---|---|
| જોગિ—સયોગી ગુણઠાણાવાળા<br>અપમત્ત—અપ્રમત્ત ગુણઠાણાવાળા | ઇઅરે—ઈતર—પ્રમત્ત ગુણઠાણાવાળા |

---

૧. અહીં એટલે ઉદીરણા અધિકારમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **સંખગુણા**—સંખ્યાતગુણા | **અજોગિ**—અયોગી કેવળી |
| **દેસ**—દેશવિરતિવાળા | **મિચ્છા**—મિથ્યાદષ્ટિ |
| **સાસણા**—સાસ્વાદનવાળા | **અસંખ**—અસંખ્યાતગુણા |
| **મીસા**—મિશ્ર ગુણઠાણાવાળા | **ચઉરો**—ચાર |
| **અવિરઈ**—અવિરતિ | **દુવેણંતા**—બે અનંતા |

**અર્થ—સયોગી, અપ્રમત્ત અને પ્રમત્તં ગુણઠાણાવાળા સંખ્યાતગુણા હોય; દેશવિરતિ, સાસ્વાદન, મિશ્ર અને અવિ-રતિ એ ચાર ગુણઠાણાવાળા અસંખ્યાતગુણા હોય; અયોગી કેવળી અને મિથ્યાદષ્ટિ એ બે અનંત (ગુણા)હોય. ॥ ૬૩ ॥**

**વિવેચન :**—તે થકી સયોગી કેવળી સંખ્યાતગુણા, કોટિ પૃથક્ત્વ સદાય પામીએ તે માટે; તે થકી અપ્રમત્ત સંયત સંખ્યાતગુણા, કોટિશત પૃથક્ત્વ સદાય પામીએ તે માટે. તે થકી પ્રમત્ત સંયત સંખ્યાતગુણા, કોટિસહસ્ર પૃથક્ત્વ હોય તે માટે. તે થકી દેશવિરતિ અસંખ્યાતગુણા, તિર્યંચમાંહે અસં-ખ્યાતા હોય તે માટે. તે થકી સાસ્વાદની અસંખ્યાતગુણા, ચારે ગતિમાં હોય તે માટે. તે થકી મિશ્ર ગુણઠાણી અસં-ખ્યાતગુણા; સાસ્વાદન થકી મિશ્રનો કાળ ઘણો છે તે માટે. એ સાસ્વાદની અને મિશ્ર ગુણઠાણા વાળા કોઈવારે કહ્યાથી થોડા પણ હોય, કોઈકવારે હોય પણ નહિ. તે થકી અવિરતિ સમ્ય-ગ્દષ્ટિ અસંખ્યાતગુણા, ચારે ગતિને વિષે સદાય હોય તે માટે. તે થકી અયોગી કેવલી અનંતગુણા, સિદ્ધ અનંતા છે તે માટે. તે થકી મિથ્યાદષ્ટિ અનંતગુણા, સિદ્ધથી સંસારી જીવ અનંત-ગુણા છે. અને તેમાં મિથ્યાત્વી ઘણા છે તે માટે. એ પ્રમાણે ૧૪ ગુણઠાણે વર્ત્તતા જીવ આશ્રયી અલ્પબહુત્વ જાણવું, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયઃ ઉત્કૃષ્ટપણા આશ્રયી જાણવું. સદાય નિશ્ચે ન હોય, કોઈ વારે વિપરીતપણે પણ હોય. જે માટે ૧, ૪, ૫, ૬, ૭ ૧૩, એ છ ગુણઠાણે વર્તતા જીવ તો સદાય ઘણા પામીએ અને શેષ ૮ ગુણઠાણે તો જીવ કોઇવારે પામીએ અને કોઈવારે ન પામીએ, શૂન્ય પણ હોય. જઘન્યથી ૧, ૨ હોય અને ઉત્કૃષ્ટા કહ્યા તેટલા હોય. તે માટે એ અલ્પબહુત્વનો તંત નથી. જ્યારે પૂર્વોક્ત છ ગુણઠાણેજ સર્વ જીવ હોય અને શેષ ૮ ગુણઠાણે કોઈ જીવ ન હોય ત્યારે તેનો અસંયોગી એક ભાંગો થાય જ્યારે પૂર્વોક્ત ૬ અને એક અન્ય ગુણઠાણે જીવ હોય ત્યારે તેના એક સંયોગી ૮ ભાંગા ઉપજે, એમ દ્વિસંયોગે ભાંગા ૨૮, ત્રિસંયોગે ભાંગા ૫૬. ચતુઃસંયોગે ભાંગા ૭૦, પંચસંયોગે ભાંગા ૫૬, ષટ્ સંયોગે ભાંગા ૨૮, સપ્ત સંયોગે ભાંગા ૮ અને સર્વ ગુણઠાણે વર્ત્તના જીવ હોય ત્યારે અષ્ટસંયોગે ભાંગો ૧ હોય, એવં સર્વ મળીને ૨૫૬ ભાંગા હોય. અહીં ભાંગાઓ-માંહે અયોગી તે ભવસ્થ લેવા, સિદ્ધ તો સદાયે છે જ તે માટે નહીં. એકત્વ-બહુત્વે વળી એના ઘણા ભાંગા થાય, તે સાથેના યંત્રથી જાણવા. એ ગુણઠાણાનાં દ્વાર કહ્યાં. ॥૬૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણસ્થાનેષુ જીવભેદાદીનાં યંત્રકમ

| | ૧૪ ગુણઠાણાને વિષે. | જીવ ભેદ. | યોગ. | ઉપયોગ | લેશ્યા | મૂળ બંધહેતુ. | ઉત્તર બંધહેતુ. | મિથ્યાત્વ. | અવિરતિ. | કષાય. | યોગ. | બંધ પ્રકૃતિ. | ઉદય પ્રકૃતિ. | ઉદીરણા પ્રકૃતિ. | સત્તા પ્રકૃતિ | અલ્પબહુત્વ. | અલ્પબહુત્વક્રમ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વે | ૧૪ | ૧૩ | ૫ | ૬ | ૪ | ૫૫ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | અનંતગુ૦ | ૧૪ |
| ૨ | સાસ્વાદને | ૭ | ૧૩ | ૫ | ૬ | ૩ | ૫૦ | ૦ | ૧૨ | ૨૫ | ૧૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | અસં૦ગુ૦ | ૧૦ |
| ૩ | મિશ્રે | ૧ | ૧૦ | ૬ | ૬ | ૩ | ૪૩ | ૦ | ૧૨ | ૨૧ | ૧૦ | ૭ | ૮ | ૮ | ૮ | અસં૦ગુ૦ | ૧૧ |
| ૪ | અવિરતે | ૨ | ૧૩ | ૬ | ૬ | ૩ | ૪૬ | ૦ | ૧૨ | ૨૧ | ૧૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | અસં૦ગુ૦ | ૧૨ |
| ૫ | દેશવિરતે | ૧ | ૧૧ | ૬ | ૬ | ૩ | ૩૯ | ૦ | ૧૧ | ૧૭ | ૧૧ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | અસં૦ગુ | ૯ |
| ૬ | પ્રમત્ત સંયતે | ૧ | ૧૩ | ૭ | ૬ | ૨ | ૨૬ | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૭-૮ | ૮ | ૭-૮ | ૮ | સંખ્યાત ગુણા | ૮ |
| ૭ | અપ્રમત્ત સંયતે | ૧ | ૧૧ | ૭ | ૩ | ૨ | ૨૪ | ૦ | ૦ | ૧૩ | ૧૧ | ૭-૮ | ૮ | ૬ | ૮ | સંખ્યાત ગુણા | ૭ |
| ૮ | અપૂર્વક૦ | ૧ | ૯ | ૭ | ૧ | ૨ | ૨૨ | ૦ | ૦ | ૧૩ | ૯ | ૭ | ૮ | ૬ | ૮ | તુલ્ય | ૫ |
| ૯ | અનિવૃત્તિ બાદરે | ૧ | ૯ | ૭ | ૧ | ૨ | ૧૬ | ૦ | ૦ | ૭ | ૯ | ૭ | ૮ | ૬ | ૮ | તુલ્ય | ૪ |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાયે | ૧ | ૯ | ૭ | ૧ | ૨ | ૧૦ | ૦ | ૦ | ૧ | ૯ | ૬ | ૮ | ૬-૫ | ૮ | વિશેષાધિક | ૩ |
| ૧૧ | ઉપશાંત મોહે | ૧ | ૯ | ૭ | ૧ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૯ | ૧ | ૭ | ૫ | ૮ | સર્વથીથોડા | ૧ |
| ૧૨ | ક્ષીણમોહે | ૧ | ૯ | ૭ | ૧ | ૧ | ૯ | ૦ | ૦ | ૦ | ૯ | ૧ | ૭ | ૫-૨ | ૭ | સં૦ગુ૦ | ૨ |
| ૧૩ | સયોગી કેવલી | ૧ | ૭ | ૨ | ૧ | ૧ | ૭ | ૦ | ૦ | ૦ | ૭ | ૧ | ૪ | ૨ | ૪ | સંખ્યાત ગુણા | ૬ |
| ૧૪ | અયોગી કેવલી | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૪ | અનંત ગુણા | ૧૩ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સાસ્વાદન, મિશ્ર, અપૂર્વકરણ, અનિવૃત્તિ, સૂક્ષ્મસંપરાય. ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને અયોગી એ આઠ ગુણસ્થાને નિપજતા એક જીવ આશ્રયી અને એક-અનેક આશ્રયી ભાંગાની સંખ્યાનું કોષ્ટક.

| અસંયોગી | એક જીવ આશ્રયી ભાંગા | એક જીવ આશ્રયીના દરેક ભાંગાએ નીપજતા એક અનેક આશ્રયી ભાંગા | એક-અનેક આશ્રયી કુલ ભાંગા. |
|---|---|---|---|
| અસંયોગી | ૧ | ૧ | ૧ |
| એક સંયોગી | ૮ | ૨ | ૧૬ |
| દ્વિસંયોગી | ૨૮ | ૪ | ૧૧૨ |
| ત્રિસંયોગી | ૫૬ | ૮ | ૪૪૮ |
| ચતુઃસંયોગી | ૭૦ | ૧૬ | ૧૧૨૦ |
| પંચ સંયોગી | ૫૬ | ૩૨ | ૧૭૯૨ |
| ષટ્સંયોગી | ૨૮ | ૬૪ | ૧૭૯૨ |
| સપ્તસંયોગી | ૮ | ૧૨૮ | ૧૦૨૪ |
| અષ્ટસંયોગી | ૧ | ૨૫૬ | ૨૫૬ |
| કુલ ભાંગા. | ૨૫૬ | ૫૧૧ | ૬૫૬૧ |

* આ આઠ ગુણઠાણાના સંયોગી ભાંગા કરવામાં સંક્ષેપને માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દ્વિસંયોગી ભાંગા ૨૮

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧—૨ | ૧—૭ | ૨—૬ | ૩—૬ | ૪—૭ | ૬—૭ |
| ૧—૩ | ૧—૮ | ૨—૭ | ૩—૭ | ૪—૮ | ૬—૮ |
| ૧—૪ | ૨—૩ | ૨—૮ | ૩—૮ | ૫—૬ | ૭—૮ |
| ૧—૫ | ૨—૪ | ૩—૪ | ૪—૫ | ૫—૭ | |
| ૧—૬ | ૨—૫ | ૩—૫ | ૪—૬ | ૫—૮ | |

## ત્રિસંયોગી ભાંગા ૫૬

| | | | | |
|---|---|---|---|---|
| ૧—૨—૩ | ૧—૪—૬ | ૨—૩—૬ | ૨—૬—૮ | ૩—૭—૮ |
| ૧—૨—૪ | ૧—૪—૭ | ૨—૩—૭ | ૨—૭—૮ | ૪—૫—૬ |
| ૧—૨—૫ | ૧—૪—૮ | ૨—૩—૮ | ૩—૪—૫ | ૪—૫—૭ |
| ૧—૨—૬ | ૧—૫—૬ | ૨—૪—૫ | ૩—૪—૬ | ૪—૫—૮ |
| ૧—૨—૭ | ૧—૫—૭ | ૨—૪—૬ | ૩—૪—૭ | ૪—૬—૭ |
| ૧—૨—૮ | ૧—૫—૮ | ૨—૪—૭ | ૩—૪—૮ | ૪—૬—૮ |
| ૧—૩—૪ | ૧—૬—૭ | ૨—૪—૮ | ૩—૫—૬ | ૪—૭—૮ |
| ૧—૩—૫ | ૧—૬—૮ | ૨—૫—૬ | ૩—૫—૭ | ૫—૬—૭ |
| ૧—૩—૬ | ૧—૭—૮ | ૨—૫—૭ | ૩—૫—૮ | ૫—૬—૮ |
| ૧—૩—૭ | ૨—૩—૪ | ૨—૫—૮ | ૩—૬—૭ | ૫—૭—૮ |
| ૧—૩—૮ | ૨—૩—૫ | ૨—૬—૭ | ૩—૬—૮ | ૬—૭—૮ |
| ૧—૪—૫ | | | | |

---

તેની ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮, એવી સંજ્ઞા રાખવામાં આવી છે. આ આઠ ગુણઠાણે કયારેક કોઈ જીવ હોય અને કયારેક ન પણ હોય, કયારેક એક ગુણઠાણે હોય અને કયારેક એકથી વધારે ગુણઠાણે હોય; તેથી તેના ૨૫૬ ભાંગા થયા. વળી તે ૨૫૬ ભાંગામાં કોઈ ભાંગે એક જીવ હોય અને કોઈ ભાંગે અનેક જીવ હોય તેથી તેના એક-અનેક જીવ આશ્રયી ૬૫૬૦ ભાંગે જીવ વર્તે છે. આ આઠ સિવાય બાકીના છ ગુણઠાણે કાયમ અનેક જીવો હોય જ તેથી તેના ભાંગા પડયા નથી. એક જીવ આશ્રયી દ્વિસંયોગી આદિ ભાંગાની સંખ્યા જે ઉપર જણાવી છે તે ભાંગા આ સાથે જૂદા જૂદા કોષ્ટકોમાં બતાવ્યા છે, તથા તે દરેક ભાંગા દીઠ એક-અનેક જીવ આશ્રયી જેટલા-જેટલા ભાંગા પડે તે પણ બતાવેલ છે. આ આઠે ગુણઠાણે કોઈ જીવ ન હોય તેનો અસંયોગી એક ભાંગો જણાવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ચતુઃસંયોગી ભાંગા ૭૦

| | | | | |
|---|---|---|---|---|
| ૧-૨-૩-૪ | ૧-૨-૭-૮ | ૧-૪-૬-૭ | ૨-૩-૬-૭ | ૩-૪-૫-૭ |
| ૧-૨-૩-૫ | ૧-૩-૪-૫ | ૧-૪-૬-૮ | ૨-૩-૬-૮ | ૩-૪-૫-૮ |
| ૧-૨-૩-૬ | ૧-૩-૪-૬ | ૧-૪-૭-૮ | ૨-૩-૭-૮ | ૩-૪-૬-૭ |
| ૧-૨-૩-૭ | ૧-૩-૪-૭ | ૧-૫-૬-૭ | ૨-૪-૫-૬ | ૩-૪-૬-૮ |
| ૧-૨-૩-૮ | ૧-૩-૪-૮ | ૧-૫-૬-૮ | ૨-૪-૫-૭ | ૩-૪-૭-૮ |
| ૧-૨-૪-૫ | ૧-૩-૫-૬ | ૧-૫-૭-૮ | ૨-૪-૫-૮ | ૩-૫-૬-૭ |
| ૧-૨-૪-૬ | ૧-૩-૫-૭ | ૧-૬-૭-૮ | ૨-૪-૬-૭ | ૩-૫-૬-૮ |
| ૧-૨-૪-૭ | ૧-૩-૫-૮ | ૨-૩-૪-૫ | ૨-૪-૬-૮ | ૩-૫-૭-૮ |
| ૧-૨-૪-૮ | ૧-૩-૬-૭ | ૨-૩-૪-૬ | ૨-૪-૭-૮ | ૩-૬-૭-૮ |
| ૧-૨-૫-૬ | ૧-૩-૬-૮ | ૨-૩-૪-૭ | ૨-૫-૬-૭ | ૪-૫-૬-૭ |
| ૧-૨-૫-૭ | ૧-૩-૭-૮ | ૨-૩-૪-૮ | ૨-૫-૬-૮ | ૪-૫-૬-૮ |
| ૧-૨-૫-૮ | ૧-૪-૫-૬ | ૨-૩-૫-૬ | ૨-૫-૭-૮ | ૪-૫-૭-૮ |
| ૧-૨-૬-૭ | ૧-૪-૫-૭ | ૨-૩-૫-૭ | ૨-૬-૭-૮ | ૪-૬-૭-૮ |
| ૧-૨-૬-૮ | ૧-૪-૫-૮ | ૨-૩-૫-૮ | ૩-૪-૫-૬ | ૫-૬-૭-૮ |

## પંચસંયોગી ભાંગા ૫૬.

| | | | |
|---|---|---|---|
| ૧-૨-૩-૪-૫ | ૧-૨-૪-૬-૮ | ૧-૩-૫-૭-૮ | ૨-૩-૫-૬-૮ |
| ૧-૨-૩-૪-૬ | ૧-૨-૪-૭-૮ | ૧-૩-૬-૭-૮ | ૨-૩-૫-૭-૮ |
| ૧-૨-૩-૪-૭ | ૧-૨-૫-૬-૭ | ૧-૪-૫-૬-૭ | ૨-૩-૬-૭-૮ |
| ૧-૨-૩-૪-૮ | ૧-૨-૫-૬-૮ | ૧-૪-૫-૬-૮ | ૨-૪-૫-૬-૭ |
| ૧-૨-૩-૫-૬ | ૧-૨-૫-૭-૮ | ૧-૪-૫-૭-૮ | ૨-૪-૫-૬-૮ |
| ૧-૨-૩-૫-૭ | ૧-૨-૬-૭-૮ | ૧-૪-૬-૭-૮ | ૨-૪-૫-૭-૮ |
| ૧-૨-૩-૫-૮ | ૧-૩-૪-૫-૬ | ૧-૫-૬-૭-૮ | ૨-૪-૬-૭-૮ |
| ૧-૨-૩-૬-૭ | ૧-૩-૪-૫-૭ | ૨-૩-૪-૫-૬ | ૨-૫-૬-૭-૮ |
| ૧-૨-૩-૬-૮ | ૧-૩-૪-૫-૮ | ૨-૩-૪-૫-૭ | ૩-૪-૫-૬-૭ |
| ૧-૨-૩-૭-૮ | ૧-૩-૪-૬-૭ | ૨-૩-૪-૫-૮ | ૩-૪-૫-૬-૮ |
| ૧-૨-૪-૫-૬ | ૧-૩-૪-૬-૮ | ૨-૩-૪-૬-૭ | ૩-૪-૫-૭-૮ |
| ૧-૨-૪-૫-૭ | ૧-૩-૪-૭-૮ | ૨-૩-૪-૬-૮ | ૩-૪-૬-૭-૮ |
| ૧-૨-૪-૫-૮ | ૧-૩-૫-૬-૭ | ૨-૩-૪-૭-૮ | ૩-૫-૬-૭-૮ |
| ૧-૨-૪-૬-૭ | ૧-૩-૫-૬-૮ | ૨-૩-૫-૬-૭ | ૪-૫-૬-૭-૮ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ષટ્સંયોગી ભાંગા ૨૮.

| | | | |
|---|---|---|---|
| ૧—૨—૩—૪—૫—૬ | ૧—૨—૩—૫—૬—૮ | ૧—૨—૫—૬—૭—૮ | ૨—૩—૪—૫—૬—૭ |
| ૧—૨—૩—૪—૫—૭ | ૧—૨—૩—૫—૭—૮ | ૧—૩—૪—૫—૬—૭ | ૨—૩—૪—૫—૬—૮ |
| ૧—૨—૩—૪—૫—૮ | ૧—૨—૩—૬—૭—૮ | ૧—૩—૪—૫—૬—૮ | ૨—૩—૪—૫—૭—૮ |
| ૧—૨—૩—૪—૬—૭ | ૧—૨—૪—૫—૬—૭ | ૧—૩—૪—૫—૭—૮ | ૨—૩—૪—૬—૭—૮ |
| ૧—૨—૩—૪—૬—૮ | ૧—૨—૪—૫—૬—૮ | ૧—૩—૪—૬—૭—૮ | ૨—૩—૫—૬—૭—૮ |
| ૧—૨—૩—૪—૭—૮ | ૧—૨—૪—૫—૭—૮ | ૧—૩—૫—૬—૭—૮ | ૨—૪—૫—૬—૭—૮ |
| ૧—૨—૩—૫—૬—૭ | ૧—૨—૪—૬—૭—૮ | ૧—૪—૫—૬—૭—૮ | ૩—૪—૫—૬—૭—૮ |

### સપ્તસંયોગી ભાંગા ૮.

| | |
|---|---|
| ૧—૨—૩—૪—૫—૬—૭ | ૧—૨—૩—૫—૬—૭—૮ |
| ૧—૨—૩—૪—૫—૬—૮ | ૧—૨—૪—૫—૬—૭—૮ |
| ૧—૨—૩—૪—૫—૭—૮ | ૧—૨—૪—૫—૬—૭—૮ |
| ૧—૨—૩—૪—૬—૭—૮ | ૨—૩—૪—૫—૬—૭—૮ |

### અષ્ટસંયોગી ભાંગો ૧.

૧—૨—૩—૪—૫—૬—૭—૮

---

### એકાનેક આશ્રયી દ્વિસંયોગી વગેરે ભાંગાનાં કોષ્ટકો.

| +દ્વિસંયોગી (૪) | ત્રિસંયોગી (૮) | | ચતુઃસંયોગી (૧૬) |
|---|---|---|---|
| ૧—૧ | ૧—૧—૧ | ૩—૧—૧ | ૧—૧—૧—૧ |
| ૧—૩ | ૧—૧—૩ | ૩—૧—૩ | ૧—૧—૧—૩ |
| ૩—૧ | ૧—૩—૧ | ૩—૩—૧ | ૧—૧—૩—૧ |
| ૩—૩ | ૧—૩—૩ | ૩—૩—૩ | ૧—૧—૩—૩ |

+ એક જીવ આશ્રયી દ્વિસંયોગી ૨૮ ભાંગા છે, તે દરેક ભાંગાના ચાર ચાર ભાંગા આ કોષ્ટકમાં જણાવ્યા મુજબ એક—અનેક જીવ આશ્રયીના થાય છે. આ પ્રમાણે ત્રિસંયોગી વગેરેમાં પણ સમજી લેવું. આ કોષ્ટકોમાં અનેકને સ્થાને ત્રણ મૂકવામાં આવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૧-૩-૧-૧ | પંચસંયોગી | | ૩-૧-૩-૧-૧ |
| ૧-૩-૧-૩ | (૩૨) | | ૩-૧-૩-૧-૩ |
| ૧-૩-૩-૧ | ૧-૧-૧-૧-૧ | ૧-૩-૧-૩-૧ | ૩-૧-૩-૩-૧ |
| ૧-૩-૩-૩ | ૧-૧-૧-૧-૩ | ૧-૩-૧-૩-૩ | ૩-૧-૩-૩-૩ |
| ૩-૧-૧-૧ | ૧-૧-૧-૩-૧ | ૧-૩-૩-૧-૧ | ૩-૩-૧-૧-૧ |
| ૩-૧-૧-૩ | ૧-૧-૧-૩-૩ | ૧-૩-૩-૧-૩ | ૩-૩-૧-૧-૩ |
| ૩-૧-૩-૧ | ૧-૧-૩-૧-૧ | ૧-૩-૩-૩-૧ | ૩-૩-૧-૩-૧ |
| ૩-૧-૩-૩ | ૧-૧-૩-૧-૩ | ૧-૩-૩-૩-૩ | ૩-૩-૧-૩-૩ |
| ૩-૩-૧-૧ | ૧-૧-૩-૩-૧ | ૩-૧-૧-૧-૧ | ૩-૩-૩-૧-૧ |
| ૩-૩-૧-૩ | ૧-૧-૩-૩-૩ | ૩-૧-૧-૧-૩ | ૩-૩-૩-૧-૩ |
| ૩-૩-૩-૧ | ૧-૩-૧-૧-૧ | ૩-૧-૧-૩-૧ | ૩-૩-૩-૩-૧ |
| ૩-૩-૩-૩ | ૧-૩-૧-૧-૩ | ૩-૧-૧-૩-૩ | ૩-૩-૩-૩-૩ |

ભાંગાની સંખ્યા વધારે હોવાથી પંચસંયોગી સુધીના ભાંગા બતાવ્યા છે. ષટ્ સંયોગી વગેરે ભાંગા ઉપજાવી કાઢવા તે આ પ્રમાણે- ષટ્ સંયોગી ભાંગા ૬૪ છે તેમાં પહેલી લાઈનમાં ૩૨ એકડા ૩૨ ત્રગડા મૂકવા, બીજીમાં, ૧૬ એકડા ૧૬ ત્રગડા અનુક્રમે મૂકવા, ત્રીજીમાં ૮ એકડા આઠ ત્રગડા ક્રમે લેવા, ચોથીમાં ચાર એકડા ચાર ત્રગડા અનુક્રમે લેવા, પાંચમીમાં બે એકડા બે ત્રગડા અનુક્રમે લેવા અને છઠ્ઠી લાઈનમાં એક એકડો એક ત્રગડો અનુક્રમે મૂકવો; એટલે ષટ્ સંયોગી ૬૪ ભાંગા થશે. એ પ્રમાણે સપ્તસંયોગી ૧૨૮ ભાંગામાં પહેલી લાઈનમાં ૬૪ એકડા ૬૪ ત્રગડા અને પછીની લાઈનોમાં અરધા અરધા એકડા અને ત્રગડા અનુક્રમે મૂકવા. અષ્ટસંયોગી ૨૫૬ ભાંગામાં પહેલી લાઈનમાં ૧૨૮ એકડા ૧૨૮ ત્રગડા અને પાછલી લાઈનોમાં અરધા અરધા એકડા અને અરધા અરધા ત્રગડા અનુક્રમે મૂકવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પાંચ ભાવનું વર્ણન.

**ઉવસમખયમીસોદય,-પરિણામા દુનવટ્ઠાર ઇગવીસાઃ તિઅભેઅ સન્નિવાઇઅ, સમ્મં ચરણં પઢમભાવે. ૬૪**

ઉવસમ—ઓપશમિકભાવ
ખય—ક્ષાયિક
મીસ—મિશ્ર [ક્ષાયોપશમિક] ભાવ
ઉદય—ઓદયિક ભાવ
પરિણામા—પારિણામિક ભાવ
દુનવટ્ઠારઇગવીસાતિઅભેઅ—બે નવ, અઢાર, એકવીશ અને ત્રણ ભેદો.
સન્નિવાઇઅ—સાન્નિપાતિક
સમ્મં—સમ્યકત્વ
ચરણં—ચારિત્ર
પઢમભાવે—પ્રથમ ઓપશમિક ભાવમાં

અર્થ—ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક. ઔદયિક અને પારિણામિક એ પાંચ ભાવના [અનુક્રમે] બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણભેદો છે. છઠ્ઠો સાંનિપાતિક ભાવ છે. સમ્યકત્વ અને ચારિત્ર એ પ્રથમ ભાવને વિષે જાણવા. ॥ ૬૪ ॥

વિવેચન—૧ ઔપશમિક ભાવ, ૨ ક્ષાયિક ભાવ, ૩ મિશ્ર તે ક્ષાયોપશમિક ભાવ, ૪ ઔદયિકભાવ અને ૫ પારિણામિક ભાવ, હવે એ પાંચ ભાવના ઉત્તર ભેદ કહે છે— ઔપશમિક બે ભેદે, ક્ષાયિક નવ ભેદે, ક્ષાયોપશમિક અઢાર ભેદે, ઔદયિક ૨૧ ભેદે અને પારિણામિક ૩ ભેદે; એ પ્રકારે ૫૩ ભેદ જાણવા. જ્યાં ૨, ૩, ૪, ૫, ભાવ ભેગા થાય, તે સાન્નિપાતિક ભાવ જાણવો. હવે પહેલે ઔપશમિક ભાવે ૧ ઉપશમ સમ્યકત્વ અને ૨ ઉપશમ ચારિત્ર એ બે ભેદ હોય. પ્રથમ સમ્યકત્વ પ્રાપ્તિ વેળાએ તથા ઉપશમશ્રેણિએ સાત પ્રકૃતિનો ઉપશમ હોય તે ઉપશમ ભાવ કહીએ. ॥૬૪॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીએ કેવલજુઅલં સમ્મં દાણાઇલદ્ધિપણ ચરણં,
તઇએ સેસુવઓગા, પણલદ્ધી સમ્મવિરઇદુગં ॥૬૫॥

| | |
|---|---|
| બીએ—બીજા ક્ષાયિક ભાવમાં | તઇએ—ત્રીજા ક્ષાયોપશમિક ભાવે |
| કેવલજુઅલં—કેવલયુગલ [જ્ઞાન તથા દર્શન] | સેસુવઓગા—બાકીના દશ ઉપયોગો |
| સમ્મં—સમ્યકત્વ | પણલદ્ધી—પાંચ લબ્ધિ |
| દાણાઇ—દાનાદિ | સમ્મ—ક્ષાયોપશમિક સમ્યકત્વ |
| લદ્ધિપણ—લબ્ધિ પાંચ | વિરઇદુગં—વિરતિદ્વિક [દેશવિરતિ સર્વવિરતિ] |
| ચરણં—ચારિત્ર | |

અર્થ:-બીજા[ક્ષાયિક]ભાવમાં કેવળદ્વિક, સમ્યકત્વ, દાનાદિ પાંચ લબ્ધિ અને ચારિત્ર [એ નવ ભેદ] જાણવા. ત્રીજા [ક્ષાયોપશમિક] ભાવને વિષે બાકીના [દશ] ઉપયોગ, પાંચ લબ્ધિ, સમ્યકત્વ, વિરતિદ્વિક; ॥ ૬૫ ॥

વિવેચન—બીજે ક્ષાયિકભાવે કેવળયુગલ એટલે ૧ કેવળજ્ઞાન, ૨ કેવળદર્શન, ૩ ક્ષાયિક સમ્યકત્વ અને ૧ દાન, ૨ લાભ, ૩ ભોગ. ૪ ઉપભોગ અને ૫ વીર્ય; એ પાંચની પૂર્ણ લબ્ધિ અને ક્ષાયિક ચારિત્ર; એ નવ ભેદ હોય. કર્મના અત્યંત ક્ષયે ઉપજે તે માટે ક્ષાયિકભાવ કહીએ. હવે ત્રીજે ક્ષાયોપશમિક ભાવે કેવળદ્વિક ટાળીને શેષ ઉપયોગ તે ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૩ દર્શન એ દશ ઉપયોગ, દાનાદિક પાંચ લબ્ધિ, ક્ષયોપશમ સમ્યકત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્ર એ ૧૮ ભેદ હોય. કર્મના ક્ષયોપશમને વિચિત્રપણે કરીને કોઇને ઉપજે તે માટે ક્ષાયોપશમિક ભાવ કહીએ. ॥ ૬૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્નાણમસિદ્ધત્તા,-સંજમલેસાકસાયગઈ વેયા;**
**મિચ્છં તુરિએ ભવ્વા-ભવ્વત્તજિઅત્ત પરિણામે.॥૬૬॥**

અર્થ—અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, ૭ લેશ્યા, ચાર કષાય, ચારગતિ, ત્રણ વેદ અને મિથ્યાત્વ [એ ૨૧ ભેદો] ચોથા [ઔદયિક] ભાવને વિષે જાણવા. ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ [એ ત્રણ ભેદ] પારિણામિકભાવને વિષે હોય છે. ॥ ૬૬ ॥

| | |
|---|---|
| અન્નાણં—અજ્ઞાન | વેઆ—વેદ [ત્રણ] |
| અસિદ્ધત્ત—અસિદ્ધત્વ | મિચ્છં—મિથ્યાત્વ |
| અસંજમ—અસંયમ | તુરિએ—ચોથા ઔદયિકભાવમાં |
| લેસા—લેશ્યા [છ] | ભવ્વાભવ્વત્ત-ભવ્યત્વ,અભવ્યત્વ |
| કસાય—કષાય [ચાર] | જિઅત્ત—જીવત્વ |
| ગઈ—ગતિ [ચાર] | પરિણામે—પારિણામિક ભાવમાં |

વિવેચન-અજ્ઞાનપણું, અસિદ્ધપણું,અસંયમ તે અવિરતિપણું, ૬ લેશ્યા, ૪ કષાય, ૪ ગતિ, ત્રણ વેદ અને મિથ્યાત્વ એ એકવીશ ભેદ ઔદયિક ભાવના જાણવા. આઠ કર્મના ઉદયથકી એ હોય, ઉપલક્ષણથકી નિદ્રાપંચક, સાતા, અસાતા અને હાસ્યાદિક પણ ઔદયિક ભાવે જાણવા. અહીંયાં ૨૧ભેદ કહ્યા, તે શાસ્ત્રના અનુસારે જાણવા હવે ૧ ભવ્યપણું. ૨ અભવ્યપણું અને ૩ જીવપણું એ ત્રણ પારિણામિક ભાવના ભેદ છે, એ સદાય એમ જ પરિણમે; ભવ્ય તે અભવ્ય ન થાય, અભવ્ય તે ભવ્ય ન થાય, જીવ તે અજીવ ન થાય અને અજીવ તે જીવ ન થાય તે માટે. ॥ ૬૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચઉચઉગઇસુમીસગ, પરિણામુદએહિં ચઉસખઇએહિં; ઉવસમજુએહિં વા ચઉ, કેવલિપરિણામુદયખઇએ.૬૭**

| | |
|---|---|
| ચઉ—ચાર ભેદ | ઉવસમજુએહિં—ઉપશમસમકિત યુક્ત |
| ચઉગઇસુ—ચાર ગતિઆશ્રયી | વા—અથવા |
| મીસગ—મિશ્ર ભાવે | ચઉ—ચાર ભેદ |
| પરિણામુદએહિં—પારિણામિક તથા ઔદયિક ભાવે | કેવલિ—કેવલજ્ઞાની |
| ચઉ—ચાર ભેદ | પરિણામુદયખઇએ—પારિણામિક ઔદયિક અને ક્ષાયિકભાવમાં |
| સખઇએહિં—ક્ષાયિક ભાવે સહિત | |

અર્થ—ક્ષાયોપશમિક, પારિણામિક અને ઔદયિકભાવ વડે [ત્રિસંયોગી સાંનિપાતિક ભાવના] ચાર ગતિ આશ્રયી ચાર ભેદ હોય. ક્ષાયિક ભાવ સહિત [ચતુઃસંયોગી સાંનિપાતિક ભાવના] ચાર ભેદ જાણવા. અથવા ઔપશમિક ભાવે સહિત [ચતુઃસંયોગી સાંનિપાતિક ભાવના] ચાર ભેદ હોય પારિણામિક, ઔદયિક અને ક્ષાયિક ભાવ વડે થયેલા ત્રિસંયોગી સાંનિપાતિક ભાવને વિષે કેવળી હોય. ॥ ૬૭ ॥

વિવેચન—હવે ઔપશમિકાદિક પાંચ ભાવના દ્વિસંયોગી ૧૦, ત્રિસંયોગી ૧૦, ચતુઃસંયોગી ૫ અને પંચસંયોગી ૧, એ ૨૬ ભેદ સાન્નિપાતિકના થાય. તેમાંના ૬ ભેદ જીવને વિષે હોય, શેષ ૨૦નો તો સંભવ ન હોય. હવે જે ૬નો સંભવ છે તે માંહેલા ત્રણના ૪ ગતિ આશ્રયી ૧૨ ભેદ અને ત્રણ બીજા, એવં ૧૫ ભેદ હોય તે કહે છે—૪ ગતિને વિષે ક્ષાયોપશમિક, પારિણામિક અને ઔદયિક ભાવે કરીને ત્રિક સંયોગી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય, ત્યાં ક્ષાયોપશમિકે ઈંદ્રિયાદિક, પારિણામિકે જીવત્વાદિક, ઔદયિકે ગત્યાદિક; એ પ્રકારે ચાર ગતિને વિષે હોય તેથી ૪ ભેદ તથા તેજ ત્રણ ભાવ ક્ષાયિક સમ્યક્ત્વ સહિત હોય ત્યારે ચતુઃસંયોગી સાન્નિપાતિક ભાવ થાય. તે પણ ચાર ગતિમાં હોવાથી ૪ ભેદ હોય અથવા તેજ ત્રણ ભાવ ઉપશમ સમ્યક્ત્વ સહિત હોય ત્યારે પણ ચતુઃસંયોગી સાંનિપાતિક ભાવ હોય, તે પણ ચાર ગતિમાં હોવાથી ૪ ભેદે હોય. એ પ્રકારે ૧૨ ભેદ થયા. તથા પારિણામિક ભાવે જીવપણું, ઔદયિકે મનુષ્યગતિ, ક્ષાયિકભાવે જ્ઞાનાદિક એ ત્રિસંયોગી સાંનિપાતિક ભાવ ભવસ્થ કેવળીને હોય ॥ ૬૭ ॥

---

**ખયપરિણામિ સિદ્ધા, નરાણ પણજોગુવસમસેઢીએ;**
**ઇઅ પનર સન્નિવાઇઅ, ભેયા વીસં અસંભવિણો. ૬૮**

| | |
|---|---|
| ખય—ક્ષાયિક ભાવે | ઉવસમસેઢીએ—ઉપશમશ્રેણિએ |
| પરિણામિ—પારિણામિકભાવે | ઇઅ પનર—એ પંદર |
| સિદ્ધા—સિદ્ધના જીવો | સન્નિવાઈઅ—સાન્નિપાતિક |
| નરાણ—મનુષ્યને | ભેઆ—ભેદો |
| પણજોગ—પાંચ સંયોગિક [સાન્નિપાતિક] | વીસં—વીસ ભેદ |
| | અસંભવિણો—અસંભવી, શૂન્ય. |

અર્થ—ક્ષાયિક અને પારિણામિકભાવરૂપ દ્વિકસંયોગી સાંનિપાતિક ભાવે સિદ્ધો વર્તે છે. મનુષ્યોને પંચસંયોગી સાંનિપાતિક ભાવ ઉપશમશ્રેણિને વિષે હોય છે. એ પ્રકારે પંદર સાંનિપાતિક ભેદો સંભવી જાણવા અને બાકીના ૨૦ ભેદો અસંભવી જાણવા. ॥ ૬૮ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન—ક્ષાયિક ભાવે જ્ઞાન, દર્શન તથા સમ્યક્ત્વ અને પારિણામિક ભાવે જીવપણું એ દ્વિસંયોગી સાન્નિપાતિક ભાવ સિદ્ધને છે. તથા ૧ ઔપશમિકે ચારિત્ર, ૨ ક્ષાયિકે સમ્યક્ત્વ, ૩ ક્ષાયોપશમિકે ઇંદ્રિય, ૪ ઔદયિકે મનુષ્યગતિ અને ૫ પારિણામિકે જીવપણું એ પંચસંયોગી સાન્નિપાતિકભાવ ઉપશમશ્રેણિએ વર્તતા મનુષ્યને હોય. એટલે એક દ્વિકસંયોગી, બે ત્રિકસંયોગી, બે ચતુઃસંયોગી; અને એક પંચસંયોગી, એવં ૬ મૂળ ભેદ હોય અને તે

## સાંનિપાતિક ભાવના ભાંગાનું યંત્ર.

| | | | |
|---|---|---|---|
| ૧ | ઉપશમ, ક્ષાયિક. | ૧૪ | ઉપ, મિશ્ર૦, ઓદ૦ |
| ૨ | ઉપ૦, મિશ્ર [ક્ષાયોપશમિક] | ૧૫ | ઉપ, મિશ્ર૦, પારિણામિક. |
| ૩ | ઉપશમ, ઔદયિક | ૧૬ | ઉપ૦, ઔદ૦, પારિ૦ |
| ૪ | ઉપશમ, પારિણામિક. | ૧૭ | ક્ષા૦, મિશ્ર, ઔદ૦ |
| ૫ | ક્ષાયિક, મિશ્ર. | ૧૮ | ક્ષા૦, મિશ્ર, પારિ૦ |
| ૬ | ક્ષા૦, ઔદયિક. | ૧૯ | ક્ષા૦, ઔદ૦, પારિ૦[૨] |
| ૭ | ક્ષા૦, પારિણામિક[૧] | ૨૦ | મિશ્ર, ઔદ૦. પારિ[૩] |
| ૮ | મિશ્ર. ઔદયિક | ૨૧ | ઉપ૦, ક્ષા૦, મિશ્ર, ઔદ૦. |
| ૯ | મિશ્ર. પારિણામિક | ૨૨ | ઉપ૦, ક્ષા૦, મિશ્ર, પારિ૦ |
| ૧૦ | ઔદ૦ પારિણામિક | ૨૩ | ઉપ૦, ક્ષા૦, ઔદ૦, પારિ૦ |
| ૧૧ | ઉપ૦, ક્ષાયિક, મિશ્ર. | ૨૪ | ઉપ૦, મિશ્ર, ઔદ૦, પારિ[૪]૦ |
| ૧૨ | ઉપ૦, ક્ષા૦, ઔદ૦ | ૨૫ | ક્ષા૦ મિશ્ર, ઔદ૦, પારિ[૫]૦ |
| ૧૩ | ઉપ૦, ક્ષા૦, પારિણામિક. | ૨૬ | ઉપ૦ક્ષા૦મિશ્ર.ઔદ૦પારિ[૬]૦. |

૧ આ ભાંગો સિદ્ધોને હોય.

૨ આ ભાંગો કેવળીને હોય.

૩–૪–૫ આ ત્રણ ભાંગા ચારે ગતિના જીવને હોય.

૬ આ ભાંગો ઉપશમશ્રેણિએ ચઢેલા મનુષ્યોને હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંહેલા ૩ ભાવ ચાર ગતિએ વિવક્ષ્યા એટલે ૧૫ ભેદ સાંનિપાતિક ભાવના થયા, તે જીવ માંહે સંભવે અને શેષ ૨૦ સાન્નિપાતિક ભાવ રહ્યા તે જીવ માંહે ન હોય તે માટે અસંભવી છે. ॥ ૬૮ ॥

## આઠ કર્મને વિષે ભાવો.

**મોહે વ સમો, મીસો ચઉઘાઇસુ અટ્ઠકમ્મસુ અ સેસા;**
**ધમ્માઇ પારિણામિઅ,-ભાવે ખંધા ઉદઇએ વિ**
**॥ ૬૯ ॥**

મોહે વ—મોહનીયને વિષેજ
સમો—ઉપશમ [ હોય ]
મીસો—ક્ષયોપશમ.
ચઉઘાઇસુ—ચાર ઘાતિકર્મનેવિષે
અટ્ઠકમ્મસુ—આઠ કર્મને વિષે
અ—વળી
સેસા—શેષ રહ્યા તે—ઔદયિક. ક્ષાયિક અને પારિણામિક ભાવ

ધમ્માઇ—ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્ય
પારિણામિઅભાવે—પારિણામિક ભાવે
ખંધા—સ્કંધો
ઉદઇએ વિ—ઔદયિક ભાવે પણ હોય.

અર્થ—મોહનીય કર્મનોજ ઉપશમ થાય, ચાર ઘાતિ કર્મને વિષે ક્ષયોપશમ થાય અને આઠ કર્મને વિષે બાકીના [ ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક ] ભાવો હોય. ધર્માસ્તિકાયાદિ [ પાંચ અજીવ દ્રવ્યો ] પારિણામિક ભાવે હોય. સ્કંધો [ અનંત પરમાણુવાળા ] ઔદયિક ભાવે પણ હોય. ॥ ૬૯ ॥

વિવેચન—ઔપશમિક ભાવ મોહનીય કર્મને વિષેજ હોય, અન્યત્ર નહીં; મોહનીયને ઉપશમેજ ઔપશમિક કહેવાય. ક્ષાયોપશમિકભાવ ચાર ઘાતિકર્મને વિષે હોય, જ્ઞાનાવરણીય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય, એનેજ ક્ષયોપશમ કહેવાય અને શેષ ત્રણ ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક ભાવ આઠે કર્મને વિષે હોય. ધર્માસ્તિકાયાદિ પાંચ અજીવ દ્રવ્ય પોતપોતાને ભાવેજ પરિણમ્યાં છે પણ પરભાવે પરિણમતાં નથી તે માટે પારિણામિક ભાવે છે અને પુદ્ગલના દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી યાવત્ અનંતપ્રદેશી સ્કંધ, કર્મવર્ગણાદિક એ સર્વ ઔદયિક ભાવે હોય; સ્કંધપણું છાંડે, ઘટે, વધે તે માટે. ॥ ૬૯ ॥

---

## ગુણઠાણાને વિષે ભાવો.

**સમ્માઇચઉસુતિગચઉ,ભાવાચઉ પણુવસામગુવસંતે;**
**ચઉ ખીણાપુવ્વે તિન્નિ, સેસગુણઠાણગેગજિએ ૭૦.**

| | |
|---|---|
| સમ્માઇ—અવિરતિ સમ્યકત્વાદિ | ઉવસંતે—ઉપશાંતમોહે |
| ચઉસુ—ચાર ગુણઠાણાને વિષે | ચઉ—ચાર ભાવ |
| તિગ ચઉ ભાવા—ત્રણ અથવા ચાર ભાવ [ હોય ] | ખીણ—ક્ષીણમોહે |
| ચઉ પણ— ચાર કે પાંચ | અપુવ્વે—અપૂર્વકરણે |
| ઉવસામગ—નવમે તથા દશમે ગુણઠાણે | તિન્નિ—ત્રણ ભાવ |
| | સેસગુણઠાણગે—શેષ પાંચગુણઠાણે |
| | એગજિએ—એક જીવને વિષે |

**અર્થ—અવિરતિ સમ્યગ્દષ્ટિ આદિ ચાર ગુણઠાણાને વિષે ત્રણ અથવા ચાર ભાવો હોય. ચાર અથવા પાંચ ભાવ ઉપશમક [નવમું, દશમું] અને ઉપશાંતમોહ ગુણઠાણાને વિષે હોય, ક્ષીણમોહ અને અપૂર્વકરણ ગુણઠાણાને વિષે ચાર ભાવ હોય અને બાકીના ગુણઠાણાને વિષે ત્રણ ભાવ હોય, આ પ્રકારે કહેલા ભાવો એક જીવને વિષે જાણવા.॥ ૭૦**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન—એક જીવને સમ્યક્ત્વાદિ [૪–૫–૬–૭] ચાર ગુણઠાણે ૩ અથવા ૪ ભાવ હોય. ૧ પારિણામિક ભાવે જીવત્વ, ૨ ઔદયિકે ગત્યાદિ, ૩ ક્ષાયોપશમિક ભાવે ઇંદ્રિય અને સમ્યક્ત્વ પણ ક્ષાયોપશમિકે જ હોય ત્યારે ત્રણ ભાવ હોય અને ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યક્ત્વ હોય ત્યારે ૪ ભાવ હોય અને સર્વ જીવ આશ્રયી તો પાંચ ભાવ હોય.

ઉપશમક તે ૯–૧૦ મું અને ઉપશાંત તે ૧૧ મું એ ત્રણ ગુણઠાણે ચાર અથવા પાંચ ભાવ હોય. ૧ પારિણામિકે જીવત્વ, ૨ ઔદયિકે ગત્યાદિ, ૩ ક્ષાયોપશમિકે ઇંદ્રિય અને ૪ ઔપશમિકે સમ્યક્ત્વ અને ચારિત્ર એ ચાર ભાવ હોય અને ક્ષાયિક સમ્યક્ત્વ તથા ઔપશમિક ચારિત્ર હોય ત્યારે પાંચ ભાવ હોય. ક્ષીણમોહ ગુણઠાણે ત્રણ ભાવ પૂર્વવત્ અને ક્ષાયિક સમ્યક્ત્વ અને ચારિત્ર, એ ચાર ભાવ હોય. અપૂર્વકરણ ગુણઠાણે ત્રણ ભાવ પૂર્વવત્ અને ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યક્ત્વ એ ચાર ભાવ હોય. શેષ પાંચ [૧–૨–૩–૧૩–૧૪] ગુણઠાણે ત્રણ ત્રણ ભાવ હોય.

ત્યાં ૧–૨–૩ ગુણઠાણે ૧ ઔદયિક, ૨ પારિણામિક અને ૩ ક્ષાયોપશમિક એ ત્રણ હોય અને સયોગી તથા અયોગી એ બે ગુણઠાણે ૧ ઔદયિક, ૨ પારિણામિક અને ૩ ક્ષાયિક એ ત્રણ ભાવ હોય, એ પ્રમાણે એક જીવ આશ્રયી ગુણઠાણે ભાવ કહ્યા. અનેક જીવો આશ્રયી તો પાંચે ભાવો હોય ॥ ૭૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુણસ્થાનેષુ ઔપશમિકાદિભાવાનાં*યંત્રકમ.

| ગુણઠાણાનાં નામ | | એકજીવે ભાવાઃ | સર્વજીવેષુ ભાવાઃ | ઔપશમિક ૨ | ક્ષાયિક ૯ | ક્ષાયોપશમિક ૧૮ | ઔદયિક ૨૧ | પારિણામિક ૩ | કુલ ઉત્તર ભેદ ૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વે | ૩ | ૩ | ૦ | ૦ | ૧૦ | ૨૧ | ૩ | ૩૪ |
| ૨ | સાસ્વાદને | ૩ | ૩ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૨ | ૩૨ |
| ૩ | મિશ્રે | ૩ | ૩ | ૦ | ૦ | ૧૨ | ૧૯ | ૨ | ૩૩ |
| ૪ | અવિરતિ સમ૦ | ૩–૪ | ૫ | ૧ | ૧ | ૧૨ | ૧૯ | ૨ | ૩૫ |
| ૫ | દેશવિરતે | ૩–૪ | ૫ | ૧ | ૧ | ૧૩ | ૧૭ | ૨ | ૩૪ |
| ૬ | પ્રમત્ત સંયતે | ૩–૪ | ૫ | ૧ | ૧ | ૧૪ | ૧૫ | ૨ | ૩૩ |
| ૭ | અપ્રમત્ત સંયતે | ૩–૪ | ૫ | ૧ | ૧ | ૧૪ | ૧૨ | ૨ | ૩૦ |
| ૮ | અપૂર્વકરણે | ૪ | ૫ | ૨ | ૧ | ૧૩ | ૧૦ | ૨ | ૨૮ |
| ૯ | અનિવૃત્તિબાદરે | ૪–૫ | ૫ | ૨ | ૧ | ૧૩ | ૧૦ | ૨ | ૨૮ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાયે | ૪–૫ | ૫ | ૨ | ૧ | ૧૩ | ૪ | ૨ | ૨૨ |
| ૧૧ | ઉપશાંતમોહે | ૪–૫ | ૫ | ૨ | ૧ | ૧૨ | ૩ | ૨ | ૨૦ |
| ૧૨ | ક્ષીણમોહે | ૪ | ૪ | ૦ | ૨ | ૧૨ | ૩ | ૨ | ૧૯ |
| ૧૩ | સયોગી કે૦ | ૩ | ૩ | ૦ | ૯ | ૦ | ૩ | ૧ | ૧૩ |
| ૧૪ | અયોગી કે૦ | ૩ | ૩ | ૦ | ૯ | ૦ | ૨ | ૧ | ૧૨ |

* આ યંત્રમાં ગુણસ્થાનકે ભાવોના ઉત્તર ભેદ બતાવ્યા છે તે સર્વજીવ આશ્રયી જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંખ્યાતાદિના ભેદો.

**સંખિજ્જેગમસંખં, પરિત્તજુત્તનિયપયજુયંતિવિહં ।**
**એવમણંતંપિ તિહા, જહન્નમજ્ઝુક્કસા સવ્વે ॥૭૧॥**

સંખિજ્જેગં—સંખ્યાતુ એક
અસંખં—અસંખ્યાતુ
પરિત્ત—પ્રત્યેક અસંખ્યાતુ
જુત્ત—યુક્ત અસંખ્યાતુ
નિઅપયજુઅં-પોતાનાપદયુક્ત
[ અસંખ્યાત અસંખ્યાતુ ]
તિવિહં—ત્રણ પ્રકારે
એવં—એ રીતે
અણંતં પિ—અનંતુ પણ
તિહા—ત્રણ પ્રકારે
જહન્ન—જઘન્ય
મજ્ઝ—મધ્યમ
ઉક્કસા—ઉત્કૃષ્ટ
સવ્વે—સર્વે [ સાતે ]

**અર્થ** :—સંખ્યાતુ એક હોય; અસંખ્યાતુ પરિત્ત, યુક્ત અને નિજપદયુક્ત એમ ત્રણ પ્રકારે હોય; એ રીતે અનંતુ પણ ત્રણ પ્રકારે જાણવું. એ સર્વે [ સાતે ભેદો ] જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદવાળા છે. ॥ ૭૧ ॥

**વિવેચન**—હવે સંખ્યાતાદિકનો વિચાર કહે છે—મૂળ ભેદની અપેક્ષાએ સંખ્યાતુ એકજ હોય, અસંખ્યાતુ ત્રણ ભેદે હોય. તે આ પ્રમાણે—૧ પરિત્ત અસંખ્યાતુ, ૨ યુક્ત અસંખ્યાતુ અને ૩ નિજપદયુક્ત એટલે અસંખ્યાત અસંખ્યાતુ; એવી રીતે અનંતુ પણ ત્રણ ભેદે હોય, તે આ પ્રમાણે—૧ પરિત્તાનંતુ, ૨ યુક્તાનંતુ અને ૩ અનંતાનંતુ; એવં સાત ભેદ થયા. તે દરેક જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદે હોય. તેથી સાતને ત્રણે ગુણતાં એકવીશ ભેદ હોય ॥ ૭૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંખ્યાતાદિના ૨૧ ભેદો.

| | | | |
|---|---|---|---|
| ૧ | જઘન્ય સંખ્યાતુ | ૧૨ | ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતુ |
| ૨ | મધ્યમ સંખ્યાતુ | ૧૩ | જઘન્ય પરિત્ત અનંતુ |
| ૩ | ઉત્કૃષ્ટ સંખ્યાતુ | ૧૪ | મધ્યમ પરિત્ત અનંતુ |
| ૪ | જઘન્ય પરિત્ત અસંખ્યાતુ | ૧૫ | ઉત્કૃષ્ટ પરિત્ત અનંતુ |
| ૫ | મધ્યમ પરિત્ત અસં૦ | ૧૬ | જઘન્ય યુક્ત અનંતુ |
| ૬ | ઉત્કૃષ્ટ પરિત્ત અસં૦ | ૧૭ | મધ્યમ યુક્ત અનંતુ |
| ૭ | જઘન્ય યુક્ત અસં૦ | ૧૮ | ઉત્કૃષ્ટ યુક્ત અનંતુ |
| ૮ | મધ્યમ યુક્ત અસં૦ | ૧૯ | જઘન્ય અનંતાનંતુ |
| ૯ | ઉત્કૃષ્ટ યુક્ત અસં૦ | ૨૦ | મધ્યમ અનંતાન તુ |
| ૧૦ | જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ | ૨૧ | ઉત્કૃષ્ટ અનંતાનંતુ |
| ૧૧ | મધ્યમ અસંખ્યાત અસંખ્યાતુ | | |

### સંખ્યાતાદિનું સ્વરૂપ.

**લહુ સંખિજ્જં દુચ્ચિઅ, અઓ પરં મજ્ઝિમં તુ**
**જા ગુરુઅં;**
**જંબુદ્દીવપમાણય, ચઉપલ્લપરૂવણાઇ ઇમં ॥૭૨॥**

| | |
|---|---|
| લહુસંખિજ્જં-જઘન્યસંખ્યાતુ | જંબુદ્દીવપમાણય—જંબૂદ્વીપ પ્રમાણના |
| દુચ્ચિઅ—બેજ | ચઉપલ્લ—ચાર પાલાની |
| અઓ પરં—એ ઉપરાંત | પરૂવણાઈ—પ્રરૂપણાએ કરીને |
| મજ્ઝિમં તુ—મધ્યમસંખ્યાતુંવળી | ઇમં—આ—ઉત્કૃષ્ટ સંખ્યાતુ કહીશું |
| જા ગુરુઅં—યાવત્ ઉત્કૃષ્ટા સુધી | |

અર્થ:—જઘન્ય સંખ્યાતુ બેજ હોય. એ[બે] ઉપરાંત યાવત્ ઉત્કૃષ્ટ સંખ્યાતા સુધી મધ્યમ સંખ્યાતુ જાણવું. જંબૂદ્વીપ પ્રમાણના ચાર પાલાની પ્રરૂપણાએ કરીને આ ઉત્કૃષ્ટ સંખ્યાતુ વક્ષ્યમાણ સ્વરૂપે જાણવું. ॥ ૭૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન**—હવે સંખ્યાતાદિકનો વિચાર કહે છે એક તે સંખ્યા રહિત છે–એકની સંખ્યા હોય નહીં માટે બેને જઘન્ય સંખ્યાતુ કહીએ. બે ઉપરાંત ત્રણ થકી માંડીને જ્યાં લગે ઉત્કૃષ્ટ સંખ્યાતુ ન થાય, ત્યાં લગે સર્વ મધ્યમ સંખ્યાતુ કહીએ. હવે ઉત્કૃષ્ટ સંખ્યાતુ તો જંબૂદ્વીપ જેવડા ચાર પાલાની પ્રરૂપણાએ કરીને જાણવું, તે પ્રરૂપણા કહે છે. ॥ ૭૨ ॥

---

**પલ્લાણવટ્ઠિઅસલાગ–પડિસલાગ મહાસલાગક્ખા;**
**જોઅણસહસોગાઢા,સવેઇઅંતા સસિહભરિઆ. ૭૩**

| | |
|---|---|
| **પલ્લા**—પાલા | **જોયણસહસ**—હજાર જોજન |
| **અણવટ્ઠિય**—અનવસ્થિત [પાલો] | **ઓગાઢા**—ઊંડા |
| **સલાગ**—શલાકા [પાલો] | **સવેઇઅંતા**—વેદિકાના અંત સહિત |
| **પડિસલાગ**—પ્રતિશલાકા. | **સસિહ**—શિખા [ટોચ] સુધી |
| **મહાસલાગક્ખા**—મહાશલાકા નામના | **ભરિઆ**—ભરેલા [ કરવા ] |

**અર્થ—અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકા નામના પાલા કલ્પીએ. એક હજાર યોજન ઊંડા અને વેદિકાના અંતસહિત [એવા તે પાલા] શિખા સુધી [સરસવે કરી] ભરેલા કરવા–ભરવા. ॥ ૭૩ ॥**

**વિવેચન**—:–અસત્કલ્પનાએ ૪ પાલા કલ્પીએ તેનાં નામ ૧ અનવસ્થિત, ૨ શલાકા, ૩ પ્રતિશલાકા અને ૪ મહાશલાકા. તે ચારે પાલા જંબૂદ્વીપ જેવડા લાખ જોજન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાંબા-પહોળા વૃત્તાકારે અને રત્નપ્રભાનો ખરકાંડ એક હજાર યોજનનો છે. એટલા ઊંડા, ૮ યોજન ઉંચી જગતી અને તે ઉપર બે ગાઉ ઉંચી પદ્મવર વેદિકા છે, તેટલા ઉંચા હોય. ત્યાં પહેલો પાલો સરસવે કરીને શિખા સહિત ભરીએ. ॥ ૭૩ ॥

---

**તો દીવુદહિસુ ઇક્કિક્કં, સરિસવં ખિવિઅ નિટ્ઠિએ પઢમે; પઢમં વ તદંતં ચિય, પુણ ભરિએ તંમિ તહ ખીણે ૭૪.**

| | |
|---|---|
| તો-તે પછી | તદંતં ચિય-તે [અવસ્થિત ખાલી થયો હોય તે દ્વીપ]ના અંત સુધી નિશ્ચય. |
| દીવુદહિસુ-દ્વીપ-સમુદ્રને વિષે | પુણ ભરિએ-વળી ભરીએ |
| ઇક્કિક્કં-એક એક | તંમિ-તે પાલો. |
| સરિસવં-સરસવને | તહ-તેમજ |
| ખિવિઅ-નાંખીને | ખીણે-ખાલી થયે છતે. |
| નિટ્ઠિએ પઢમે-પહેલો ખાલી થયે છતે | |
| પઢમં વ-પહેલા પાલાની પેઠે | |

અર્થ—તે પછી (તે પાલો ઉપાડીને) દ્વીપ-સમુદ્રને વિષે એક એક સરસવ નાખીને પહેલો પાલો ખાલી થયે છતે, તે (અવસ્થિત પાલો ખાલી થયો હોય તે દ્વીપ) ના અંત જેવડો પાલો નિશ્ચે પહેલા પાલાની પેઠે વળી (સરસવે) ભરીએ; તે પણ તેવીજ રીતે (બાકીના દ્વીપ-સમુદ્રે એક એક નાખતાં) ખાલી થયે છતે—॥ ૭૪ ॥

વિવેચનઃ—ત્યારપછી તે ભરેલ પાલો ઉપાડીને તે માંહેથી એકેક સરસવ દરેક દ્વીપ અને સમુદ્રને વિષે મૂકીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે મૂકતાં પહેલો પાલો જ્યારે ખાલી થાય ત્યારે બીજા શલાકામાં સરસવ નાખીએ નહીં, કારણ કે તે પહેલો પાલો તો શલાકા જેવડો જ છે–અનવસ્થિત નથી પણ અવસ્થિત છે, તે માટે, બીજી વાર જે પાલો કલ્પીએ તે અનવસ્થિત કહીએ. તે આ પ્રમાણે–જ્યાં તે પહેલો પાલો ખાલી થયો તે દ્વીપ અથવા સમુદ્ર જેવડો પાલો કલ્પીએ, તે અનવસ્થિત જાણવો. તે વળી શિખા સહિત સરસવે ભરીએ, પછી તે અનવસ્થિત પાલાને ઉપાડીને દ્વીપ–સમુદ્રે એકેક સરસવ મૂકતાં પૂર્વની પેઠે ખાલી થાય ત્યારે— ॥ ૭૪ ॥

---

**ખિપ્પઇસિલાગપલ્લે-ગુસરિસવો ઇઅ સલાગખવણેણં;**
**પુણ્ણો બીઓઅ તઓ, પુવ્વંપિવ તંમિ ઉદ્ધરિએ ૭૫.**

| | |
|---|---|
| ખિપ્પઈ–નાખીએ. | પુણ્ણો–પૂર્ણ. |
| સલાગપલ્લે-શલાકાપાલાને વિષે. | બીઓ–બીજો પાલો. |
| એગુ સરિસવો–એક સરસવ. | તઓ–તે વાર પછી. |
| ઈય–એ પ્રકારે. | પુવ્વંપિવ–પૂર્વની પેઠે. |
| સલાગ–શલાકા [માં સરસવ]. | તમ્મિ–તેને. |
| ખવણેણં–નાખવાવડે. | ઉદ્ધરિએ–લેતાં. |

અર્થ—શલાકાપાલાને વિષે એક સરસવ નાખીએ; એ પ્રકારે શલાકા (માં સાક્ષી સરસવ) નાખવા વડે બીજો પાલો પૂર્ણ થાય. તે પછી પૂર્વની પેઠે તેને લઈને. ॥ ૭૫ ॥

વિવેચન :–એક અનેરો સરસવનો દાણો શલાકા પાલા માંહે મૂકીએ. વળી તે [ જે દ્વીપ કે સમુદ્રે પાલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાલી થયો તે ] દ્વીપ કે સમુદ્રના અંત લગે તેટલી ભૂમિ પ્રમાણે તેવડો અનવસ્થિત પાલો કરીએ—કલ્પીએ.

એમ અનવસ્થિત પાલા જેમ જેમ ખાલી થતા જાય તેમ તેમ શલાકા માંહે એક—એક સરસવ મૂકતા જઈએ અને તે તે દ્વીપ સમુદ્ર પર્યંત ભૂમિ પ્રમાણે અનવસ્થિત કલ્પતા જઈએ, એમ વારંવાર કરીએ. એમ વારંવાર કરતાં જ્યારે બીજો શલાકા પાલો ભરાય ત્યારે પૂર્વની પેરે [અનવસ્થિતની પેરે ] શલાકા પાલો ઉપાડીને ત્યાંથી આગળના દ્વીપ—સમુદ્રે એકેક સરસવ મૂકીએ. ॥ ૭૫ ॥

---

**ખીણે સલાગ તઇએ, એવં પઢમેહિં બીઅયં ભરસુ;**
**તેહિં તઇઅં તેહિ ય, તુરિઅં જા કિર ફુડા ચઉરો,૭૬**

ખીણે—શલાકા પાલો ખાલી—થયે છતે.
સલાગ—શલાકા.
તઈએ—ત્રીજામાં.
એવં—એ રીતે.
પઢમેહિં—પહેલા વડે.
બીઅયં—બીજો શલાકા.
ભરસુ—ભરવો.
તેહિં તઈઅં—તે વડે ત્રીજો.
તેહિ ય તુરિઅં—તે વડે વળી ચોથો
જા—યાવત્.
કિર—નિશ્ચે.
ફુડા—સ્ફુટ [શિખા સહિત ભરેલા.]
ચઉરો—ચાર [પાલા હોય].

**અર્થ**—તે ખાલી થયે છતે ત્રીજા પાલામાં શલાકા [સરસવ] નાંખીએ. એ રીતે પહેલા વડે બીજો પાલો ભરવો. તે [બીજા] વડે ત્રીજો અને તે [ત્રીજા] વડે ચોથો પાલો ભરવો. યાવત્ નિશ્ચે શિખા સહિત ભરેલા ચારે પાલા હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન :—એમ કરતાં કરતાં શલાકા પાલો ખાલી થાય, ત્યારે ત્રીજા પ્રતિશલાકા પાલામાં અનેરો એક સરસવ મૂકીએ. વળી ત્યાં અનવસ્થિત કલ્પીએ, એમ એ (રીતે) પહેલા અનવસ્થિત પાલાએ કરીને બીજો શલાકા પાલો ભરીએ, તે શલાકા પાલે કરીને ત્રીજો પ્રતિશલાકા પાલો ભરીએ, અને તે પ્રતિશલાકા પાલે કરીને ચોથો મહાશલાકા ભરીએ. તે મહાશલાકા ભર્યા પછી પ્રતિશલાકા ભરીએ. તે પછી શલાકા ભરીએ અને તે ત્રણે જ્યાં ભરાઈ રહ્યા તે દ્વીપ કે સમુદ્ર જેટલી ભૂમિ ખણીને તેવડો અનવસ્થિત પાલો કલ્પીને તેને સરસવે ભરીએ એટલે ચારે પાલા પૂર્ણ ભરાણા. ॥ ૭૬ ॥

**પઢમતિપલ્લુદ્ધરિઆ, દીવુદહી પલ્લચઉસરિસવા ય;**
**સવ્વો વિ એગરાસી, રૂવૂણો પરમસંખિજ્જં ૭૭**

પઢમતિપલ્લ—પહેલા ત્રણ પાલે કરી
ઉદ્ધરિઆ—ઉદ્ધર્યા
દીવુદુહી—દ્વીપ તથા સમુદ્ર
પલ્લચઉ—ચાર પાલાના
સરિસવા—સરસવો
સવ્વોવિ એગરાસી—સર્વ એક રાશિ—સમૂહ
રૂવૂણો—એકરૂપે ઊણો [તે]
પરમસંખિજ્જં—ઉત્કૃષ્ટ સંખ્યાતું.

અર્થ—પહેલા ત્રણ પાલાવડે ઉદ્ધરેલા દ્વીપસમુદ્ર [ના સરસવ] અને ચાર પાલાના સરસવ, એ સર્વનો એકરાશી તે એક રૂપે ઊણો ઉત્કૃષ્ટ સંખ્યાતુ થાય. ॥૭૭॥

વિવેચન :—હવે પહેલા ૩ પાલાવડે ઉદ્ધર્યા જે દ્વીપ સમુદ્ર તેના સરસવ અને ચાર પાલા ભર્યા છે તેના સર—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સવ એ સર્વ રાશી [સરસવનો સમૂહ] એકત્ર કરીએ, તેમાંથી એક સરસવ ઊણો કરીએ તે ઉત્કૃષ્ટ સંખ્યાતુ કહીએ. ॥૭૭॥

**રૂવજુઅંતુ પરિત્તા,-સંખંલહુ અસ્સ રાસિઅબ્ભાસે;**
**જુત્તાસંખિજજંલહુ,આવલિઆસમયપરિમાણું ॥૭૮॥**

| | |
|---|---|
| રૂવ-[એક] રૂપ | કરતાં |
| જુઅં તુ-યુક્ત વળી | જુત્તાસંખિજ્જં લહુ-જઘન્ય યુક્ત અસંખ્યાતુ થાય |
| પરિત્ત-પ્રત્યેક | |
| અસંખં-અસંખ્યાતુ | આવલિયા-આવલિકાના |
| લહુ-જઘન્ય | સમય-સમયનું |
| અસ્સ-એનો | પરિમાણં-પ્રમાણ |
| રાસિઅબ્ભાસે-રાશિ-અભ્યાસ | |

અર્થ-ઉત્કૃષ્ટ સંખ્યાતુ એકરૂપયુક્ત તે વળી પરિત્ત અસંખ્યાતુ લઘુ જાણવું. એનો રાશિઅભ્યાસ કરતાં યુક્ત અસંખ્યાતુ જઘન્ય થાય, તે આવલિકાના સમયનું પરિમાણ જાણવું. ॥ ૭૮ ॥

**વિવેચન** :-અને તે એક સરસવ યુક્ત કરીએ તે જઘન્ય પરિત્ત અસંખ્યાતુ થાય, એ પહેલું અસંખ્યાતુ. એ જઘન્ય પરિત્ત અસંખ્યાતુ એકાદિકે યુક્ત કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટ ન થાય ત્યાં સુધી સર્વ મધ્યમ પરિત્ત અસંખ્યાતુ કહીએ અને એ જ જઘન્ય પરિત્ત અસંખ્યાતાની રાશિનો અભ્યાસ કરીએ તે જઘન્ય યુક્ત અસંખ્યાતુ થાય. અભ્યાસ એટલે તે રાશિમાં જેટલા સરસવ હોય તેટલા (તેટલી સંખ્યાના) અને તેવડા (રાશી જેવડા) ઢગલા કરીએ, તે કરીને તેને પરસ્પર માંહોમાંહે ગુણીએ તે અભ્યાસ કહેવાય. અહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસત્કલ્પનાએ તે ઢગલાના સરસવ પાંચ કલ્પીએ, ત્યારે પાંચ પાંચ સરસવના પાંચ ઢગલા કરીએ, તેને પરસ્પર ગુણીએ એટલે પહેલો બીજા સાથે ગુણતાં ૨૫ થાય, તેને ત્રીજા સાથે ગુણતાં ૧૨૫ થાય તેને ચોથા સાથે ગુણતાં ૬૨૫ થાય અને તેને પાંચમા સાથે ગુણતાં ૩૧૨૫ થાય. એ અભ્યાસ નામા ગણિત જાણવું. એ જઘન્ય યુક્ત અસંખ્યાતુ તે આવલિકાના સમયનું પરિમાણ છે. એક આવલિકાના એટલા સમય હોય.

**બિતિચઉપંચમગુણણે, કમા સગાસંખપઢમચઉસત્તા;**
**ણંતા તે રૂવજુઆ, મજ્ઝા રૂવૂણ ગુરુ પચ્છા ॥૭૯॥**

બિ–બીજા
તિ–ત્રીજા
ચઉ–ચોથા
પંચમ–પાંચમાનો
ગુણણે–રાશિઅભ્યાસ કરતાં
કમા–અનુક્રમે
સગાસંખ–સાતમું અસંખ્યાતુ [જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ]

પઢમ–[જઘન્ય પ્રત્યેક] અનંતુ
ચઉ–(જઘન્યયુક્ત) અનંતુ
સત્તાણંતા–સાતમું અનંતુ (જઘન્ય અનંતાનંતુ)
તે રૂવજુઆ–તે એકરૂપ સહિત
મજ્ઝા–મધ્યમ થાય
રૂવૂણ–એકરૂપ ઊણું કરતાં
ગુરુપચ્છા–પાછલું ઉત્કૃષ્ટ થાય.

**અર્થ:–**[મૂળભેદની અપેક્ષાએ] બીજા, ત્રીજા, ચોથા અને પાંચમાનો રાશિ–અભ્યાસ કરતાં, અનુક્રમે સાતમું અસંખ્યાતુ, પહેલું, ચોથું અને સાતમું અનંતુ થાય. તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકરૂપ સહિત કરતાં મધ્યમ, અને એકરૂપ ઊણું કરતાં પાછળનું ઉત્કૃષ્ટ થાય ॥૭૯॥

વિવેચન—તે જઘન્યયુક્ત અસંખ્યાતાનો બીજી, ત્રીજી ચોથી અને પાંચમી વાર અભ્યાસ કરતાં અનુક્રમે સાતમું અસંખ્યાતું તથા પહેલું, ચોથું, અને સાતમું અનંતુ થાય, તે આ પ્રમાણે—જઘન્ય યુક્ત અસંખ્યાતાની રાશિનો અભ્યાસ કરીએ ત્યારે જઘન્ય અસંખ્યાત—અસંખ્યાતુ થાય. તેનો વળી અભ્યાસ કરીએ તે પહેલું જઘન્ય પરિત્ત અનંતુ થાય, તેનો વળી અભ્યાસ કરીએ તે ચોથું જઘન્યયુક્ત અનંતુ થાય, તેનો વળી અભ્યાસ કરીએ તે જઘન્ય અનંતાનંતુ સાતમું થાય. ત્રણ અસંખ્યાતા અને ત્રણ અનંતા એ છ જઘન્યને એકાદિકે યુક્ત કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટા ન થાય ત્યાં સુધી એ ૬ મધ્યમ કહીએ અને એ ૬ એકે ઊણાં કરીએ ત્યારે પાછલાં ઉત્કૃષ્ટ થાય અને ઉત્કૃષ્ટું અનંતાનંતુ તો નથી. "ઉક્કોસયં અણંતાણંતયં નત્થિ" ઇતિ અનુયોગદ્વારસૂત્રવચનાત્ ॥૭૯॥

---

**ઇઅ સુત્તત્તં અન્ને, વગ્ગિઅમિક્કસિ ચઉત્થયમસંખં;**
**હોઇ અસંખાસંખં, લહુ રૂવજુઅં તુ તં મજ્ઝં. ૮૦**

| | |
|---|---|
| ઇય સુત્તુત્તં—એ સૂત્રોક્ત | હોઈ—હોય. |
| અન્ને—બીજા આચાર્ય | અસંખાસંખં લહુ—જઘન્ય અસંખ્યાતાસંખ્યાતુ |
| વગ્ગિઅં—વર્ગ કરતાં | રૂવજુઅં—એકરૂપ યુક્ત |
| ઇક્કસિ—એકવાર | તુ તં—તો તે |
| ચઉત્થયં—ચોથા | મજ્ઝં—મધ્યમઅસંખ્યાતાસંખ્યાતુ |
| અસંખં—અસંખ્યાતાને | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ:—એ પ્રકારે[1] સૂત્રોક્ત જાણવું. અન્ય આચાર્ય કહે છે કે-ચોથા અસંખ્યાતાને એકવાર વર્ગ કરતાં જઘન્ય અસંખ્યાત-અસંખ્યાતું થાય. તે એકરૂપ યુક્ત કરતાં વળી મધ્યમ અસંખ્યાત-અસંખ્યાતું થાય. ॥ ૮૦ ॥

વિવેચન:—એ અનુયોગદ્વાર સૂત્રોક્ત વિધિ કહ્યો-સૂત્રમાં એ રીતે કહ્યું છે. અનેરા આચાર્ય વળી આ પ્રકારે કહે છે, તે પ્રકારાંતર કહીએ છીએ. ચોથું જઘન્ય યુક્ત અસંખ્યાતું એકજ વાર વર્ગીએ "તદ્દગુણો વર્ગ:" ઇતિ વચનાત્ એટલે જઘન્ય યુક્ત અસંખ્યાતાનો જે રાશિ તેને તેજ રાશી સાથે ગુણીએ. જેમ પાંચને પાંચે ગુણતાં ૨૫ થાય, તે જઘન્ય અસંખ્યાતઅસંખ્યાતું સાતમું થાય. તે રૂપાદિકે (એકાદિકે) યુક્ત કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટ ન થાય, ત્યાં સુધી મધ્યમ અસંખ્યાત-અસંખ્યાતું આઠમું કહીએ ॥ ૮૦ ॥

---

**રૂવૂણમાઇમં ગુરુ, તિવગ્ગિઉં તત્થિમે દસક્ખેવે;**
**લોગાગાસપએસા, ધમ્માઽધમ્મેગજિઅદેસા ॥૮૧॥**

| | |
|---|---|
| રૂવૂણં—એકરૂપ હીન | લોગાગાસ—લોકાકાશના |
| આઇમં—પહેલું | પએસા—પ્રદેશ |
| ગુરુ—ઉત્કૃષ્ટ | ધમ્મા—ધર્માસ્તિકાયના |
| તિવગ્ગિઉં—ત્રણવેળા વર્ગ કરીને | અધમ્મા—અધર્માસ્તિકાયના, |
| તત્થિમે—તેમાં આ | એગજિઅ—એક જીવના |
| દસ—દશ [વસ્તુ] | દેસા—પ્રદેશો |
| ક્ખેવે—નાંખીએ | |

---

૧. અનુયોગદ્વાર સૂત્રમાં કહેલું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ—તે [જઘન્ય અસંખ્યાતાસંખ્યાતું.] એકરૂપ હીન કરતાં પહેલાનું ઉત્કૃષ્ટ [યુક્ત અસંખ્યાતુ] થાય. તેને ત્રણ વખત વર્ગ કરીને તેમાં આ દશ વસ્તુ નાખીએ. લોકાકાશના પ્રદેશો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને એક જીવના પ્રદેશ. ॥ ૮૧ ॥

વિવેચન—જઘન્ય અસંખ્યાત-અસંખ્યાતુ એકરૂપે ઊણુ કરીએ ત્યારે પાછલું છઠ્ઠું ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતું થાય. હવે તે જઘન્ય અસંખ્યાતઅસંખ્યાતું ત્રણવાર વર્ગિએ તદ્ગુણો વર્ગ: એ રીતે ત્રણવાર વર્ગ કરીને તે રાશિમાંહે આ દશ ક્ષેપક ભેળવીએ તે દશનાં નામ કહે છે. ૧ લોકાકાશના પ્રદેશ, ૨ ધર્માસ્તિકાયના પ્રદેશ, ૩ અધર્માસ્તિકાયના પ્રદેશ, ૪ એક જીવના પ્રદેશ ॥ ૮૧ ॥

---

**ઠિઇબંધજ્ઝવસાયા, અણુભાગા જોગછેઅપલિભાગા;**
**દુણ્હ ય સમાણ સમયા, પત્તેઅ નિગોઅએ ખિવસુ, ॥ ૮૨ ॥**

**ઠિઇબંધ**—સ્થિતિબંધના
**અજ્ઝવસાયા**—અધ્યવસાય
**અણુભાગા**—અનુભાગબંધના સ્થાનો
**જોગ**—યોગ [મન, વચન, કાયાની શક્તિ]ના
**છેઅપલિભાગા**—છેદપ્રતિભાગ [ નિર્વિભાજ્ય ભાગ ]
**દુણ્હ**—બે [ના]
**સમાણ**—કાળ [ઉત્સર્પિણી, અવસર્પિણી] ના
**સમયા**—સમયો
**પત્તેઅ**—પ્રત્યેક શરીરવાળા જીવો
**નિગોઅએ**—નિગોદો [સૂક્ષ્મ બાદર અનંતકાયનાં શરીરો]
**ખિવસુ**—નાખો-ક્ષેપવો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ—સ્થિતિબંધનાં અધ્યવસાયસ્થાનો,અનુભાગ[રસ] બંધનાં અધ્યવસાયસ્થાનો યોગના નિર્વિભાજ્ય ભાગો; ઉત્સર્પિણી અવસર્પિણીના સમયો, પ્રત્યે શરીરવાળા જીવો અને નિગોદો [એ દશ] નાખીએ. ॥ ૮૨ ॥

વિવેચનઃ—૫ સ્થિતિબંધનાં અધ્યવસાયસ્થાનો, ૬ અનુભાગબંધનાં અધ્યવસાયસ્થાનો, ૭ યોગ તે મન, વચન, કાયાનું વીર્ય તેના છેદપ્રતિભાગ તે સૂક્ષ્મ નિર્વિભાજ્ય ભાગ, ૮ ઉત્સર્પિણી—અવસર્પિણી એ બે કાળના સમય,૯ પ્રત્યેકજીવનાં શરીર અને ૧૦ નિગોદ—સાધારણ વનસ્પતિકાયનાં શરીર. એ દશ ભેળવીએ અને પછી. ॥ ૮૨ ॥

---

**પુણ તંમિ તિવગ્ગિઅએ, પરિત્તાણંત લહુ**
**તસ્સ રાસીણં;**
**અબ્ભાસે લહુ જુત્તા,—ણંતં અભવ્વજિઅમાણં**
**॥ ૮૩ ॥**

પુણ તંમિ—વળી તે રાશિને
તિવગ્ગિઅએ—ત્રણ વખત વર્ગ કરતાં
પરિત્તાણંત લહુ—જઘન્ય પ્રત્યેકાનંતુ
તસ્સ—તે
રાસીણં અબ્ભાસે—રાશીનો અભ્યાસ કરતાં
લહુ—લઘુ,જઘન્ય
જુત્તાણંત—યુક્તાનંતુ
અભવ્વ—અભવ્ય
જિઅમાણં—જીવનું માન

અર્થ—ફરી વળી તે [રાશિ] ને ત્રણ વખત વર્ગ કરતાં જઘન્ય પરિત્ત અનંતુ થાય. તેની રાશિનો અભ્યાસ કરતાં જઘન્ય યુક્ત અનંતુ થાય, તે અભવ્ય જીવનું પરિમાણ જાણવું. ॥ ૮૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન** :—વળી તે રાશિ ત્રણવાર વર્ગીએ ત્યારે તે પહેલું જઘન્ય પરિત્ત અનંતું થાય. તેમાંથી એક ઓછો કરીએ ત્યારે ઉત્કૃષ્ટ અસંખ્યાતઅસંખ્યાતું થાય. તે જઘન્ય પરિત્ત અનંતાની રાશિનો અભ્યાસ પૂર્વે જે રીતે કહ્યો છે તેમ કરીએ ત્યારે ચોથું જઘન્ય યુક્ત અનંતું થાય; એ અભવ્ય જીવનું માન જાણવું. અર્થાત્ અભવ્ય જીવ એટલા છે. ॥૮૩॥

---

**તવ્વગ્ગે પુણ જાયઈ, ણંતાણંત લહુ તં ચ તિક્ખુત્તો;**
**વગ્ગસુ તહવિ ન તં હોઇ,ણંતખેવે ખિવસુ છ ઇમે ।૮૪।**

| | |
|---|---|
| **તવ્વગ્ગે**—તેનો વર્ગ કરતાં | **તહવિ**—તો પણ |
| **પુણ**—વળી | **ન તં હોઈ**—ન તે [ઉત્કૃષ્ટ અનંતાનંતુ] હોય, |
| **જાયઈ**—થાય. | |
| **ણંતાણંતલહુ**-જઘન્યઅનંતાનંતુ | **ણંત**—અનંતા. |
| **તં ચ**—તેને વળી. | **ખેવે**—ક્ષેપવવાનાં. |
| **તિક્ખુત્તો**—ત્રણવાર. | **ખિવસુ**—ભેળવો. |
| **વગ્ગસુ**—વર્ગિએ, | **છ ઇમે**—આ [કહીશું તે] છ. |

**અર્થ**—તે [જઘન્ય યુક્તાનંત]નો વળી વર્ગ કરતાં જઘન્ય અનંતાનંતું થાય. તેને વળી ત્રણ વખત વર્ગ કરીએ તોપણ તે [ઉત્કૃષ્ટ અનંતાનંતું] ન થાય. તેમાં કહીશું તે અનંતાં ક્ષેપવવાનાં ભેળવો. ॥ ૮૪ ॥

**વિવેચન**:—તે જઘન્ય યુક્ત અનંતાનો વર્ગ કર્યે થકે વળી સાતમું જઘન્ય અનંતાનંતું થાય. તે જઘન્ય અનંતાનંતની રાશિને ત્રણ વાર વર્ગિએ તો પણ ઉત્કૃષ્ટ અનંતા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નંતું ન થાય, ત્યારે તેમાં છ અનંતા ક્ષેપક ભેળવીએ, તે કહે છે.

---

**સિદ્ધા નિગોઅજીવા, વણસ્સઈ કાલ પુગ્ગલા ચેવ;**
**સવ્વમલોગનહં પુણ, તિવગ્ગિઉં કેવલદુગંમિ ॥૮૫॥**

| | |
|---|---|
| **સિદ્ધા**—સિદ્ધના જીવો. | **સવ્વં**—સર્વ. |
| **નિગોઅજીવા**—નિગોદના જીવો. | **અલોગનહં**—અલોકાકાશ. |
| **વણસ્સઈ**—વનસ્પતિકાય, | **પુણ**—વળી. |
| **કાલ**—ત્રણેકાળ [ના સમય] | **તિવગ્ગિઉં**—ત્રણ વખત વર્ગ કરીને |
| **પુગ્ગલા**—પુદ્ગલપરમાણુ. | **કેવલદુગંમિ**—કેવળદ્વિકના પર્યાય. |

**અર્થ—સિદ્ધો, નિગોદ જીવો, વનસ્પતિ જીવો, કાળ [ અતીત, અનાગત અને વર્ત્તમાન ] ના સમયો, પુદ્ગલ પરમાણુઓ, સર્વઅલોકાકાશના પ્રદેશો [એ નાંખીને] વળી ત્રણ વાર વર્ગ કરીને [તેમાં ] કેવળજ્ઞાન અને કેવળદર્શનના પર્યાયો. ॥ ૮૫ ॥**

**વિવેચન:**—૧ સિદ્ધના જીવ, ૨ નિગોદિયા જીવ, ૩ વનસ્પતિ કાયના જીવ, ૪ સર્વ અતીત-અનાગત કાળના સમય, ૫ સર્વ પુદ્ગલ પરમાણુ નિશ્ચે વળી ૬ સર્વ અલોકાકાશના પ્રદેશ, એ છ ભેળવીને વળી ત્રણવાર વર્ગિએ ત્યાર પછી કેવળજ્ઞાન અને કેવળદર્શનના પર્યાય ભેળવીએ, જ્ઞેય પર્યાય અનંતા માટે જ્ઞાનના પર્યાય અનંતા છે, એ છ અનંત કહ્યાં તે થકી પણ તે (કેવળદ્વિકના પર્યાય) અનંતગુણા છે. ॥૮૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ખિત્તેણંતાણંતં, હવેઈ જિટ્ઠં તુ વવહરઈ મજ્ઝં;**
**ઇઅ સુહુમત્થવિઆરો, લિહિઓ દેવિંદસૂરીહિં ॥૮૬॥**

ખિત્તે—ક્ષેપવે થકે,
[અ] ણંતાણંતં—અનંતાનંતું.
હવેઈ—હોય,
જિટ્ઠં—ઉત્કૃષ્ટું.
વવહરઇ—વ્યવહારમાં.
મજ્ઝં—મધ્યમ અનંતું.
ઇય—એ પ્રકારે.
સુહુમત્થ—સૂક્ષ્મ અર્થનો,
વિઆરો—વિચાર.
લિહિઓ—લખ્યો.
દેવિંદસૂરીહિં—શ્રીદેવેન્દ્રસૂરિએ.

**અર્થ**—ક્ષેપવે છતે ઉત્કૃષ્ટ અનંતાનંતું થાય, પણ મધ્યમ અનંતાનંતું વ્યવહારમાં આવે. એ પ્રકારે સૂક્ષ્મ અર્થનો વિચાર શ્રી દેવેંદ્રસૂરિએ લખ્યો. ॥ ૮૬ ॥

**વિવેચન**—તે ભેળવ્યે થકે ઉત્કૃષ્ટ અનંતાનંતું નવમું થાય, પણ મધ્યમ અનંતાનંતું જ વ્યવહારમાં પ્રવર્તે છે. લોકાલોકમાંહે જેટલા પદાર્થ છે તે સર્વ મધ્યમ અનંતાનંતે જ છે. ઉત્કૃષ્ટુ અનંતાનંતું કહ્યું પણ નિષ્પ્રયોજન છે, તે માટે જ સિદ્ધાંતે ના કહી. એ સૂક્ષ્મ અર્થનો વિચાર તપાગચ્છાધિરાજ શ્રી દેવેન્દ્રસૂરિજી મ. એ લખ્યો અર્થાત્ પૂર્વગ્રંથને અનુસારે પુસ્તકન્યાસ કર્યો.

આ ૮૬ ગાથાનો છે. તે માટે ષડશીતિક એવું નામ જાણવું.

**ષડશીતિનામા ચતુર્થ કર્મગ્રંથ સમાપ્ત.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ अर्हं नमः

# बन्धस्वामित्वनामा तृतीयः कर्मग्रन्थः

**વિષય :**– આ કર્મગ્રંથમાં માર્ગણાઓમાં ગુણસ્થાનકના અવતાર કરીને બન્ધસ્વામિત્વનું વર્ણન કરેલ છે. એટલે કે કયી કયી માર્ગણાઓમાં કેટલા–કેટલા ગુણસ્થાનકોનો સંભવ છે, અને પ્રત્યેક માર્ગણાવર્તી જીવોની સામાન્યરૂપથી તથા ગુણસ્થાનકના વિભાગ અનુસાર કર્મ–બંધન સમ્બન્ધિ કેટલી યોગ્યતા છે તેનું વર્ણન કરેલ છે.

## માર્ગણા–ગુણસ્થાનનું પરસ્પર અન્તર

**માર્ગણા :**– સંસારમાં જીવો અનન્ત છે. દરેક જીવોનું બાહ્ય અને અભ્યન્તર–જીવન જુદું જુદું હોય છે. શરીરનો આકાર ઈન્દ્રિય, રંગ, રૂપ, ચાલ, વિચારશકિત, મનોબલ, એ દરેક વિષયોમાં જીવો એકબીજાથી ભિન્ન છે. આ ભેદનો વિસ્તાર કર્મજન્ય :–ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવોને લઈને તથા સહજ પારિણામિક ભાવને લઈ હોય છે. આ અનન્ત ભિન્નતાઓને જ્ઞાનિ- ઓએ ચૌદ વિભાગમાં વિભાજિત કરેલ છે, અને એ ચૌદ વિભાગમાં અવાન્તર ભેદો ૬૨ થાય છે. જીવોના બાહ્ય અને અભ્યન્તર જીવનના આ વિભાગોને માર્ગણા કહેવામાં આવે છે,

**ગુણસ્થાન :**–મોહ અને અજ્ઞાનની પ્રગાઢતમ અવસ્થાને જ્ઞાનિઓ જીવની નીચલી અવસ્થા કહે છે. અને મોહરહિત સમ્પૂર્ણ જ્ઞાનિ અવસ્થાને જીવોની ઉચ્ચતમ અવસ્થા અથવા મોક્ષ કહે છે.

નીચતમ અવસ્થામાંથી ધીમે ધીમે મોહના પડળોને દૂર કરતો જીવ આગળ વધે છે, અને આત્માના સ્વાભાવિક જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોને વિકસાવે છે. આ વિકાસમાર્ગમાં જીવ અનેક અવસ્થા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓમાંથી પસાર થાય છે. વિકાસ માર્ગની આ ક્રમિક અવસ્થાઓને ગુણસ્થાનક કહેવામાં આવે છે. આ ક્રમિક અસંખ્યાતી અવસ્થાઓને જ્ઞાનિઓએ ૧૪ ભાગમાં વિભાજિત કરેલ છે. આ ચૌદ વિભાગને જૈનશાસ્ત્રમાં ગુણસ્થાનક કહેવામાં આવે છે.

**માર્ગણા અને ગુણસ્થાનકોનું પરસ્પર અન્તર :**

માર્ગણાનો વિચાર કર્મ–અવસ્થાના તરતમ ભાવનો વિચાર નથી, પરંતુ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ભિન્નતાઓથી જીવો ઘેરાયેલા છે. અને તેનો વિચાર માર્ગણા દ્વારા થાય છે. જ્યારે ગુણસ્થાનકો કર્મ–પટલોના તરતમ ભાવને અને યોગોની પ્રવૃત્તિ–નિવૃત્તિને જણાવે છે.

માર્ગણાઓ જીવના વિકાસક્રમને બતાવતી નથી. પણ એનાં સ્વાભાવિક–વૈભાવિક રૂપોનું અનેક પ્રકારથી પૃથક્કરણ કરે છે. જ્યારે ગુણસ્થાનકો જીવના વિકાસક્રમને બતાવે છે. અને વિકાસની ક્રમિક અવસ્થાઓનું વર્ગીકરણ છે. માર્ગણાઓ સહભાવી છે. અને ગુણસ્થાનકો ક્રમભાવી છે. એટલે કે એકજ જીવમાં ચૌદે માર્ગણાઓ પ્રાપ્ત થઇ શકે છે. જ્યારે ગુણસ્થાનકો એક જીવમાં એકજ પ્રાપ્ત થઈ શકે છે. પૂર્વ પૂર્વ ગુણસ્થાનકોને છોડીને ઉત્તરોત્તર ગુણસ્થાનક પ્રાપ્ત કરી શકાય છે. અને આધ્યાત્મિક વિકાસ વધારી શકાય છે, પરન્તુ પૂર્વ પૂર્વ માર્ગણાઓને છોડીને ઉત્તરોત્તર માર્ગણાઓ પ્રાપ્ત કરી શકાતી નથી. તેમજ તેથી આધ્યાત્મિક વિકાસની સિદ્ધિ થઈ શકતી નથી. તેરમા ગુણસ્થાનકે પહોંચેલ એટલે કે કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલ જીવમાં કષાય સીવાય સર્વે માર્ગણાઓ હોય છે. પરંતુ ગુણસ્થાનક તો માત્ર એક તેરમું જ હોય છે. અન્તિમ અવસ્થા પ્રાપ્ત જીવમાં પણ ત્રણ–ચાર માર્ગણાઓ છોડીને બધી માર્ગણાઓ હોય છે, જ્યારે ગુણસ્થાનકોમાં ફક્ત ૧૪મું જ હોય છે. આ પ્રકારે માર્ગણા અને ગુણસ્થાનકોમાં પરસ્પર અન્તર છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથા ૩-૪ થી :-** આ ગાથાઓમાં સંકેત દ્વારા સંક્ષેપથી બોધ થવા માટે ૫૫ પ્રકૃતિઓનો સંગ્રહ કરેલ છે. એટલે અમુકથી અમુક સુધી એમ આગલી ગાથાઓમાં જણાવશે પણ પ્રકૃતિઓ ગણાવશે નહીં. જેમકે "સુર એકોનવિંશતિ" એટલે દેવદ્વિકથી માંડી આતપ નામકર્મ સુધીની ઓગણીશ પ્રકૃતિઓ લેવી.

ગાથા ૫ "નારકીને ભવસ્વભાવેજ એ ઓગણીશનો બંધ ન હોય" દેવદ્વિક વગેરે ઓગણીશ મધ્યે સુરદ્વિક, વૈક્રિયદ્વિક, દેવાયુ, નરકગતિ, નરકાનુપૂર્વી અને નરકાયુ એ આઠ પ્રકૃતિ દેવતા અને નારકી પ્રાયોગ્ય છે. અને નારકી મરીને દેવ કે નરકગતિમાં ઉત્પન્ન થાય નહી માટે તેનો બંધ ન હોય, તથા સૂક્ષ્મ નામ, અપર્યાપ્તનામ, અને સાધારણ નામ એ ત્રણ પ્રકૃતિ પણ ન બાંધે, કેમકે સૂક્ષ્મ એકેન્દ્રિય, અપર્યાપ્તા તિર્યંચ તથા અપર્યાપ્તા મનુષ્ય અને સાધારણ વનસ્પતિકાયને વિષે નારકી મરીને ઉપજે નહી.

એકેન્દ્રિય જાતિ, સ્થાવરનામ અને આતપનામ એ ત્રણ એકેન્દ્રિય પ્રાયોગ્ય છે અને વિકલેન્દ્રિયત્રિક એ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય છે. નારકી એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય નહી, માટે એ છ પ્રકૃતિ ન બાંધે. આહારકદ્વિક ચારિત્રના અભાવે બાંધે નહીં.

મિથ્યાત્વ ગુણઠાણે તીર્થંકર નામનો બંધ ન હોય" જિનનામનો બંધ સમ્યકત્વ પ્રાયોગ્ય છે. અને મિથ્યાત્વ ગુણઠાણે સમ્યકત્વ નથી માટે જિનનામ પણ ન બાંધે.

"એ વિના છન્નુ (૯૬ નો) બંધ હોય" કારણ કે નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, હુંડક સંસ્થાન, આતપનામ, છેવટ્ઠું સંઘયણ, નપુંસકવેદ અને મિથ્યાત્વ મોહનીય એ સોળ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ નિમિત્તક છે. તેમાં નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, એકેન્દ્રિય જાતિ, સ્થાવરનામ અને આતપ નામ એ બાર પ્રકૃતિઓને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારકો ભવપ્રત્યયે બાંધતા નથી તેથી "સુરાદિ" માં ગ્રહણ કરી ઓઘબંધમાંથીજ કાઢી નાખી છે. બાકી રહેલી નપુંસકવેદ, મિથ્યાત્વ મોહનીય, હુંડક સંસ્થાન અને છેવટ્ઠું સંઘયણ—એ ચાર પ્રકૃતિઓ મિથ્યાત્વનિમિત્તક બંધાય છે, અને સાસ્વાદન ગુણસ્થાનકે મિથ્યાત્વનો ઉદય નથી માટે ત્યાં બંધાતી નથી. તે સિવાય ૯૬ પ્રકૃતિઓ બંધાય છે.

**ગાથા ૬ ઠ્ઠી :**— "મિશ્રગુણઠાણે સિત્તેર બાંધે" અનંતાનુબન્ધિ ચતુષ્ક, મધ્યસંસ્થાન ચતુષ્ક, મધ્ય સંહનન ચતુષ્ક. અશુભ વિહાયોગતિ, નીચગોત્ર, સ્ત્રીવેદ, દૌર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, થીણદ્ધિત્રિક, ઉદ્યોત અને તિર્યંચત્રિક —— આ પચીશ પ્રકૃતિઓ અનંતાનુબંધી કષાયના ઉદયથી બંધાય છે. અને મિશ્રગુણસ્થાનકે તેનો ઉદય ન હોવાથી આ ૨૫ પ્રકૃતિઓનો બીજા સાસ્વાદન ગુણસ્થાનકે અંત થાય છે તથા મિશ્રગુણસ્થાનકે વર્તતો કોઈપણ જીવ આયુષ્યનો બંધ કરતો નથી. તેથી અહીં મનુષ્ય આયુષ્યનો પણ બંધ નથી. એટલે ૯૬ માંથી ૨૬ પ્રકૃતિઓ ઓછી કરતાં મિશ્રગુણસ્થાનકે નારકો ૭૦ બાંધે છે.

",અવિરતિ...ત્યારે" અવિરતિ ગુણઠાણે વર્તતા કેટલાક નારકો સમ્યકત્વ નિમિત્તે જિનનામકર્મ બાંધે છે. અને મનુષ્યનો પણ બંધ કરે છે.

"પંકપ્રભાદિનો આવ્યો તીર્થંકર ન થાય" પંકપ્રભા, ધૂમપ્રભા અને તમઃપ્રભાને વિષે સમ્યકત્વ પ્રાપ્તિ છતાં પણ ક્ષેત્રના માહાત્મ્યે કરીને તથા પ્રકારના અધ્યવસાયનો અભાવ હોવાથી તીર્થંકર નામકર્મનો બંધ ન થાય. કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કે "પ્રથમ નરકનો આવેલ ચક્રવર્તિ થાય. બીજી સુધીનો આવેલ વાસુદેવ થાય, ત્રીજી સુધીનો આવેલ તીર્થંકર થાય, ચોથી સુધીનો આવેલ કેવલી થાય, પાંચમી સુધીનો આવેલ યતિ થાય, છઠ્ઠી સુધીનો આવેલ દેશવિરતિ થાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાતમી સુધીનો આવેલ મત્સ્યાદિક સમ્યકત્વ પામે પણ દેશવિરતિપણું ન પામે" તે માટે પંકપ્રભાદિકથી આવેલ નારકજીવ તીર્થંકરપણું ન પામે.

**ગાથા ૭** "મિથ્યાવે ૯૬ નો બંધ હોય" મિથ્યાત્વ ગુણસ્થાનકે મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર એ ત્રણ પ્રકૃતિઓ તથાવિધ વિશુદ્ધિને અભાવે ન બાંધે, કારણ કે સાતમી નરકના નારકીને ઉત્કૃષ્ટ પુણ્ય-પ્રકૃતિ આ જ છે. અને તેથી એ તો ઉત્કૃષ્ટ વિશુદ્ધ અધ્યવસાયે બંધાય અને ઉત્કૃષ્ટ વિશુદ્ધ અધ્યવસાયસ્થાનક સાતમી નારકીમાં ત્રીજે—ચોથે ગુણસ્થાનકે છે. માટે મિથ્યાત્વ ગુણસ્થાનકે બંધાય નહીં.

"એ પાંચ વર્જીને ૯૧ નો બંધ હોય" આ ગુણસ્થાનકે યોગ્ય અધ્યવસાયના અભાવે તિર્યંચાયુનો બંધ થતો નથી. અને નપુંસકચતુષ્ક મિથ્યાત્વના ઉદયે બંધાય છે, સાસ્વાદને મિથ્યાત્વનો ઉદય નથી એટલે બંધાતું નથી. માટે એ પાંચ વર્જીને ૯૧ નો બંધ હોય.

**ગાથા ૮** "મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર એ ત્રણ મેળવીએ" આઠમા ગુણસ્થાનકમાં છઠ્ઠા ભાગ સુધીમાં દરેક જીવો દરેક સમયે કોઈ ને કોઈ ગતિ લાયક અવશ્ય બંધ કરે છે. નરકગતિ લાયક પ્રથમ ગુણસ્થાનક સુધી, તિર્યંચગતિ લાયક પ્રથમનાં બે ગુણસ્થાનક પર્યન્ત, દેવગતિ લાયક આઠમાના છઠ્ઠા ભાગ પર્યન્ત, અને મનુષ્યગતિ લાયક ચોથા ગુણસ્થાનક પર્યંત બંધ થાય છે, નારકીઓ નરક અને દેવગતિ લાયક બંધ કરતા નથી. એટલેજ ત્રીજે—ચોથે ગુણઠાણે સાતમી નરકના નારકીઓ મનુષ્યગતિ લાયક બંધ કરે છે. સાતમી નરકના જીવો આયુષ્યનો બંધ પ્રથમ ગુણસ્થાનકે જ કરે છે. અન્યગુણઠાણે તદ્યોગ્ય અધ્યવસાયના અભાવે બંધ કરતા નથી. પહેલા તથા બીજે ગુણસ્થાનકે સાતમી નારકના જીવોને મનુષ્યગતિ પ્રાયોગ્ય બંધને લાયક પરિણામ જ થતા નથી તેથી તેને મનુષ્યપ્રાયોગ્ય બંધ થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"મનુષ્યદ્વિક ભવાન્તરે ઉદય આવે" સાતમી નારકીનો જીવ મનુષ્ય આયુષ્ય બાંધતો નથી. અને તેના અભાવમાં ત્રીજે-ચોથે ગુણસ્થાનકે મનુષ્યદ્વિક બાંધે છે. એટલે કે મનુષ્યદ્વિકનો મનુષ્ય આયુષ્ય સાથે પ્રતિબન્ધ નથી. મનુષ્ય આયુષ્ય સિવાય પણ ૩-૪ ગુણસ્થાનકે મનુષ્યદ્વિક બંધાય છે તે ભવાન્તરમાં ઉદયે આવે છે.

ગાથા ૯ "એકસો એક બંધાય" નરકત્રિક, જાતિચતુષ્ક સ્થાવરચતુષ્ક, હુંડક સંસ્થાન, છેવટ્ઠું સંઘયણ, આતપનામ, નપુંસકવેદ અને મિથ્યાત્વ એ સોળ પ્રકૃતિ મિથ્યાત્વના ઉદયે બંધાય છે. અહિં તેનો ઉદય ન હોવાથી આ સિવાય ૧૦૧ બંધાય.

"દેવાયુ...મિશ્રગુણઠાણે બાંધે" **सम्मामिच्छद्दिट्ठी आउबंधं पि न करेइ"** મિશ્રદ્રષ્ટિગુણસ્થાનકે તદ્યોગ્ય અધ્યવસાયનો અભાવ હોવાથી આયુષ્ય બંધ કરતો નથી. આ વચનથી અહીં દેવ-આયુષ્ય અને મનુષ્ય આયુષ્યનો અબંધ છે. તથા અનંતાનુબન્ધિચતુષ્ક આદિ ૨૫ પ્રકૃતિઓનો બન્ધ અનંતાનુબન્ધિ કષાય નિમિત્તક હોવાથી સાસ્વાદને જ બંધાય છે. અહીં બંધાતી નથી, તથા નરત્રિક, ઔદારિકદ્વિક અને પ્રથમ સંઘયણ એ છ પ્રકૃતિઓ મનુષ્ય પ્રાયોગ્ય છે. અને મનુષ્ય તથા તિર્યંચો ત્રીજા ગુણસ્થાનકથી અવિરત સમ્યગ્દષ્ટિની જેમ દેવપ્રાયોગ્ય બાંધે છે, માટે મનુષ્ય પ્રાયોગ્ય એ છ પ્રકૃતિઓ અહીં બંધાતી નથી.

"દેશવિરતિ ગુણઠાણે છાસઠ બાંધે," અપ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયનો બંધ પાંચમે ગુણઠાણે અને તેથી આગળ નથી તેનું કારણ એ છે કે તે તે પ્રકારના કષાયનો ઉદય તે તે પ્રકારના કષાયના બન્ધનું કારણ છે, અહીં અપ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ઉદય નથી માટે અહીં તે પણ બંધાતા નથી. આ કષાયનો ઉદય પહેલા ચાર ગુણસ્થાનક સુધી હોય છે. માટે ત્યાં સુધીજ બંધાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથા ૧૦** "ઓઘે ૧૨૦ બાંધે." કારણ કે તેઓને વિશિષ્ટ ચારિત્રનિમિત્તક આહારકદ્વિકનો અને સમ્યક્ત્વ નિમિત્તક જિનનામકર્મ-નો બંધ સંભવે છે.

મિથ્યાત્વે ૧૧૭. જિનનામકર્મ અને આહારકદ્વિક રહિત ૧૧૭.

સાસ્વાદને ૧૦૧. નરકાદિ સોળ પ્રકૃતિઓ રહિત કરતાં ૧૧૭માંથી સોળ જતાં ૧૦૧.

"મિશ્રે ૬૯" દેવાયુ અને અનન્તાનુબંધ્યાદિક ૩૧ બાદ કરતાં ૬૯ પ્રકૃતિઓ બાંધે

"પણ...૭૧ બાંધે" દેવાયુ અને જિન—નામ કર્મ સહિત કરતાં ૭૧ બાંધે

કર્મસ્તવમાં કહેલ બન્ધાધિકાર કરતાં પર્યાપ્ત મનુષ્ય—તિર્યંચોને ત્રીજા—ચોથા ગુણસ્થાનકે આ પ્રમાણે વિશેષતા છેઃ—કર્મસ્તવમાં મિશ્રગુણ-સ્થાનકે ૭૪નો બંધ અને અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે ૭૭નો બંધ કહ્યો છે. પરંતુ તિર્યંચોને મિશ્ર ગુણસ્થાનકે મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, વજ્રઋષભનારાચ સંઘયણ એ પાંચ પ્રકૃતિઓનો અબંધ હોવાથી ૬૯ પ્રકૃતિઓ બાંધે છે. અને અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે દેવાયુ સહિત ૭૦. મનુષ્યો મિશ્રે ૬૯ અને અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે જિનનામ અને દેવાયુ સહિત ૭૧ બાંધે. આ ૭૧ પ્રકૃતિઓમાં મનુષ્યદ્વિક—ઔદારિકદ્વિક—વજ્રઋષભનારાચ સંઘયણ અને મનુષ્ય આયુષ્ય એ છ પ્રકૃતિઓ સહિત કરતાં કર્મસ્તવમાં સામાન્ય બન્ધાધિકારમાં કહેલ ૭૭ પ્રકૃતિઓ મળી રહેશે.

"પાંચમે ૬૭" બીજા અપ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયો ૭૧ માંથી બાદ કરતાં ૬૭ પ્રકૃતિઓ રહે છે. વળી કર્મસ્તવમાં દેશવિરતિ ગુણસ્થાનકે ૬૭ કહી છે. તે તિર્યંચોને જિનનામ રહિત હોવાથી તેઓ ૬૬ બાંધે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમત્તાદિ ગુણસ્થાનકે કર્મસ્તવની જેમ બન્ધ કહેવો. કારણ કે મનુષ્ય સિવાય બીજા જીવોને તે ગુણસ્થાનકો હોતાં નથી.

"જિનાદિક નરકત્રિક લગે અગ્યાર" જિનનામ, દેવદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવાયુષ અને નરકત્રિક એ જિનનામાદિ અગ્યાર પ્રકૃતિઓ ૧૨૦માંથી બાદ કરતાં ૧૦૯ પ્રકૃતિઓ અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યો ઓઘે તથા મિથ્યાત્વ ગુણસ્થાનકે બાંધે. તેને એક મિથ્યાત્વ ગુણસ્થાનક જ છે. મિથ્યાદષ્ટિ હોવાથી જિનનામ અને આહારકદ્વિક ન બાંધે. મરીને દેવગતિમાં જતા નથી માટે દેવત્રિક અને વૈક્રિયદ્વિક ન બાંધે. નરકગતિમાં ન ઉપજે માટે નરકત્રિક ન બાંધે, અહીં મનુષ્ય અને તિર્યંચ લબ્ધિઅપર્યાપ્ત ગ્રહણ કરવા.

**ગાથા ૧૧** "નારકીની પેરે દેવતાને બંધ કહેવો" જેમ નારકો મરીને નરકગતિ અને દેવગતિમાં ઉપજતા નથી તેમ દેવો મરીને એ બન્ને ગતિમાં ઉત્પન્ન થતા નથી. તેથી દેવત્રિક, નરકત્રિક અને વૈક્રિયદ્વિક એ આઠ પ્રકૃતિઓ ન બાંધે; અને સર્વવિરતિના અભાવે આહારકદ્વિક પણ ન બાંધે. તથા દેવો મરીને સૂક્ષ્મ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં ન ઉપજે તેથી સૂક્ષ્મત્રિક અને વિકલત્રિક એ છ પ્રકૃતિઓ ન બંધાય. એમ કુલ સોળ પ્રકૃતિઓ ઓઘબંધમાંથી જાય એટલે ઓઘે ૧૦૪ પ્રકૃતિઓ બાંધે. દેવતા બાદર એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે માટે એકેન્દ્રિય, સ્થાવર અને આતપ એ ત્રણ પ્રકૃતિ નારકી કરતાં વધારે બાંધે.

"મિથ્યાત્વે ૧૦૩" જિનનામ રહિત.

"સાસ્વાદને ૯૬" એકેન્દ્રિય જાતિ આદિ સાત પ્રકૃતિઓ મિથ્યાત્વને ઉદયે બંધાય છે માટે તેનો બંધવિચ્છેદ થતાં ૯૬.

"મિશ્રે ૭૦" અનન્તાનુબન્ધિ આદિ ૨૬ પ્રકૃતિઓનો બંધ-વિચ્છેદ જતાં ૯૬માંથી તે બાદ કરતાં ૭૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સમ્યક્ત્વે ૭૨" જિન–નામ અને મનુષ્યાયુષ મેળવતાં ૭૨ થાય.

"જ્યોતિષઃથી હીન કહેવો" એ ત્રણ નિકાયના દેવોમાંથી નીકળી તીર્થંકર ન થાય, કારણકે જિન–નામની સત્તાવાળો જીવ ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષમાં ઉપજે નહીં. વળી આ ત્રણ નિકાયના જીવો અવધિજ્ઞાન સહિત પરભવમાં જતા નથી અને તીર્થંકર તો અવધિજ્ઞાન સહિત જ પરભવમાં જઇને ઉપજે છે. તેથી આ ત્રણ નિકાયના જીવોને તીર્થંકર નામકર્મનો બંધ ન હોય.

**ગાથા ૧૨** "તેથી ઓઘે ૧૦૧" રત્નપ્રભા નારકીના નારકો ઓઘે તથા ગુણસ્થાનકને વિષે જેટલી પ્રકૃતિઓ બાંધે છે તેટલી સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાન્તક શુક્ર અને સહસ્રાર દેવલોકના દેવો બાંધે છે. કારણ કે એ દેવો ત્યાંથી ચ્યવીને એકેન્દ્રિયમાં ઉપજતા નથી, તેથી એકેન્દ્રિય પ્રાયોગ્ય એકેન્દ્રિયજાતિ, સ્થાવરનામ અને આતપનામ એ ત્રણ પ્રકૃતિઓનો બંધ કરે નહીં. તેથી ઓઘે "૧૦૧" બંધાય.

"મિથ્યાત્વે ૧૦૦" જિનનામ રહિત,

"સાસ્વાદને ૯૬" નપુંસકચતુષ્ક વિના,

"મિશ્રે ૭૦" અનન્તાનુબંધી આદિ ૨૬ વિના.

"સમ્યક્ત્વે ૭૨" જિનનામ અને મનુષ્યાયુષ સહિત. "આનતાદિ" આનત, પ્રાણત, આરણ, અચ્યુત, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરવાસી દેવોને ઉદ્યોતનામ અને તિર્યંચત્રિક એ ચાર પ્રકૃતિઓ ન બન્ધાય. કારણ કે ત્યાંથી ચ્યવીને મનુષ્યમાં જ ઉપજે પણ તિર્યંચમાં ન ઉપજે તેથી તિર્યંચ યોગ્ય એ ચાર પ્રકૃતિઓ ન બન્ધાય. એટલે ૧૨૦ પ્રકૃતિઓમાંથી સુરદ્વિકાદિ ઓગણીશ અને ઉદ્યોતાદિ ચાર ન્યૂન કરતાં સત્તાણું પ્રકૃતિઓનો ઓઘબંધ હોય છે.

"૧૦૯ પ્રકૃતિ" ઇન્દ્રિયમાર્ગણાએ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ચઉરિન્દ્રિય તથા કાયમાર્ગણામાં પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય માર્ગણાએ લબ્ધિ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચની પેઠે બંધ કહેવો. આ સાતે માર્ગણાવાળા જીવોને સમ્યક્ત્વ અને ચારિત્ર નથી તેમજ દેવગતિ કે નરકગતિમાં ઉપજે નહીં તેથી જિનનામ, દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક અને આહારકદ્વિક એ અગ્યાર પ્રકૃતિ બાંધે નહિ તેથી ઓઘે અને મિથ્યાત્વે ૧૦૯ પ્રકૃતિઓ બાંધે.

**ગાથા ૧૩** "સાસ્વાદન ગુણઠાણે" ભવનપતિથી ઈશાન દેવલોક સુધીના દેવો મિથ્યાત્વ નિમિત્તક એકેન્દ્રિય પ્રાયોગ્ય આયુષ્ય બાંધી પછીથી સમ્યક્ત્વ પામી મરણ સમયે સમ્યક્ત્વ વમી પૃથ્વી, અપ્, અને વનસ્પતિમાં ઉપજે છે, તેને શરીરપર્યાપ્તિ પુરી કર્યા પહેલાં સાસ્વાદન હોય ત્યારે તે ૯૬ પ્રકૃતિઓ બાંધે.

"૯૬ બાંધે" સૂક્ષ્મ–ત્રિક, વિકલ–ત્રિક, એકેન્દ્રિય જાતિ. સ્થાવરનામ, આતપ નામ, નપુંસકવેદ, મિથ્યાત્વ મોહનીય, હુંડક સંસ્થાન અને છેવટ્ઠું સંઘયણ એ તેર પ્રકૃતિઓ મિથ્યાત્વ સિવાય ન બંધાય તેથી તે બાદ કરતાં છન્નું પ્રકૃતિઓ બાંધે.

"એ બે મત જાણવા" અહીં કેટલાક આચાર્યો તિર્યંચ આયુષ્ય અને મનુષ્ય આયુષ્ય સિવાય ૯૪ પ્રકૃતિઓ બાંધે એમ કહે છે. આ પ્રમાણે બે મત છે.

આ મતભેદ પ્રાચીન બન્ધસ્વામિત્વમાં પણ છે. તેની ગાથાઓ નીચે પ્રમાણે છે.

**साणा बंधहिं सोलस, निरतिगहीणा य मोत्तुं छन्नवई ।**
**ओघेणं वीसुत्तर–सयं च पंचिंदिया बन्धे ॥ २३ ॥**
**इग–विगलिंदीसाणा, तणुपज्जत्तिं न जंति जं तेण ।**
**नर–तिरियाउ–अबंधा, मयंतरेणं तु चउणउइं ॥ २४ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૬ પ્રકૃતિનો બંધ ચંદ્રસૂરિ વગેરે આચાર્યો માને છે. આ વિષયમાં સમજવાનું કે એકેન્દ્રિય જીવનું જઘન્ય આયુષ્ય પણ ૨૫૬ આવલિકાથી ઓછું હોતું નથી. આગામી ભવનું આયુષ્ય આ ભવના આયુષ્યના બે ભાગ ગયા પછી ત્રીજા ભાગે બંધાય છે, એટલે આગામી ભવનું આયુષ્ય ૧૭૧ મી આવલિકાએ બંધાય, અને સાસ્વાદન સમ્યક્ત્વનો કાળ છ આવલિકા—એ પહેલાં પુરો થઇ જાય છે, સાસ્વાદન અવસ્થામાં પહેલી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ થઈ જાય એ પ્રમાણે માની લેવામાં આવે તો પણ આયુષ્યબન્ધનો સંભવ માની શકાય નહીં. વળી આગળ ઔદારિકમિશ્ર માર્ગણાએ ૯૪ પ્રકૃતિઓનો બન્ધ કહેલ છે એટલે ૯૪ ના બન્ધનો મત યુક્તિયુક્ત જણાય છે.

પ્રથમ મતે શરીરપર્યાપ્તિ પુરી થયા પછી પણ સાસ્વાદન રહે, અને તે વખતે આયુષ્ય બાંધે ત્યારે છન્નુ પ્રકૃતિ બાંધે. આશય એવો જણાય છે કે છ આવલિકાએ અન્તર્મુહૂર્ત મધ્યમ થઈ જાય. એટલે શરીરપર્યાપ્તિ છ આવલિકાએ પૂર્ણ થાય ત્યાર પછી આયુષ્યનો બંધ થાય એમ જણાય છે. પરન્તુ ટબામાં આપેલી દલીલ પ્રમાણે ૯૪ વાળો મત યુક્તિયુક્ત જણાય છે, તત્ત્વ કેવલિગમ્ય.

**ગાથા ૧૪** કર્મસ્તવે—પંચેન્દ્રિય માર્ગણા અને ત્રસકાય માર્ગણામાં સામાન્ય રૂપે જ્યાં જેટલાં ગુણસ્થાનકોનો સંભવ હોય ત્યાં તેટલાં ગુણસ્થાનોને આશ્રયી કર્મસ્તવમાં કહેલ બન્ધાધિકાર પ્રમાણે બંધ જાણવો.

ગાથા ૧૪ ગતિત્રસઃ—તેઉકાય અને વાઉકાય એ બંને સ્થાવરનામકર્મના ઉદયથી લબ્ધિસ્થાવર છે તો પણ ગતિસાધર્મ્યે કરીને તેને ગતિત્રસ કહ્યા છે તેઓ ઊંચું અને તીરછું ગમન કરે છે.

"એકસો પાંચનો બંધ" હોય—તેઉકાય અને વાયુકાયના જીવો દેવ, મનુષ્ય અને નારકીમાં ઉત્પન્ન થાય નહી તેથી તત્પ્રાયોગ્ય એ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંદર પ્રકૃતિઓ બાંધે નહિ તેઉકાય અને વાયુકાય, તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય અને ત્યાં ભવપ્રત્યયે નીચ ગોત્રનોજ ઉદય હોય માટે તેઓ ઉચ્ચગોત્ર ન બાંધે, તેઓને સાસ્વાદન ન હોય, કેમકે સમ્યકત્વ વમતો કોઈ જીવ તેમાં આવીને ઉપજે નહિ.

"કર્મસ્તવનીપેરે"–એ આઠ યોગમાર્ગણાએ ૧૨ ગુણસ્થાનક હોય ત્યાં કર્મસ્તવની પેઠે બન્ધ જાણવો તથા સત્ય—મનોયોગ અને અસત્યામૃષા એ બે મનના અને એજ બે વચનના એ ચાર યોગ તેરમા ગુણસ્થાનકે હોય ત્યાં એક સાતા વેદનીય બંધાય.

અહીં **મણવયજોગે ઓહુ ઉરલે નરભંગુ** આ ગાથામાં વચનયોગ અને ઔદારિક એ બંને સામાન્યપદ છે. તો પણ નરભંગુ શબ્દના સાન્નિધ્યથી વચનયોગનું તાત્પર્ય મનોયોગ સહિત વચનયોગમાં અને ઔદારિકનું તાત્પર્ય મનોયોગ સહિત ઔદારિક કાયયોગમાં રાખી બન્ધસ્વામિત્વનો વિચાર કરેલ છે, વચનયોગથી કેવળ વચનયોગ અને કાયયોગથી કેવળ કાયયોગ ગ્રહણ કરવામાં આવે તો તેનું બન્ધસ્વામિત્વ વિકલેન્દ્રિય અને એકેન્દ્રિયના સમાન હોય, એ પ્રમાણે ઔદારિક કાયયોગે બંધનો વિચાર કર્યો.

જીવ પ્રથમ સમયે કેવલ કાર્મણ યોગવડે આહાર ગ્રહણ કરે ત્યાર પછી ઔદારિક યોગની શરૂઆત થાય છે. તે શરીર પર્યાપ્તિ બનતાં સુધી કાર્મણ સાથે મિશ્ર હોય છે. અને કેવલિ સમુદ્ઘાત અવસ્થામાં બીજા, છઠ્ઠા અને સાતમા સમયે કાર્મણ સાથે ઔદારિક મિશ્રયોગ હોય છે.

વિશિષ્ટ ચારિત્રને અભાવે આહારકદ્વિક ન બાંધે. સુરાયુ અને નરકત્રિક એ ચાર પ્રકૃતિઓ સર્વ પર્યાપ્તિ પૂર્ણ કર્યા સિવાય ન બંધાય તેથી એ છ ન બાંધે. અને કેવલિ સમુદ્ઘાત અવસ્થામાં તો કેવલ સાતાવેદનીયજ બંધાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સાસ્વાદન ગુણઠાણે ચૌરાણુનો બંધ હોય:**—સાસ્વાદન ગુણઠાણે નરાયુષ અને તિર્યંચ આયુષ્ય ન બંધાય. કારણ કે સાસ્વાદનભાવે વર્તતા શરીરપર્યાપ્તિ પૂર્ણ ન કરે, મિથ્યાત્વનો ઉદય ન હોવાથી તન્નિમિત્તક સૂક્ષ્મત્રિકાદિ ૧૩ પ્રકૃતિઓ ન બાંધે.

મિશ્ર ગુણસ્થાનકે વર્તતો જીવ કાળ ન કરે તે ક્યાંઇ પણ ઊપજે પણ નહિ, માટે અપર્યાપ્તઅવસ્થામાં મિશ્રગુણસ્થાનક ન હોય.

ગાથા ૧૬

"**સમ્યક્ત્વ ગુણઠાણે ૭૫ બાંધે**" અહિં સિદ્ધાન્તના મતે વૈક્રિય લબ્ધિ અને આહારક લબ્ધિ પ્રયુંજતા ઔદારિકમિશ્ર કાયયોગ માન્યો છે પણ તે અહિં વિવક્ષ્યો નથી, કારણ કે કર્મગ્રંથકાર તેમ માનતા નથી. તેથી દેશવિરતિ અને પ્રમત્ત ગુણઠાણાનો બંધ કહ્યો નથી.

તિહાં પહેલા ગુણઠાણે:—ઔદારિકમિશ્રાયોગી પહેલે ગુણઠાણે બે આયુનો બંધ શી રીતે કરે, એ વગેરે લાંબી શંકા કરી છે. તેનો ઉત્તર:—આ શંકા શિલાંકાચાર્યના મતને અનુસરીને કરેલ છે, કેમકે તેઓ શરીરપર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાં સુધી ઔદારિક મિશ્રયોગ માને છે. અને પૂર્ણ થયા બાદ ઔદારિક યોગ માને છે. તેના મતે આ શંકા સંભવી શકે છે. પરંતુ કર્મગ્રંથકારના મતે શરીરની પૂર્ણતા સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂરી થયા પછી થાય છે. એટલે ત્યાં સુધી ઔદારિક મિશ્રયોગ હોય છે. તે એ બાબત દેવેન્દ્રસૂરિએ ચોથા કર્મગ્રંથની **तणुपज्जेसु उरलमन्ने** એ ગાથાની ટીકામાં લખ્યું છે કે, જ્યાંસુધી ઇન્દ્રિયાદિક યોગ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રાયોગ જાણવો. અને શરીર પર્યાપ્તિ પૂરી થયા પછી ઔદારિક કાયયોગ હોય તે તો બીજા આચાર્યોનો મત છે. એટલે અહિં બન્ને આયુષ્યનો બંધ ઘટી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સંદેહ ટીકાકારે પણ વિવક્ષ્યો નથીઃ—આ શંકાના સમાધાનમાં સમજવાનું કે યશઃસોમસૂરિકૃત બાલાવબોધમાં આ પ્રમાણે કહ્યું છે કે—

—अणचउवीसाइમાં આદિ પદ છે, તેનો અર્થ અનંતાનુબંધી આદિ ૨૪ એમ ન કરતાં આદિ શબ્દથી બીજી પાંચ પ્રકૃતિઓ લઈને (કારણ કે મનુષ્યઆયુ અને તિર્યગાયુ પૂર્વે ટાળ્યા છે) ૨૯ પ્રકૃતિઓ લેવી, આ પ્રમાણે અર્થ કરવાથી શંકા રહેશે નહીં, કારણ કે ૯૪માંથી ૨૯ પ્રકૃતિઓ ઓછી કરી બાકી રહેલ ૬૫માં જિનપંચક મેલવવાથી ૭૦ પ્રકૃતિઓ થાય છે. વળી ગાથામાં ૭૫ પ્રકૃતિઓ લેવી એવો કોઈ ઉલ્લેખ નથી.

ઔદારિક મિશ્રકાયયોગના સ્વામિ તિર્યંચ અને મનુષ્ય છે અને ચોથા ગુણસ્થાનકે તેને ૭૦ અને ૭૧ પ્રકૃતિનો બન્ધ કહ્યો છે, તો-પણ ઔદારિકમિશ્ર કાયયોગમાં ચોથે ગુણઠાણે ૭૧ પ્રકૃતિઓનો બંધ માનવાને બદલે ૭૦ પ્રકૃતિઓનો બંધ એટલા માટે માન્યો છે કે આ યોગ અપર્યાપ્ત અવસ્થામાં હોય છે. અને અપર્યાપ્ત અવસ્થામાં તિર્યંચ અથવા મનુષ્ય દેવાયુનો બંધ કરતા નથી. માટે આયુષ્ય ગણવામાં આવે નહીં. આ પ્રમાણે ૭૦ નો બંધ સંભવે છે. પછી તો બહુશ્રુત કહે તે પ્રમાણ.

ઔદારિકમિશ્રની પેરે બંધ કહેવો.

ઓઘે મૂલ બંધમાં ૧૨૦ માંથી આહારકષટ્ક, તિર્યંચ આયુષ્ય, અને નરાયુષ એ આઠ બાદ કરતાં ૧૧૨. મિથ્યાત્વે જિનપંચક વિના ૧૦૭, સૂક્ષ્માદિ ૧૩ બાદ કરતાં સાસ્વાદને ૯૪. તેમાંથી અનંતાનુ-બંધી આદિ ૨૪ ઓછી કરી જિનપંચક ઉમેરતાં સમ્યક્ત્વે ૭૫ બાંધે. ઉપર જે ટબામાં શંકા કરેલી છે તેનો અહીં અવકાશ નથી. કારણ કે કાર્મણકાયયોગ ચારે ગતિમાં હોય છે. એટલે દેવ—નારક એ પાંચ પ્રકૃતિઓ બાંધે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓઘની પેરે ૬૩.

આહારક કાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ એ બે માર્ગણાએ ૬૩નો બંધ હોય છે. ત્યાં આહારકયોગે પ્રમત્ત અને અપ્રમત્ત એ બે ગુણસ્થાનક હોય છે. ચૌદ પૂર્વધર જ્યારે આહારક શરીર કરે ત્યારે લબ્ધિનો ઉપયોગ કરતા હોવાથી પ્રમાદયુક્ત હોય છે. ત્યારે છટ્ઠું ગુણસ્થાનક હોય. તે વખતે આહારક શરીરનો પ્રારંભ કરતાં તે ઔદારિક સાથે મિશ્ર હોય છે. એટલે આહારકમિશ્ર અને આહારક એ બે યોગે છટ્ઠું ગુણસ્થાનક હોય. પછી વિશુદ્ધિના બળથી સાતમે આવે ત્યારે આહારક યોગજ હોય. એટલે આહારક યોગે ૬–૭ એ બે ગુણસ્થાનક અને આહારકમિશ્રે છટ્ઠું ગુણસ્થાનક હોય. ત્યાં છટ્ઠે ૬૩ બાંધે. તેમાંથી શોક, અરતિ, અસ્થિરદ્વિક, અયશ અને અસાતા વેદનીય એ છ પ્રકૃતિ કાઢતાં સાતમે સત્તાવન પ્રકૃતિઓનો બંધ હોય. અને દેવાયુનો બંધ ન કરે તો ૫૬ બાંધે. પંચસંગ્રહ સપ્તતિકાની ગાથા ૧૪૯ માં કહેલ છે કે આહારકયોગી અને આહારકમિશ્રયોગી અનુક્રમે ૫૭ અને ૬૩ પ્રકૃતિઓ બાંધે. એટલે આહારકયોગી છટ્ઠે ગુણસ્થાને ૬૩ અને સાતમે ૫૭ બાંધે. અને આહારકમિશ્રયોગી છટ્ઠે ગુણઠાણે ૬૩ બાંધે. પરંતુ સપ્તતિકાની ટીકામાં આહારકદ્વિકના બંધ સહિત ૫૯ નો બંધ સાતમે માન્યો છે.

ગાથા ૧૭.

વૈક્રિય કાયયોગે દેવતાની પેરે બંધ કહેવો :–

અહીં દેવ અને નારકોને સ્વાભાવિક ભવપ્રત્યય વૈક્રિય શરીરની વિવક્ષા છે. તેથી તેને પ્રથમનાં ચાર ગુણસ્થાનક હોય. જો લબ્ધિ-પ્રત્યય વૈક્રિયયોગની વિવક્ષા હોય તો મનુષ્ય–તિર્યંચની અપેક્ષાએ અધિક ગુણસ્થાનક લાભે તેની વિવક્ષા નથી.

ત્રણ વેદે પ્રથમનાં નવ ગુણસ્થાનક હોય. ઓઘે ૧૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાત્વે ૧૧૭ સાસ્વાદને ૧૦૧. મિશ્રે ૭૪. ચોથે ગુણઠાણે ૭૭. દેશવિરતિએ ૬૭. પ્રમત્ત ગુણઠાણે ૬૩. અપ્રમત્ત ગુણઠાણે ૫૯/૫૮. અપૂર્વકરણે ૫૮—૫૬—૨૬. બાદર સંપરાયે ૨૨—૨૧.

**ગાથા ૧૮**

અજ્ઞાનત્રણને બે અથવા ત્રણ,

ત્રીજા ગુણસ્થાનકે રહેલ જીવની દષ્ટિ સર્વથા શુદ્ધ યા સર્વથા અશુદ્ધ હોતી નથી. પરન્તુ કંઈક શુદ્ધ અને કંઈક અશુદ્ધ એવી મિશ્ર હોય છે. જ્યારે તેમાં શુદ્ધતા વધારે અને અશુદ્ધતા ઓછી હોય ત્યારે જ્ઞાની ગણાય. અને જ્યારે તેમાં અશુદ્ધિ વધારે અને શુદ્ધિ ઓછી હોય ત્યારે અજ્ઞાની ગણાય. પહેલી અપેક્ષાએ બે ગુણઠાણાં સુધી અજ્ઞાન અને બીજી અપેક્ષાએ ત્રણ ગુણઠાણાં સુધી અજ્ઞાન ગણાય.

**ને વિશે બાર ગુણસ્થાનક હોય:**—ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ ક્ષાયોપશમિક ભાવમાં આવે છે. અને ક્ષાયોપશમિકભાવ બાર ગુણસ્થાનક સુધીજ હોય. એટલે બાર ગુણસ્થાનક હોય.

**ગાથા ૨૦**

**उवसामगसेढीगयस्सः**—ઉપશમશ્રેણીને પ્રાપ્ત થયેલ જીવને ઔપશમિક સમ્યક્ત્વ હોય. અથવા જેણે ત્રણ પુંજ કર્યા નથી અને જેણે મિથ્યાત્વ ખપાવ્યું નથી એવો જીવ ઉપશમ સમ્યક્ત્વ પામે.

શ્રેણીગત ઉપશમ સમ્યક્ત્વી જીવ મરણ પામી શકે છે.

**तत्रोच्यते**

**वेएइ संतकम्मं खओवसमिएसु नाणुभावंमि ।**
**उवसंतकसाओ पुण, वेएइ न संतकम्म पि ॥**

ક્ષાયોપશમિક સમ્યક્ત્વી મિથ્યાત્વ મોહનીયના પ્રદેશોદયને અનુભવે છે. રસોદયને અનુભવતો નથી. અને ઉપશમ સમ્યક્ત્વી પ્રદેશોદયને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ અનુભવતો નથી, ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ મોહનીયનાં પુદ્ગલો હોય છે માટે તેને વેદક પણ કહેવામાં આવે છે.

ક્ષાયિક સમ્યક્ત્વનું સ્વરૂપ

तथा च:-

खीणे दंसणमोहे, तिविहंमि वि भवनियाणभूयंमि ।
निप्पच्चवायमउलं, सम्मत्तं खाइयं होइ ॥ १ ॥

સંસારના કારણભૂત ત્રણે પ્રકારના દર્શનમોહનીયનો ક્ષય થયે છતે વિઘ્ન વિનાનું અનુપમેય ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

तंमि य तइयचउत्थे, भवंमि सिज्झंति खइय-सम्मत्ते ।
सुरनिरयजुयलिसु गई, इमं तु जिणकालियनराणं ॥२॥

તે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે ત્રીજે કે ચોથે ભવે મોક્ષમાં જાય છે. ત્રણ ભવ કરનાર ક્ષાયિક સમ્યક્ત્વી મરીને વૈમાનિક દેવતામાં કે ત્રીજી નરક સુધી જાય છે. અને ચાર ભવ કરનાર ક્ષાયિક સમ્યક્ત્વી અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચમાં જાય છે. અને તે ક્ષાયિક સમ્યક્ત્વ જે કાળમાં તીર્થંકરો થતા યા વિચરતા હોય તે કાળમાં ઉત્પન્ન થયેલાને થાય છે. જેમ આ અવસર્પિણીમાં શ્રી ઋષભદેવના વિહારથી જંબૂસ્વામીની કેવલોત્પત્તિ સુધીનો કાળ .૨.

बद्धाउयाण एवं, सिज्झंति उ तंभवे अबद्धाऊ ।
पट्ठवगो उ मणुस्सो निट्ठवगो चउसु वि गईसु ॥३॥

બદ્ધાયુષ્ક એ રીતે ત્રણ કે ચાર [ક્વચિત્ પાંચ પણ] ભવ કરે છે. અને અબદ્ધાયુ તેજ ભવે મોક્ષમાં જાય છે. ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિની શરૂઆત કરનાર સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય જ હોય છે. અને પૂર્ણ કરનાર ચારે ગતિવાળા જીવ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણઠાણા ૧૧ હોય :—

શંકા :—ક્ષાયિક સમ્યકત્વીને પાંચમા અને છઠ્ઠા ગુણઠાણે દેવાયુનો બંધ કહ્યો છે, પરંતુ તે શી રીતે ઘટે? કારણ કે અબદ્ધાયુ ક્ષાયિક સમ્યકત્વી તદ્દભવ મોક્ષે જાય છે એટલે આયુ બાંધતો નથી. અને બદ્ધાયુ હોય તો આયુ બાંધ્યું છે માટે બાંધવું નથી.

ઉત્તર :—અહીં કોઈ એમ કહે છે કે "ક્ષાયિક સમ્યકત્વનો પ્રસ્થાપક [ પ્રારંભ કરનાર ] મનુષ્ય હોય, અને નિષ્ઠાપક ચારે ગતિના જીવો હોય, ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કરનાર મનુષ્ય મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીયનો તદ્દન ક્ષય કરે અને સમ્યકત્વ મોહનીયનો ક્ષય કરતાં માત્ર તેના અન્તર્મુહૂર્ત્તમાં વેદવા લાયક પુદ્ગલો બાકી હોય ત્યારે મરણ પામી ચારે ગતિમાં ઉપજે અને ત્યાં ઉત્પન્ન થઈ સમ્યકત્વ મોહનીયનાં પુદ્ગલો ભોગવી ક્ષય કરે, તે ક્ષાયિક નિષ્ઠાપક કહેવાય છે, તે ચારે ગતિમાં પ્રાપ્ત થાય. તેથી દેશવિરતિ ગુણઠાણે મનુષ્ય અને તિર્યંચ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ સુરાયુષનો બંધ કરે" પરન્તુ તે ખરૂં નથી. કારણ કે ક્ષાયિક નિષ્ઠાપક અસંખ્ય વર્ષના આયુષવાળા મનુષ્ય અને તિર્યંચ હોય. અને તેને દેશવિરતિ ગુણસ્થાનક ન હોય, પરન્તુ ક્ષાયિક સમ્યગ્દષ્ટિને નીચે પ્રમાણે ક્વચિત્ પાંચ ભવો પણ થાય છે. અને તે અપેક્ષાએ સુરાયુષનો બંધ સંભવે છે.

પાંચમા આરાના અંતે થનારા દુપ્પસહસૂરિ ક્ષાયિક સમ્યકત્વી છે. તેઓ દેવાયુ બાંધી મનુષ્ય થઈ મોક્ષે જશે. તેઓનું ક્ષાયિક સમ્યકત્વ આ જન્મનું નથી; કારણ કે પાંચમા આરામાં ઉત્પન્ન થયેલાને ક્ષાયિક જ થતું નથી. વળી પૂર્વ જન્મનું પણ નથી, કારણ કે જો દેવ કે નરકમાંથી આવ્યા હોય તો ક્ષાયિક ઉત્પન્ન થતું નથી. ક્ષાયિક—સમ્યકત્વનો ઉત્પાદક સંખ્યાતા વર્ષના આયુષવાળો, પ્રથમ સંઘયણી, જે કાળમાં તીર્થંકરો થઈ શકતા હોય તે કાળમાં ઉત્પન્ન થયેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્ય હોય માટે, તેમ મનુષ્ય કે તિર્યંચગતિમાંથી પણ સીધા આવ્યા નથી, કારણ કે સંખ્યાત વર્ષના આયુવાળાને મનુષ્ય-તિર્યંચનું આયુ બાંધ્યા પછી ક્ષાયિક સમ્યકત્વ ઉત્પન્ન થતું નથી દુપ્પસહસૂરિ દેવ-ગતિમાંથી મનુષ્યગતિમાં આવ્યા છે. એમનું ક્ષાયિક સમ્યકત્વ દેવભવથી પહેલાંના ભવનું છે. દેવાયુ બાંધ્યા પછી ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કર્યું છે એટલે એક મનુષ્યનો ભવ. બીજો દેવનો ભવ. પછી મનુષ્યનો, પછી દેવનો અને પછી મનુષ્ય થઈ મોક્ષે જશે. આવી રીતે ક્ષાયિક સમ્યક્ત્વી કોઈકને પાંચ ભવ પણ થાય છે. એ વાત આ ગાથાથી સૂચિત થાય છે. શ્રી કૃષ્ણને પણ આ રીતે પાંચ ભવ થવાના છે. જે ભવમાં ક્ષાયિક ઉત્પન્ન થાય છે, તેજ ભવમાં અબદ્ધ આયુષ્ક હોય તો મોક્ષે જાય છે. પણ જેને ક્ષાયિક સમ્યક્ત્વ પૂર્વ જન્મનું હોય અને જો તે એવા ક્ષેત્ર કે કાળમાં ઉત્પન્ન થયો હોય કે જ્યાં અનુકુળ સામગ્રી ન હોય તો તે મનુષ્ય દેવાયુનો બંધ કરી દેવગતિમાં જઈ ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જાય છે.

ગાથા ૨૧.

એટલે ચોથા ગુણઠાણે.

ઓઘે ૭૭ આહારકદ્વિક વિના અવિરતિ સમ્યગ્દૃષ્ટિએ ૭૫. અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ૪, ઔદારિકદ્વિક, પ્રથમ સંઘયણ અને મનુષ્યદ્વિક વિના દેશવિરતિએ ૬૬. ત્રીજા પ્રત્યાખ્યાનાવરણીયકષાય ૪ વિના પ્રમત્તે ૬૨. અપ્રમત્તે ૫૮ આઠમે ૫૮-૫૬-૨૬ નવમે ગુણ-સ્થાનકે ૨૨-૨૧-૨૦-૧૯-૧૮. સૂક્ષ્મસંપરાયે ૧૭, ઉપશાન્તમોહે. ૧

ગાથા ૨૨.

પહેલી ત્રણ અશુભ લેશ્યાવંતને આહારકદ્વિક વિના ૨૧૮ પ્રકૃતિઓનો ઓઘે બંધ જાણવો આ બે પ્રકૃતિઓ અપ્રમત્ત ગુણઠાણે બંધાય છે. અને ત્યાં શુભ લેશ્યાઓ હોય તેથી. અશુભ લેશ્યાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ ગુણસ્થાન સુધી જ હોય છે. યોગાન્તર્ગત કૃષ્ણાદિદ્રવ્યના સંબંધથી આત્માનો જે શુભાશુભ પરિણામ તે લેશ્યા. કષાયો તેમાં સહચારી છે કષાયની જેમ જેમ તીવ્રતા તેમ તેમ લેશ્યાઓ અશુભ–અશુભતર હોય છે અને કષાયોની જેમ જેમ મન્દતા થાય તેમ તેમ લેશ્યાઓ વિશુદ્ધ–વિશુદ્ધતર થાય છે. જેમકે અનંતાનુબંધીના તીવ્રતમ ઉદયે કૃષ્ણ લેશ્યા હોય અને મન્દ ઉદયે શુકલલેશ્યા હોય છે. કેટલીક જગ્યાએ દેવો અને નારકોને શરીરના વર્ણરૂપ લેશ્યાઓ માની છે. કેમકે તેમની લેશ્યાઓ અવસ્થિત હોય છે. સાતમી નરકે સમ્યક્ત્વ પ્રાપ્તિ માનેલ છે. ત્યાં દ્રવ્ય કૃષ્ણલેશ્યાજ હોય છે. અને સમ્યક્ત્વની પ્રાપ્તિ શુભ લેશ્યાએ જ થાય છે. તો કૃષ્ણ લેશ્યાએ વર્તવાવાળા જીવને સમ્યક્ત્વ શી રીતે થાય ? માટે દ્રવ્ય લેશ્યા શરીરના વર્ણરૂપ અને ભાવ લેશ્યા ભિન્ન હોય એમ સમજાય છે. અને તેથી સાતમી નારકીના નારકો સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે વિશુદ્ધ એવી ભાવ લેશ્યાએ હોય પણ દ્રવ્યથી તો કૃષ્ણ લેશ્યા હોય. એટલે પ્રતિબિંબરૂપ તેજો લેશ્યા સરખી થાય. એ રીતે અભવ્યને પણ શુકલલેશ્યા દ્રવ્યથી હોય. તાત્પર્ય એ છે કે દેવો અને નારકોને લેશ્યાઓ અવસ્થિત હોય છે. પણ તે શરીરના વર્ણરૂપ દ્રવ્ય લેશ્યાઓ હોય છે. અને ભાવપરાવૃત્તિએ તે લેશ્યાઓ તે તે લેશ્યાઓ સરખી થાય છે.

મનુષ્ય અને તિર્યંચ દેવાયુ ન બાંધે :–

આ વસ્તુ કર્મગ્રંથકાર અને સિદ્ધાન્તકારનો મતભેદ જણાવે છે કારણ કે કર્મગ્રંથકાર ચોથા ગુણસ્થાનકે સુરાયુનો બંધ માને છે તે. પ્રાચીન બંધસ્વામિત્વની નીચેની ગાથા ઉપરથી જણાઈ આવે છે.

**सुरनरआउसहिआ अविरयसम्माउ होंति नायव्वा ।**
**तित्थयरेण जुया तह, तेउलेसे परं वोच्छं ॥ ४२ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આથી સ્પષ્ટ થાય છે કે કર્મગ્રંથકારો મનુષ્ય-આયુષ્યની જેમ દેવાયુનો બંધ પણ ચોથે ગુણસ્થાનકે માને છે.

જ્યારે સિદ્ધાન્તકારો નીચેના સિદ્ધાન્તના પાઠોને અનુસરીને દેવાયુનો બંધ માનતા નથી.

कण्हलेस्साणं भंते ! जीवा किरियावादी किं णेरइयाउयं पकरेंति पुच्छा ? गोयमा ! णो णेरइयाउयं पकरेंति, णो तिरिक्खजोणियाऊयं पकरेंति; मणुस्साउयं पकरेंति, णो देवाऊयं पकरेंति। अकिरिया अण्णाणि य चत्तारिवि आउयं पकरेंति। एवं णीललेस्सावि काउलेस्सावि।

कण्हलेस्साणं भंते ? किरियावादी पंचिंदिय-तिरिक्खजोणिया किं णेरइयाउयं पकरेंति पुच्छा ? गोयमा ! णो णेरइयाउयं पकरेंति, णो तिरिक्खजोणियाउयं पकरेंति, णो मणुस्साउयं पकरेंति, णो देवाउयं पकरेंति। अकिरियावादी अण्णाणियवादी वेणइवादी चउव्विहंपि पकरेंति। जहा कण्हलेस्सा एवं णीललेस्सावि काउलेस्सावि

[ भग. खं० ३ श० ३० उ० १ ]

અર્થ :-કૃષ્ણ લેશ્યાવાળા સમ્યગ્દષ્ટિ જીવો શું નારકનું આયુષ્ય બાંધે ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! નારકનું આયુષ્ય ન બાંધે, તિર્યંચનું આયુષ્ય ન બાંધે, દેવાયુ ન બાંધે પણ મનુષ્યનું આયુષ્ય બાંધે. અને મિથ્યાદષ્ટિ ચારે આયુષ્ય બાંધે. આ પ્રમાણે, નીલ અને કાપોત લેશ્યા માટે પણ સમજવું. હે ભગવાન્ ! કૃષ્ણ લેશ્યાવાળા સમ્યગ્દષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચો શું નારકીનું આયુષ્ય બાંધે ? ઈત્યાદિ પ્રશ્ન. હે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ ! તેઓ નારકનું આયુષ્ય ન બાંધે, મનુષ્ય આયુષ્ય ન બાંધે. તિર્યંચનું આયુષ્ય ન બાંધે, દેવતાનું આયુષ્ય ન બાંધે. અને મિથ્યાદષ્ટિઓ ચારે આયુષ્ય બાંધે. એ પ્રમાણે નીલ અને કાપોત લેશ્યા માટે સમજવું.

વળી સિદ્ધાંતમાં કહ્યું છે કે જે લેશ્યાએ આયુષ્ય બાંધે તે લેશ્યાએ મરણ પામી પૂર્વભવની લેશ્યા સહિત દેવોમાં ઉપજે. અને સમ્યગ્દષ્ટિ મનુષ્ય કે તિર્યંચ વૈમાનિક સિવાય બીજા દેવનું આયુષ્ય બાંધતો નથી. એટલે ટબાકાર જીવવિજયજી મહારાજે ઉપરોક્ત શંકા કરી છે. પણ આ મતભેદ હોય તેમ જણાય છે, આગળ પણ સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક મતભેદો આવે છે આનું કોઈ સમાધાન થઈ શકતું નથી, માટે ટબાકારે બહુશ્રુતગમ્ય કહેલ છે તે યોગ્ય જ છે. અને શાસ્ત્રો ઉપરની શ્રદ્ધા અવિચળ રાખનાર છે.

ચોથા કર્મગ્રંથમાં પ્રથમ ત્રણ લેશ્યાએ છ ગુણઠાણા માનેલ છે. તે આહારકદ્વિકના નિષેધ ઉપરથી અહીં પણ જણાઈ આવે છે. (ગા. ૨૩ **पढमतिलेस्सासु छ**)

**ગાથા ૨૩**

**તેજોલેશ્યાવંત**—ઈત્યાદિ.

તેજોલેશ્યાએ પ્રથમ ગુણસ્થાનકથી લઈને સાત ગુણસ્થાનકો હોય છે. ઓઘબંધમાંથી જે પ્રકૃતિઓ કાઢી નાંખી છે. તે નવ પ્રકૃતિઓ અશુભ લેશ્યાએ બંધાય છે. વળી એ નવ પ્રકૃતિઓ તેજોલેશ્યાવાળો જીવ નારક સૂક્ષ્મ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં ઉપજતો નથી માટે પણ ન બાંધે.

**શુકલ લેશ્યાવંત બાંધે**

શુકલ લેશ્યાએ ૧ થી ૧૩ ગુણસ્થાનક હોય છે. આનતાદિ દેવલોકમાં કેવળ શુકલલેશ્યા હોય છે, તેઓ તિર્યંચમાં ઉપજતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, માટે નિર્યગ્દ્વિક, તિર્યંચ આયુષ્ય અને ઉદ્યોતનામ એ ચાર પ્રકૃતિ તિર્યંચ પ્રાયોગ્ય હોવાથી બાંધે નહી. અને શુક્લલેશ્યાવાળો જીવ જ્યાં નરક તિર્યંચમાં આ બાર પ્રકૃતિનો ઉદય છે. ત્યાં ઉપજે નહીં માટે એ પણ ન બાંધે. અહીં દેવદ્વિક અને વૈક્રિયદ્વિકનો બંધ મનુષ્ય-તિર્યંચની અપેક્ષાએ અને મનુષ્યદ્વિકનો બંધ દેવતાની અપેક્ષાએ જાણવો.

**બહુશ્રુતગમ્ય છે.**

તત્ત્વાર્થભાષ્યમાં કહ્યું છે કે **पीत–पद्म–शुक्ललेश्याद्वि–त्रि–शेषेषु [अ. ४ सू. २३] शेषेषु लान्तकादिषु आसर्वार्थसिद्धाच्छुक्ललेश्याः** તથા સંગ્રહણીમાં **कप्पतिय पम्हलेसा लंताईसु सुक्कलेस हुंति सुरा** ગા, ૧૭૪) પ્રથમના બે દેવલોકમાં તેજોલેશ્યા, પછીના ત્રણ દેવલોકમાં પદ્મલેશ્યા અને લાન્તકથી માંડી સર્વાર્થસિદ્ધ પર્યન્ત શુક્લલેશ્યા હોય છે, તો હવે પ્રશ્ન એ થાય છે કે લાન્તકથી માંડી સહસ્રાર સુધીના શુક્લલેશ્યાવાળા દેવો તિર્યંચમાં પણ જાય છે તો તત્પ્રાયોગ્ય ઉદ્યોત-ચતુષ્ક કેમ ન બાંધે? આગળ પણ આનતાદિ દેવલોકના બંધસ્વામિત્વ પ્રસંગે "**आणयाइ उज्जोयचउरहिआ**" આનતાદિ દેવો ઉદ્યોતચતુષ્ક સિવાય બંધ કરે છે એમ કહેલ છે. સહસ્રાર સુધીના દેવો ઉદ્યોત ચતુષ્કનો બંધ કરે છે. અને અહિં શુક્લલેશ્યા માર્ગણાએ બંધનો નિષેધ કર્યો એ પરસ્પર સંગત થઈ શકતું નથી. આ પણ કાર્મગ્રંથિક અને સૈદ્ધાન્તિક મતભેદ હોય તેમ જણાય છે. છતાં એમ સમાધાન થઈ શકે કે શુક્લલેશ્યાએ જે બંધસ્વામિત્વ કહ્યું છે તે વિશુદ્ધ શુક્લ-લેશ્યાની અપેક્ષાએ હોય. પરમ શુક્લલેશ્યા આનતાદિ દેવોને હોય છે. તેઓ તિર્યંચમાં ઉત્પન્ન થતા નથી. એટલે ઉદ્યોતચતુષ્ક બાંધે નહિ. પછી તો તત્ત્વ બહુશ્રુતગમ્ય છે.

**પદ્મ લેશ્યાવંત**

પદ્મ લેશ્યાએ એકથી સાત ગુણસ્થાનક હોય છે. પદ્મલેશ્યા અને તેજોલેશ્યામાં એટલું અધિક સમજવું કે પદ્મલેશ્યાવાળો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારકાદિ નવ પ્રકૃતિઓ ઉપરાંત એકેન્દ્રિય, સ્થાવર અને આતપ એ પ્રકૃતિઓ બાંધતો નથી. કારણ કે પદ્મ લેશ્યાવાળો નારકાદિમાં તેમજ એકેન્દ્રિયમાં ઉપજતો નથી. માટે બાંધતો નથી અને તેજો લેશ્યાવાળો એકેન્દ્રિયમાં ઉપજે છે માટે ઉકત ત્રણ પ્રકૃતિઓ બાંધે છે.

ગાથા ૨૪.

દ્રવ્યચિત્તં....ભવેત્ દ્રવ્યચિત્ત વિના ભાવચિત્ત ન હોય, અસંજ્ઞીને નથી હોતું તેમ. કેવળીને ભાવચિત્ત વિના પણ દ્રવ્યચિત્ત હોય છે. એટલે કે કેવળીને મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમજન્ય મનન-પરિણામ રૂપ ભાવ મન નથી. પણ અનુત્તર વિમાનના દેવોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર દ્રવ્ય મનથી આપે છે. એટલે ભાવ મન સિવાય દ્રવ્ય મન હોય છે, અને તે મન ચૌદ ગુણસ્થાનક સુધી હોય છે. સિદ્ધાન્તમાં તેને નોસંજ્ઞી–નોઅસંજ્ઞી કહ્યા છે. ભાવમનની અપેક્ષાએ બાર ગુણસ્થાનક હોય. અહીં દ્રવ્ય મનની અપેક્ષાએ સંજ્ઞી ગણી ૧૪ ગુણસ્થાનક કહેલ છે.

## અસંજ્ઞીને બે જ ગુણઠાણાં હોય

અસંજ્ઞી એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના અસંજ્ઞી જીવોને વિષે કોઈક સમ્યકત્વ વમતાં અવતરે તેથી કરણ અપર્યાપ્તાવસ્થાએ સાસ્વાદન ગુણઠાણું હોય તેથી અસંજ્ઞીને સાસ્વાદન ગુણસ્થાનકે સંજ્ઞીની જેમ ૧૦૧ પ્રકૃતિઓનો બંધ હોય એમ જણાવ્યું.

અહીં એક વસ્તુ વિચારવા જેવી જણાય છે કે અસંજ્ઞીને અપર્યાપ્તાવસ્થાએ કાર્મણ તથા ઔદારિકમિશ્ર યોગ હોય. અને તે યોગમાં સાસ્વાદન ગુણસ્થાનકે ૯૪ કે ૯૬ પ્રકૃતિઓનો બંધ કહ્યો છે, તો તેને સુરત્રિક અને વૈક્રિયદ્વિક એ પાંચ પ્રકૃતિઓનું બંધ-સ્વામિત્વ શી રીતે હોય? એટલે સંજ્ઞીને બંધાતી ૧૦૧ પ્રકૃતિઓમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉક્ત પાંચ પ્રકૃતિઓનો બંધ અસંજ્ઞીને ઘટી શકતો નથી. કારણ કે અપર્યાપ્ત અવસ્થાએ સાસ્વાદન ગુણસ્થાનકે દેવ પ્રાયોગ્ય પ્રકૃતિઓનો બંધ કોઈ જીવ કરતો નથી.

### અણાહારીને વિષે.

અણાહારીને અયોગીકેવળી સહિત પાંચ ગુણઠાણાં હોય. છતાં અહીં કાર્મણની પેઠે ચાર કહ્યાં તે બંધ આશ્રયી સમજવું. કેમકે અયોગી અબંધક છે. વિગ્રહગતિમાં ભવધારણીય શરીરના અભાવે અણાહારી હોય તે અપેક્ષાએ પહેલું, બીજું અને ચોથું ગુણસ્થાનક હોય અને કેવલિ સમુદ્ઘાત કરે ત્યારે ત્રીજે, ચોથે અને પાંચમે સમયે અણાહારી હોય તે અપેક્ષાએ તેરમું જાણવું. અહીંઆં બંધસ્વામિત્વ કહેવાનું છે અને ૧૪મું અબન્ધક છે એટલે ગણેલ નથી.

ત્યાં ઓઘે આહારકદ્વિક, દેવાયુષ, નરકત્રિક, મનુષ્યાયુષ અને અને તિર્યંચાયુષ એ આઠ બાદ કરતાં ૧૧૨, તેમાંથી જિનનામ, દેવદ્વિક અને વૈક્રિયદ્વિક બાદ કરતાં મિથ્યાત્વે ૧૦૭. તેમાંથી સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, એકેંદ્રિય જાતિ, સ્થાવરનામ, આતપનામ, નપુંસકવેદ, મિથ્યાત્વમોહનીય, હુંડકસંસ્થાન અને છેવટ્ઠું સંઘયણ એ તેર બાદ કરતાં ૯૪ સાસ્વાદને બાંધે. તેમાંથી અનંતાનુબંધી આદિ ૨૪ બાદ કરી જિન–પંચક મેળવતાં ૭૫ પ્રકૃતિઓ ચોથે ગુણસ્થાનકે બંધાય. સયોગીએ એક શાતાવેદનીય બાંધે.

### ગાથા ૨૫.

અહીં કૃષ્ણાદિ ત્રણ લેશ્યાએ ચાર ગુણસ્થાનક કહ્યાં છે તે પ્રાચીન બંધસ્વામિત્વ અને પંચસંગ્રહની અપેક્ષાએ કહ્યાં હોય તેમ જણાય છે. કારણકે ચોથા કર્મગ્રંથમાં ગ્રંથકાર સ્વયં છ ગુણઠાણાં કહેવાના છે. આની મતલબ એમ છે કે ત્રણ લેશ્યાએ વર્તમાન જીવ પ્રથમનાં ચાર ગુણસ્થાનક પ્રાપ્ત કરે, પણ તે દેશવિરતિ કે સર્વવિરતિ પામી શકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહીં. તે અપેક્ષાએ ચાર ગુણસ્થાનક કહેલ છે, બાકી શુભલેશ્યાએ દેશ વિરતિ કે સર્વવિરતિ પામ્યા પછી કોઈ જીવ મંદ પરિણામી થાય ત્યારે કૃષ્ણાદિ ત્રણ અશુભ લેશ્યાઓ આવે તેથી દેશવિરતિ કે સર્વ વિરતિનો ભંગ થતો નથી. તે અપેક્ષાએ ચોથા કર્મગ્રંથમાં છ ગુણ-સ્થાનક, કહેલ છે.

એ પ્રમાણે બંધસ્વામિત્વ ઉપરનું વિશિષ્ટ લખાણ પૂર્ણ થયું

# उदयस्वामित्व

ત્રીજા કર્મગ્રન્થમાં માર્ગણાસ્થાનને વિષે ગુણસ્થાનકોને આશ્રયી બંધસ્વામિત્વનો વિચાર કર્યો. પરંતુ ઉદયસ્વામિત્વનો વિચાર કર્યો નથી માટે તે ઉપયોગી હોવાથી અહિં ઉદયસ્વામિત્વનો વિચાર કરવો પ્રસ્તુત છે.

૧ **નરકગતિ**, આ માર્ગણાએ મિથ્યાત્વથી માંડી અવિરતિ-સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક સુધી ચાર ગુણસ્થાનક હોય છે. ત્યાં જ્ઞાનાવરણ પાંચ, દર્શનાવરણ ચાર, અન્તરાય પાંચ, મિથ્યાત્વમોહનીય, તૈજસનામ, કાર્મણનામ, વર્ણાદિચતુષ્ક, અગુરુલઘુનામ, નિર્માણનામ, સ્થિરનામ, અસ્થિરનામ, શુભનામ અને અશુભનામ એ સત્યાવીશ પ્રકૃતિઓ ધ્રુવોદયી—પોતપોતાની ઉદયભૂમિકા પર્યન્ત અવશ્ય ઉદયવતી હોય છે. તેમાં મિથ્યાત્વમોહનીયની ઉદયભૂમિ પ્રથમ ગુણસ્થા સ્થાનક છે અને ત્યાં તે ધ્રુવોદયી છે. પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શના-વરણીય અને પાંચ અન્તરાય એ ચૌદ પ્રકૃતિઓનો ઉદય બારમા ગુણસ્થાનક સુધી અને બાકીની બાર પ્રકૃતિઓનો ઉદય તેરમા ગુણ-સ્થાનક સુધી સર્વ જીવોને હોવાથી તે ધ્રુવોદયી છે. એ સત્યાવીશ ધ્રુવોદયી પ્રકૃતિઓ, નિદ્રા, પ્રચલા, વેદનીય ૨, નીચગોત્ર, નરકત્રિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, હુંડકસંસ્થાન, અશુભવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસનામ, ઉપઘાત, ત્રસચતુષ્ક, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અયશ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોળ કષાય, હાસ્યાદિષટ્ક, નપુંસકવેદ, સમ્યક્ત્વમોહનીય ને મિશ્રમોહનીય એ છોંતેર પ્રકૃતિઓ ઓઘે સામાન્યતઃ નારકોને ઉદયમાં હોય છે તેમાં સ્ત્યાનર્દ્ધિત્રિકનો ઉદય વૈક્રિયશરીરી દેવો અને નારકોને પંચસંગ્રહ અને કર્મપ્રકૃતિને મતે હોતો નથી. કહ્યું છે કે—"અસંખ્ય વર્ષના આયુષવાળા મનુષ્ય, તિર્યંચ, વૈક્રિય શરીરવાળા, આહારક શરીરવાળા અને અપ્રમત્ત સાધુ સિવાય બાકીનાને સ્ત્યાનર્દ્ધિત્રિકનો ઉદય અને ઉદીરણા હોય છે."[1]

હવે ઓઘે ઉદયવતી ૭૬ પ્રકૃતિઓમાંથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય બાદ કરતાં મિથ્યાત્વગુણસ્થાનકે ૭૪ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. નરકાનુપૂર્વી અને મિથ્યાત્વ મોહનીય સિવાય ૭૨ પ્રકૃતિઓ સાસ્વાદન ગુણસ્થાનકે હોય છે, તેમાંથી અનન્તાનુબન્ધિચતુષ્ક બાદ કરતાં અને મિશ્ર મોહનીય સહિત કરતાં મિશ્ર ગુણસ્થાનકે ૬૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. તેમાંથી મિશ્રમોહનીય બાદ કરતાં અને સમ્યક્ત્વમોહનીય તથા નરકાનુપૂર્વીનો પ્રક્ષેપ કરતાં અવિરતિસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનકે સિત્તોર પ્રકૃતિઓ ઉદયમાં હોય છે.

૨ **તિર્યંચગતિ.** આ માર્ગણામાં પાંચ ગુણસ્થાનક છે. અહિં દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, આહારકદ્વિક અને જિનનામ એ પંદર પ્રકૃતિઓનો ઉદય હોતો નથી. માટે ઉદયવતી ૧૨૨ પ્રકૃતિઓમાંથી એ પંદર પ્રકૃતિઓ બાદ કરતાં ઓઘે ૧૦૭ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. તિર્યંચોને ભવધારણીય વૈક્રિયશરીર હોતું નથી,

---

૧ જુઓ કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગા. ૧૯

"સંખ્યાતા વર્ષના આયુષવાળા કર્મભૂમિજ મનુષ્ય અને તિર્યંચને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂરી થયા પછી સ્ત્યાનગૃદ્ધિત્રિક ઉદયમાં આવવા યોગ્ય છે. તેમાં પણ આહારક લબ્ધિવાળાને અને વૈક્રિયલબ્ધિવાળાને તેનો ઉદય હોતો નથી." જુઓ—ગોમટ્ટસાર કર્મકાંડ ગા. ૨૮૫.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરન્તુ લબ્ધિપ્રત્યય વૈક્રિયશરીર હોય છે, તે અપેક્ષાએ વૈક્રિયદ્વિક સહિત કરતાં ૧૦૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. પૂર્વોક્ત એકસો સાત પ્રકૃતિઓમાંથી સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય—એ બે પ્રકૃતિઓ બાદ કરતાં મિથ્યાત્વગુણસ્થાનકે ૧૦૫ પ્રકૃતિઓ હોય છે, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, આતપનામ અને મિથ્યાત્વમોહનીય એ પાંચ પ્રકૃતિઓ સિવાય સાસ્વાદને સો પ્રકૃતિઓ હોય છે. તેમાં અનન્તાનુબન્ધિચતુષ્ક, સ્થાવરનામ, એકેન્દ્રિયાદિજાતિચતુષ્ક અને તિર્યંચાનુપૂર્વી—એ દશ પ્રકૃતિઓ બાદ કરતાં અને મિશ્રમોહનીય સહિત કરતાં મિશ્રગુણસ્થાનકે એકાણું પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. તેમાંથી મિશ્રમોહનીય હીન કરતાં અને સમ્યકત્વમોહનીય અને તિર્યંચાનુપૂર્વી—એ બે પ્રકૃતિઓ જોડતાં અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ૯૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે; અપ્રત્યાખ્યાનાવરણ ચાર, દુર્ભગ, અનાદેય, અયશ અને તિર્યંચાનુપૂર્વી—એ આઠ પ્રકૃતિઓ સિવાય દેશવિરતિ ગુણસ્થાનકે ૮૪ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે, અહિં સર્વત્ર લબ્ધિપ્રત્યય વૈક્રિય શરીરની વિવક્ષા કરી નથી, એટલે એ બે પ્રકૃતિઓ બધે ઓછી જાણવી.

૩ **મનુષ્યગતિ.** અહિં ચૌદ ગુણસ્થાનકો હોય છે. દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક, જાતિચતુષ્ક, તિર્યંચત્રિક, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપ—એ વીશ પ્રકૃતિઓનો ઉદય મનુષ્યને ભવપ્રત્યયે હોતો નથી. માટે તેને બાદ કરતાં ઓઘે ૧૦૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. પરંતુ લબ્ધિનિમિત્તક વૈક્રિય શરીરની અપેક્ષાએ ઉત્તરવૈક્રિયશરીર કરતાં વૈક્રિયદ્વિક અને ઉદ્યોત નામનો ઉદય હોવાથી તે ત્રણ પ્રકૃતિઓ સહિત ૧૦૫ પ્રકૃતિઓ સામાન્યતઃ ઉદયમાં હોય છે. તેમાં મિથ્યાત્વગુણસ્થાનકે આહારકદ્વિક, જિનનામ, સમ્યકત્વ અને મિશ્રમોહનીય એ પાંચ પ્રકૃતિઓનો ઉદય નહિ હોવાથી તેને બાદ કરતાં ૯૭ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. અપર્યાપ્તનામ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાત્વમોહનીય—એ બે પ્રકૃતિઓ સિવાય સાસ્વાદન ગુણસ્થાનકે ૯૫ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. તેમાંથી અનન્તાનુબન્ધિચતુષ્ક અને મનુષ્યાનુપૂર્વી—એ પાંચ પ્રકૃતિઓ બાદ કરતાં અને મિશ્રમોહનીય સહિત કરતાં મિશ્રગુણસ્થાનકે ૯૧ પ્રકૃતિઓ હોય છે, તેમાંથી મિશ્રમોહનીય ન્યૂન કરતાં અને સમ્યકત્વ અને મનુષ્યાનુપૂર્વી મેળવતાં અવિરતિસમ્યગ્દષ્ટિગુણસ્થાનકે ૯૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, મનુષ્યાનુપૂર્વી, દુર્ભગ, અનાદેય, અયશ અને નીચગોત્ર—એ નવ પ્રકૃતિઓ સિવાય દેશવિરતિગુણસ્થાનકે ૮૩ પ્રકૃતિઓ હોય, કારણકે દેશવિરતિ હોવાથી અપ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ક અને દુર્ભગાદિ પ્રકૃતિઓનો ઉદય મનુષ્યને હોતો નથી. સર્વવિરતિ હોવાથી પ્રત્યાખ્યાનાવરણચતુષ્ક ન્યૂન કરતાં આહારકદ્વિક સહિત કરતાં પ્રમત્તગુણસ્થાનકે એકાશી પ્રકૃતિઓ ઉદયમાં *હોય, સ્ત્યાનર્દ્ધિત્રિક અને આહારકદ્વિક—એ પાંચ પ્રકૃતિઓ સિવાય અપ્રમત્તગુણસ્થાનકે છોંતેર પ્રકૃતિઓ હોય. સમ્યકત્વમોહનીય અને છેલ્લા ત્રણ સંઘયણ—એ ચાર પ્રકૃતિઓ બાદ કરતાં અપૂર્વકરણે બહોંતેર પ્રકૃતિઓ ઉદયમાં હોય. હાસ્યાદિષટ્ક સિવાય અનિવૃત્તિ ગુણસ્થાનકે ૬૬ પ્રકૃતિઓ હોય. વેદત્રિક અને સંજ્વલનત્રિક એ છ પ્રકૃતિઓ સિવાય સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે સાઠ પ્રકૃતિઓ હોય. સંજ્વલન લોભ વિના ઉપશાન્તમોહ ગુણસ્થાનકે ઓગણસાઠ પ્રકૃતિઓ હોય છે. ઋષભનારાચ અને નારાચ એ બે પ્રકૃતિઓ સિવાય ક્ષીણમોહ ગુણસ્થાનકના દ્વિચરમ સમયે ૫૭ પ્રકૃતિઓ હોય. નિદ્રા અને પ્રચલા વિના ક્ષીણમોહના છેલ્લા સમયે ૫૫ પ્રકૃતિઓ હોય. જ્ઞાનાવરણ પાંચ, દર્શનાવરણ ચાર અને અંતરાય પાંચ—એ ચૌદ પ્રકૃતિઓ સિવાય સયોગીકેવલીગુણસ્થાનકે ૪૨ પ્રકૃતિઓ હોય.

* અહીં પ્રમત્તગુણસ્થાનકે યતિને ઉત્તર વૈક્રિયશરીર કરતાં ઉદ્યોત નામના ઉદયનો સંભવ છે. પરંતુ ભવપ્રત્યયશરીરનિમિત્તક ઉદ્યોતનામની વિવક્ષા હોવાથી અહીં દોષ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણકે અહિં જિનનામનો ઉદય હોય છે, ઔદારિકદ્વિક વિહાયોગતિ-દ્વિક, અસ્થિર, અશુભ, પ્રત્યેક, સ્થિર, શુભ, સંસ્થાનષટ્ક, અગુરુલઘુચતુષ્ક, વર્ણચતુષ્ક, નિર્માણ, તૈજસ, કાર્મણ, વજ્રઋષભનારાચસંહનન, દુઃસ્વર, સુસ્વર, સાતાવેદનીય અને અસાતાવેદનીયમાંથી એક—એ ત્રીશ પ્રકૃતિઓ વિના અયોગીકેવલીગુણસ્થાનકે બાર પ્રકૃતિઓનો ઉદય હોય, સુભગ, આદેય, યશ, વેદનીય, ત્રસ, બાદર. પર્યાપ્ત, પંચેન્દ્રિયજાતિ, મનુષ્યદ્વિક, જિનનામ અને ઉચ્ચગોત્ર એ બાર પ્રકૃતિઓ અયોગિગુણસ્થાનકના છેલ્લે સમયે ઉદયમાંથી વિચ્છિન્ન થાય.

૪ **देवगति** આ માર્ગણાએ ચાર ગુણસ્થાન હોય છે. નરકત્રિક, તિર્યંચત્રિક, મનુષ્યત્રિક, જાતિચતુષ્ક, ઔદારિકદ્વિક. આહાર-કદ્વિક, સંઘયણષટ્ક, ન્યગ્રોધપરિમંડલાદિ પાંચ સંસ્થાન, અશુભવિહા-યોગતિ, આતપ, ઉદ્યોત જિનનામ, સ્થાવરચતુષ્ક, દુઃસ્વર, નપુંસકવેદ અને નીચગોત્ર–એ ઓગણચાલીશ પ્રકૃતિઓ સિવાય ઓઘે સામાન્ય દેવોને ૮૩ પ્રકૃતિઓ ઉદયમાં હોય, અહિં ઉત્તરવૈક્રિય શરીર કરતાં દેવોને ઉદ્યોતનામના ઉદયનો સંભવ છે, પરંતુ ભવપ્રત્યયશરીર નિમિત્ત ઉદ્યોતનો ઉદય વિવક્ષિત હોવાથી દોષ નથી, તથા પંચસંગ્રહને મતે સ્ત્યાનર્દ્ધિત્રિકનો ઉદય દેવોને નહિ હોવાથી તે બાદ કરતાં ૮૦ પ્રકૃતિઓ ઉદયમાં હોય, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય સિવાય મિથ્યાત્વગુણ-સ્થાનકે ૭૮ પ્રકૃતિઓ ઉદયમાં હોય. મિથ્યાત્વમોહનીય સિવાય સાસ્વાદને ૭૭ પ્રકૃતિઓ હોય. અનન્તાનુબન્ધિચતુષ્ક અને દેવાનુપૂર્વી—એ પાંચ પ્રકૃતિઓ સિવાય અને મિશ્રમોહનીય મેળવતાં મિશ્રગુણસ્થાનકે ૭૩ પ્રકૃતિઓ હોય. મિશ્રમોહનીય બાદ કરતાં અને સમ્યક્ત્વમોહનીય અને દેવાનુપૂર્વી,—એ બે પ્રકૃતિઓ સહિત કરતાં અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ૭૪ પ્રકૃતિઓ હોય.

૫ **एकन्द्रियजाति** એકેન્દ્રિય માર્ગણામાં પ્રથમના બે ગુણસ્થાનક હોય છે. વૈક્રિયાષ્ટક. મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, સ્ત્રીવેદ, પુરુષવેદ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વીન્દ્રિયાદિજાતિચતુષ્ક, આહારકદ્વિક, ઔદારિકઅંગોપાંગ, છ સંઘયણ, પાંચ સંસ્થાન, વિહાયોગતિદ્વિક, જિનનામ, ત્રસનામ, દુઃસ્વર, સુસ્વર, સમ્યકત્વમોહનીય, મિશ્રમોહનીય, સુભગનામ, આદેયનામ એ બેંતાલીશ પ્રકૃતિઓ વિના ઓઘે અને મિથ્યાત્વે ૮૦ પ્રકૃતિઓ હોય, અને તેમાં વાયુકાયને વૈક્રિયશરીરનામનો ઉદય હોવાથી તેને આશ્રયી એકેન્દ્રિય માર્ગણાએ ૮૧ પ્રકૃતિઓ ઉદયમાં હોય. સૂક્ષ્મત્રિક, આતપનામ, ઉદ્યોતનામ, મિથ્યાત્વમોહનીય, પરાઘાતનામ અને શ્વાસોચ્છ્વાસનામ એ આઠ પ્રકૃતિઓ સિવાય સાસ્વાદન ગુણસ્થાનકે ૭૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય, કારણ કે સાસ્વાદન ગુણસ્થાનક એકેન્દ્રિય પૃથિવી. અપ્ અને વનસ્પતિને અપર્યાપ્તાવસ્થામાં શરીરપર્યાપ્તિ પૂરી થયા પૂર્વે હોય છે અને આતપનામ, પરાઘાતનામ, ઉદ્યોતનામ, અને ઉચ્છ્વાસનામનો ઉદય શરીરપર્યાપ્તિ અને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂરી થયા પછી થાય છે. ઔપશમિકસમ્યકત્વ વમતો સૂક્ષ્મ એકેન્દ્રિય લબ્ધિઅપર્યાપ્ત અને સાધારણ વનસ્પતિમાં ઉપજતો નથી માટે ત્યાં તેને સૂક્ષ્મત્રિક ઉદયમાં નથી.

૬ **દ્વીન્દ્રિયજાતિ.** એકેન્દ્રિયની પેઠે બેઈન્દ્રિયને પણ બે ગુણસ્થાનક હોય છે, કારણ કે ઔપશમિક સમ્યકત્વ વમતો મનુષ્ય અને તિર્યંચ લબ્ધિ પર્યાપ્ત બેઈન્દ્રિયાદિમાં ઉપજે છે તેથી તેઓમાં વૈક્રિયાષ્ટક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, સ્ત્રીવેદ, પુરૂષવેદ, બેઈન્દ્રિય સિવાય એકેન્દ્રિયાદિજાતિચતુષ્ક, આહારકદ્વિક, પ્રથમના પાંચ સંઘયણ, પાંચ સંસ્થાન, શુભવિહાયોગતિ, જિનનામ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, સુભગ, આદેય, સમ્યકત્વમોહનીય, મિશ્રમોહનીય એ ચાલીશ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી; તેથી ઓઘે અને મિથ્યાત્વગુણસ્થાનકે ૮૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. તેમાંથી અપર્યાપ્તનામ, ઉદ્યોત, મિથ્યાત્વ, પરાઘાત, અશુભવિહાયોગતિ, ઉચ્છ્વાસ, સુસ્વર, દુઃસ્વર, એ આઠ પ્રકૃતિઓ વિના સાસ્વાદન ગુણસ્થાનકે ૭૪ પ્રકૃતિઓ ઉદયમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય, કારણ કે મિથ્યાત્વ મોહનીયનો ઉદય તો ત્યાં ન હોય, અને તે સિવાયની બાકીની પ્રકૃતિઓનો ઉદય શરીરપર્યાપ્તિ પૂરી થયા પછી જ હોય છે. અને સાસ્વાદન તો શરીરપર્યાપ્તિ પૂરી થયા પૂર્વે જ હોય છે.

૭-૮ **ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જાતિ** આ બંને માર્ગણાએ પણ બેઇન્દ્રિયની પેઠે બે ગુણસ્થાનક હોય છે. અને ઉદયસ્વામિત્વ પણ તેની પેઠે જાણવું. પણ બેઇન્દ્રિયને સ્થાને ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય કહેવા.

૯ **પઞ્ચેન્દ્રિયજાતિ** અહીં ચૌદ ગુણસ્થાનકો હોય છે. જાતિચતુષ્ક, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપ એ આઠ પ્રકૃતિ વિના ઓઘે ૧૧૪ પ્રકૃતિઓ હોય, તેમાંથી આહારકદ્વિક, જિનનામ, સમ્યકત્વ અને મિશ્રમોહનીય એ પાંચ પ્રકૃતિઓ બાદ કરતાં મિથ્યાત્વગુણસ્થાનકે ૧૦૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય. મિથ્યાત્વમોહનીય, અપર્યાપ્ત અને નરકાનુપૂર્વી—એ ત્રણ પ્રકૃતિઓ સિવાય સાસ્વાદન ગુણસ્થાનકે ૧૦૬ પ્રકૃતિઓ ઉદયમાં હોય. અનન્તાનુબન્ધિચતુષ્ક અને આનુપૂર્વીત્રિક એ સાત પ્રકૃતિઓ વિના અને મિશ્રમોહનીય મેળવતાં મિશ્રગુણસ્થાનકે સો પ્રકૃતિઓ ઉદયમાં હોય. મિશ્રગુણસ્થાનકે સો પ્રકૃતિઓ ઉદયમાં હોય. મિશ્રમોહનીય બાદ કરતાં અને ચાર આનુપૂર્વી તથા સમ્યકત્વમોહનીય યુક્ત કરતાં અવિરતિગુણસ્થાનકે ૧૦૪ પ્રકૃતિઓ હોય. અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, વૈક્રિયાષ્ટક, નરાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, દુર્ભગ, અનાદેય, અને અયશ—એ સત્તર પ્રકૃતિઓ વિના દેશવિરતિ ગુણસ્થાનકે ૮૭ પ્રકૃતિઓ ઉદયમાં હોય અને છઠ્ઠા ગુણસ્થાનકથી માંડી ચૌદમા ગુણસ્થાનક સુધી મનુષ્યગતિની પેઠે ૮૧-૭૬-૭૨-૬૬-૬૦-૫૯-૫૭-૪૨ અને ૧૨ પ્રકૃતિઓનું ઉદયસ્વામિત્વ જાણવું.

૧૦ **પ્રથિવીકાય.** આ માર્ગણાએ એકેન્દ્રિયની પેઠે બે ગુણસ્થાનક જાણવાં. ત્યાં એકેન્દ્રિય માર્ગણામાં કહેલી ૪૨ પ્રકૃતિઓ અને સાધારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામ સિવાય ઓઘે અને મિથ્યાત્વગુણસ્થાનકે ૭૯ પ્રકૃતિઓનો ઉદય હોય. સૂક્ષ્મ, અપર્યાપ્ત, આતપ, ઉદ્યોત, મિથ્યાત્વ, પરાઘાત અને શ્વાસોચ્છ્વાસ—એ સાત પ્રકૃતિઓ વિના સાસ્વાદન ગુણસ્થાનકે બહોંતર પ્રકૃતિઓ ઉદયમાં હોય. સાસ્વાદન કરણાપર્યાપ્ત એવા પૃથિવીકાયાદિને હોય, પણ લબ્ધિઅપર્યાપ્તને ન હોય.

૧૧ **अप्काय** પૃથ્વીકાયની પેઠે અહિં પણ બે ગુણસ્થાનકો હોય છે. પૃથિવીકાય માર્ગણામાં કહેલી ૪૩ પ્રકૃતિઓ અને આતપનામ સિવાય ઓઘે અને મિથ્યાત્વે ૭૮ પ્રકૃતિઓ હોય છે. તેમાં સૂક્ષ્મ, અપર્યાપ્ત, ઉદ્યોત, મિથ્યાત્વ, પરાઘાત અને ઉચ્છ્વાસ—એ છ પ્રકૃતિઓ સિવાય સાસ્વાદન ગુણસ્થાનકે ૭૨ પ્રકૃતિઓ હોય છે. કારણ કે સૂક્ષ્મ એકેન્દ્રિય અને લબ્ધિઅપર્યાપ્તમાં સમ્યકત્વ વમતો કોઈ જીવ ઉપજતો નથી. તેથી સાસ્વાદન ગુણસ્થાનકે સૂક્ષ્મ અને અપર્યાપ્ત નામનો ઉદય હોતો નથી. શરીર પર્યાપ્તિ પૂરી થયા પછી ઉદ્યોતનામ અને પરાઘાત નામનો ઉદય થાય છે. શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થયા પછી શ્વાસોચ્છ્વાસ નામનો ઉદય થાય છે; અને મિથ્યાત્વમોહનો અહિં ઉદય હોતો નથી.

૧૨ **तेजस्काय.** અહિં એકજ ગુણસ્થાનક હોય છે. અપ્કાય માર્ગણામાં કહેલી ૪૪ પ્રકૃતિઓ, ઉદ્યોત અને યશનામ—એ છેંતાલીશ પ્રકૃતિઓ સિવાય ઓઘે અને મિથ્યાત્વગુણસ્થાનકે છોંતેર પ્રકૃતિઓ હોય.

૧૩ **वायुकाय.** અહિં એકજ મિથ્યાત્વગુણસ્થાનક હોય છે. અને ત્યાં ઉપર પ્રમાણે છોંતેર પ્રકૃતિઓ અને વૈક્રિયશરીરનામ સહિત ૭૭ પ્રકૃતિઓ ઉદયમાં હોય.

૧૪ **वनस्पतिकाय** આ માર્ગણાએ બે ગુણસ્થાનક હોય. એકેન્દ્રિય-માર્ગણામાં કહેલી ૪૨ પ્રકૃતિઓ અને આતપનામ વિના ઓઘે, મિથ્યાત્વ-ગુણસ્થાનકે ૭૯ અને સાસ્વાદન ગુણસ્થાનકે ૭૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય.

૧૫ **त्रसकाय.** અહિં ચૌદ ગુણસ્થાનકો હોય. ત્યાં સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ અને એકેન્દ્રિય જાતિ—એ પાંચ પ્રકૃતિઓ સિવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓઘે ૧૧૭, આહારકદ્વિક, જિનનામ, સમ્યકત્વમોહનીય અને મિશ્રમોહનીય—એ પાંચ પ્રકૃતિઓ વિના મિથ્યાત્વગુણસ્થાનકે ૧૧૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય, તેમાંથી મિથ્યાત્વ, અપર્યાપ્ત અને નરકાનુપૂર્વી એ ત્રણ પ્રકૃતિઓ બાદ કરતાં સાસ્વાદન ગુણસ્થાનકે ૧૦૯ પ્રકૃતિઓ હોય ત્યાં અનન્તાનુબન્ધિચતુષ્ક, વિકલેન્દ્રિયત્રિક અને આનુપૂર્વીત્રિક એ દશ પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય અને મિશ્રમોહનીય મેળવીએ ત્યારે મિશ્રગુણસ્થાનકે સો પ્રકૃતિઓ ઉદયમાં હોય. આનુપૂર્વીચતુષ્ક અને સમ્યકત્વ મોહનીય એ પાંચ પ્રકૃતિઓ મેળવતાં અને મિશ્રમોહનીય બાદ કરતાં અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ૧૦૪ પ્રકૃતિઓ ઉદયમાં હોય. દેશવિરતિઆદિ ગુણસ્થાનકે સામાન્ય ઉદયાધિકારમાં કહેલો ૮૭—૮૧—૭૬—૭૨—૬૬—૬૦—૫૯—૫૭—૪૨ અને ૧૨ પ્રકૃતિઓનો ઉદય જાણવો.

૧૬ **મનોયોગ.** અહિં તેર ગુણસ્થાનક હોય છે. સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, આતપ અને આનુપૂર્વીચતુષ્ક—એ તેર પ્રકૃતિઓ સિવાય ઓઘે ૧૦૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય. આહારકદ્વિક, જિનનામ, સમ્યકત્વ અને મિશ્ર—એ પાંચ પ્રકૃતિઓ વિના મિથ્યાત્વગુણસ્થાનકે ૧૦૪ પ્રકૃતિઓ, મિથ્યાત્વ વિના સાસ્વાદને ૧૦૩, અનન્તાનુબન્ધિચતુષ્ક બાદ કરતાં અને મિશ્રમોહનીય મેળવતાં મિશ્રગુણસ્થાનકે સો; મિશ્રમોહનીય ન્યૂન કરતાં અને સમ્યકત્વમોહનીય સહિત કરતાં અવિરતિ સમ્યગ્દષ્ટિગુણસ્થાનકે સો; અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, વૈક્રિયદ્વિક, દેવગતિ, દેવાયુષ, નરકગતિ, નરકાયુષ, દુર્ભગ, અનાદેય અને અયશ એ તેર પ્રકૃતિઓ સિવાય દેશવિરતિગુણસ્થાનકે ૮૭ પ્રકૃતિઓ ઉદયમાં હોય. બાકીના ગુણસ્થાનકે મનુષ્યગતિ માર્ગણાની પેઠે જાણવા.

૧૭ **વચનયોગ.** અહિં તેર ગુણસ્થાનક હોય છે. સ્થાવરચતુષ્ક. એકેન્દ્રિયજાતિ, આતપ અને આનુપૂર્વી ચતુષ્ક એ દશ પ્રકૃતિઓ સિવાય ઓઘે ૧૧૨, આહારકદ્વિક, જિનનામ, સમ્યકત્વ અને મિશ્ર એ પાંચ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકૃતિઓ વિના મિથ્યાત્વગુણસ્થાનકે ૧૦૭, મિથ્યાત્વમોહનીય અને વિકલેન્દ્રિયત્રિક એ ચાર પ્રકૃતિઓ સિવાય સાસ્વાદનગુણસ્થાનકે ૧૦૩ પ્રકૃતિઓ હોય છે. યદ્યપિ વિકલેંદ્રિયને વચનયોગ હોય છે. પરંતુ તે ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ હોય છે અને સાસ્વાદન તો શરીરપર્યાપ્તિ પૂરી થયા પહેલાં હોય છે એટલે કે આ માર્ગણાએ સાસ્વાદને વચનયોગ હોતો નથી, તેથી વિકલેન્દ્રિયત્રિક કાઢી નાખ્યું છે. તેમાંથી અનન્તાનુબન્ધિચતુષ્ક બાદ કરતાં અને મિશ્રમોહનીય મેળવતાં મિશ્ર ગુણસ્થાનકે સો પ્રકૃતિઓ ઉદયમાં હોય. અવિરતિથી આરંભી બીજા ગુણસ્થાનોને વિષે મનોયોગ માર્ગણાની પેઠે જાણવું.

૧૮ **કાયયોગ.** આ માર્ગણાએ તેર ગુણસ્થાનક હોય છે. ત્યાં ઓઘે ૧૨૨, મિથ્યાત્વગુણસ્થાનકે ૧૧૭, સાસ્વાદને ૧૧૧ ઈત્યાદિ સામાન્ય ઉદયાધિકારમાં રહેલી પ્રકૃતિઓનો ઉદય જાણવો.

૧૯ **પુરુષવેદ.** અહિં નવ ગુણસ્થાનકો હોય છે. નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, જિનનામ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એ ચૌદ પ્રકૃતિઓ સિવાય ઓઘે ૧૦૮ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તેમાંથી આહારકદ્વિક, સમ્યકત્વ અને મિશ્ર—એ ચાર પ્રકૃતિ વિના મિથ્યાત્વે ૧૦૪ પ્રકૃતિઓ, મિથ્યાત્વ અને અપર્યાપ્ત નામ—એ બે પ્રકૃતિ વિના સાસ્વાદને ૧૦૨, તેમાંથી અનન્તાનુબન્ધિચતુષ્ક અને આનુપૂર્વીત્રિક—એ સાત પ્રકૃતિ બાદ કરતાં અને મિશ્રમોહનીય સહિત કરતાં મિશ્રગુણસ્થાનકે ૯૬ પ્રકૃતિઓ, તેમાંથી મિશ્રમોહનીય કાઢી સમ્યક્ત્વ અને આનુપૂર્વીત્રિક—એ ચાર પ્રકૃતિઓનો પ્રક્ષેપ કરીએ એટલે અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ૯૯ પ્રકૃતિઓ હોય. આનુપૂર્વીત્રિક, અપ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ક, દેવગતિ, દેવાયુષ, વૈક્રિયદ્વિક, દુર્ભગ, અનાદેય અને અયશ—એ ચૌદ પ્રકૃતિઓ વિના દેશવિરતિગુણસ્થાનકે ૮૫ પ્રકૃતિઓ હોય. પ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, તિર્યંચગતિ, તિર્યંચાયુષ, ઉદ્યોત અને નીચગોત્ર—એ આઠ પ્રકૃતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન્યૂન કરીએ અને આહારકદ્વિક મેળવીએ એટલે પ્રમત્તગુણસ્થાનકે ૭૯ પ્રકૃતિઓ હોય. તેમાંથી સ્ત્યાનર્દ્ધિત્રિક અને આહારકદ્વિક—એ પાંચ પ્રકૃતિઓ સિવાય અપ્રમત્તગુણસ્થાનકે ૭૪ પ્રકૃતિઓ, સમ્યક્ત્વમોહનીય અને છેલ્લાં ત્રણ સંઘયણ—એ ચાર પ્રકૃતિઓ વિના અપૂર્વકરણ ગુણસ્થાનકે ૭૦ પ્રકૃતિઓ હોય અને હાસ્યાદિ છ પ્રકૃતિ વિના અનિવૃત્તિગુણસ્થાનકે ૬૪ પ્રકૃતિઓ હોય.

૨૦ **સ્ત્રીવેદ.** અહિં પુરુષવેદની પેઠે નવ ગુણસ્થાનક હોય અને ત્યાં ઓઘે અને પ્રમત્તે આહારકદ્વિક વિના તથા ચોથે ગુણસ્થાનકે આનુપૂર્વીત્રિક સિવાય બાકીની પ્રકૃતિઓનો ઉદય જાણવો. કારણ કે પ્રાયઃ સ્ત્રીવેદીને પરભવમાં જતાં ચતુર્થગુણસ્થાનક ન હોય, તેથી આનુપૂર્વીત્રિકનો ઉદય ન હોય, અને સ્ત્રી ચતુર્દશપૂર્વધર ન હોય તેથી તેને આહારકદ્વિકનો પણ ઉદય ન હોય. માટે ઓઘે તથા નવ ગુણસ્થાનકે અનુક્રમે ૧૦૬—૧૦૪—૧૦૨—૯૬—૯૬—૮૫—૭૭—૭૪—૭૦ અને ૬૪ એ પ્રમાણે ઉદય જાણવો.

૨૧ **નપુંસકવેદ** અહિં પણ નવ ગુણસ્થાનક હોય. ત્યાં દેવત્રિક, જિનનામ, સ્ત્રીવેદ અને પુરુષવેદ—એ છ પ્રકૃતિ વિના ઓઘે ૧૧૬, આહારકદ્વિક, સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય—એ ચાર પ્રકૃતિ વિના મિથ્યાત્વગુણસ્થાનકે ૧૧૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય તેમાંથી સૂક્ષ્મત્રિક, આતપ, મિથ્યાત્વ, નરકાનુપૂર્વી અને મનુષ્યાનુપૂર્વી—એ સાત પ્રકૃતિ ન્યૂન કરતાં સાસ્વાદનગુણસ્થાનકે ૧૦૫ પ્રકૃતિઓ હોય. અનન્તાનુબંધિચતુષ્ક, તિર્યંચાનુપૂર્વી, સ્થાવર અને જાતિચતુષ્ક એ દશ પ્રકૃતિઓ બાદ કરતાં અને મિશ્રમોહનીય મેળવતાં મિશ્રગુણસ્થાનકે ૯૬ પ્રકૃતિઓ, નરકાનુપૂર્વી અને સમ્યક્ત્વમોહનીય સિવાય અવિરતિ-સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ૯૭ પ્રકૃતિઓ ઉદયમાં હોય, તેમાંથી અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, નરકત્રિક, વૈક્રિયદ્વિક, દુર્ભગ, અનાદેય અને અયશ—એ બાર પ્રકૃતિઓ વિના દેશવિરતિગુણસ્થાનકે ૮૫ પ્રકૃતિઓ હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિર્યંચગતિ, તિર્યંચાયુષ, નીચગોત્ર, ઉદ્યોત અને પ્રત્યાખ્યાનાવરણચતુષ્ક-એ આઠ પ્રકૃતિઓ બાદ કરતાં અને આહારકદ્વિક મેળવતાં ૭૯ પ્રકૃતિઓ પ્રમત્તગુણસ્થાનકે હોય. સ્ત્યાનર્દ્ધિત્રિક, આહારકદ્વિક—એ પાંચ પ્રકૃતિઓ સિવાય અપ્રમત્ત ગુણસ્થાનકે ૭૪ પ્રકૃતિઓ, સમ્યક્ત્વ મોહનીય અને છેલ્લાં ત્રણ સંઘયણ એ ચાર પ્રકૃતિઓ વિના અપૂર્વ-કરણગુણસ્થાનકે ૭૦ પ્રકૃતિઓ. અને હાસ્યાદિષટ્ક વિના અનિવૃત્તિ ગુણસ્થાનકે ૬૪ પ્રકૃતિઓ ઉદયમાં હોય.

૨૨ ક્રોધ. અહિં નવ ગુણસ્થાનકો હોય છે. ત્યાં માન ૪, માયા ૪, લોભ ૪ અને જિનનામ--એ તેર પ્રકૃતિ વિના ઓઘે ૧૦૯, સમ્યક્ત્વ, મિશ્ર અને આહારકદ્વિક એ ચાર પ્રકૃતિ વિના મિથ્યાત્વ-ગુણસ્થાનકે ૧૦૫, સૂક્ષ્મત્રિક, આતપ, મિથ્યાત્વ અને નરકાનુપૂર્વી એ છ પ્રકૃતિ વિના સાસ્વાદને ૯૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય. અનન્તાનુ-બન્ધિ ક્રોધ, સ્થાવર, જાતિચતુષ્ક અને આનુપૂર્વીત્રિક એ નવ પ્રકૃતિ બાદ કરતાં અને મિશ્ર મેળવતાં મિશ્રગુણસ્થાનકે ૯૧ પ્રકૃતિઓ, તેમાંથી મિશ્રમોહનીય બાદ કરતાં સમ્યક્ત્વમોહનીય અને આનુપૂર્વીચતુષ્ક મેળવતાં અવિરતિગુણસ્થાનકે ૯૫ પ્રકૃતિઓ, તેમાંથી પ્રત્યાખ્યાના-વરણ ક્રોધ, આનુપૂર્વીચતુષ્ક, દેવગતિ, દેવાયુષ, નરકગતિ, નરકાયુષ, વૈક્રિયદ્વિક, દુર્ભગ, અનાદેય અને અયશ—એ ચૌદ પ્રકૃતિઓ વિના દેશવિરતિગુણસ્થાનકે ૮૧ પ્રકૃતિઓ હોય. તિર્યંચગતિ, તિર્યંચઆયુષ, ઉદ્યોત, નીચગોત્ર અને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ એ પાંચ પ્રકૃતિઓ કાઢતાં અને આહારકદ્વિક મેળવતાં પ્રમત્તે ૭૮ પ્રકૃતિઓ હોય, સ્ત્યા-નર્દ્ધિત્રિક અને આહારકદ્વિક એ પાંચ પ્રકૃતિઓ બાદ કરતાં અપ્રમત્ત-ગુણસ્થાનકે ૭૩ પ્રકૃતિઓ, સમ્યક્ત્વ—મોહનીય અને અન્ત્ય ત્રણ સંહનન એ ચાર પ્રકૃતિઓ વિના અપૂર્વકરણગુણસ્થાનકે ૬૯ અને હાસ્યાદિષટ્ક વિના અનિવૃત્તિ ગુણસ્થાનકે ૬૩ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૩-૨૪-૨૫ **માન, માયા અને લોભ.** અહિં ઉદયસ્વામિત્વ પૂર્વવત્ કહેવું. પરંતુ માન અને માયાકષાયમાર્ગણાએ નવ ગુણસ્થાનક હોય છે. અને લોભમાર્ગણાએ દશ ગુણસ્થાનક હોય છે. તેમજ પોતાના સિવાય અન્ય ત્રણ કષાયની બાર પ્રકૃતિઓ વર્જવી. જેમકે માન-માર્ગણાએ બાકીના ત્રણ કષાયના અનન્તાનુબન્ધ્યાદિ બાર ભેદ અને જિનનામ એ તેર પ્રકૃતિ સિવાય ઓઘે ૧૦૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. એવી રીતે બીજા કષાયો માટે પણ સમજવું. લોભમાર્ગણાએ દશમા ગુણસ્થાનકે ત્રણ વેદ ન્યૂન કરતાં સાઠ પ્રકૃતિઓ હોય.

૨૬-૨૭ **મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન.** અહિં ચોથાથી બારમા સુધી નવ ગુણસ્થાનક હોય છે. સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, આતપ, અનંતાનુબંધિચતુષ્ક, જિનનામ, મિથ્યાત્વ અને મિશ્ર એ સોળ પ્રકૃતિઓ વિના ઓઘે ૧૦૬ પ્રકૃતિઓ, આહારકદ્વિક સિવાય અવિરતિગુણસ્થાનકે ૧૦૪ અને દેશવિરતિ આદિ ગુણસ્થાનકે સામાન્ય ઉદયાધિકાર પ્રમાણે ૮૭-૮૧-૭૬-૭૨-૬૬-૬૦-૫૯ અને ૫૭ નું ઉદયસ્વામિત્વ જાણવું.

૨૮ **અવધિજ્ઞાન.** ઉપર પ્રમાણે ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ એટલો વિશેષ છે કે પૂર્વોક્ત સોળ પ્રકૃતિ અને તિર્યંચાનુપૂર્વી સિવાય ઓઘે ૧૦૫ પ્રકૃતિઓ હોય છે. [૧]પ્રજ્ઞાપના સૂત્રની ટીકાનુસારે

---

૧ 'सर्वत्र च तिर्यक्षूत्पद्यमानोऽविग्रहेणोत्पद्यते, विग्रहे विभंगस्य तिर्यक्षु मनुष्येषु च निषेधात्' । यद्वक्ष्यति-'विभंगनाणी पंचिंदियतिरिक्खजोणिया मणुसा आहारगा, णो अणाहारगा" इति प्रज्ञा० प० १८ प० ३९१ ॥

**અર્થ:**—વિભંગજ્ઞાની તિર્યંચોમાં અવિગ્રહ-ઋજુગતિથી ઉત્પન્ન થાય છે. કારણ કે વિગ્રહગતિમાં વિભંગનો તિર્યંચ અને મનુષ્યોમાં નિષેધ છે. સૂત્રમાં કહેવામાં આવશે કે "વિભંગજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો આહારક હોય છે. અનાહારી હોતા નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવધિજ્ઞાનીને તિર્યંચાનુપૂર્વીનો ઉદય ન હોય તેમ જણાય છે. આહારકદ્વિક વિના અવિરતિસમ્યગદષ્ટિ ગુણસ્થાનકે ૧૦૩ પ્રકૃતિઓ ઉદયમાં હોય. બાકીના ગુણસ્થાનકે મતિજ્ઞાનીની પેઠે જાણવું. અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન સહિત વક્રગતિએ તિર્યંચગતિમાં ન ઉપજે. માટે તિર્યંચાનુપૂર્વીનો નિષેધ કર્યો છે. પણ ઋજુગતિની અપેક્ષાએ તિર્યંચગતિમાં ઉપજે છે, પરંતુ તે વખતે તેને આનુપૂર્વીનો ઉદય હોતો નથી.

૨૯ **મનઃપર્યવ.** આ માર્ગણાએ પ્રમત્તગુણસ્થાનકથી માંડી બારમા સુધી સાત ગુણસ્થાનક હોય છે. માટે ત્યાં ઓઘે ૮૧ અને પ્રમત્તાદિ ગુણસ્થાનકે ૮૧–૭૬–૭૨–૬૬–૬૦–૫૯ અને ૫૭ પ્રકૃતિઓ ઉદયમાં જાણવી.

૩૦ **કેવલજ્ઞાન.** આ માર્ગણાએ તેરમું અને ચૌદમું એ બે ગુણસ્થાનક હોય ત્યાં સામાન્યતઃ ૪૨ અને બાર પ્રકૃતિઓ અનુક્રમે જાણવી,

૩૧–૩૨ **મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન** અહિં પ્રથમનાં ત્રણ ગુણસ્થાનક જાણવાં. આહારકદ્વિક, જિનનામ અને સમ્યકૃત્વ મોહનીય વિના ઓઘે અને મિથ્યાત્વગુણસ્થાનકે ૧૧૮, સાસ્વાદન ગુણસ્થાનકે ૧૧૧. અને મિશ્રગુણસ્થાનકે ૧૦૦ પ્રકૃતિઓ ઉદયમાં હોય.

૩૩ **વિભંગજ્ઞાન.** અહિં પણ પૂર્વની પેઠે ત્રણ ગુણસ્થાનક જાણવાં. આહારકદ્વિક. જિનનામ, સમ્યકત્વ, સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, આતપ, મનુષ્યાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વી એ પંદર પ્રકૃતિઓ સિવાય ઓઘે ૧૦૭ પ્રકૃતિઓ હોય છે. મનુષ્ય અને તિર્યંચમાં વિગ્રહગતિએ વિભંગજ્ઞાન સહિત ન ઉપજે, ઋજુગતિએ ઉપજે, માટે અહિં મનુષ્યાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વીનો નિષેધ કર્યો છે. મિથ્યાત્વગુણસ્થાનકે મિશ્રમોહનીય સિવાય ૧૦૬ પ્રકૃતિઓ, સાસ્વાદને મિથ્યાત્વ અને નરકાનુપૂર્વી વિના ૧૦૪ પ્રકૃતિઓ. અનંતાનુબંધી ચતુષ્ક અને દેવાનુપૂર્વી ન્યૂન કરતાં અને મિશ્રમોહનીય મેળવતાં મિશ્રગુણસ્થાનકે ૧૦૦ પ્રકૃતિઓ ઉદયમાં હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૩૪-૩૫ સામાયિક અને છેદોપસ્થાપનીય.** આ બન્ને ચારિત્રે પ્રમત્તાથી આરંભી ચાર ગુણસ્થાનકો હોય છે. ત્યાં સામાન્ય ૮૧—૭૬—૬૬ અને ૬૬ પ્રકૃતિઓનું ઉદયસ્વામિત્વ જાણવું.

**૩૬ પરિહારવિશુદ્ધિ.** અહીં છઠ્ઠું અને સાતમું એ બે ગુણસ્થાનક હોય છે, ત્યાં પૂર્વોક્ત ૮૧ પ્રકૃતિઓમાંથી આહારકદ્વિક. સ્ત્રીવેદ, પ્રથમસંહનન સિવાય બાકીનાં પાંચ સંહનન—એ આઠ પ્રકૃતિઓ વિના ઓઘે અને પ્રમત્તે ૭૩ પ્રકૃતિઓ હોય છે. પરિહાર–વિશુદ્ધિ ચારિત્રવાળા ચતુર્દશપૂર્વધર ન હોય, તેમજ સ્ત્રીને પરિહાર–વિશુદ્ધિ ચારિત્ર ન હોય અને વજ્રઋષભનારાચસંઘયણવાળાને જ પરિહારવિશુદ્ધિ ચારિત્ર હોય માટે અહિં પૂર્વોક્ત આઠ પ્રકૃતિઓના ઉદયનો નિષેધ કર્યો છે. સ્ત્યાનર્દ્ધિત્રિક સિવાય અપ્રમત્તગુણસ્થાનક ૭૦ પ્રકૃતિઓ ઉદયમાં હોય.

**૩૭ સૂક્ષ્મસંપરાય.** અહિં એક દશમું સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક હોય છે. ત્યાં ઓઘે–સામાન્યે ૬૦ પ્રકૃતિઓનો ઉદય જાણવો.

**૩૮ યથાખ્યાત.** અહિં છેલ્લાં ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ એ ચાર ગુણસ્થાનક હોય છે, ત્યાં જિનનામ સહિત ઓઘે ૬૦, જિનનામ વિના ઉપશાન્તમોહે ૫૯, ઋષભનારાચ અને નારાચ—એ બે સંઘયણ સિવાય ક્ષીણમોહના દ્વિચરમ સમયે ૫૭, નિદ્રાદ્વિક વિના છેલ્લા સમયે ૫૫, સયોગિકેવલિગુણસ્થાનકે ૪૨ અને અયોગિકેવલિગુણસ્થાનકે ૧૨ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

**૩૯ દેશવિરતિ.** અહિં પાંચમું એક જ ગુણસ્થાનક હોય છે. અને ત્યાં સામાન્ય ૮૭ પ્રકૃતિઓનો ઉદય જાણવો.

**૪૦ અવિરતિ.** આ માર્ગણાએ પ્રથમનાં ચાર ગુણસ્થાનક હોય છે. ત્યાં જિનનામ અને આહારકદ્વિક એ ત્રણ પ્રકૃતિ સિવાય ઓઘે ૧૧૯, સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય એ બે પ્રકૃતિ વિના મિથ્યાત્વે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૭, સૂક્ષ્મત્રિક, આતપ, મિથ્યાત્વ અને નરકાનુપૂર્વી એ ૭ પ્રકૃતિઓ વિના સાસ્વાદને ૧૧૧, અનન્તાનુબન્ધિચતુષ્ક, સ્થાવર, જાતિચતુષ્ક અને આનુપૂર્વીત્રિક—એ બાર પ્રકૃતિઓ બાદ કરતાં અને મિશ્રમોહ-નીય મેળવતાં મિશ્રગુણસ્થાનકે ૧૦૦ પ્રકૃતિઓ હોય છે, ત્યાં આનુ-પૂર્વીચતુષ્ક, અને સમ્યક્ત્વમોહનીય એ પાંચ પ્રકૃતિઓ મેળવતાં અને મિશ્રમોહનીય બાદ કરતાં અવિરતિ ગુણસ્થાનકે ૧૦૪ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે.

૪૧ ચક્ષુદર્શન અહિં બાર ગુણસ્થાનક હોય છે. એકેન્દ્રિયા-દિજાતિત્રિક, સ્થાવરચતુષ્ક, જિનનામ, આતપ અને આનુપૂર્વીચતુષ્ક—એ તેર પ્રકૃતિ વિના ઓઘે ૧૦૯, આહારકદ્વિક, સમ્યક્ત્વ અને મિશ્ર-એ ચાર પ્રકૃતિ વિના મિથ્યાત્વે ૧૦૫, મિથ્યાત્વ વિના સાસ્વાદને ૧૦૪, અનન્તાનુબન્ધિચતુષ્ક અને ચઉરિન્દ્રિયજાતિ એ પાંચ પ્રકૃતિ વિના અને મિશ્રમોહનીય સહિત કરતાં મિશ્રગુણસ્થાનકે ૧૦૦ મિશ્ર-મોહનીય બાદ કરતાં અને સમ્યક્ત્વમોહનીયનો પ્રક્ષેપ કરતાં અવિરતિ-ગુણસ્થાનકે ૧૦૦, અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, વૈક્રિયદ્વિક, દુર્ભગ, અનાદેય, અયશ, દેવગતિ, દેવાયુષ: નરકગતિ અને નરકાયુષ—એ તેર પ્રકૃતિ વિના દેશવિરતિગુણસ્થાનકે ૮૭ પ્રકૃતિઓ હોય બાકીના ગુણ-સ્થાનકે સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવું.

૪૨ અચક્ષુદર્શન. આ માર્ગણાએ પણ બાર ગુણસ્થાનક હોય છે, ત્યાં જિનનામ વિના ઓઘે ૧૨૧, આહારકદ્વિક, સમ્યક્ત્વ અને મિશ્ર—એ ચાર પ્રકૃતિ વિના મિથ્યાત્વગુણસ્થાનકે ૧૧૭ પ્રકૃતિઓ હોય. બાકીના ગુણસ્થાનકે અનુક્રમે ૧૧૧-૧૦૦—૧૦૪—૮૭—૮૧—૭૨ ૬૬—૬૦—૫૯ અને ૫૭ એ એ પ્રમાણે સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવું.

૪૩ અવધિદર્શન. અહિં ચોથાથી આરંભી બારમા સુધી નવ ગુણસ્થાનક હોય. સિદ્ધાન્તને મતે વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું છે તેથી તેના મતે પ્રથમનાં ત્રણ ગુણસ્થાનક પણ હોય પરંતુ કર્મગ્રંથના મતે વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન હોતું નથી તેથી અવધિજ્ઞાનીની પેઠે ઓઘે ૧૦૬, અવિરતિગુણસ્થાનકે આહારકદ્વિક વિના ૧૦૪ પ્રકૃતિઓ હોય. અહિં પ્રજ્ઞાપનાસૂત્રના અનુસારે તિર્યંચાનુપૂર્વીના ઉદય સહિત ઓઘે ૧૦૬ પ્રકૃતિઓ જાણવી. આગળના ગુણસ્થાનકે સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવું.

૪૪ **કેવલદર્શન** અહિં છેલ્લાં બે ગુણસ્થાનક હોય છે. અને ત્યાં ૪૨ અને બાર પ્રકૃતિઓનો અનુક્રમે ઉદય જાણવો,

૪૫-૪૬-૪૭ **કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા.** અહિં પૂર્વપ્રતિપન્નની અપેક્ષાએ પ્રથમથી માંડીને છ ગુણસ્થાનક હોય છે, તે જિનનામ વિના ઓઘે ૧૨૧ પ્રકૃતિઓ હોય. પરંતુ પ્રતિપદ્યમાનની અપેક્ષાએ પ્રથમનાં ચાર ગુણસ્થાનક હોય છે. તે અપેક્ષાએ આહારક, દ્વિક વિના ઓઘે ૧૧૯ પ્રકૃતિઓ હોય. અને મિથ્યાત્વાદિ ગુણસ્થાનકે અનુક્રમે ૧૧૭, ૧૧૧, ૧૦૦, ૧૦૪. ૮૭ અને ૮૧ પ્રકૃતિઓનો ઉદય જાણવો.

૪૮ **તેજોલેશ્યા.** અહિં પ્રથમથી માંડી અપ્રમત્ત સુધી સાત ગુણસ્થાનકો હોય છે. ત્યાં સૂક્ષ્મત્રિક. વિકલત્રિક, નરકત્રિક, આતપ-નામ અને જિનનામ એ અગિયાર પ્રકૃતિ વિના ઓઘે ૧૧૧, આહારકદ્વિક, સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય સિવાય મિથ્યાત્વગુણસ્થાનકે ૧૦૭ મિથ્યાત્વ વિના સાસ્વાદને ૧૦૬, અનંતાનુબંધિચતુષ્ક, સ્થાવરનામ, એકેંદ્રિય અને આનુપૂર્વીત્રિક-એ નવ પ્રકૃતિ સિવાય અને મિશ્ર-મોહનીય સહિત કરતાં મિશ્રગુણસ્થાનકે ૯૮, આનુપૂર્વીત્રિક અને સમ્યક્ત્વમોહનીયનો પ્રક્ષેપ કરતાં અને મિશ્રમોહનીય બાદ કરતાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે ૧૦૧, અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, આનુપૂર્વીત્રિક, વૈક્રિયદ્વિક, દેવગતિ, દેવાયુષ, દુર્ભગનામ, અનાદેય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને અયશ —એ ચૌદ પ્રકૃતિ વિના દેશવિરતિ ગુણસ્થાનકે ૮૭, પ્રમત્ત-ગુણસ્થાનકે ૮૧ અને અપ્રમત્તે ૭૬ પ્રકૃતિઓ હોય છે.

૪૯ **પદ્મલેશ્યા.** અહિં સાત ગુણસ્થાનકો હોય છે, ત્યાં સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, નરકત્રિક, જિનનામ અને આતપ—એ તેર પ્રકૃતિ વિના ઓઘે ૧૦૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોકના દેવોને પદ્મલેશ્યા હોય છે અને તેઓ મરીને એકેન્દ્રિયમાં જતા નથી. નરકમાં તો પ્રથમની ત્રણ જ લેશ્યાઓ હોય છે, અને જિનનામનો ઉદય શુક્લલેશ્યાવાળાને જ હોય છે. માટે સ્થાવરચતુષ્કાદિ તેર પ્રકૃતિઓનું વર્જન કર્યું છે. આહારકદ્વિક, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય—એ ચાર પ્રકૃતિ વિના મિથ્યાત્વ-ગુણસ્થાનકે ૧૦૫, મિથ્યાત્વમોહનીય સિવાય સાસ્વાદને ૧૦૪. અનન્તાનુબન્ધિચતુષ્ક અને આનુપૂર્વીત્રિક—એ સાત પ્રકૃતિ ન્યૂન કરતાં અને મિશ્રમોહનીય મેળવતાં ૯૮ પ્રકૃતિઓ મિશ્રગુણસ્થાનકે હોય. તેમાંથી મિશ્રમોહનીય બાદ કરીએ અને આનુપૂર્વીત્રિક અને સમ્યક્ત્વમોહનીય મેળવીએ એટલે ૧૦૧ પ્રકૃતિઓ અવિરતિગુણસ્થાનકે હોય તેમાંથી અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, આનુપૂર્વીત્રિક. દેવગતિ. દેવાયુષ, વૈક્રિયદ્વિક, દુર્ભગ, અનાદેય અને અયશ—એ ચૌદ પ્રકૃતિઓ વિના દેશવિરતિ-ગુણસ્થાનકે ૮૭, પ્રમત્તે ૮૧ અને અપ્રમત્તે ૭૬ પ્રકૃતિઓ હોય.

૫૦ **શુક્લલેશ્યા.** અહિં તેર ગુણસ્થાનક છે. ત્યાં સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, નરકત્રિક, અને આતપનામ—એ બાર પ્રકૃતિ વિના ઓઘે ૧૧૦ પ્રકૃતિઓ હોય. આહારકદ્વિક, સમ્યક્ત્વ, મિશ્ર અને જિનનામ—એ પાંચ પ્રકૃતિ વિના મિથ્યાત્વે ૧૦૫ પ્રકૃતિઓ હોય. મિથ્યાત્વ વિના સાસ્વાદને ૧૦૪, તેમાંથી અનન્તાનુબન્ધિચતુષ્ક અને આનુપૂર્વીત્રિક કાઢીએ અને મિશ્રમોહનીય મેળવીએ એટલે મિશ્રગુણસ્થાનકે ૯૮, અવિરતિગુણસ્થાનકે ૧૦૧ અને દેશવિરતિએ ૮૭ પ્રકૃતિઓ હોય છે. આગળના ગુણસ્થાનકે સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૧ **ભવ્ય.** અહીં ચૌદ ગુણસ્થાનકો હોય છે અને ત્યાં સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવું.

૫૨ **અભવ્ય** અહીં માત્ર પહેલું જ ગુણસ્થાનક હોય છે, ત્યાં સમ્યક્ત્વ, મિશ્ર, જિનનામ અને આહારકદ્વિક–એ પાંચ પ્રકૃતિ વિના ઓઘે અને મિથ્યાત્વે ૧૧૭ પ્રકૃતિઓ હોય.

૫૩ **ઉપશમસમ્યક્ત્વ.** આ માર્ગણાએ ચોથાથી આરંભી અગિઆરમા સુધી આઠ ગુણસ્થાનક હોય છે. સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક અનન્તાનુબન્ધિચતુષ્ક,સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય, જિનનામ, આહારકદ્વિક, આતપનામ અને આનુપૂર્વીચતુષ્ક—એ ત્રેવીશ પ્રકૃતિ વિના ઓઘે અને અવિરતિગુણસ્થાનકે ૯૯ પ્રકૃતિઓ હોય છે, અન્ય આચાર્યના મતે ઉપશમસમ્યગ્દષ્ટિ આયુષ્ય પૂર્ણ થવાથી મરીને અનુત્તર સુર તરીકે ઊપજે તે વખતે તેને અવિરતિ ગુણસ્થાનકે દેવાનુપૂર્વીનો ઉદય હોય, તે અપેક્ષાએ ઓઘે અને અવિરતિ ગુણસ્થાનકે ૧૦૦ પ્રકૃતિઓ હોય, અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, દેવગતિ, દેવાનુપૂર્વી. દેવાયુષ, નરકગતિ, નરકાયુષ, વૈક્રિયદ્વિક, દુર્ભગ, અનાદેય અને અયશ–એ ચૌદ પ્રકૃતિ વિના દેશવિરતિગુણસ્થાનકે ૮૬ પ્રકૃતિઓ હોય. તિર્યંચગતિ, તિર્યંચાયુષ, નીચગોત્ર, ઉદ્યોત અને પ્રત્યાખ્યાન વરણચતુષ્ક —એ આઠ પ્રકૃતિ વિના પ્રમત્ત ગુણસ્થાનકે ૭૮, સ્ત્યાનર્દ્ધિત્રિક વિના અપ્રમત્ત ગુણસ્થાનકે ૭૫, અને છેલ્લાં ત્રણ સંઘયણ વિના અપૂર્વકરણે ૭૨ પ્રકૃતિઓ હોય છે. ત્યાર પછી આગળના ગુણસ્થાનકે અનુક્રમે ૬૬, ૬૦, ૫૯, પ્રકૃતિઓ ઉદયમાં હોય.

૫૪ **ક્ષાયિકસમ્યક્ત્વ.** અહિં ચોથાથી ચૌદમા સુધી અગિયાર ગુણસ્થાનક હોય. ત્યાં જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, અનન્તાનુબન્ધિચતુષ્ક આતપ, સમ્યક્ત્વ, મિશ્ર, મિથ્યાત્વ અને ઋષભનારાચાદિ પાંચ સંઘયણ–એ એકવીશ પ્રકૃતિ વિના ઓઘે ૧૦૧ આહારકદ્વિક અને જિનનામ–એ ત્રણ પ્રકૃતિ વિના અવિરતિગુણસ્થાનકે ૯૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, વૈક્રિયાષ્ટક, નરાનુપૂર્વી, તિર્યંચત્રિક, નીચગોત્ર, દુર્ભગ, અનાદેય, અયશ અને ઉદ્યોત—એ એકવીશ પ્રકૃતિ વિના દેશવિરતિગુણસ્થાનકે ૭૭ પ્રકૃતિઓ હોય. ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને પાંચમા ગુણસ્થાનકે નીચગોત્રનો ઉદય નથી, કારણ કે પાંચમા ગુણસ્થાનકથી મનુષ્યને ઉચ્ચગોત્રનો ઉદય હોય છે, અને તે ગુણસ્થાનકે વર્ત્તતો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય જ હોય છે. તેથી અહિં નીચગોત્રના ઉદયનું વર્જન કર્યું. યદ્યપિ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને વજ્રઋષભનારાચ સંઘયણ સિવાય બીજા પાંચ સંઘયણના ઉદયનો નિષેધ કર્યો છે, પરંતુ ભવિષ્યમાં થનારા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ દુપ્પસહસૂરિને કયું સંઘયણ માનવું? માટે આ વાત વિચારણીય છે. પ્રત્યાખ્યાનાવરણ-ચતુષ્ક કાઢી આહારકદ્વિક મેળવતાં પ્રમત્તગુણસ્થાનકે ૭૫ પ્રકૃતિઓ હોય. સ્ત્યાનર્દ્ધિત્રિક અને આહારકદ્વિક—એ પાંચ પ્રકૃતિ વિના અપ્રમત્ત ગુણસ્થાનકે ૭૦, અપૂર્વકરણે ૭૦, હાસ્યાદિ છ પ્રકૃતિ વિના અનિવૃત્તિ ગુણસ્થાનકે ૬૪, વેદત્રિક અને સંજ્વલનત્રિક—એ છ પ્રકૃતિ વિના સૂક્ષ્મસંપરાયે ૫૮, સંજ્વલન લોભ વિના ઉપશાન્તમોહે ૫૭ ક્ષીણમોહના દ્વિચરમ સમય સુધી ૫૭, નિદ્રા અને પ્રચલા વિના છેલ્લા સમયે ૫૫, સયોગિકેવલિગુણસ્થાનકે ૪૨ અને અયોગિગુણસ્થાનકે ૧૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે.

૫૫ **क्षायोपशमिकसम्यक्त्व.** અહિં ચોથાથી સાતમા સુધી ચાર ગુણસ્થાનક છે. મિથ્યાત્વ, મિશ્ર, જિનનામ, જાતિ ચતુષ્ક, સ્થાવર ચતુષ્ક, આતપ અને અનન્તાનુબન્ધિચતુષ્ક—એ સોળ પ્રકૃતિ વિના ઓઘે ૧૦૬, આહારકદ્વિક વિના અવિરતિગુણસ્થાનકે ૧૦૪. દેશવિરતિગુણસ્થાનકે ૮૭. પ્રમત્તે ૮૧, અને અપ્રમત્તે ૭૬ પ્રકૃતિઓનો ઉદય જાણવો.

૫૬ **मिश्रसम्यक्त्व** અહિં એક ત્રીજું મિશ્રગુણસ્થાનક હોય. અને ત્યાં સો પ્રકૃતિઓનો ઉદય હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૭ **सास्वादन** અહિં એક બીજું સાસ્વાદન ગુણસ્થાનક હોય છે અને ત્યાં ૧૧૧ પ્રકૃતિઓનો ઉદય હોય.

૫૮ **मिथ्यात्व.** અહિં પ્રથમ ગુણસ્થાનક હોય અને ત્યાં આહારક-દ્વિક જિનનામ, સમ્યક્ત્વ અને મિશ્ર—એ પાંચ પ્રકૃતિ વિના ૧૧૭ પ્રકૃતિઓ હોય.

૫૯ **संज्ञी.** અહિં ચૌદ ગુણસ્થાનક હોય. દ્રવ્યમનના સંબન્ધથી કેવલજ્ઞાનીને સંજ્ઞી કહ્યા છે માટે તેને ચૌદ ગુણસ્થાનક હોય, પરંતુ જો મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમજન્ય મનનપરિણામરૂપ ભાવમનના સંબન્ધથી સંજ્ઞી કહીએ તો આ માર્ગણાએ બાર ગુણસ્થાનક હોય. ત્યાં સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ અને જાતિચતુષ્ક—એ આઠ પ્રકૃતિ વિના ઓઘે ૧૧૪ પ્રકૃતિઓ હોય, પરંતુ જો ભાવમનના સંબંધથી સંજ્ઞી કહીએ તો સંજ્ઞીમાર્ગણાએ જિનનામનો ઉદય ન હોય તેથી તેને બાદ કરતાં ઓઘે ૧૧૩ પ્રકૃતિઓ હોય. આહારકદ્વિક, સમ્યક્ત્વ અને મિશ્ર—એ ચાર પ્રકૃતિ વિના મિથ્યાત્વે ૧૦૯, અપર્યાપ્તનામ, મિથ્યાત્વ અને નરકાનુપૂર્વી એ ત્રણ પ્રકૃતિ વિના સાસ્વાદને ૧૦૬ પ્રકૃતિઓ હોય. અને અનન્તાનુબન્ધિચતુષ્ક અને આનુપૂર્વીત્રિક—એ સાત પ્રકૃતિ સિવાય અને મિશ્રમોહનીય મેળવતાં મિશ્રગુણસ્થાનકે સો પ્રકૃતિઓ હોય. અને અવિરત્યાદિગુણસ્થાનકે સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવું.

૬૦ **असंज्ञी.** અહીં પ્રથમનાં બે ગુણસ્થાનકો હોય છે ત્યાં વૈક્રિયાષ્ટક, જિનનામ, આહારકદ્વિક, સમ્યક્ત્વ, મિશ્ર, ઉચ્ચગોત્ર, સ્ત્રીવેદ અને પુરુષવેદ—એ સોળ પ્રકૃતિ વિના ઓઘે અને મિથ્યાત્વે ૧૦૬ પ્રકૃતિઓ હોય, તેમાંથી સૂક્ષ્મત્રિક. આતપ, ઉદ્યોત, મનુષ્યત્રિક. મિથ્યાત્વ, પરાઘાત, ઉચ્છ્વાસ, સુસ્વર, દુઃસ્વર, શુભવિહાયોગતિ અને અશુભવિહાયોગતિ—એ પંદર પ્રકૃતિ વિના સાસ્વાદને ૯૧ પ્રકૃતિઓ હોય છે. સપ્તતિમાં ઉદયસ્થાનકમાં અસંજ્ઞીને આશ્રયી છ સંઘયણ અને છ સંસ્થાનોના ભાંગા કર્યા છે તેથી તેને છ સંઘયણ અને છ સંસ્થાનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકૃતિઓ તેમજ સુભગ, આદેય, અને શુભવિહાયોગતિનો ઉદય પણ હોય છે.

૬૧ आहारक. અહિં તેર ગુણસ્થાનક હોય. આનુપૂર્વીચતુષ્ક વિના ઓઘે ૧૧૮ આહારકદ્વિક, જિનનામ, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય–એ પાંચ પ્રકૃતિ વિના મિથ્યાત્વગુણસ્થાનકે ૧૧૩, સૂક્ષ્મત્રિક, આતપ અને મિથ્યાત્વ–એ પાંચ પ્રકૃતિ સિવાય સાસ્વાદને ૧૦૮, તેમાંથી અનંતાનુબન્ધિચતુષ્ક, સ્થાવરનામ અને જાતિચતુષ્ક–એ નવ પ્રકૃતિ બાદ કરતાં અને મિશ્રમોહનીય મેળવતાં મિશ્રગુણસ્થાનકે ૧૦૦, તેમાંથી મિશ્રમોહનીય કાઢી સમ્યક્ત્વ મોહનીયનો પ્રક્ષેપ કરતાં અવિરતિગુણસ્થાનકે ૧૦૦, અપ્રત્યાખ્યાનાવરણચતુષ્ક, વૈક્રિયદ્વિક, દેવગતિ, નરકગતિ, દેવાયુષ, દુર્ભગ, નરકાયુષ અનાદેય અને અયશ–એ તેર પ્રકૃતિ વિના દેશવિરતિગુણસ્થાનકે ૮૭ પ્રકૃતિઓ હોય. આગળના ગુણસ્થાનકે સામાન્ય ઉદયસ્વામિત્વ જાણવું.

૬૨ अनाहारक. આ માર્ગણાએ ૧–૨–૪–૧૩ અને ૧૪મું એ પાંચ ગુણસ્થાનક હોય છે. ત્યાં ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, સંહનનષટ્ક, સંસ્થાનષટ્ક, વિહાયોગતિદ્વિક, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, પ્રત્યેક, સાધારણ સુસ્વર, દુઃસ્વર, મિશ્રમોહનીય અને નિદ્રાપંચક–એ પાંત્રીશ પ્રકૃતિ વિના ઓઘે ૮૭, જિનનામ અને સમ્યક્ત્વ મોહનીય એ બે પ્રકૃતિ વિના મિથ્યાત્વે ૮૫, સૂક્ષ્મ, અપર્યાપ્ત, મિથ્યાત્વ અને નરકત્રિક એ છ પ્રકૃતિ સિવાય સાસ્વાદને ૭૯ પ્રકૃતિઓ હોય છે. મિશ્રગુણસ્થાનકે કોઈ અનાહારક ન હોય. અનન્તાનુબન્ધિચતુષ્ક, સ્થાવર અને જાતિચતુષ્ક–એ નવ પ્રકૃતિ વિના અને સમ્યક્ત્વમોહનીય અને નરકત્રિક–એ ચાર પ્રકૃતિઓ મેળવતાં અવિરતિગુણસ્થાનકે ૭૪ પ્રકૃતિઓ હોય. વર્ણાદિચતુષ્ક, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ જિનનામ, ત્રસત્રિક, સુભગ, આદેય, યશ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યાયુષ, વેદનીયદ્વિક, અને ઉચ્ચગોત્ર-એ પચીશ પ્રકૃતિઓ તેરમા સયોગી ગુણસ્થાનકે કેવલિસમુદ્ઘાત કરતાં ત્રીજા, ચોથા અને પાંચમા સમયે ઉદયમાં હોય. ત્રસત્રિક, મનુષ્યગતિ, મનુષ્યાયુષ, ઉચ્ચગોત્ર, જિનનામ, સાતા કે અસાતામાંથી એક વેદનીય સુભગ, આદેય, યશ અને પંચેંદ્રિયજાતિ—એ બાર પ્રકૃતિઓ ચૌદમા ગુણસ્થાનકે ઉદયમાં હોય, અહિં સર્વત્ર ઉદયમાં ઉત્તરવૈક્રિયની વિવક્ષા કરી નથી. સિદ્ધાન્તમાં પૃથિવી, અપ્ અને વનસ્પતિને સાસ્વાદન કહ્યું નથી સાસ્વાદનીને મતિ–શ્રુતજ્ઞાની કહ્યા છે. વિભંગજ્ઞાનીને અવધિદર્શન કહ્યું છે અને વૈક્રિયમિશ્રો અને આહારકમિશ્રે ઔદારિકમિશ્ર કહ્યું છે, પણ તે કર્મગ્રન્થમાં વિવક્ષિત નથી.

**उदयस्वामित्व समाप्त.**

---

# उदीरणास्वामित्व.

ઉદયસમયથી આરંભી એક આવલિકા સુધીના કાળને ઉદયાવલિકા કહે છે. ઉદયાવલિકાપ્રવિષ્ટ કર્મપુદ્ગલને કોઈપણ કરણ લાગુ પડતું નથી, ઉદયાવલિકાની બહાર રહેલા કર્મપુદ્ગલને ઉદયાવલિકાગત કર્મપુદ્ગલ સાથે મેળવી ભોગવવાં તેને ઉદીરણા કહે છે. જે જાતના કર્મનો ઉદય હોય તે જાતના કર્મની જ ઉદીરણા થાય છે. એટલે સામાન્ય રીતે જે માર્ગણામાં જે ગુણસ્થાનકે જેટલી કર્મપ્રકૃતિઓનો ઉદય હોય છે, તે માર્ગણામાં તે ગુણસ્થાનકે તેટલી પ્રકૃતિઓની ઉદીરણા પણ હોય છે જ્યાં સુધી તેનો ઉદય ચાલુ રહે છે ત્યાં સુધી તેની ઉદીરણા પણ હોય છે, પણ તેમાં એટલો વિશેષ છે કે જે કર્મપ્રકૃતિને ભોગવતાં તેનાં સત્તામાં માત્ર એક આવલિકા કાળમાં ભોગવવા યોગ્ય કર્મપુદ્ગલો બાકી રહે ત્યારે તેની ઉદીરણા થતી નથી. અર્થાત્ ઉદયાવલિકાપ્રવિષ્ટ કર્મ ઉદીરણા યોગ્ય રહતું નથી. તથા શરીરપર્યાપ્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્ણ થયા પછી જ્યાં સુધી ઈન્દ્રિયપર્યાપ્તિ પૂરી ન થાય ત્યાં સુધી પાંચ નિદ્રાની ઉદીરણા થતી નથી તેનો કેવળ ઉદય જ પ્રવર્તે છે. છઠ્ઠા ગુણસ્થાનકથી આગળ મનુષ્યાયુષ, સાતા અને અસાતા વેદનીય કર્મની તદ્યોગ્ય અધ્યવસાયના અભાવે ઉદીરણા થતી નથી, કેવળ ઉદય જ હોય છે, તથા ચૌદમા ગુણસ્થાનકે યોગના અભાવે કોઈપણ પ્રકૃતિની ઉદીરણા હોતી નથી, કેવળ ઉદય જ પ્રવર્તે છે.

उदीरणास्वामित्व समाप्त

---

# सत्तास्वामित्व

આવશ્યક અને ઉપયોગી હોવાથી ઉદયસ્વામિત્વની પેઠે ૬૨ ઉત્તર માર્ગણાસ્થાનને આશ્રયી ગુણસ્થાનકને વિષે ઉત્તર પ્રકૃતિઓની સત્તાનું કથન કરવું પ્રસ્તુત છે. અહિં સત્તાધિકારમાં ૧૪૮ પ્રકૃતિઓ વિવક્ષિત છે.

**૧–૨ નરકગતિ અને દેવગતિ.** આ બન્ને માર્ગણાએ અનુક્રમે દેવાયુષ અને નરકાયુષ સિવાય ૧૪૭ પ્રકૃતિઓની સત્તા હોય કારણ કે નરકગતિમાં દેવાયુષની સત્તા ન હોય અને દેવગતિમાં નરકાયુષની સત્તા ન હોય, મિથ્યાત્વગુણસ્થાનકે દેવગતિમાં જિનનામની સત્તા ન હોય પણ નરકગતિમાં હોય માટે દેવગતિમાં મિથ્યાત્વગુણસ્થાનકે ૧૪૬ અને નરકગતિમાં ૧૪૭ પ્રકૃતિઓની સત્તા હોય. બીજા અને ત્રીજા ગુણસ્થાનકે જિનનામકર્મ સિવાય ૧૪૬ પ્રકૃતિઓની સત્તા હોય. અવિરતિગુણસ્થાનકે ક્ષાયિક સમ્યગ્દષ્ટિને અનન્તાનુબન્ધિ ચતુષ્ક, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીય અને બે આયુષ—એ નવ પ્રકૃતિ વિના ૧૩૯ પ્રકૃતિઓની સત્તા હોય. ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને એક આયુષ સિવાય ૧૪૭ પ્રકૃતિઓની સત્તા હોય છે. કારણ કે નારકને દેવાયુષ અને દેવોને નારકાયુષ સત્તામાં ન હોય, ક્ષાયિક સમ્યગ્દષ્ટિને તિર્યંચાયુષ પણ સત્તામાં ન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩ **મનુષ્યગતિ** અહિં ઓઘે અને મિથ્યાત્વે ૧૪૮ પ્રકૃતિઓની સત્તા હોય છે. બીજે અને ત્રીજે ગુણસ્થાનકે જિનનામ સિવાય ૧૪૭ પ્રકૃતિઓની સત્તા હોય છે.

અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ (અચરમ શરીરી) ચારિત્રમોહના ઉપશમકને તિર્યંચાયુષ, નરકાયુષ, અનંતાનુબન્ધિચતુષ્ક અને દર્શનમોહનીયત્રિક એ નવ પ્રકૃતિઓ વિના ૧૩૯ પ્રકૃતિઓ સત્તામાં હોય છે. અને ચરમ શરીરી ચારિત્રમોહના ઉપશમક ઉપશમસમ્યગ્દષ્ટિને અનંતાનુબન્ધિચતુષ્કની વિસંયોજના કર્યા બાદ ત્રણ આયુષ સિવાય એકસો એકતાલીશ પ્રકૃતિઓ સત્તામાં હોય. ક્ષાયોપશમિકસમ્યગ્દષ્ટિ જે ભવિષ્યમાં ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરશે એવા ચરમશરીરીને નરકાયુષ, તિર્યંચાયુષ, અને દેવાયુષ—એ ત્રણે પ્રકૃતિ સિવાય એકસો પીસ્તાળીશની સત્તા હોય છે અને અનંતાનુબન્ધિચતુષ્ક તથા દર્શનમોહનીયત્રિક—એ સાત પ્રકૃતિનો ક્ષય કર્યા પછી એકસો આડત્રીસ પ્રકૃતિઓની સત્તા હોય છે. ભવિષ્યમાં ઉપશમશ્રેણિના પ્રારંભક ઉપશમસમ્યગ્દષ્ટિ (અચરમ શરીરીને) નરક અને તિર્યંચાયુષ સિવાય ૧૪૬ પ્રકૃતિઓની સત્તા હોય છે. અને અનંતાનુબન્ધિચતુષ્કની વિસંયોજના કર્યા પછી ૧૪૨ પ્રકૃતિઓની સત્તા હોય છે.

દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્ત—એ ત્રણ ગુણસ્થાનકે ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિને આશ્રયી ચોથા ગુણસ્થાનક પ્રમાણે સત્તા હોય.

અપૂર્વકરણ ગુણસ્થાનકે ચારિત્રમોહના ઉપશમક ઉપશમસમ્યગ્દષ્ટિને આશ્રયી અનન્તાનુબન્ધિચતુષ્ક, તિર્યંચાયુષ અને નરકાયુષ—એ છ પ્રકૃતિ વિના એકસો બેંતાળીશ પ્રકૃતિઓ સત્તામાં હોય. ચારિત્રમોહના ઉપશમક ક્ષાયિક સમ્યગ્દષ્ટિને આશ્રયી દર્શનસપ્તક, નરકાયુષ અને તિર્યંચાયુષ વિના ૧૩૯ પ્રકૃતિઓની સત્તા હોય. અને ક્ષપકશ્રેણિને આશ્રયી પૂર્વે કહ્યા પ્રમાણે એકસો આડત્રીશ પ્રકૃતિઓની સત્તા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિવૃત્ત્યાદિ ગુણસ્થાનકે બીજા કર્મગ્રન્થમાં કહેલા સત્તાધિકાર પ્રમાણે અહિં જાણી લેવું.

૪ **तिर्यंचगति**. અહિં ઓઘે તથા મિથ્યાત્વ, સાસ્વાદન અને મિશ્રગુણસ્થાનકે જિનનામ સિવાય ૧૪૭ પ્રકૃતિઓની સત્તા હોય છે. અવિરતિગુણસ્થાનકે ક્ષાયિક સમ્યગ્દષ્ટિને દર્શનસપ્તક, નરકાયુષ અને મનુષ્યાયુષ સિવાય ૧૩૮. અને ઉપશમ સમ્યગ્દષ્ટિ તથા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને જિનનામ સિવાય એકસો સુડતાલીસ પ્રકૃતિઓની હોય છે.

દેશવિરતિ ગુણસ્થાનકે ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને જિનનામ સિવાય ૧૪૭ પ્રકૃતિઓની સત્તા હોય છે, ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તિર્યંચો અસંખ્યાત વર્ષના આયુષવાળા જ હોય છે. અને તેમને દેશવિરતિ ગુણસ્થાનક હોતું નથી.

૫–૮ **एकेन्द्रिय अने विकलेन्द्रिय**. ઓઘે, મિથ્યાત્વે અને સાસ્વાદન ગુણસ્થાનકે જિનનામ, દેવાયુષ અને નરકાયુષ સિવાય એકસો પીસ્તાળીસ પ્રકૃતિઓની સત્તા હોય છે, પરન્તુ સાસ્વાદન ગુણસ્થાનકે આયુષ્યનો બન્ધ ન થાય એ અપેક્ષાએ મનુષ્યાયુષ સિવાય ૧૪૪ પ્રકૃતિઓની સત્તા હોય છે.

૯ **पंचेन्द्रिय**. આ માર્ગણાએ મનુષ્ય પ્રમાણે સત્તા જાણવી.

૧૦–૧૨ **पृथिवीकाय, अप्काय अने वनस्पतिकाय**. આ ત્રણ માર્ગણાએ એકેન્દ્રિયમાર્ગણા પ્રમાણે સત્તા જાણવી.

૧૩–૧૪ **तेजस्काय अने वायुकाय**. અહિં ઓઘે અને મિથ્યાત્વગુણસ્થાનકે જિનનામ, દેવાયુષ, મનુષ્યાયુષ અને નરકાયુષ એ ચાર પ્રકૃતિ વિના ૧૪૪ પ્રકૃતિઓ સત્તામાં હોય.

૧૫ **त्रसकाय**. અહિં મનુષ્યગતિ માર્ગણા પ્રમાણે સત્તા જાણવી.

૧૬–૧૮ **मनोयोग, वचनयोग अने काययोग**. આ ત્રણ માર્ગણાએ મનુષ્યની પેઠે તેર ગુણસ્થાનક સુધી સત્તાસ્વામિત્વ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯–૨૪ **ત્રણ વેદ, ક્રોધ, માન અને માયા.** આ છ માર્ગણાએ મનુષ્યગતિ માર્ગણા પેઠે નવ ગુણસ્થાનક સુધી સત્તા જાણવી,

૨૫ **લોભ.** અહિં મનુષ્યની પેઠે દશ ગુણસ્થાનક સુધી સત્તા જાણવી.

૨૬–૨૮ **મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન.** આ ત્રણ માર્ગણાએ મનુષ્યગતિમાર્ગણા પ્રમાણે ચોથાથી માંડી બારમા ગુણસ્થાનક સુધી સત્તાસ્વામિત્વ જાણવું.

૨૯ **મનઃપર્યવજ્ઞાન,** અહિં ઓઘે તિર્યંચાયુ અને નરકાયુષ સિવાય ૧૪૬ પ્રકૃતિઓની સત્તા હોય, અને તેને છઠ્ઠા ગુણસ્થાનકથી આરંભી બારમા ગુણસ્થાનક સુધી મનુષ્યગતિમાર્ગણા પ્રમાણે સત્તાસ્વામિત્વ જાણવું.

૩૦ **કેવલજ્ઞાન** અહિં મનુષ્યગતિની પેઠે છેલ્લા બે ગુણસ્થાનકે સત્તાસ્વામિત્વ જાણવું.

૩૧ ૩૩ **મત્યજ્ઞાન, શ્રુતાજ્ઞાન અને વિભંગજ્ઞાન** ત્રણ અજ્ઞાન માર્ગણાએ ઓઘે અને મિથ્યાત્વે ૧૪૮ પ્રકૃતિઓની સત્તા હોય. બીજા અને ત્રીજા ગુણસ્થાનકે જિનનામ સિવાય ૧૪૭ ની સત્તા હોય.

૩૪–૩૫ **સામાયિક અને છેદોપસ્થાપનીય.** આ બે માર્ગણાએ ઓઘે ૧૪૮ પ્રકૃતિઓની સત્તા હોય. અને તેને છઠ્ઠા ગુણસ્થાનકથી આરંભી નવમા ગુણસ્થાનક સુધી મનઃપર્યવજ્ઞાન માર્ગણાની પેઠે સત્તાસ્વામિત્વ જાણવું.

૩૬ **પરિહારવિશુદ્ધિ.** અહિં છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકે ઉપર પ્રમાણે સત્તાસ્વામિત્વ જાણવું.

૩૭ **સૂક્ષ્મસંપરાય.** અહિં ઓઘે તિર્યંચાયુષ અને નરકાયુષ. સિવાય ૧૪૬ પ્રકૃતિઓની સત્તા હોય છે. અથવા અનન્તાનુબન્ધિચતુષ્કની વિસંયોજના કરનારને અનન્તાનુબન્ધિચતુષ્ક, તિર્યંચાયુષ અને નરકાયુષ એ છ પ્રકૃતિ વિના ૧૪૨ ની સત્તા હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૮ **યથાખ્યાત**. અહિં અગિયારમાથી માંડી ચૌદમા ગુણસ્થાનક સુધી સત્તાસ્વામિત્વ મનુષ્યગતિમાર્ગણાની પેઠે જાણવું.

૩૯ **દેશવિરતિ.** અહિં ઓઘે ૧૪૮ પ્રકૃતિઓની સત્તા હોય. તેને એક પાંચમું ગુણસ્થાનક હોય છે. અને ત્યાં મનુષ્યગતિની પેઠે સત્તાસ્વામિત્વ જાણવું.

૪૦ **અવિરતિ.** અહિં પ્રથમથી ચાર ગુણસ્થાનક સુધી સત્તાસ્વામિત્વ મનુષ્યગતિની પેઠે જાણવું.

૪૧-૪૨ **ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન.** આ બન્ને માર્ગણાએ પ્રથમથી બાર ગુણસ્થાનક સુધી સત્તાસ્વામિત્વ મનુષ્યગતિની પેઠે જાણવું.

૪૩ **અવધિદર્શન.** અહિં અવધિજ્ઞાન પ્રમાણે સત્તાસ્વામિત્વ જાણવું.

૪૪ **કેવલદર્શન.** કેવલજ્ઞાન માર્ગણા પ્રમાણે સત્તાસ્વામિત્વ જાણવું.

૪૫-૪૭ **કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા.** આ ત્રણ માર્ગણાએ પ્રથમથી માંડી છઠ્ઠા ગુણસ્થાનક સુધી મનુષ્યગતિ પ્રમાણે સત્તાસ્વામિત્વ જાણવું.

૪૮-૪૯ **તેજોલેશ્યા અને પદ્મલેશ્યા.** પ્રથમથી સાતમા ગુણસ્થાનક સુધી મનુષ્યગતિની પેઠે સત્તાસ્વામિત્વ જાણવું.

૪૦ **શુક્લ લેશ્યા.** પ્રથમથી માંડી ૧૩ મા ગુણસ્થાનક સુધી મનુષ્યગતિની પેઠે સત્તા જાણવી.

૫૧ **ભવ્ય.** મનુષ્યગતિ પેઠે સત્તાસ્વામિત્વ જાણવું.

૫૨ **અભવ્ય.** ઓઘે અને મિથ્યાત્વ ગુણસ્થાનકે જિનનામ, આહારકચતુષ્ક, સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય એ સાત પ્રકૃતિ વિના ૧૪૧ પ્રકૃતિઓની સત્તા હોય.

૫૩ **ઔપશમિકસમ્યક્ત્વ.** ચોથાથી અગિયારમા ગુણસ્થાનક સુધી મનુષ્યગતિની પેઠે સત્તાસ્વામિત્વ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૫૪ ક્ષાયોપશમિકસમ્યક્ત્વ.** અહિં ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધી મનુષ્યગતિની પેઠે સત્તાસ્વામિત્વ જાણવું,

**૫૫ ક્ષાયિકસમ્યક્ત્વ.** અહિં અનન્તાનુબન્ધિચતુષ્ક અને દર્શનમોહનીયત્રિક એ સાત પ્રકૃતિઓ સિવાય ઓઘે ૧૪૧ પ્રકૃતિઓની સત્તા હોય અને ત્યાં ચોથાથી માંડી ચૌદમા ગુણસ્થાનક સુધી મનુષ્યગતિની પેઠે સત્તાસ્વામિત્વ જાણવું,

**૩૬ મિશ્રસમ્યક્ત્વ.** ઓઘે અને ત્રીજા ગુણસ્થાનકે જિનનામ સિવાય એકસો સુડતાલીશ પ્રકૃતિઓની સત્તા હોય.

**૫૭ સાસ્વાદન.** અહિં ઓઘે અને મિથ્યાત્વે ૧૪૮ પ્રકૃતિઓની સત્તા હોય.

**૫૯ સંજ્ઞી.** પ્રથમથી આરંભી તેરમા ગુણસ્થાનક સુધી મનુષ્યગતિની પેઠે સત્તાસ્વામિત્વ જાણવું, અહિં કેવલજ્ઞાનીને દ્રવ્યમનના સંબંધથી સંજ્ઞી કહ્યા છે, જો ભાવમનની અપેક્ષાએ સંજ્ઞી કહેવામાં આવે તો તેને બાર ગુણસ્થાનક હોય.

**૬૦ અસંજ્ઞી** અહિં ઓઘે અને મિથ્યાત્વે જિનનામ સિવાય ૧૪૭ પ્રકૃતિઓની સત્તા હોય અને સાસ્વાદન ગુણસ્થાનકે નરકાયુષ સિવાય ૧૪૬ પ્રકૃતિઓની સત્તા હોય, પરંતુ અહિં અપર્યાપ્તાવસ્થામાં દેવાયુષ અને મનુષ્યાયુષનો બંધક કોઈ સંભવતો નથી, માટે તે અપેક્ષાએ ૧૪૪ પ્રકૃતિઓની સત્તા હોય.

**૬૨ આહારક.** પ્રથમથી માંડી તેરમા ગુણસ્થાનક સુધી મનુષ્યગતિમાર્ગણાની પેઠે સત્તા સ્વામિત્વ જાણવું.

**૬૨ અનાહારક.** આ માર્ગણાએ પહેલું, બીજું, ચોથું, તેરમું અને ચૌદમું એ પાંચ ગુણસ્થાનકો હોય અને ત્યાં મનુષ્યગતિની પેઠે સત્તાસ્વામિત્વ જાણવું.

**સત્તાસ્વામિત્વ સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચતુર્થ : કર્મગ્રંથ :

## ષડશીતિ :

### (મૂલ ગાથા તથા ટબા ઉપર ટીપ્પણી)

તૈયાર કરનાર : **કુંવરજી મૂળચંદ દોશી**

આ કર્મગ્રન્થનો ક્રમ ચોથો હોવાથી **ચતુર્થ કર્મગ્રન્થ** એ નામ પ્રસિદ્ધ છે. આ સિવાય આ કર્મગ્રંથની મૂલ ગાથાઓ ૮૬ હોવાથી **ષડશીતિઃ** એ આનું બીજું નામ છે. અને અંતમાં કર્તાએ **સૂક્ષ્માર્થ વિચાર** નામ પણ જણાવેલ છે, એટલે આ પ્રમાણે આ કર્મગ્રંથનાં ત્રણ નામો સાર્થક છે.

**ક્રમ હેતુઃ**—પહેલા કર્મગ્રંથમાં વિપાકનો વિષય બતાવેલ છે. અને એ રીતે કયી કયી કર્મપ્રકૃતિ ઉદયમાં આવવાથી શું ફળ મલે છે તે જણાવેલ છે. બીજામાં ચૌદ ગુણઠાણાને આશ્રયીને એ પ્રકૃતિઓના બંધ–ઉદય–ઉદીરણા અને સત્તાનો વિષય બતાવેલ છે. એ ચૌદ ગુણઠાણા જીવને જ હોય છે. અને જીવ બાસઠ માર્ગણામાં કોઈ ને કોઈ માર્ગણાએ હોય છે. એટલે ત્રીજા કર્મગ્રંથમાં બાસઠ માર્ગણા ઉપર બન્ધસ્વામિત્વ ઘટાવેલ છે. વળી ત્યાં મુખ્યતાએ બન્ધસ્વામિત્વ જણાવવાનો ગ્રંથકારનો ઉદ્દેશ એ જણાય છે કે બંધાયેલ કર્મ અવશ્ય ઉદયમાં આવે છે. અને તે કોઈપણ રીતે ભોગવવું પડે છે. માટે દરેક જીવે કર્મ બાંધતાં પહેલાં ચેતવાની જરૂર છે, તેના ઉદય વખતે તો તે ભોગવવાનું જ રહે છે. અને એટલા માટે મુખ્યતાએ કર્મબન્ધથી ચેતવણી આપવા ખાતર જ હોય. નહીં ? તેમ એ વર્ણન કરેલ છે. અને એની સંગતિ બીજા કર્મગ્રંથના બન્ધાધિકાર સમજ્યા પછી જ સમજી શકાય તેમ છે. ત્યાર પછી આ ચોથા કર્મગ્રંથમાં જીવસ્થાનક, માર્ગણાસ્થાનક અને ગુણઠાણા ઉપર કર્મોના બન્ધ–ઉદય–ઉદીરણા અને સત્તાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવતાં શાસ્ત્રોમાં જે સૂક્ષ્મ વર્ણન આવે છે. તે સમજાવવા ખાતર ત્યારપછી આ કર્મગ્રન્થની રચના કરી જિજ્ઞાસુઓને ગુણસ્થાનક અને જીવસ્થાનક સંબંધી વિશેષ સૂક્ષ્મતામાં ઉતારી તે સંબંધીની જિજ્ઞાસાઓ નૃમ કરેલ છે. એટલે આ ક્રમ યથાયોગ્ય અને સુવ્યવસ્થિત છે.

**વિષયઃ**—ગ્રન્થકારે સ્વયં ત્રણ પ્રક્ષેપ ગાથાઓ મારફત આનો વિષય ગ્રંથમાં જ જણાવેલ છે. છતાં તેમાં નીચે પ્રમાણે વસ્તુઓનો સમાવેશ થાય છે.

(૧) જીવસ્થાન. (૨) માર્ગણાસ્થાન. (૩) ગુણઠાણા, (૪) ભાવ. (૫) સંખ્યાતાદિનું સ્વરૂપ, તેમાં—

**જીવસ્થાન ઉપર**—(૧) જીવસ્થાન (૨) યોગ (૩) ઉપયોગ (૪) લેશ્યા (૫) બન્ધ (૬) ઉદય (૭) ઉદીરણા (૮) સત્તા એ આઠ દ્વારો કહેલ છે.

**માર્ગણાસ્થાન ઉપર**—(૧) જીવસ્થાન (૨) ગુણઠાણા (૩) યોગ (૪) ઉપયોગ (૫) લેશ્યા (૬) અલ્પ—બહુત્વ એ છ દ્વારો કહેલ છે.

**ચૌદ ગુણઠાણા ઉપર**—(૧) જીવના ભેદ (૨) યોગ (૩) ઉપયોગ (૪) લેશ્યા (૫) બન્ધ હેતુ (૬) ઉદય (૭) ઉદીરણા (૮) સત્તા (૯) અલ્પ–બહુત્વ એ નવ દ્વારો ઘટાવેલ છે.

ત્યારપછી પાંચ ભાવનું સ્વરૂપ અને સંખ્યાતાદિનું સ્વરૂપ એ બે વસ્તુઓ વિશેષ જણાવેલ છે. આ પ્રમાણે કુલ ૨૬ વસ્તુઓનું વર્ણન આ ગ્રન્થમાં કરેલું છે.

## ગાથા ૧ લી

મંગલાચરણઃ—**નમિય જિણં** આ પદથી ઈષ્ટ દેવતાને નમસ્કાર કરવારૂપ મંગલાચરણ કરેલ છે. રાગ, દ્વેષ અને મોહ વગેરે જે દુઃખપૂર્વક જીતી શકાય તે અભ્યન્તર શત્રુઓને જિતે તે જિનેશ્વર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થંકર ભગવાનને નમસ્કાર કરવારૂપ મંગલાચરણ કરેલ છે. ત્યાં નમસ્કાર દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે થાય છે. તેની પણ ચતુર્ભંગી થાય છે. (૧) દ્રવ્યથી નમસ્કાર ભાવથી નહીં. પાલકકુમારની જેમ (૨) ભાવથી નમસ્કાર પણ દ્રવ્યથી નહી. નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવોની જેમ (૩) દ્રવ્યથી અને ભાવથી એમ બંને પ્રકારે નમસ્કાર શાંબકુમારની જેમ (૪) દ્રવ્યથી પણ નહીં અને ભાવથી પણ નહીં મરિચી શિષ્ય કપિલાદિની જેમ. અહીં દ્રવ્યથી અને ભાવથી એમ બન્ને રીતે નમસ્કાર કરવાનો છે.

વિષય:—નીચે પ્રમાણે વસ્તુઓ કહેવાની છે.

**૧ જીવસ્થાન:**—દ્રવ્ય અને ભાવ પ્રાણોને ધારણ કરે તે જીવ. તે જીવોના જે ચૌદ ભેદ તે જીવસ્થાનો. અહીં સંસારી જીવની મુખ્યતા હોવાથી કર્મજન્ય ચૌદ ભેદોને જીવસ્થાન તરીકે ગણાવેલ છે. નિશ્ચયદૃષ્ટિથી જ્ઞાન—દર્શન આદિ ગુણોવડે યુક્ત ચેતના લક્ષણવાળો જીવ. એ વ્યાખ્યા છે.

**૨ માર્ગણાસ્થાન:**—આ ચૌદ ભેદે જીવો કોઈ ને કોઈ અવસ્થામાં રહેલા હોય છે. તે અવસ્થાનું માર્ગણ—શોધન તે માર્ગણા અને તેના મૂલ ચૌદ અને બાસઠ ઉત્તરભેદો તે માર્ગણાસ્થાનો.

**૩ ૧૪ ગુણસ્થાનક:**—જ્ઞાન—દર્શન—ચારિત્ર આદિની શુદ્ધિ અશુદ્ધિનો જે તરતમ ભાવ તે ગુણસ્થાનકો, તે ચૌદ પ્રકારે છે. દરેક જીવ આમાંના કોઈપણ સ્થાનકે રહેલ હોય છે.

**૪ ઉપયોગ:**—ચેતનાશક્તિનો બોધરૂપ વ્યાપાર તે ઉપયોગ. આ જીવનું અસાધારણ લક્ષણ છે, જેના દ્વારા જીવ વસ્તુમાં રહેલ સામાન્ય અને વિશેષ ધર્મોને જાણે છે. તેના ૧૨ પ્રકાર છે. આમાંના કોઈપણ એક ઉપયોગમાં જીવ વર્તતો હોય છે.

**૫ યોગ:**—જીવને વીર્યના હલનચલન રૂપ યોગ હોય છે. જેના વડે જીવ દોડવું, ચાલવું, બોલવું વિચારવું વગેરે ક્રિયાઓ કરી શકે છે. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મન, વચન અને કાયાના નિમિત્તથી પ્રવર્તતું હોવાથી ત્રણ પ્રકારે છે.

૬ **લેશ્યા:**—જેના વડે આત્મા કર્મોવડે લેપાય તે લેશ્યા. કૃષ્ણ, નીલ આદિ પુદ્ગલ દ્રવ્યોના સંયોગથી સ્ફટિક જેવા નિર્મલ આત્માનો શુભાશુભ પરિણામ તે લેશ્યા. લેશ્યા બે પ્રકારની છે. દ્રવ્ય લેશ્યા અને ભાવ લેશ્યા. દ્રવ્યલેશ્યા પુદ્ગલપરિણામ રૂપ છે. ભાવલેશ્યા આત્મપરિણામ રૂપ છે.

૭ **બંધ:**—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ બન્ધ હેતુઓ વડે કાર્મણ વર્ગણાનાં પુદ્ગલોનો આત્માની સાથે ક્ષીર—નીરની જેમ અથવા લોઢાના ગોળા અને અગ્નિની જેમ એક બીજાનો અન્યોન્યભાવરૂપ જે સંબન્ધ તે બંધ.

**ઉદય:**—તે બંધાયેલ કર્મપુદ્ગલોનો અબાધાકાલ પૂર્ણ થતાં અથવા અબાધાકાલ પૂર્ણ થયા પહેલાં અપવર્તના આદિ કરણવિશેષ વડે જે અનુભવ તે ઉદય.

**ઉદીરણા:**—ઉદયકાલ પહેલાં તે કર્મપુદ્ગલોને જીવની શક્તિવિશેષથી ઉદયાવલિકામાં નાખવાં તે ઉદીરણા.

**સત્તા:**—બન્ધન અથવા સંક્રમણ કરણ વડે કર્મપુદ્ગલો જે કર્મરૂપે પરિણત થયેલ છે, તેનું નિર્જરા અથવા સંક્રમથી રૂપાન્તર ન થવું અને તેજ સ્થિતિમાં રહેવું તે સત્તા.

૮ **અલ્પબહુત્વ:**—એક બીજાનું એક બીજાથી વધતા—ઓછાપણું.

૯ **ભાવ:**—જીવની સ્વાભાવિક અથવા વૈભાવિક અવસ્થા તે ભાવ

૧૦ **સંખ્યાતાદિક:**—સંખ્યાત, અસંખ્યાત અને અનંત એ ત્રણ પ્રકારની સંખ્યાનું વર્ણન.

**પ્રયોજન:**—આ વસ્તુ સંક્ષેપરુચિ જીવોને માટે કહેવાની છે તે પ્રયોજન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સમ્બન્ધઃ**—વાચ્ય-વાચક. અનન્તર—પરંપર વગેરે રૂપ સમજી લેવો.

**ક્રમહેતુઃ**—માર્ગણાસ્થાન, ગુણસ્થાન વગેરે સર્વે પદાર્થો સિવાય વિચારી શકાય નહીં. માટે સર્વ પ્રથમ જીવસ્થાનકો કહ્યાં છે. જીવોનું વિસ્તારથી વર્ણન ગત્યાદિ માર્ગણાદ્વારા થઈ શકે છે. માટે ત્યારપછી માર્ગણાસ્થાનનું વર્ણન કરેલ છે. માર્ગણાસ્થાનમાં રહેલ જીવો ચૌદમાંના કોઈપણ એક ગુણસ્થાને વર્તમાન હોય છે. એટલે ત્યારપછી ગુણઠાણાનું કથન કરેલ છે. ગુણઠાણાઓ પરિણામની શુદ્ધિ—અશુદ્ધિના પ્રકર્ષ અને અપ્રકર્ષ રૂપ છે. અને તે ઉપયોગવાળાને જ હોય છે. ઉપયોગ રહિત એવા આકાશાદિ પદાર્થથી સંભવે નહીં. માટે ગુણસ્થાનક પછી ઉપયોગ કહેલ છે. ઉપયોગ લક્ષણવાળો જીવ મન, વચન અને કાયયોગમાં વર્તતો છતો નિયમથી કર્મબન્ધક હોય છે. માટે ઉપયોગ પછી યોગને જણાવેલ છે. યોગ પછી લેશ્યા કહેવાનું કારણ એ છે કે યોગ વડે ગ્રહણ કરેલા કાર્મણ પુદ્ગલોમાં સ્થિતિબન્ધ અને રસબન્ધ લેશ્યાથી થાય છે કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે—

**"स्थितिपाकविशेषस्तस्य भवति लेश्याविशेषेण"**

લેશ્યાવાળો જીવજ યથાયોગ્ય બન્ધહેતુઓ વડે કર્મનો બન્ધ; તથા ઉદય—ઉદીરણા અને સત્તાએ રહેલ હોય છે. માટે લેશ્યા પછી બન્ધ—બન્ધહેતુઓ—ઉદય—ઉદીરણા અને સત્તાનું કથન કરેલ છે. સંસારી જીવો માર્ગણાસ્થાનમાં પરસ્પર ઓછા—વત્તા હોય છે. માટે બન્ધાદિ પછી અલ્પ-બહુત્વ કહેલ છે. તેજ જીવો પાંચમાંના કોઈ ને કોઈ અમુક ભાવે વર્તતા હોય છે, માટે ત્યારપછી ભાવનું વર્ણન છે. અને તે ભાવવાળા જીવો કેટલા પ્રમાણમાં હોય છે. તે જણાવવા માટે સંખ્યાતાદિનું વર્ણન કરેલ છે.

**ગાથા ૧**

આ ગાથામાં જીવસ્થાનક ઉપર જે આઠ દ્વાર ઘટાવવાનાં છે તે બતાવેલ છે. આના બદલે ચોથા કર્મગ્રન્થની ટીકામાં આજ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યશ્રીની નીચે પ્રમાણેની ગાથા છે. આ ગાથા મૂલ કર્મગ્રન્થની નથી. કારણકે સ્વોપજ્ઞ ટીકામાં તેને લીધેલ નથી.

चउदसजियठाणेसु चउदसगुणठाणगाणि जोगा य ।
उवओग-लेस-बंधुदउ-दीरणा-संत अट्ठपए ॥

ગાથા ૨.

આ ગાથામાં માર્ગણાસ્થાન ઉપર ઘટાવવાનાં દ્વારો જણાવેલ છે. તે પણ પ્રક્ષેપ ગાથા છે. તેના બદલે સ્વોપજ્ઞ ટીકામાં નીચે પ્રમાણેની ગાથા છે.

આમાં માર્ગણાસ્થાન ઉપર છ દ્વારોનાં નામો દર્શાવેલ છે.

चउदसमग्गठाणेसु मूलपएसु बिसट्ठि इयरेसु ।
जिय गुण-जोगु-वओगा, लेस-अप्पबहुं च छट्ठाणा ॥

ગાથા ૩.

આ ગાથા પણ પ્રક્ષેપ ગાથા છે. આ ગાથાની અંદર ચૌદ ગુણસ્થાનકો ઉપરનાં ૧૦ દ્વારોનાં નામો બતાવેલ છે. આને બદલે સ્વોપજ્ઞ ટીકામાં નીચે મુજબની ગાથા છે

चउदसगुणठाणेसु, जिय-जोगु वओग लेस-बन्धा य ।
बन्धु-दयु-दीरणाओ संतऽप्पबहुं च दसठाणा ॥

ગાથા ૨.

અસંજ્ઞી —દીર્ઘકાલિકી સંજ્ઞા રહિત જીવો તે અસંજ્ઞી જીવો કહેવાય. ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલની વિચારણાવાળી જે સંજ્ઞા તે દીર્ઘકાલિકી સંજ્ઞા. આવી સંજ્ઞાવાળા જીવો સંજ્ઞી કહેવાય છે.

**પર્યાપ્તિ** :—પુદ્ગલના ઉપચયથી ઉત્પન્ન થયેલ અને પુદ્ગલના ગ્રહણ અને પરિણમનમાં કારણભૂત જે શક્તિ વિશેષ તે પર્યાપ્તિ.

**પર્યાપ્તા—અપર્યાપ્તા** :—આ બન્નેના બબ્બે પ્રકારો છે. (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લબ્ધિ—અપર્યાપ્તા. (૨) કરણ અપર્યાપ્તા અને (૧) લબ્ધિ પર્યાપ્તા અને (૨) કરણ પર્યાપ્તા.

**લબ્ધિ અપર્યાપ્તા :**—જે જીવો અપર્યાપ્ત નામકર્મના ઉદયથી સ્વ—યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા સિવાય મરણ પામે છે તે લબ્ધિ અપર્યાપ્તા.

**કરણ અપર્યાપ્તા :**—અહીં કરણના બે અર્થો છે. પહેલા અર્થ પ્રમાણે કરણ એટલે ઈન્દ્રિય અને બીજો અર્થ સ્વ—યોગ્ય સર્વ પર્યાપ્તિ. એટલે જેમણે ઈન્દ્રિય પર્યાપ્તિ પુરી નથી કરી તે કરણ અપર્યાપ્તા. અથવા જેઓએ સ્વ—યોગ્ય પર્યાપ્તિઓ પુરી કરી નથી તે જીવો કરણ અપર્યાપ્ત ગણાય છે. આથી કરણ અપર્યાપ્તા લબ્ધિ અપર્યાપ્તાજ હોય એવો નિયમ નથી.

**લબ્ધિપર્યાપ્તા :**—જે જીવો પર્યાપ્તનામકર્મના ઉદયથી સ્વયોગ્ય પર્યાપ્તિઓ અવશ્ય પુરી કરશે જ તે લબ્ધિ પર્યાપ્તા.

**કરણ પર્યાપ્તા :**—જે જીવોએ ઈન્દ્રિય પર્યાપ્તિ પુરી કરી છે તે અથવા જેઓએ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પુરી કરી છે તે કરણ પર્યાપ્તા. દરેક જીવ પહેલી ત્રણ પર્યાપ્તિઓ પુરી કરીને જ મરણ પામે છે. કારણકે આગામિ ભવનું આયુષ્ય પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ પુરી થયા પછીજ બંધાય છે. એટલે પહેલા અર્થ પ્રમાણે દરેક જીવ કરણ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ મરણ પામે છે કરણની સાથે પર્યાપ્ત અથવા અપર્યાપ્ત નામકર્મના ઉદયને સંબંધ નથી પણ પર્યાપ્તિની પરિસમાપ્તિ સાથે સંબંધ છે. એટલું ખાસ લક્ષ્યમાં રાખવું. આથી લબ્ધિ અપર્યાપ્તો પણ કરણ અપર્યાપ્તો અને કરણ પર્યાપ્તો હોઈ શકે છે. અને લબ્ધિ પર્યાપ્તો પણ કરણ અપર્યાપ્તો અને કરણ પર્યાપ્તો હોઇ શકે છે. કર્મગ્રંથમાં મુખ્યતાએ લબ્ધિની અપેક્ષા રાખી ઘટના કરેલ છે. અને કોઈ કોઇ જગ્યાએ કરણની પણ અપેક્ષા લીધી છે. એટલા માટેજ અહીં આટલી સ્પષ્ટતા કરવાની જરૂર પડી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવના ચૌદ ભેદ. (૧) સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્ત (૨) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત. (૩) બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત (૪) બાદર એકેન્દ્રિય પર્યાપ્ત. (૫) બેઈન્દ્રિય અપર્યાપ્ત (૬) બેઈન્દ્રિય પર્યાપ્ત. (૭) તેઈન્દ્રિય અપર્યાપ્ત (૮) તેઈન્દ્રિય પર્યાપ્ત. (૯) ચૌરિન્દ્રિય અપર્યાપ્ત (૧૦) ચૌરિન્દ્રિય પર્યાપ્ત. (૧૧) અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત (૧૨) અસંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્ત. (૧૩) સંજ્ઞિ પંચેન્દ્રિય અપર્યાપ્ત (૧૪) સંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્ત.

**ગાથા ૩. "બાદર એકેન્દ્રિય અપર્યાપ્તા"** અહીં એકેન્દ્રિયમાં પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય એ ત્રણ બાદર અપર્યાપ્તા સમજવા, પણ તેઉકાય અને વાયુકાય સમજવા નહીં. કારણકે તથા સ્વભાવેજ સમ્યક્ત્વ વમતો જીવ તેમાં ઉત્પન્ન થતો નથી.

**"આગમ માંહે"** આગમમાં આ પ્રમાણે પાઠ છે.

**"एगिंदिया णं भंते ! किं नाणि अन्नाणि ! गोयमा ! नो नाणि, नियमा अन्नाणि। तहा—बेइंदिया णं भंते ! किं नाणि अन्नाणि ! गोयमा नाणि वि अन्नाणि वि"। इत्यादि.**

હે ભગવાન ! એકેન્દ્રિયો જ્ઞાની છે કે અજ્ઞાની ? હે ગૌતમ ! જ્ઞાની નથી, નક્કી અજ્ઞાનીજ છે. તથા હે ભગવાન ! બેઈન્દ્રિયાદિ જ્ઞાની છે કે અજ્ઞાની ? હે ગૌતમ ! જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. વગેરે.

**"સંજ્ઞીપર્યાપ્તાને સર્વગુણસ્થાનકો હોય"** તેરમા અને ચૌદમા ગુણઠાણે ક્ષાયિક જ્ઞાન હોવાથી ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ સંજ્ઞાનો અભાવ છે. તેથી ત્યાં ભાવમનનો પણ અભાવ હોવાથી એ બે ગુણઠાણાં સંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્તાને કેમ હોઈ શકે ? ત્યાં પણ કેવલજ્ઞાનિઓને દ્રવ્યમનના સંબંધથી સંજ્ઞી માનેલ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मणकरणं केवलिणो वि अत्थि तेण सन्निणो भन्नंति मणोविन्नाणं पडुच्च ते सन्निणो न भवन्ति. દ્રવ્યમન કેવલિને હોવાથી તે સંજ્ઞી કહેવાય છે. મનોવિજ્ઞાનને અપેક્ષીને નહીં. એટલે એ ગુણસ્થાનકો પણ હોય છે.

ગાથા ૪

"ગ્રંથકારે એ મતાંતર કહ્યું" ટીકામાં પણ આ વસ્તુને "अत्रैव मतान्तरमुपदर्शयन्नाह" એ પ્રમાણે કહીને આ વસ્તુને કર્મગ્રંથકાર અને સિદ્ધાન્તકારના મતાન્તર તરીકે વર્ણવેલ હોય એમ જણાય છે. આ સાતેય અપર્યાપ્તાને—શરીર સિવાયની બાકીની પર્યાપ્તિએ અપર્યાપ્તાને "શીલાંકાચાર્ય" વગેરે કેટલાક આચાર્યો ઔદારિક કાયયોગ માને છે. તેઓનું મંતવ્ય એવું છે. કે, શરીર પર્યાપ્તિ પૂર્ણ થવાથી તેઓનું શરીર પૂર્ણ થયું છે. એટલે શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને ઔદારિક કાયયોગ હોય છે. તે આ પ્રમાણે औदादिककाययोग-स्तिर्यङ्मनुष्ययोः शरीरपर्याप्तेरूर्ध्वम् , तदितरस्तु मिश्रः અહીં બે મત છે. કર્મગ્રંથકાર સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાને ઔદારિક કાયયોગ માને છે. કારણકે, ઈન્દ્રિય, શ્વાસોચ્છવાસ, ભાષા અને મનઃ પર્યાપ્તિ સમ્પૂર્ણ ન થાય ત્યાં સુધી શરીર અધુરૂં ગણાય છે. અને કાર્મણ શરીરનો પણ વ્યાપાર ચાલુ હોય છે. તેથી ઔદારિકમિશ્ર પણ યુક્તિયુક્ત જણાય છે. જ્યારે સિદ્ધાન્તકાર શરીરપર્યાપ્તિ પૂર્ણ થાય એટલે શરીરની નિષ્પત્તિ માની ઔદારિક કાયયોગ માને છે.

આ રીતે સંજ્ઞિ—અપર્યાપ્તા દેવ અને નારકોને પણ મતાન્તર માનવો જોઈએ. તે અહીં કેમ નથી માન્યો ? તો ઉપલક્ષણથી એમને પણ એજ પ્રમાણે સમજી લેવું. અથવા અહીં અપર્યાપ્તા તે અન્તર્મુહૂર્તના આયુષ્યવાળા લબ્ધિ અપર્યાપ્તા સમજવા. તે તો તિર્યંચ અને મનુષ્ય એ બેજ હોય છે. દેવ અને નારકોનું જઘન્ય આયુષ પણ દશહજાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષનું હોય છે. તેથી અહીં તેઓની વિવક્ષા કરી નથી. અને લબ્ધિ અપર્યાપ્તા જીવો ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ મરે છે. તે પહેલાં નહીં. તેથી અહીં એકલા લબ્ધિ અપર્યાપ્તાની વિવક્ષા લઈએ તો પણ કોઈ જાતનો દોષ નથી. અને દેવ-નારકો સંબન્ધિ પ્રશ્નને અવકાશ નથી. આ પ્રમાણે શીલાંકાચાર્ય આદિનો મતાન્તર સમજવો. જ્યારે જીવવિજયજી મહારાજે આગમિક મત ખરો હોય તેમ જણાવેલ છે, તત્ત્વ બહુશ્રુત જાણે.

ગાથા ૫

"जुगवं दो नत्थि उवओगा" इति वचनात् . એક સાથે બે ઉપયોગ ન હોય એ પ્રમાણે આગમવચન હોવાથી. આગમમાં પણ કહ્યું છે કે "समए दो णुवओगा" એક સમયમાં બે ઉપયોગ નથી. પૂ. શ્રી ભદ્રબાહુસ્વામિએ આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે:-

**नाणम्मि दंसणम्मि य एत्तो एगयरम्मि उवउत्ता ।**
**सव्वस्स केवलिस्सा, जुगवं दो नत्थि उवओगा ॥**

જ્ઞાન અને દર્શન એ બેમાં એક જ ઉપયોગ હોય. સર્વ જીવોને અને કેવલિને એકી સાથે બે ઉપયોગ હોતા નથી.

અહીં છદ્મસ્થોને એકી સાથે બે ઉપયોગ ન હોય એ વાત સર્વ સંમત છે. પણ કેવલિની બાબતમાં ત્રણ જુદી જુદી વિવક્ષાઓ છે તે આ પ્રમાણે-

(૧) પૂ. શ્રી ભદ્રબાહુસ્વામિ, જિનભદ્રગણી ક્ષમાશ્રમણ આદિ સિદ્ધાન્તપક્ષ ક્રમભાવી એટલે સમયાન્તર ઉપયોગ માને છે.

(૨) શ્રી મલ્લવાદીસૂરિજી સહભાવી એટલે એક સમયમા બન્ને ઉપયોગ માને છે.

(૩) શ્રી સિદ્ધસેનદીવાકરસૂરિજી એક જ જ્ઞાનોપયોગ માને છે એટલે બન્ને ઉપયોગોનો ભેદ માનતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સંબંધમાં ત્રણે પક્ષોની ઘણી દલીલો છે અને ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ ત્રણેનો શુદ્ધ ઋજુસૂત્ર, વ્યવહાર અને સંગ્રહનયની અપેક્ષાએ સમન્વય કરી આપેલ છે.

ગાથા ૬

પ્રશ્ન :—અહીં એકેન્દ્રિયને મતિ-અજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ બે અજ્ઞાન માનેલ છે. તેમાં સ્પર્શ ઇન્દ્રિય મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય તે મતિ-ઉપયોગ એકેન્દ્રિયમાં હોય તે બરાબર છે. પણ ભાષાલબ્ધિ અને શ્રવણલબ્ધિ ન હોવાથી એમાં શ્રુત ઉપયોગ કેમ માની શકાય ? કારણ કે શાસ્ત્રમાં ભાષા તથા શ્રવણ લબ્ધિવાળાનેજ શ્રુતજ્ઞાન માનેલ છે.

**भावसुयं भासासोयलद्धिणो जुज्जए न इयरस्स ।**
**भासाभिमुहस्स सुयं, सोऊण व जं हविज्जाहि ॥**

(વિશેષા૦ ૧૦૨)

'બોલવાની અને સાંભળવાની શક્તિવાળાઓને ભાવશ્રુત હોય છે, બીજાને નહીં. કારણ કે શ્રુતજ્ઞાન એને જ કહે છે કે જે બોલવાની ઇચ્છાવાળા અથવા વચન સાંભળવાવાળાને હોય."

**સમાધાન :**—શાસ્ત્રમાં એકેંદ્રિયાદિને આહારાદિ સંજ્ઞાઓ માનેલ છે. સંજ્ઞા અભિલાષરૂપ છે. પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ આવશ્યકની મૂળ ટીકામાં કહ્યું છે કે—

**"आहारसंज्ञा आहाराभिलाषः क्षुद्वेदनीयोदयप्रभवः खल्वात्मपरिणामविशेषः इति"।**

"આહારસંજ્ઞા એટલે આહારનો અભિલાષ, ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થવાવાળો આત્માનો પરિણામ વિશેષ." આ અભિલાષ મને અમુક વસ્તુ મળે તો સારું; એ પ્રમાણે શબ્દ અને અર્થના વિકલ્પપૂર્વક હોય છે. વિકલ્પસહિત ઉત્પન્ન થતો અધ્યવસાય તેજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુતજ્ઞાન. પૂજ્યપાદ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજીએ વિશેષાવશ્યકની ૧૦૦ મી ગાથામાં આ પ્રમાણે શ્રુતનું લક્ષણ કરેલ છે.

"इंदियमणोनिमित्तं जं विन्नाणं सुयाणुसारेण ।
निययत्थुत्तिसमत्थं तं भावसुयं मई सेसं ॥"

ઈન્દ્રિય અને મનના નિમિત્તથી ઉત્પન્ન થવાવાળું જ્ઞાન, કે જે નિયત અર્થને કહેવામાં સમર્થ અને શ્રુતાનુસારી છે; તે ભાવશ્રુત છે. તે સીવાયનું બીજું મતિજ્ઞાન છે." એકેન્દ્રિયને સ્પર્શ ઈન્દ્રિય સિવાય બીજી દ્રવ્યઈન્દ્રિયો નથી, તો પણ વૃક્ષાદિમાં બકુલાદિને પાંચે ભાવેન્દ્રિયનું જ્ઞાન છે. અને તે શાસ્ત્રસમ્મત છે. એ જ પ્રમાણે એકેન્દ્રિયમાં ભાષાલબ્ધિ અને શ્રુતલબ્ધિ ન હોવા છતાં પણ ભાવ શ્રુતજ્ઞાન હોય છે. તેઓમાં કંઈક સૂક્ષ્મ પણ શ્રુતજ્ઞાન હોય છે. નહિંતર આહારાદિસંજ્ઞા ઘટી શકશે નહીં. વિશેષાવશ્યકની ૧૦૩ મી ગાથામાં કહ્યું છે કેઃ—

"जह सुहुमं भाविंदियनाणं दव्विंदियाण विरहे वि ।
दव्वसुयाभावम्मि वि, भावसुयं पत्थिवाईणं ॥"

જેવી રીતે દ્રવ્યઈન્દ્રિયના વિરહમાં પણ સૂક્ષ્મ ભાવેન્દ્રિયનું જ્ઞાન હોય છે. તેમ પૃથ્વિકાય વગેરેમાં દ્રવ્યશ્રુતના અભાવમાં પણ સૂક્ષ્મ ભાવ-શ્રુત હોય છે. આ ઉપરથી એટલું સ્પષ્ટ સમજી શકાય છે કે, ભાષા અને શ્રુતલબ્ધિવાળાને દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારનું શ્રુત હોય છે. ત્યારે તે લબ્ધિઓ રહિત એકેન્દ્રિયોને એકલું સૂક્ષ્મ ભાવશ્રુત હોય છે.

**ગાથા ૭**

"લેશ્યા એટલે શું ?"

લેશ્યાની વ્યાખ્યા ટબામાં આપી છે. તે લેશ્યા બે પ્રકારે છે (૧) દ્રવ્ય લેશ્યા (૨) ભાવ લેશ્યા, તેમાં દ્રવ્ય લેશ્યા પુદ્ગલવિશેષાત્મક છે. તે સંબન્ધિ જુદી જુદી ત્રણ વિવક્ષાઓ છે. (૧) કર્મવર્ગણાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનેલી. (૨) બંધાતા કર્મના પ્રવાહરૂપ કષાય અન્તર્ગત દ્રવ્યરૂપ (૩) યોગ પરિણામરૂપ.

(૧) લેશ્યા કાર્મણ વર્ગણાની બનેલી છે તો પણ તે આઠ–કર્મથી જુદી છે, જેમકે કાર્મણ શરીર. આ વસ્તુ ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં આપેલ છે. (ઉ૦ અ૦ ૩૪ ટીકા. પૃ. ૬૫૦)

(૨) આ મત પ્રમાણે લેશ્યા બધ્યમાન કર્મ–પ્રવાહરૂપ છે. અને તેથી ચૌદમા ગુણઠાણે કર્મોદય વર્તે છે, પણ તેનો બધ્યમાન પ્રવાહ ન હોવાથી ત્યાં લેશ્યાનો અભાવ છે. આ અર્થ વાદિવેતાલ શાન્તિ-સૂરીશ્વરજીનો છે, અને તે પણ ઉત્તરાધ્યયનની ટીકામાં છે.

(૩) આ મત હરિભદ્રસૂરીશ્વરજી વગેરેનો છે, અને મલયગિરિજીએ પન્નવણાની ટીકામાં બતાવેલ છે. આ મત પ્રમાણે દ્રવ્ય–લેશ્યાને યોગવર્ગણા–અન્તર્ગત સ્વતંત્ર દ્રવ્ય માનેલ છે, એમનું માનવું એવું છે કે, જ્યાં સુધી યોગ છે ત્યાંસુધી લેશ્યાઓ છે. ચૌદમા ગુણસ્થાનકે યોગનો અભાવ હોવાથી લેશ્યાનો પણ અભાવ છે.

ભાવલેશ્યા આત્માનો પરિણામવિશેષ છે. જે કષાયજન્ય સંકલેશ અને યોગ એ બન્નેથી ઉત્પન્ન થાય છે, તીવ્ર તીવ્રતર, તીવ્રતમ, મન્દ, મન્દતર, મન્દતમ વગેરે અનેક ભેદો પડતા હોવાથી ભાવલેશ્યા અસંખ્ય પ્રકારની છે, આ છ ભેદો સમજાવવા માટે શાસ્ત્રમાં જમ્બુફળ ખાનાર તથા લુંટારૂઓનું દ્રષ્ટાંત આપેલ છે, જે પ્રસિદ્ધ છે. જેની સંગ્રહ ગાથા ટબામાં આપેલ છે, આ પ્રમાણે લેશ્યાનું ટુંક સ્વરૂપ છે. વિશેષ સ્વરૂપ આગમગ્રંથોમાં ખૂબ વિસ્તારપૂર્વક આપેલ છે. લોક પ્રકાશમાં પણ તેનું વર્ણન કરેલ છે.

**ગાથા ૮ મી**

" છ માસ લાગે....ત્રીજે ભાગે અધિક " કોઈ પૂર્વ ક્રોડ વર્ષના આયુષ્યવાળો જીવ પોતાના ચાલુ આયુષ્યના બે ભાગ ગયા પછી અનુત્તર વિમાનનું ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધે. મરીને ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પન્ન થાય. દેવલોકમાં પોતાના આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે નવું આયુષ્ય બંધાય છે. તે અપેક્ષાએ આટલો કાળ સમજવો.

**દેશે ઉણી પૂર્વ ક્રોડી લગે :**—જે જીવ ગર્ભાવાસમાં સાત મહિના રહીને જન્મેલ હોય અને આઠ વરસની ઉંમરે સંયમ ગ્રહણ કરે. ત્યારપછી તુરતજ ક્ષપકશ્રેણી માંડી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે તે જીવની અપેક્ષાએ આટલો કાળ જાણવો. એટલે નવ વરસે ઉણી પૂર્વ ક્રોડી વર્ષ.

**ગાથા ૧૦**

**ગતિમાર્ગણા :**—ગતિનામ કર્મના ઉદયથી નરકત્વાદિ પર્યાયરૂપ જે પરિણતિ તે ગતિ ચાર પ્રકારે છે.

**દેવગતિ :**— સારી રીતે શોભે તે દેવ. અથવા નમસ્કાર કરનાર લોકોના મનોવાંછિત પૂર્ણ કરે તે દેવ, અથવા દિવ્યઆભૂષણો અને પોતાના શરીરની સહજ કાન્તિવડે શોભે તે દેવ. દેવમાં જવું તે દેવગતિ

**તિર્યંચગતિ :**—જેઓ તિરછું ગમન કરે તે તિર્યંચ અને તિર્યંચમાં ગમન તે તિર્યંચગતિ.

**મનુષ્ય ગતિ :**—વિવેકનો આશ્રય કરીને જે ધર્મનું પાલન કરે તે મનુષ્ય, તેને વિષે ગતિ તે મનુષ્યગતિ.

**નરકગતિ :**—તિર્યંચો અને મનુષ્યોને પાપનું ફળ જેમાં ભોગવાય તે નરક. તેમાં ગતિ તે નરક ગતિ,

ઇંદ્રિયનો અર્થ વિવેચનપૂર્વક દંડક તથા નવતત્ત્વ પ્રકરણમાં આપેલ છે. છ કાયનો અર્થ જીવવિચારમાં વિસ્તારપૂર્વક આપેલ છે.

યોગ શબ્દનો અર્થ અને ત્રણ યોગોનું વર્ણન ભેદ—પ્રભેદ સહિત દંડક પ્રકરણમાં આપેલ છે.

**ગાથા ૧૧**

વેદ એટલે અભિલાષ. ત્યાં પુરુષને સ્ત્રીની અભિલાષા તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષવેદ. સ્રીને પુરુષની અભિલાષા તે સ્રીવેદ. સ્રી અને પુરુષ બન્ને તરફનો અભિલાષ તે નપુંસકવેદ.

જ્ઞાનનું સ્વરૂપ પ્રથમ કર્મગ્રંથમાં વિસ્તારપૂર્વક આપેલ છે.

**જ્ઞાન અને અજ્ઞાનમાં તફાવત** :—સમ્યગ્દષ્ટિનું જે જ્ઞાન તે જ્ઞાન કહેવાય છે. કારણ કે તે દરેક વસ્તુને અનેકાન્તદષ્ટિથી જોવે છે અને વળી તે જ્ઞાન હેય—ઉપાદેયની સમજણવાળું હોય છે. જ્યારે મિથ્યાદષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન છે. કારણ કે તે દરેક વસ્તુને એકાન્તદષ્ટિથી જોવે છે અને માને છે તથા તેના જ્ઞાનમાં હેય—ઉપાદેયનો વિવેક હોતો નથી. પહેલાં ત્રણ જ્ઞાન જ અજ્ઞાનરૂપ હોય છે. છેલ્લાં બે સમ્યક્ત્વની હાજરીમાંજ ઉત્પન્ન થતાં હોવાથી અજ્ઞાનરૂપ નથી,

**ગાથા ૧૨**

**સંયમ** :—સાવદ્યયોગથી સાચી રીતે અટકવું તે સંયમ અથવા પાપવ્યાપારરૂપ આરંભ—સમારંભોથી આત્મા જેના વડે નિયમમાં—આવે કાબુમાં આવે તે સંયમ અથવા પાંચ મહાવ્રતો તે યમ કહેવાય છે. તે યમોનું પાલન જેમાં હોય તે સંયમ. આ સંયમ સાત પ્રકારે છે.

**સામાયિક** :—જ્ઞાન—દર્શન અને ચારિત્રનો લાભ જ્યાં હોય તે સામાયિક. અથવા ટબામાં કહેલા અર્થ પ્રમાણે સામાયિક અથવા ક્ષણે ક્ષણે જેમાં અપૂર્વ જ્ઞાન—દર્શન અને ચારિત્રના વિકાસથી ભવભ્રમણ અટકવારૂપ લાભ થતો હોય તે સામાયિક અથવા મૂલગુણના આધારભૂત સર્વ સાવદ્યની વિરતિરૂપ જે ચારિત્ર તે સામાયિક. જો કે સર્વ પ્રકારનાં ચારિત્ર સામાયિક ચારિત્ર જ છે, તો પણ વિશુદ્ધિની અપેક્ષાએ તેના જુદા જુદા પ્રકારો બતાવેલ છે.

**સ્થિતકલ્પી** :—આચેલક્ય, ઔદ્દેશિક, શય્યાતરપિંડ, રાજપિંડ, કૃતિકર્મ, વ્રત, જ્યેષ્ઠ, પ્રતિક્રમણ, માસ અને પર્યુષણા આ દશ કલ્પોમાં જે સ્થિત છે. તે સ્થિતકલ્પી.

**અસ્થિત કલ્પી** :—શય્યાતરપિંડ, વ્રત, જ્યેષ્ઠ અને કૃતિકર્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ચાર કલ્પ નિયમથી હોય અને બાકીના ઈચ્છા મુજબ કરવાના હોય તે અસ્થિતકલ્પી.

**પરિહારવિશુદ્ધિ ચારિત્ર** :—વિશેષમાં આ ચારિત્ર ક્યારે અને ક્યા ક્ષેત્રમાં હોય તે વિશે આગમોમાં ૨૦ દ્વારથી વર્ણન કરેલ છે, તે ટુંકાણમાં આ પ્રમાણે છે. ક્ષેત્રદ્વાર (૧) કાલદ્વાર (૨) ચારિત્રદ્વાર (૩) તીર્થદ્વાર (૪) પર્યાયદ્વાર (૫) આગમદ્વાર (૬) વેદદ્વાર (૭) કલ્પદ્વાર (૮) લિંગદ્વાર (૯) લેશ્યાદ્વાર (૧૦) ધ્યાનદ્વાર (૧૧) ગણદ્વાર (૧૨) અભિગ્રહદ્વાર (૧૩) પ્રવજ્યાદ્વાર (૧૪) મુંડાપનદ્વાર (૧૫) પ્રાયશ્ચિત્તવિધિદ્વાર (૧૬) કારણદ્વાર (૧૭) નિઃપ્રતિકર્મદ્વાર (૧૮) ભિક્ષાદ્વાર (૧૯) બન્ધદ્વાર (૨૦)

**ક્ષેત્ર** :—પરિહારવિશુદ્ધિ ચારિત્ર અંગીકાર કરનાર મુનિઓનું જન્મક્ષેત્ર ૫ ભરત, અને ૫ ઐરાવત, પણ મહાવિદેહ નહિં. અને અંગીકાર કરવાનું ક્ષેત્ર પણ એજ. જિનકલ્પિઓની જેમ આમનું સંહરણ ન થતું હોવાથી સર્વ ક્ષેત્રની પ્રાપ્તિ નથી.

**કાલ** :—અવસર્પિણીના ત્રીજા અને ચોથે આરે તેઓનો જન્મ હોય છે. અને સદ્‌ભાવ અવસર્પિણીના ૩–૪–૫, અને ઉત્સર્પિણીના ૨–૩–૪ આરામાં જન્મ અને સદ્‌ભાવ ૩–૪ આરામાં. નોઉત્સર્પિણી નોઅવસર્પિણીમાં હોય જ નહીં.

**ચારિત્ર** :—સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપનીય ચારિત્રના સંયમસ્થાનથી ઉપરનાં જે અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ પરિહારવિશુદ્ધિનાં સંયમસ્થાનો છે તેમાં વર્તતા જીવને જ આ ચારિત્ર હોય.

**તીર્થ** :—જિનેશ્વરનું શાસન પ્રવર્તમાન હોય ત્યારેજ હોય છે.

**પર્યાય** :—ગૃહસ્થપર્યાય જઘન્યથી ૨૯ વર્ષનો. યતિપર્યાય જઘન્યથી ૨૦ વર્ષ. અને બન્નેનો ઉત્કૃષ્ટ દેશોન પૂર્વક્રોડ વર્ષ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આગમ** :—નવું ન ભણે, પ્રથમનું ભણેલું સંભારે.

**વેદ** :—નપુંસકવેદી અથવા પુરુષવેદી. સ્ત્રીવેદીને આ કલ્પનો નિષેધ છે.

**કલ્પ** :—સ્થિતકલ્પજ હોય.

**લિંગ** :—દ્રવ્યલિંગ (મુનિવેષ) અને ભાવલિંગ બન્ને હોય.

**લેશ્યા** :—કલ્પ અંગીકાર કરતી વખતે ૩ શુભ લેશ્યા, ત્યારબાદ છ એ લેશ્યા. તો પણ અશુદ્ધ લેશ્યાઓ અતિસંક્લિષ્ટ ન હોય.

**ધ્યાન** :—અંગીકાર કરતી વખતે ધર્મધ્યાન. ત્યારપછી આર્ત-રૌદ્ર અને ધર્મ એ ત્રણે ધ્યાન સંભવી શકે, અશુભ યોગની ઉત્કૃષ્ટ દશામાં આર્ત-રૌદ્રપણું આવે. પણ તે નિરનુબન્ધ હોય.

**ગણ** :—જઘન્યથી ત્રણ ગણ. ઉત્કૃષ્ટથી શત સંખ્યાવાળા ગણ અંગીકાર કાલે સર્વ ક્ષેત્રમાં મલીને હોય. અંગીકાર કર્યા બાદ જઘન્ય અથવા ઉત્કૃષ્ટ સમકાલે વર્તતા સેંકડો ગણ હોય. તેમાં અંગીકારકાલે પુરુષ સંખ્યા જઘન્ય ૨૭ અને ઉત્કૃષ્ટ ૧૦૦૦ હોય. ત્યારબાદ જઘન્યથી સેંકડો અને ઉત્કૃષ્ટથી હજારો હોય, પ્રવેશ કરનાર તથા નિકલનાર બન્ને સમકાલે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી પૃથક્ત્વ પ્રમાણ હોય.

**અભિગ્રહ** :—આ કલ્પ અભિગ્રહરૂપ હોવાથી ચાર પ્રકારમાંથી એકપણ અભિગ્રહ ન હોય.

**પ્રવ્રજ્યા** :—કોઈ ને દીક્ષા ન આપે. ઉપદેશ આપે.

**મુંડાપન** :—આ મુનિ કોઈને મુંડે નહીં (પ્રવ્રજ્યા પછી તુરતજ મુંડન હોય એવો નિયમ નથી. કારણ કે અયોગ્યને દીક્ષા દીધી હોય તો પાછળથી માલુમ પડતાં મુંડન ન કરે, માટે મુંડાપન દ્વાર જુદું કહ્યું છે)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રાયશ્ચિત્ત** :—મન વડે પણ સૂક્ષ્મ અતિચાર લાગતાં પણ પ્રાયશ્ચિત્ત આવે. કારણ કે આ કલ્પ એકાગ્રતાપ્રધાન છે.

**કારણ** :—આ કલ્પની પાલના એજ કર્મક્ષયનું કારણ છે. માટે બીજું આલમ્બન ન હોય.

**નિષ્પ્રતિકર્મતા** :–શરીરસંસ્કાર ન કરે. આંખમાં પડેલ તૃણ પણ ન કાઢે. પ્રાણાંતે પણ અપવાદમાર્ગ ન સેવે.

**ભિક્ષા** :—ત્રીજા પ્રહરે ગોચરી તથા વિહાર કરે. શેષ વખત કાયોત્સર્ગ કરે. નિદ્રા અતિ–અલ્પ કરે. કદાચ વિહાર ન કરી શકે તો પણ કલ્પમર્યાદા બરાબર પાલે.

**અન્તે** :—પરિહારકલ્પ સમાપ્ત થયા બાદ પુનઃ તે કલ્પમાં અથવા સ્થવિરકલ્પમાં કે જિનકલ્પમાં પ્રવેશ કરે. તેમાં ફરીવાર તે કલ્પમાં અથવા સ્થવિરકલ્પમાં રહેનારા ઇત્વર પરિહારી કહેવાય.

આ પ્રમાણે પરિહાર વિશુદ્ધિ ચારિત્રી માટે ૨૦ દ્વારથી ટીકામાં વર્ણન કરેલ છે.

**"સમ્પરાય"** :—જેના વડે સંસારમાં પર્યટન કરવું પડે તે સમ્પરાય–ક્રોધાદિકષાય.

**દેશયતિ** :–ઉત્કૃષ્ટથી સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં બાર વ્રતને ધારણ કરનાર. સાધુધર્મની અપેક્ષાએ શ્રાવકને સવા વિશ્વાની દયા હોય તે આ પ્રમાણે–સાધુ સૂક્ષ્મ અને બાદર બન્ને પ્રકારના જીવોનો વધ ન કરે. પરંતુ ગૃહસ્થ સૂક્ષ્મ જીવોની દયા પાળી શકે નહીં તેથી દશ વિશ્વા બાકી રહ્યા. બાદર જીવની વિરાધના સંકલ્પથી અને આરંભથી બે પ્રકારે છે. તેમાં આરંભથી દયા ગૃહસ્થ પાલી શકે નહિં માટે પાંચ વિશ્વા બાકી રહ્યા. સંકલ્પ બે પ્રકારે છે. અપરાધી સંબન્ધિ અને નિરપરાધી સંબન્ધિ, તેમાં અપરાધીની દયા ગૃહસ્થ પાળી શકે નહિ, તેથી અઢી વિશ્વા બાકી રહ્યા. નિરપરાધી બે પ્રકારે હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. સાપેક્ષ અને નિરપેક્ષ, સાપેક્ષની દયા ગુહસ્થ પાળી શકે નહિ તેથી સવા વિશ્વાની દયા રહી.

"અનાકાર":—જાતિ, લિંગ, ગુણ અને ક્રિયા સિવાય સામાન્યમાત્ર જ અવબોધ થાય તે અનાકાર. અર્થાત્ દર્શનમાં જાતિ, લિંગ, ક્રિયા અને ગુણપૂર્વક બોધ થતો નથી. માટે અનાકાર.

ગાથા. ૧૩.

"ભવ્ય માર્ગણાપર."

**ભવ્ય** :—જેનામાં યોગ્ય સામગ્રી મલવાથી મોક્ષમાં જવાની યોગ્યતા છે તે ભવ્ય. આ ભવ્યમાં પણ કેટલાક **જાતિભવ્યો** હોય છે. જેમનામાં મોક્ષે જવાની લાયકાત છે પણ એમને વિશિષ્ટ સાધન ન મલવાથી કોઈ દિવસ મોક્ષે જવાના નથી. તેઓની નિગોદ અવસ્થાજ અનાદિ—અનંત હોય છે. જે જીવો મોક્ષ યોગ્ય સામગ્રી મલવા છતાં મોક્ષની યોગ્યતા વગરનાજ છે તે **અભવ્ય.**

ગાથા. ૧૪.

"**આહારી**" :-ઉત્પત્તિ સમયે અને વિગ્રહગતિમાં તૈજસ શરીરવડે આહાર લેવાય છે તે ઓજ આહાર. ત્વચા—કાયાદિ વડે આહાર લેવાય ને લોમ આહાર. અને કોળીયાવડે આહાર લેવાય તે કવલ આહાર. આ ત્રણ પ્રકારનો આહાર હોય તે આહારી.

"એ બે જીવના ભેદ હોય" એ તેર માર્ગણાને વિષે સંજ્ઞિપંચેન્દ્રિય જીવ ઉપજે માટે અપર્યાપ્તો પણ ભેદ કહ્યો છે. દેવગતિ અને નરકગતિમાં વર્તમાન કોઈ જીવ અસંજ્ઞિ હોતો નથી. પછી તે પર્યાપ્તો હોય કે અપર્યાપ્તો. કોઈ પણ અસંજ્ઞી જીવ વિભંગજ્ઞાન પ્રાપ્ત કરી શકે નહિં માટે વિભંગજ્ઞાનમાં પણ એ બેજ ભેદ ગ્રહણ કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચસંગ્રહ દ્વાર પહેલાની ૨૭ મી ગાથામાં વિભંગજ્ઞાને સંજ્ઞિ પર્યાપ્તાનો એક જ જીવભેદ હોય એમ કહ્યું છે. તે અસંજ્ઞિમાંથી આવેલ દેવતા નારકીને અપર્યાપ્ત અવસ્થાએ વિભંગજ્ઞાન ન હોય તે અપેક્ષાએ જાણવું. આથી બીજી અપેક્ષાએ વિભંગજ્ઞાનમાં બે જીવ ભેદ પણ ઈષ્ટજ છે, કારણ કે જે સંજ્ઞિ જીવ મરીને દેવ અને નારકમાં ઉત્પન્ન થાય છે. એને અપર્યાપ્ત અવસ્થામાં પણ વિભંગજ્ઞાન હોય છે. કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવો ત્રણ જ્ઞાન સહિત સંજ્ઞિ પંચેન્દ્રિયમાં ઉપજે છે, માટે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન અને અવધિદર્શનને વિશે સંજ્ઞિ અપર્યાપ્તાનો ભેદ ગણ્યો છે. બદ્ધાયુ ક્ષાયિક સમ્યક્ત્વ—સહિત સંજ્ઞિ-પંચેન્દ્રિયમાં અવતરે તે અપેક્ષાએ સંજ્ઞિ અપર્યાપ્તો જીવભેદ લીધો છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વનું કારણ એ છે કે, ભાવી તીર્થંકર વગેરે જીવો દેવગતિથી ચ્યવીને મનુષ્યજન્મ ગ્રહણ કરે છે. ત્યારે તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય છે.

"ઈહાં ઘણું વિચારવા યોગ્ય છે" :—આ આખી ચર્ચા ઉપશમ સમ્યક્ત્વે બે જીવભેદ માનવાના મતાન્તરની અપેક્ષાએ છે. તે આ પ્રમાણે—ઉપશમ સમ્યક્ત્વે સંજ્ઞિ અપર્યાપ્તો જીવ ભેદ કેમ હોય? કારણ કે અપર્યાપ્ત અવસ્થામાં તેવા પ્રકારની શુદ્ધિનો અભાવ હોવાથી નવું સમ્યક્ત્વ ઉત્પન્ન થતું નથી. હવે જો પરભવનું ઉપશમ સમ્યક્ત્વ માનતા હો તો તે પણ યોગ્ય નથી. કારણ કે મિથ્યાત્વ ગુણઠાણે ત્રણ કરણ કરીને જે જીવ ઉપશમ સમ્યક્ત્વ પામે છે તે મરતો પણ નથી. અને આયુ પણ બાંધતો નથી. આગમમાં કહ્યું છે કેઃ—

**अणबंधोदयमाउगबंधं कालं च सासणो कुणई ।**
**उवसमसम्मदिट्ठी, चउण्हमिक्कं पिं नो कुणई ॥**

સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ અનંતાનુબન્ધિનો બંધ, અનંતાનુબંધીનો ઉદય, આયુષ્યનો બંધ અને કાલ આ ચાર વસ્તુઓ કરે છે. ઉપશમ સમ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગદ્દષ્ટિ ચારમાંથી એક પણ વસ્તુને કરતો નથી, મિથ્યાત્વ ગુણઠાણે ત્રણ કરણ વડે પ્રાપ્ત કરેલ ઉપશમ સમ્યક્ત્વ માટે આ વાત કહેલી છે

હવે જો તમે એમ કહેતા હો કે ઉપશમશ્રેણીએથી મરીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય તેને અપર્યાપ્ત અવસ્થાએ ઉપશમ સમ્યક્ત્વ હોય છે. તો તે પણ યોગ્ય નથી, કારણ કે તેને દેવગતિમાં ઉત્પન્ન થવાના પ્રથમ સમયે જ સમ્યક્ત્વ મોહનીયનાં પુદ્‌ગલોનો ઉદય થતો હોવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય છે. પણ ઔપશમિક હોય નહીં. શતકની બૃહત્ ચૂર્ણિમાં કહ્યું છે કે—

**जो उवसमसम्मद्दिट्ठी उवसमसेढीए कालं करेइ सो पढमसमए चेव सम्मत्तपुंजं उदयावलियाए छोढूण सम्मत्तपुग्गले वेएइ, तेण न उवसमसम्मद्दिट्ठी अपज्जगो लब्भई.**

વળી કેટલાક આચાર્યો ટબામાં આપેલી ગાથા પ્રમાણે કહે છે. કે, ઉપશમશ્રેણીએ ચઢેલા ઉપશાંતમોહ ગુણઠાણાને પ્રાપ્ત થયેલા જે જીવો મરણ પામે છે તે લવસત્તમ દેવો (સાત લવ આયુષ્ય વધારે હોત તો મુક્તિ મેળવત. એટલું આયુષ્ય ઓછું હોવાથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયેલા દેવો) સર્વાર્થસિદ્ધ વિમાનમાં ક્ષાયિક સમ્યક્ત્વ સહિત હોય છે. આ દરેક અપેક્ષાએ એક સંજ્ઞિપર્યાપ્તો જીવભેદજ ઉપશમ સમ્યક્ત્વે હોઈ શકે. પરંતુ કેટલાક આચાર્યો શ્રેણિથી ભવક્ષયે મરીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલાને અપર્યાપ્ત અવસ્થામાં ઉપશમ સમ્યક્ત્વ માને છે. સપ્તતિકાની ચૂર્ણિમાં કહ્યું છે કે અપર્યાપ્ત અવસ્થામાં દેવો ત્રણ પ્રકારનાં સમ્યક્ત્વવાળા હોય છે. પંચસંગ્રહમાં પણ માર્ગણાસ્થાનમાં જીવસ્થાનના વિચાર વખતે "**उवसमसम्मम्मि दो सन्नी**" એ પ્રમાણે સંજ્ઞિદ્વિક ગ્રહણ કરેલ છે. આખી ચર્ચાનો સાર એ છે કે:-(૧) નવું ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ મરતો નથી. એ દરેકને સંમત વસ્તુ છે. ઉપશમશ્રેણીએ ચઢેલ જીવ ઉપશાન્તમોહ ગુણઠાણે કાલ કરે તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે.

ત્યાં કેટલાક (૧) અપર્યાપ્ત અવસ્થામાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ માને છે. (૧) કેટલાક ક્ષાયિક સમ્યક્ત્વ માને છે. જ્યારે (૩) કેટલાક અપર્યાપ્ત અવસ્થામાં ઉપશમ સમ્યક્ત્વ માને છે. આ ત્રણ મતમાંથી ગ્રંથકારે પંચસંગ્રહ અને સપ્તતિકાની ચૂર્ણીનો મત ગ્રહણ કર્યો છે. તત્ત્વ કેવલિ અથવા તો બહુશ્રુત જાણે એમ સ્વોપજ્ઞ ટીકામાં કહેલ છે.

**ગાથા ૧૫** 'અસંજ્ઞિ મનુષ્યો:–" ગર્ભજ મનુષ્યોના સર્વ અશુચિ પદાર્થોમાં ઉત્પન્ન થાય છે. તે અંગુલના અસંખ્યાતમા ભાગના શરીરવાળા, અસંજ્ઞિ, મિથ્યાદષ્ટિ અજ્ઞાની, સર્વ પર્યાપ્તિએ અપર્યાપ્તા અને અંતર્મુહૂર્તના આયુષ્યવાળા હોય છે.

"તેજોલેશ્યાવંત દેવતા"–ઈશાન દેવલોક સુધીના દેવો, લબ્ધિ અપર્યાપ્ના બાદર પૃથિવીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય છે. તેઓને તેજોલેશ્યા હોય છે કારણ કે બૃહત્સંગ્રહણીમાં કહ્યું છે કે ભવનપતિ અને વ્યંતર દેવો કૃષ્ણ–નીલ–કાપોત અને તેજો લેશ્યાવંત હોય છે. જ્યોતિષી, સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો તેજોલેશ્યાવંત છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:–**जल्लेसे मरइ तल्लेसे उववज्जइ** જે લેશ્યામાં મરે છે તે જ લેશ્યામાં ઉત્પન્ન થાય છે એટલે બાદર અપર્યાપ્ત અવસ્થામાં કેટલોક કાળ તેજોલેશ્યા હોય છે.

**ગાથા. ૧૬.**

"એ અઢાર બોલને વિશે સર્વ જીવ ભેદ હોય" આ અઢાર માર્ગણામાં અચક્ષુદર્શન છે એટલે તેમાં પણ ચૌદે જીવભેદ હોય, અહીં એક પ્રશ્ન થાય છે કે અચક્ષુદર્શનમાં સાત અપર્યાપ્ત જીવસ્થાનો માન્યા છે તે કેવી રીતે? ઈન્દ્રિયપર્યાપ્તિ પૂરી થયા પછી અને સ્વયોગ્ય પર્યાપ્તિઓ હજુ સમ્પૂર્ણ ન થઈ હોય તેવી અપર્યાપ્ત અવસ્થાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપેક્ષા રાખીને કે ઇન્દ્રિય પર્યાપ્તિ પૂરી થયા પહેલાં પણ અચક્ષુદર્શન હોય? તો પહેલી અપેક્ષાએ તો બરોબર ચૌદ જીવભેદ ઘટી શકે છે. પણ ઇન્દ્રિય પર્યાપ્તિ પૂરી થયા પહેલાં પણ અચક્ષુદર્શન હોય એમ શ્રી જયસોમસૂરિજીના ટબામાં કહેલ છે. અને ત્યાં સિદ્ધાન્ત અનુસાર જણાવેલ છે કે વિગ્રહગતિ અને કાર્મણ યોગમાં અવધિદર્શન રહિત જીવોને અચક્ષુદર્શન હોય છે. તો અહીં એક પ્રશ્ન થાય છે કે ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં દ્રવ્યઇન્દ્રિય હોતી નથી, તો એ અવસ્થામાં અચક્ષુદર્શન કેવી રીતે હોય? આ પ્રશ્નનો જવાબ બે રીતે આપી-શકાય છે.

(૧) દ્રવ્યેન્દ્રિય હોવા છતાં દ્રવ્ય અને ભાવ એમ ઉભય ઇન્દ્રિય જન્ય ઉપયોગ અથવા દ્રવ્યેન્દ્રિયના અભાવમાં કેવલ ભાવેન્દ્રિયજન્ય ઉપયોગ. આ અપેક્ષાએ ઇન્દ્રિય પર્યાપ્તિ પૂરી થયા પહેલાં પણ બીજા પ્રકારનો ઉપયોગ હોય છે. (૨) અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપ-શમરૂપ અચક્ષુદર્શન ઇન્દ્રય–પર્યાપ્તિ પૂરી થયા પહેલાં હોય છે. તે શક્તિરૂપે હોય છે. પણ ઉપયોગરૂપે નહીં, કારણ કે પ્રાચીન ચતુર્થ કર્મગ્રંથની ૪૯ મી ગાથાની ટીકામાં કહ્યું છે કે :—

**त्रयाणामप्यचक्षुर्दर्शनं तस्यानाहारकावस्थायामपि-लब्धिमाश्रित्याभ्युपगमात्.**

**પ્રશ્ન** :—ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જેમ શક્તિરૂપે અચક્ષુદર્શન માન્યું તેમ ચક્ષુદર્શન કેમ માનતા નથી?

**જવાબ** :—ચક્ષુદર્શન આંખરૂપી વિશેષ ઇન્દ્રિય–જન્ય–દર્શન છે. આવું દર્શન ત્યારેજ માની શકાય કે જ્યારે દ્રવ્ય નેત્ર હોય. માટેજ ચક્ષુદર્શન ઇન્દ્રિયપર્યાપ્તિ પૂરી થયા પછીજ માનેલ છે, જ્યારે અચક્ષુદર્શન એ કોઈ ઇન્દ્રિયજન્ય દર્શન નથી, પણ ચક્ષુ સિવાયની કોઈ પણ ઇન્દ્રિયજન્ય ઉપયોગ છે. માટે તે શક્તિરૂપે અથવા દ્રવ્યઇન્દ્રિય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ભાવેન્દ્રિય એમ બન્ને રૂપે અથવા ભાવેન્દ્રિયરૂપે હોય છે. માટે અચક્ષુદર્શનને ઈન્દ્રિય પર્યાપ્તિ પહેલાં અને પછી પણ માનેલ છે.

ગાથા ૧૭

"ઈન્દ્રિય પર્યાપ્તિ પુરી થયે થકે" અહીં ઈન્દ્રિય પર્યાપ્તિના બે જુદા જુદા અર્થોની વિવક્ષા છે.

(૧) જીવ જે શક્તિવડે ધાતુરૂપ પરિણમેલા આહારને ઈન્દ્રિયરૂપપણે પરિણમાવે તે તે શક્તિ ઈન્દ્રિય પર્યાપ્તિ-અથવા પાંચ ઈન્દ્રિય પ્રાયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી અનાભોગ વીર્યવડે તે પુદ્ગલોને ઈન્દ્રિયરૂપે બનાવવાની જે શક્તિ તે ઈન્દ્રિય પર્યાપ્તિ. આ વ્યાખ્યા અનુસાર સ્વયોગ્ય સમ્પૂર્ણ પર્યાપ્તિઓ પુરી થયા બાદ જ ઈન્દ્રિય—જન્ય—ઉપયોગ પ્રવર્તે છે, અપર્યાપ્ત અવસ્થામાં ચઉરિન્દ્રિયાદિને ચક્ષુ હોવા છતાં તેનો ઉપયોગ હોતો નથી. એ અપેક્ષાએ ત્રણ જીવભેદ. આ વ્યાખ્યા પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર છે.

(૨) આત્મા જે શક્તિવડે ધાતુરૂપે પરિણમાવેલા આહારમાંથી ઈન્દ્રિય પ્રાયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી ઈન્દ્રિયરૂપે પરિણમાવી સ્વવિષય જાણવામાં સમર્થ થાય તે ઈન્દ્રિય પર્યાપ્તિ કહેવાય. આ વ્યાખ્યા અનુસાર ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઈન્દ્રિયજન્ય ઉપયોગ પ્રવર્તે છે. એટલે તે અપેક્ષાએ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન કરી હોય અને ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરી હોય તેવા જીવને ચક્ષુદર્શન હોય છે એટલે તે અપેક્ષાએ છ જીવભેદ. આ વ્યાખ્યા બૃહત્સંગ્રહણી અને પંચ—સંગ્રહ વૃત્તિની છે ત્યાં કહ્યું છે કે—

**करणापर्याप्तेषु चतुरिन्द्रियादिष्विन्द्रियपर्याप्तौ सत्यां चक्षुर्दर्शनमपि प्राप्यते"।**

કરણ અપર્યાપ્તા એવા ચઉરિંદ્રિય વગેરેમાં ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયે છતે ચક્ષુદર્શન હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથા ૨૦**

"પછી તો બહુશ્રુત કહે તે ખરૂ" અહીં ત્રણ અજ્ઞાનને વિષે બે અથવા ત્રણ ગુણઠાણાં માનવાં તે બાબતના મતાંતરનું દિગ્દર્શન કરેલ છે, કર્મગ્રંથકારો સાસ્વાદને અજ્ઞાનજ માને છે. પહેલા ગુણઠાણે મિથ્યાત્વ મોહનીયનો ઉદય હોવાથી અજ્ઞાનજ હોય. હવે બાકી રહ્યું મિશ્ર. ત્યાં મોહનીયનો ઉદય વર્તતો હોય છે, હવે જો કે ત્યાં યથાસ્થિત તત્ત્વનો બોધ ન હોવાથી કેટલાક આચાર્યો અજ્ઞાનરૂપે માને છે. કારણ કે પંચસંગ્રહમાં કહ્યું છે કે—"**मिस्सम्मि वा मिस्सा**" મિશ્રે જ્ઞાનથી વ્યામિશ્ર અજ્ઞાનોજ હોય છે. શુદ્ધ જ્ઞાન હોતાં નથી, માટે અજ્ઞાનજ છે. અહીં શુદ્ધ સમ્યકત્વની અપેક્ષાએજ જ્ઞાન માનેલ છે. જો અશુદ્ધ સમ્યકત્વવાળાને જ્ઞાન માનીએ તો સાસ્વાદને પણ જ્ઞાન માનવું પડે. જે કર્મગ્રંથકારને ઈષ્ટ નથી. કારણ કે આજ કર્મગ્રંથમાં સાસ્વાદને અજ્ઞાન હોય એમ કહેલ છે. એ અપેક્ષાએ ત્રણ ગુણઠાણાં હોય. જ્યારે કેટલાક આચાર્યો મિશ્ર મોહનીયનાં પુદ્ગલોમાં મિથ્યાત્વ મોહનીયનાં પુદ્ગલો અધિક હોય તો અજ્ઞાન વધારે અને જ્ઞાન થોડું તથા સમ્યકત્વ મોહનીયનાં પુદ્ગલો અધિક હોય તો જ્ઞાન વધારે અને અજ્ઞાન થોડું એમ માને છે. અને બન્ને રીતે જ્ઞાનનો લેશ મિશ્ર ગુણઠાણે માને છે. તેથી તે અપેક્ષાએ અજ્ઞાનત્રિકે પ્રથમનાં બેજ ગુણઠાણાં હોય. (આ વાત જિનવલ્લભીય ષડશીતિકા ટીકામાં આપેલ છે) આ રીતે બે અથવા ત્રણ ગુણઠાણાં કર્મગ્રંથકારોના અભિપ્રાય પ્રમાણે હોય છે. સિદ્ધાન્તમાં તો સાસ્વાદને જ્ઞાન માનેલ છે. એટલે અજ્ઞાનત્રિકે એક મિથ્યાત્વ ગુણસ્થાનકજ જણાવેલ છે. તત્ત્વ કેવલિ અથવા વિશિષ્ટશ્રુતના જાણકારો જાણે.

**ગાથા ૨૧**

"પરિહારવિશુદ્ધિએ" ૬—૭ બે ગુણસ્થાનક હોવાનું કારણ એ છે કે આ ચારિત્રવાળા બેમાંથી એક પણ શ્રેણી માંડતા નથી એટલે આગળનાં ગુણસ્થાનકો ન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગાથા ૨૧

"એ ચારને વિષે અવિરતાદિક નવ ગુણઠાણાં હોય". મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન પહેલાં ત્રણ ગુણઠાણે પણ હોય છે. પણ ત્યાં અજ્ઞાન માનેલ હોવાથી એ ત્રણ ગુણઠાણા રહિત ચોથાથી બાર ગુણઠાણાં હોય છે. અવધિદર્શનમાં કેટલાં ગુણસ્થાનક માનવાં તે બાબતમાં બે પક્ષ છે. (૧) કાર્મગ્રંથિક (૨) સૈદ્ધાન્તિક.

તેમાં કાર્મગ્રંથિક પક્ષમાં બે ભેદ છે. (૧) તેમાં પહેલો પક્ષ ચોથાથી બારમા લગી નવ ગુણસ્થાનક માને છે. આ વાત પ્રાચીન ચતુર્થ કર્મગ્રંથમાં પણ છે. તેના આધારે દેવેન્દ્રસૂરિએ પણ મૂલમાં અને ટીકામાં ચોથાથી બારમા લગીનાં નવ ગુણસ્થાનક માન્યાં છે. (૨) બીજો પક્ષ ત્રીજાથી બાર સુધીનાં દસ ગુણસ્થાનક માને છે. કારણ કે તે પક્ષ આગળ આપેલ દલિલો પ્રમાણે મિશ્રદષ્ટીએ જ્ઞાન માને છે. આ બન્ને કાર્મગ્રંથિક બહુશ્રુતો અવધિજ્ઞાનથી અવધિદર્શનનો ઉપયોગ અલગ માને છે. જ્યારે વિભંગજ્ઞાન સાથે અવધિદર્શનનો ઉપયોગ અલગ માનતા નથી. તેનું કારણ એ છે કે જેમ વિભંગજ્ઞાનથી વિષયનું યથાર્થ જ્ઞાન થતું નથી. તેમમિથ્યાત્વયુક્ત અવધિદર્શનથી પણ વિષયનું યથાર્થ જ્ઞાન થતું નથી, આ અભેદ વિવક્ષાને કારણે પહેલા મત પ્રમાણે ચોથાથી બાર લગી અને બીજા મત પ્રમાણે ત્રીજાથી બારમા લગી અવધિદર્શન માનેલ છે

સિદ્ધાન્ત પક્ષ અવધિજ્ઞાન અને અવધિદર્શનનું ભેદ વિવક્ષાથીજ વર્ણન કરે છે. એટલે અવધિજ્ઞાનીની જેમ વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન માને છે, જેનો પાઠ ટબામાં આપેલ છે. જેનો અર્થ હે ભગવાન ! અવધિદર્શનરૂપ અનાકાર ઉપયોગવાળા જીવો જ્ઞાની કે અજ્ઞાની ? હે ગૌતમ ! જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે તે ત્રણ જ્ઞાનવાળા અને કેટલાક ચાર જ્ઞાનવાળા છે. જે અજ્ઞાની છે તે મતિ અજ્ઞાની–શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની જાણવા. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપેક્ષાએ અવધિદર્શન પહેલાથી બાર ગુણસ્થાનક સુધી હોય છે. આ પક્ષનું મંતવ્ય એ છે અવધિજ્ઞાનની જેમ વિભંગજ્ઞાનીને પણ દર્શનમાં નિરાકારતારૂપ અંશ સમાન છે. અને તેથી અવધિદર્શનનું જુદું નામ રાખવાની જરૂર નથી. વળી આ પક્ષ પહેલે ગુણઠાણેજ અજ્ઞાન માને છે. સારાંશ કાર્મગ્રન્થિકે વિભંગજ્ઞાન અને અવધિદર્શન એ બેની અભેદ વિવક્ષા કરે છે. સૈદ્ધાન્તિક પક્ષ ભેદ વિવક્ષા કરે છે. આ પ્રમાણે બન્ને મત યુક્તિયુક્ત જણાય છે.

ગાથા ૨૩.

"અસંજ્ઞીને વિષે પહેલાં બે" ત્યાં મિથ્યાત્વ તો સદાકાળ હોય છે. સાસ્વાદન લબ્ધિ પર્યાપ્તને કરણ અપર્યાપ્ત અવસ્થામાં હોય છે.

ગાથા ૨૪.

'કાયયોગનું ટુંક સ્વરૂપ."

**વૈક્રિય કાયયોગ:**—વૈક્રિય શરીરદ્વારા વીર્ય—શક્તિનો જે વપરાશ તે વૈક્રિય કાયયોગ. તે શરીર અનેક પ્રકારની વિવિધ ક્રિયાઓ કરવામાં સમર્થ છે. માટે વૈક્રિય શરીર કહેવાય છે. તે વૈક્રિય વર્ગણાનાં પુદ્‍ગલોનું બનેલ હોય છે. તે બે પ્રકારનું છે. (૧) ઔપપાતિક (૨) લબ્ધિ પ્રત્યય. ત્યાં ઔપપાતિક-ઉપપાત જન્મવાળા દેવ અને નારકોને હોય છે. લબ્ધિ પ્રત્યય—તિર્યંચ અને મનુષ્યોને હોય છે.

૨ વૈક્રિય મિશ્ર:—તે બે પ્રકારે છે. કાર્મણ સાથે મિશ્ર અને ઔદારિક સાથે મિશ્ર. ત્યાં ઉત્પત્તિના બીજા સમયથી માંડી અપર્યાપ્ત અવસ્થા સુધી કાર્મણ સાથે મિશ્ર દેવ અને નારકોને હોય છે અને ઉત્તરવૈક્રિય કરતા એવા બાદર પર્યાપ્તા વાયુકાય. ગર્ભજતિર્યંચ અને ગર્ભજ મનુષ્યોને વૈક્રિયના પ્રારંભકાળે અને પરિત્યાગકાળે ઔદારિક સાથે મિશ્ર હોય છે અને સિદ્ધાન્તકારની અપેક્ષાએ ફક્ત સંહરણ વખતેજ વૈક્રિય મિશ્ર હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩ આહારક કાયયોગઃ—ચતુર્દશ પૂર્વધર મુનિ મહારાજ વિશિષ્ઠ કાર્ય ઉત્પન્ન થાય તો એટલે કે કોઈ વિષયમાં સંદેહ ઉત્પન્ન થાય તો અથવા તીર્થંકરાદિની ઋદ્ધિ જોવાની ઈચ્છા થાય તો આહારક વર્ગણાનું જે શરીર બનાવે છે તે આહારક શરીર અને તેના દ્વારા પ્રવર્તતા આત્માની વીર્યશક્તિનો વ્યાપાર તે આહારક કાયયોગ.

૮ આહારક મિશ્રઃ—ઔદારિક સાથે મિશ્ર તે આહારકના પ્રારંભકાળે અને પરિત્યાગકાળે હોય છે. સિદ્ધાન્તકારની અપેક્ષાએ ફક્ત સંહરણ વખતે.

૫ ઔદારિક કાયયોગઃ—ઔદારિક વર્ગણાના બનેલા ઔદારિક શરીર દ્વારા આત્માની વીર્યશક્તિનો જે વપરાશ તે ઔદારિક કાયયોગ.

૬ ઔદારિક મિશ્ર કાયયોગઃ—ઉત્પત્તિના બીજા સમયથી માંડીને અપર્યાપ્ત અવસ્થા સુધી અથવા કેવલિ સમુદ્ઘાતમાં ૨—૬—૭ સમયે કાર્મણ સાથે મિશ્ર તે ઔદારિક મિશ્ર. તેના દ્વારા વીર્યશક્તિનું જે પ્રવર્તન તે ઔદારિક મિશ્ર કાયયોગ. કર્મગ્રંથકારના અભિપ્રાય પ્રમાણે તે અપર્યાપ્ત અવસ્થામાં અને કેવલિ સમુદ્ઘાત અવસ્થામાં હોય છે. જ્યારે સિદ્ધાન્તકારના મત પ્રમાણે તે બે ઉપરાન્ત (૧) ઉત્તર વૈક્રિયના પ્રારંભકાળે તિર્યંચ—મનુષ્યોને અને (૨) આહારકના પ્રારંભકાળે મનુષ્યોને હોય છે.

૭ કાર્મણ કાયયોગઃ—ફક્ત કાર્મણ શરીરની મદદથી આત્મશક્તિની જે પ્રવૃત્તિ તે કાર્મણ કાયયોગ. આ યોગ વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે સર્વ જીવોને હોય છે અને કેવલિઓને કેવલિ સમુદ્ઘાતમાં ૩—૪—૫ સમયે હોય છે. આ શરીર સર્વશરીરનું કારણ છે. આ શરીર કાર્મણ વર્ગણાનું બનેલું છે. અત્યંત સૂક્ષ્મ છે. તેથી જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જતો હોય ત્યારે પણ દેખી શકાતું નથી.

પ્ર૦—તૈજસ નામનું પણ એક શરીર છે, જે ગ્રહણ કરેલ આહારને પચાવે છે અને વિશિષ્ટ લબ્ધિવાળાઓ તેનાથી તેજો અને શીતલેશ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂકી શકે છે તો કાર્મણ કાયયોગની જેમ તૈજસ કાયયોગ કેમ નથી માન્યો ?

ઉ૦—તૈજસ શરીર અને કાર્મણ શરીર સદા સાથે જ રહે છે. ઔદારિકાદિ બીજાં શરીરો કાર્મણ શરીરને છોડી દે છે. પણ તૈજસ શરીર કોઇ દીવસ તેનાથી જુદું પડતું નથી એટલા માટે વીર્યશક્તિનો જે વ્યાપાર કાર્મણ શરીરદ્વારા હોય છે તે નિયમથી તૈજસ શરીરદ્વારા પણ હોય છે. આથી કાર્મણ કાયયોગમાં તૈજસ કાયયોગનો સમાવેશ થઇ જાય છે.

યોગ તે આત્માનો વીર્ય વ્યાપાર, અહીં યોગ શબ્દ વડે કારણમાં કાર્યનો ઉપચાર કરીને પંદર યોગો ગણાવેલ છે.

ગાથા ૨૫.

અહીં કેટલાક શંકા કરે છે કે આહારક માર્ગણામાં કાર્મણ સિવાયના બીજા બધા યોગ હોય. તેઓનું માનવું એમ છે કે ઉત્પત્તિના પ્રથમ સમયે જે આહાર જીવ કરે છે તેમાં ગ્રહણ કરાતાં પુદ્ગલો જ કારણરૂપ છે. માટે કાર્મણ કાયયોગ માનવાની જરૂર નથી. તો આ શંકા યોગ્ય નથી. કારણ કે પહેલા સમયે ગ્રહણ કરેલા પુદ્ગલો બીજા સમયથી માંડીને શરીર પૂર્ણ થાય ત્યાં સુધી આહારગ્રહણનાં કારણરૂપ બને છે. પણ સ્વયં પોતે પહેલા સમયે કારણરૂપ બની શકે નહીં, કારણ કે ત્યારે તો તે કાર્યરૂપ છે. માટે પહેલા સમયે તો કાર્મણ કાયયોગ વડે જ આહારગ્રહણ થાય છે એટલે આહારક માર્ગણાએ કાર્મણ કાયયોગ પણ ઘટી શકે છે.

ગાથા. ૨૬.

અહીં સ્ત્રી વેદ પણ ગ્રહણ કરેલ છે. તે ભાવરૂપ નહીં પણ દ્રવ્યરૂપ જાણવો; કારણ કે અહીં આજ જાતની વિવક્ષા છે. પહેલાં અગાઉ ગુણસ્થાનકમાં જે વેદો ગણ્યા છે તે ભાવરૂપે ગણેલ છે. કારણ કે ત્યાં તેવા પ્રકારની વિવક્ષા છે. દ્રવ્યવેદ એટલે બાહ્ય આકાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર સમજવો. આહારકદ્ધિક ચૌદ પૂર્વી મુનિનેજ હોય છે. માટે આ દશ માર્ગણાને વિશે ન હોય. સ્ત્રીઓને દષ્ટિવાદ સૂત્ર ભણવાનો નિષેધ હોવાથી ચૌદ પૂર્વનો અભ્યાસ તેને નથી, તેથી તેને આહારકદ્વિક ન હોય. વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે :—

**तुच्छा गारवबहुला, चलिंदिया दुब्बला धिईए य**
**इय अइसेसज्झयणा, भूयवाओ य नो याणं ॥ (५५२)**

તુચ્છ સ્વભાવવાળી, બહુ ગૌરવવાળી, ચપલ ઈંદ્રિયવાળી, અને બુદ્ધિએ હીન હોવાથી અતિશયવાળા અધ્યયનો અને ભૂતવાદ ભણવાનો સ્ત્રીને અધિકાર નથી.

અહીં કેટલાક આધુનિક પંડિતમન્યો શંકા કરે છે કે, સ્ત્રીઓને મોક્ષ માન્યો અને દષ્ટિવાદ સૂત્ર ભણવાનો અધિકાર ન માન્યો તે પાછળથી ઘુસાડી દીધેલ વસ્તુ છે. કારણ કે મોક્ષ જનાર શ્રેણી માંડે ત્યારે શુકલધ્યાન હોય છે, અને શુકલધ્યાનના પહેલા બે પાયા પૂર્વના જાણનારને જ હોય છે. માટે આ પરસ્પર વિરોધી વસ્તુ હોવાથી પાછળથી ઘુસાડી દીધેલ છે. અને જેમ સ્ત્રીઓ મોક્ષની અધિકારિણી છે તેમ દષ્ટિવાદની પણ હોવી જોઈએ.

આના ઉત્તરમાં સમજાવાનું કે સ્ત્રીઓ મોક્ષે જાય છે. શુકલધ્યાન પણ ધ્યાવે છે. અને છતાં ઉપર કહ્યાં કારણોથી તેને દષ્ટિવાદ ભણવાનો અધિકાર નથી. દરેક ગુણસ્થાનકે અસંખ્યાત લોકાકાશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો હોય છે. તે તે ગુણઠાણાને સ્પર્શનાર જીવ બધાં અધ્યવસાયસ્થાનોને સ્પર્શે એવો નિયમ નથી. એટલે મધ્યમ અધ્યવસાય સ્થાનોને સ્પર્શીને પણ આગળના ગુણઠાણે જાય. અને એ અપેક્ષાએ કોઈ પણ વેદી જીવ શ્રેણી માંડી મોક્ષે જઈ શકે છે. જ્યારે પૂર્વગત એ લબ્ધિથી પ્રાપ્ત થાય છે. અને એ લબ્ધિ અમુક હદમાં અધ્યવસાયસ્થાનોને સ્પર્શે તો જ પ્રાપ્ત થાય છે. જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનોને સ્ત્રીઓ આગળ જણાવેલ કારણોને લઈને સ્પર્શી શકતી નથી એટલે પૂર્વધર લબ્ધિ પ્રાપ્ત થતી નથી, અને પૂર્વનો અભ્યાસ પણ તે કારણથી જ તેમને હોતો નથી. ત્યારે હવે બીજો પ્રશ્ન એ રહે છે કે પૂર્વનો અભ્યાસ ન હોય તો શુક્લધ્યાન કેવી રીતે હોય! અને શુક્લધ્યાન ન હોય તો ક્ષપકશ્રેણી કેમ હોય! આના જવાબમાં સમજવું કે શ્રેણિ માંડનાર દરેક જીવને શબ્દથી પૂર્વનું જ્ઞાન હોવું જોઈએ એવો નિયમ નથી. અર્થથી હોવું જોઇએ, અને એ અપેક્ષાએ એક નવકાર મંત્રના જાણનારને પણ અર્થથી ચૌદ પૂર્વનું જ્ઞાન હોય છે. નવકારને શાસ્ત્રમાં ચૌદ પૂર્વનો સાર કહેલ છે. વળી તીર્થંકર ભગવાન અર્થનીજ દેશના આપે છે. જેના સારરૂપે ગણધર ભગવન્તો ચૌદ પૂર્વ રચે છે. અને ત્યારપછી બીજાં અંગોની રચના કરે છે. એટલે એ દેશના સાંભળનાર અને સમજનાર દરેક જીવને અર્થથી ચૌદ પૂર્વનું જ્ઞાન હોય એ સ્વાભાવિક ગણાય છે. વળી અગિયાર અંગો એ પણ ચૌદ પૂર્વનું જ એક અંગ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે એક સામાયિકપદની ભાવના ભાવવા માત્રાથી અનંત જીવો મોક્ષે ગયેલ છે. એટલે શુક્લધ્યાન એ કંઈ શબ્દથી પૂર્વનું જ્ઞાન હોવું જોઈએ તે માટેનું રાબળ કારણ નથી. અને એજ રીતે સ્ત્રીઓ પણ અર્થથી ચૌદ પૂર્વના સારને જાણે છે. તેથી જ તેમને પણ શુક્લધ્યાન વખતે પૂર્વનું જ્ઞાન અર્થથી હોય તે સ્વાભાવિક જ માની શકાય છે, અને તે રીતે ક્ષપકશ્રેણી માંડી સ્ત્રીઓ પણ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. માટે શાસ્ત્રના જિજ્ઞાસુઓએ આવી બુદ્ધિભેદ કરનાર દલીલોથી ન દોરવાતાં મહર્ષિઓનાં વચન પ્રમાણ માનવાં તેમાંજ કલ્યાણ છે.

વળી શાસ્ત્રમાં સ્ત્રીઓના જે દોષો બતાવેલ છે તે તેમને હલકી પાડવાની દૃષ્ટિથી નથી. પણ તેમના સ્વભાવમાં જે વસ્તુ રહેલી છે તેનું જ મહાત્મા પુરુષોએ વસ્તુસ્થિતિ તરીકે વર્ણન કરેલ છે. તે મહા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષોને સંસારનાં કોઈ પ્રાણી ઉપર રાગ કે દ્વેષ ન હતો જેથી તેમને માટે આ રીતે લખી નાખે. માટે આવી બુદ્ધિભેદ કરનાર દલીલોથી જિજ્ઞાસુઓએ ભરમાવું નહી. આવી આવી દલીલો પાશ્ચિમાત્ય કેળવણીને લઈનેજ જન્મ પામી છે. એ કેળવણીકારોનો એક જ ઉદ્દેશ હતો કે ત્યાગપ્રધાન આર્યસંસ્કૃતિ ભ્રષ્ટ થવી જોઈએ. અને તો જ આપણા જડવાદનો ફેલાવો થઈ શકશે. એટલે એ કેળવણી લીધેલ અને તેની અસર નીચે આવેલા કેટલાક વિદ્વાનો આર્યસંસ્કૃતિને અને તેમાં પણ વીતરાગના શાસનના હાર્દને સમજ્યા સિવાય આવી આવી દલીલો કરી આપણને આપણા પૂર્વ મહાપુરૂષોએ બતાવેલ આધ્યાત્મિક માર્ગથી ભ્રષ્ટ કરે છે માટે જિજ્ઞાસુઓએ આવી એકપક્ષી દલિલે. ન માનતાં તદ્વિદોના સમાગમમાં આવી યોગ્ય ખુલાસો મેળવી પોતાની શ્રદ્ધાને વધારે મજબુત કરવી.

"એ વિચારવા યોગ્ય છે." ઔપશમિક સમ્યક્ત્વે આહારકદ્વિક વિના તેર યોગો હોય છે. ઉપશમ સમ્યક્ત્વ પ્રથમ સમ્યક્ત્વપ્રાપ્તિ વખતે અથવા ઉપશમશ્રેણીએ હોય છે. પ્રથમ વખત સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે ચૌદ પૂર્વનો અભ્યાસ હોતો જ નથી, એટલે તે વખતે આહારકદ્વિક ન હોય. ઉપશમશ્રેણિએ ચઢેલ જીવ આહારક શરીર કરતો નથી કારણ કે ત્યાં પ્રમાદનો અભાવ છે. આહારક શરીરનો આરંભ કરનાર લબ્ધિ ફોરવતા હોવાથી ઔત્સુક્યતાથી પ્રમાદ હોય છે, શાસ્ત્રમાં કહ્યું છે કે आहारगं तु पमत्तो उप्पाएइ न अप्पमत्तो ॥ આહારક પ્રમત્ત કરે છે અપ્રમત્ત નહીં. આહારક કાયયોગમાં રહેલ તથાસ્વભાવથી જ ઉપશમશ્રેણી માંડતા નથી. તેથી આહારકદ્વિક ન હોય.

વળી જેઓનો એવો મત છે કે ઉપશમશ્રેણીથી ભવક્ષયે મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય ત્યાં અપર્યાપ્ત અવસ્થામાં ઉપશમ સમ્યક્ત્વ હોય છે. તે અપેક્ષાએ કાર્મણ અને વૈક્રિયમિશ્ર ઘટી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે છે. હવે ઔદારિકમિશ્ર કેવી રીતે હોય તે સંબંધિ વિચાર કરવાનો રહે છે મનુષ્ય–તિર્યંચને અપર્યાપ્ત અવસ્થામાં અને કેવલિ સમુદ્ઘાત એ ત્રણ જગ્યાએ કર્મગ્રંથકારના મત પ્રમાણે ઔદારિક મિશ્ર યોગ હોય છે. કેવલિને ઉપશમ સમ્યક્ત્વ હોતું નથી. મનુષ્ય તિર્યંચ અપર્યાપ્ત અવસ્થામાં નવું સમ્યક્ત્વ પામતા નથી. અને શ્રેણિપ્રાપ્ત જીવ મરીને દેવ સિવાય બીજી ગતિમાં જાય નહિં, માટે આ બાબત વિચારવા યોગ્ય છે. પણ ગ્રંથકાર સ્વયં આ બાબતને મતાંતર તરીકે બતાવવાના જ છે. એટલે સિદ્ધાન્તની સાથે આ મતભેદવાળી બાબત હોય તેમ લાગે છે. અને તે પ્રમાણે વિચારતાં ઘટી પણ શકે છે. કારણ કે સિદ્ધાન્તકારના અભિપ્રાય પ્રમાણે ઉત્તર વૈક્રિય કરતા તિર્યંચ, મનુષ્યને પ્રારંભકાલે ઔદારિકમિશ્રયોગ હોય છે. અને તે વખતે જો જીવ નવું સમ્યક્ત્વ પામે તો તે અપેક્ષાએ ઔપશમિક સમ્યક્ત્વે ઔદારિકમિશ્ર કાયયોગ ઘટી શકે છે.

**ગાથા ૨૭.**

"વાયુકાયને વિષે" વાયુકાયના ચાર ભેદમાંથી પર્યાપ્તા બાદર વાયુકાયમાં કેટલાક જીવોને વૈક્રિય લબ્ધિ હોય છે. તેમની અપેક્ષાએ બે યોગ વધારે ગણ્યા છે.

**ગાથા ૨૮.**

"એ સાત યોગ કેવલજ્ઞાની–દર્શનીને હોય.' ઔદારિક કાયયોગ ચાલુજ હોય છે, ઔદારિકમિશ્ર કેવલિ સમુદ્ઘાતમાં ૨–૬–૭ સમયે, કાર્મણ કાયયોગ ૩–૪–૫ સમયે, વચનયોગ દેશનાદિ પ્રવૃત્તિ વખતે, મનોયોગ મનઃપર્યવજ્ઞાની અથવા અનુત્તર વિમાનના દેવો મનવડે શંકા પુછે છે. ત્યારે ભગવાન દ્રવ્ય મનવડે મનોવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી ઉત્તર આપે છે, તે વખતે.

**ગાથા ૨૯.**

ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન દશપૂર્વી હોય તેને પરિહારવિશુદ્ધિ ચારિત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય, અને આહારકદ્વિક સમ્પૂર્ણ ચૌદપૂર્વીને હોય. તેથી આહારકદ્વિક ન હોય. વળી અત્યંતવિશુદ્ધિએ અપ્રમત્તપણે ચારિત્રને તેઓ પાળનાર હોવાથી વૈક્રિયનો આરંભ કરે નહીં તેથી વૈક્રિયદ્વિક પણ ન હોય. સૂક્ષ્મસંપરાય ચારિત્રવાળા અત્યંત વિશુદ્ધિવડે કલ્લોલ વગરના સમુદ્રની જેમ સ્થિરતાવાળા હોવાથી વૈક્રિયનો કે આહારકનો આરંભ કરે નહીં તેથી તેને પણ આહારકદ્વિક અને વૈક્રિયદ્વિક ન હોય. કાર્મણ અને ઔદારિક મિશ્ર એ અપર્યાપ્ત અવસ્થામાં હોય છે તેથી આ બન્ને સંયમમાં તેનો પણ અભાવ છે.

મિશ્રદષ્ટિને દશ યોગ હોય છે. ત્યાં વૈક્રિય દેવ અને નારકોની અપેક્ષાએ. મિશ્રદષ્ટિ જીવ કાલ કરતો નથી તેથી અપર્યાપ્ત અવસ્થાભાવી વૈક્રિયમિશ્ર યોગ ન હોય, શાસ્ત્રમાં કહ્યું છે કે **न सम्ममिच्छो कुणइ कालं.** અહિં એક પ્રશ્ન થાય છે કે સમ્યગ્ મિથ્યાદષ્ટિ તિર્યંચ અથવા મનુષ્ય ઉત્તર વૈક્રિય શરીર કરે તો તેને વૈક્રિયમિશ્ર કેમ ન હોય ? તત્રોત્તર—તેઓને વૈક્રિયના આરંભનો અસંભવ છે. પૂર્વાચાર્યોએ કોઈપણ કારણથી આ પ્રમાણે વિવક્ષા કરેલ છે. તથાવિધ સંપ્રદાયના અભાવથી અમે કારણ જાણતા નથી. એટલા માટે અમે પણ વૈક્રિય–મિશ્ર વિવક્ષ્યું નથી. એ પ્રમાણે સ્વોપજ્ઞ ટીકામાં કહેલ છે.

**ગાથા. ૩૨.**

"એ પણ સંદેહ" આ વસ્તુ કર્મગ્રંથકારની અપેક્ષાએ જણાવેલ છે. કારણ કે કર્મગ્રંથકાર પહેલાં ત્રણ ગુણઠાણે અજ્ઞાન માને છે અને સિદ્ધાન્તકાર મિથ્યાત્વ મોહનીયના ઉદયનો અભાવ હોવાથી સાસ્વાદને અને મિશ્રે જ્ઞાન માને છે, જ્યારે કર્મગ્રંથકાર સમ્યક્ત્વનો અભાવ હોવાથી પહેલા ત્રણ ગુણઠાણે અજ્ઞાન માને છે. જ્યારે પૂર્વાચાર્યોએ કોઈપણ કારણથી વિભંગજ્ઞાને અવધિદર્શનની વિવક્ષા કરી નથી. તે તથાવિધ સંપ્રદાયના અભાવથી અમે જાણતા નથી એમ સ્વોપજ્ઞ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકામાં જણાવેલ છે. જ્યારે સિદ્ધાન્તકાર વિભંગજ્ઞાને પણ અવધિ-દર્શન માને છે. જે વસ્તુ અગાઉ જણાવી ગયેલ છીએ.

ગાથા ૩૪.

અહીં પણ અવધિદર્શનમાં મત્યજ્ઞાનાદિની વિવક્ષા કરી નથી. તે કર્મગ્રંથકારના અભિપ્રાય પ્રમાણે જાણવું. સિદ્ધાન્તમાં તો અવધિદર્શનમાં પણ મતિઅજ્ઞાન આદિને માનેલ છે.

ગાથા. ૩૫.

આ ગાથામાં મનોયોગ, વચનયોગ અને કાયયોગ વિશે જીવસ્થાનઃ ગુણસ્થાનઃ યોગઃ અને ઉપયોગને આશ્રયી અન્ય આચાર્યોની જે વિવક્ષા છે તે બતાવેલ છે. અન્ય આચાર્યો મનયોગે બે જીવસ્થાનકઃ તેર ગુણસ્થાનકઃ તેર યોગ અને બાર ઉપયોગ માને છે. અભિપ્રાય આ પ્રમાણે છેઃ—

પહેલાં કોઈપણ જાતની વિશેષ વિવક્ષા વગર ત્રણે યોગમાં જીવસ્થાનક આદિનો વિચાર કરેલ છે જેથી આગળ કહેલ વસ્તુઓ ઘટી શકે છે. જ્યારે અહીં વિશેષ વિવક્ષા પૂર્વક વિચાર કરેલ છે. અહીં પ્રત્યેક યોગ યથાસંભવ અન્યયોગોથી રહિત લઈને વિવક્ષા કરેલ છે ત્યાં કાયયોગઃ મનોયોગ અને વચનયોગ રહિત ગણેલ છે, જ્યારે વચનયોગ મનોયોગ રહિત અને મનોયોગ સામાન્યથી વિવક્ષેલ છે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયમાં મનોયોગ રહિત વચનયોગ હોય છે. એકેન્દ્રિયમાં મનોયોગ અને વચનયોગ રહિત એકલો કાયયોગ હોય છે. મનોયોગે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો અને અપર્યાપ્તો એ બે જીવસ્થાનક હોય છે. અપર્યાપ્તો તે કરણ અપર્યાપ્તો સમજવો. શંકા—મનઃપર્યાપ્તિ એ છેલ્લી પર્યાપ્તિ છે, અને મનઃપર્યાપ્તિ પૂર્ણ થાય ત્યારે જીવ પર્યાપ્તો જ હોય અપર્યાપ્તો ન હોય તો અપર્યાપ્ત અવસ્થા કેમ ઘટે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર :- ૧૭મી ગાથામાં મનોયોગ માર્ગણાએ સંજ્ઞી પંચેન્દ્રિય એક જ જીવભેદ માન્યો છે તે વર્તમાન મનોયોગવાલા જીવની અપેક્ષાએ માનેલ છે. જ્યારે આ ગાથામાં બન્ને જીવભેદ માનેલ છે. તે વર્તમાન–ભાવી ઉભય મનોયોગવાલાને મનોયોગી માનીને માનેલ છે.

અયોગિ કેવલિ સિવાયનાં તેર ગુણસ્થાનક હોય છે. ત્યાં ચૌદમું ગુણસ્થાનક અયોગિ છે. તે યોગવાળાને હોયજ નહીં.

કાર્મણ અને ઓદારિકમિશ્ર સિવાયના યોગ તેર હોય. અહીં યોગમાં જે યોગો મનોયોગ સાથે સમકાલીન છે તેનીજ ગણના કરેલી છે. બીજાની નહીં. એટલે અપર્યાપ્ત અવસ્થાભાવી અથવા કેવલિ સમુદ્ઘાતભાવી ઉક્ત બન્ને યોગ મનોયોગ માર્ગણાએ સંભવે નહિ. કેવલિ સમુદ્ઘાતમાં દ્રવ્ય મન છે. પણ પ્રયોજન ન હોવાથી કેવલજ્ઞાની મનોવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરતા નથી. એટલે તે અવસ્થામાં પણ વચન–કાયયોગના સાહચર્યવાળો મનોયોગ નથી, શાસ્ત્રમાં કહ્યું છે કે–

**मनोवचसी तु तदा सर्वथा न व्यापारयति, प्रयोजनाभावात्** (ધર્મસારટીકા)

ઉપયોગ બાર હોય છે. મનવાલા પ્રાણિઓમાં સર્વ પ્રકારની બોધ-શક્તિ હોય છે એટલા માટે મનોયોગ માર્ગણાએ ઉપયોગ બાર હોય છે.

હવે વચનયોગે મતાંતર જણાવે છે. અહીં વચનયોગ મનોયોગ રહિત સમજવો. વચનયોગ માર્ગણાએ જીવસ્થાન આઠ, ગુણઠાણાં ૨, યોગ ચાર અને ઉપયોગ ચાર હોય.

**આઠ જીવસ્થાનક આ પ્રમાણે** :—બેઇંન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એ ચ્યાર પર્યાપ્તા અને અપર્યાપ્તા. એ પ્રમાણે આઠ. ૧૭મી ગાથામાં સામાન્ય વચનયોગ લીધો છે, એટલે સંજ્ઞી જીવની પણ ગણના કરેલ છે. ૧૬મી ગાથામાં ફક્ત વર્તમાન વચન-યોગવાલાની વિવક્ષા છે, જ્યારે અહીં વર્તમાન–ભાવી બન્ને અવ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાભાવી જીવસ્થાનોની ગણના છે એટલા માટે ત્યાં પાંચ અને અહીં આઠ જીવસ્થાનો ગણ્યાં છે.

મિથ્યાત્વ અને સાસ્વાદન એ બે ગુણસ્થાનક હોય. કાર્મણ, ઔદારિકમિશ્ર, ઔદારિક અને અસત્યામૃષાવચનયોગ એ ચાર યોગ હોય, અને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ ચાર ઉપયોગ હોય. પહેલાં ૨૨, ૨૮ અને ૩૧ મી ગાથામાં તેર ગુણસ્થાનક, તેર યોગ અને બાર ઉપયોગ માનેલ છે, ત્યાં વચનયોગ માર્ગણાએ સમકાલીન યોગોની વિવક્ષા છે એટલે અપર્યાપ્ત અવસ્થાભાવી કાર્મણ અને ઔદારિકમિશ્રની ગણના નથી. અહીં અસમ—કાલીન પણ ભાવીની અપેક્ષાએ ગણના કરી કાર્મણ—ઔદારિકમિશ્રની પણ વિવક્ષા કરેલ છે. એ જ રીતે બે જ ગુણસ્થાનક અને ચાર ઉપયોગ પણ ઘટી શકે છે.

હવે કાયયોગે મતાંતર જણાવે છે, કાયયોગ વચનયોગ અને મનોયોગ રહિત સમજવો. ત્યાં જીવભેદ ચાર, ગુણઠાણાં બે, યોગ પાંચ અને ઉપયોગ ત્રણ હોય.

સૂક્ષ્મ અને બાદર એકેન્દ્રિય તે બન્ને પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ જીવભેદ ચાર હોય. ગુણસ્થાનક પહેલું અને બીજું એ બે હોય. ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક અને કાર્મણ એ પાંચ યોગો તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન એ ત્રણ ઉપયોગ હોય. પહેલાં ૧૬, ૨૨, ૨૪ અને ૩૧મી ગાથામાં જીવસ્થાન ચૌદ, ગુણસ્થાન તેર, યોગ પંદર અને ઉપયોગ બાર જણાવેલ છે ત્યાં અન્ય યોગ સહચરિત કાયયોગની વિવક્ષા છે. જ્યારે અહીં અન્ય યોગ રહિત એકલા કાયયોગની વિવક્ષા છે. અને તે ફક્ત એકેન્દ્રિયમાં જ હોય છે. એટલે અહીં કહ્યા પ્રમાણે યોગ—ઉપયોગાદિ ઘટી શકે છે.

આ પ્રમાણે અન્ય—આચાર્યો વિવક્ષા ભેદથી જે મતાંતરો માને છે તે આ ગાથામાં જણાવેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથા. ૩૭.

"અને શેષ ૪૧ માર્ગણાને વિષે" દેવગતિ, મનુષ્ય ગતિ, તિર્યંચગતિ, પંચેન્દ્રિય, ત્રણ યોગ, ત્રસકાય, ત્રણ વેદ, ચાર કષાય,સાત જ્ઞાન, પાંચ સંયમ, ત્રણ દર્શન, ભવ્ય, અભવ્ય, છ સમ્યક્ત્વ, સંજ્ઞી, આહારી, અણાહારી એ ૪૧ માર્ગણાને વિષે છ લેશ્યા હોય. અભવ્યાદિકને અશુદ્ધ પરિણામ હોવાથી અશુદ્ધ લેશ્યા હોવી જોઈએ, પરંતુ વ્યવહારે શુભ પ્રવૃત્તિએ કરીને અને શુદ્ધ દ્રવ્યક્રિયાએ કરીને અભવ્ય નવમા ગ્રૈવેયક સુધી જાય છે તે માટે એને શુકલ લેશ્યા કહી છે.

ગાથા. ૪૬.

"વૈક્રિયદ્વિક સહિત" અંબડ શ્રાવકની જેમ કેટલાક વૈક્રિય લબ્ધિવાળાને વૈક્રિય પ્રારંભનો સંભવ છે માટે.

ગાથા. ૪૯.

આ ગાથામાં સૈદ્ધાન્તિક અને કાર્મગ્રંથિક મતાંતરોનું વર્ણન છે.

(૧) સિદ્ધાન્તમાં સાસ્વાદન સમ્યક્ત્વે જ્ઞાન પણ માનેલ છે, જ્યારે કર્મગ્રંથકાર અજ્ઞાન માને છે. સિદ્ધાન્તમાં તેનો પાઠ આ પ્રમાણે છે.

"बेइंदिया णं भंते ! किं नाणि अन्नाणि ! गोयमा ! नाणि वि अन्नाणी वि. जे नाणी ते नियमा दु नाणी, आभिणिबोहियनाणी सुयनाणी। जे अन्नाणी ते वि नियमा दुअन्नाणी. तं जहा मइअन्नाणी सुयअन्नाणी.

ભ. શ. ૮

(૨) હે ભગવાન્ ! બેઇન્દ્રિયો જ્ઞાની છે કે અજ્ઞાની ? હે ગૌતમ ! જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે તે મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની એ બે જ્ઞાની છે. જે અજ્ઞાની છે તે પણ નિયમા મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની એ બે અજ્ઞાની છે. અહીં જે જ્ઞાની કહ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તે સાસ્વાદન સમ્યક્ત્વની અપેક્ષાએ કહેલ છે. બીજા સમ્યક્ત્વનો અભાવ હોવાથી તેની અપેક્ષાએ કહેલ નથી. પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે–

**वेइंदियस्स दो नाणा कहं लब्भंति ? भणइ–सासायणं पडुच्च तस्सापज्जत्तयस्स दो नाणा लब्भंति.**

બેઈન્દ્રિયને બે જ્ઞાન કેવી રીતે હોય ? સાસ્વાદન સમ્યક્ત્વની અપેક્ષાએ કરણ અપર્યાપ્ત અવસ્થામાં બે જ્ઞાન હોય છે.

સાસ્વાદનભાવે જ્ઞાન સૂત્રસંમત હોવા છતાં કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણે અહીં તેને લીધું નથી. તેનો આશય આ પ્રમાણે છે–સાસ્વાદન સમ્યક્ત્વ પડતાં હોય છે, તે મિથ્યાત્વની સન્મુખ છે માટે મલિન છે. એટલે જ્ઞાન પણ મલિન હોવાથી અજ્ઞાનજ છે. કર્મગ્રંથકાર સમ્યક્ત્વ મોહનીયના ક્ષય–ઉપશમ કે ક્ષયોપશમ ભાવમાંજ જ્ઞાન માને છે.

(૨) સિદ્ધાન્તમાં વૈક્રિય અને આહારકને પ્રારંભકાળે ઔદારિક સાથે મિશ્ર થતું હોવાથી ઔદારિકમિશ્ર કહ્યું છે. પન્નવણામાં ૧૬ મા પદમાં કહ્યું છે કે–જયારે વૈક્રિય લબ્ધિસમ્પન્ન એવા ઔદારિક શરીરવાળા પંચેન્દ્રિય મનુષ્ય, પંચેન્દ્રિયતિર્યંચ અથવા બાદર વાયુકાય વૈક્રિય શરીર કરે છે ત્યારે ઔદારિક શરીર યોગમાં વર્તમાન હોય છે. તે વૈક્રિય શરીરમાં શરીર પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી વૈક્રિય સાથે મિશ્રતા હોય છે, પણ ઔદારિકનું પ્રધાનપણું હોવાથી વ્યપદેશ ઔદારિકમિશ્રનો થાય છે, એજ પ્રમાણે આહારક શરીર સંબન્ધે પણ સમજવું. એટલે વૈક્રિય અને આહારક કરતી વખતે ઔદારિકમિશ્ર અને પરિત્યાગકાળે અનુક્રમે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર હોય છે. કર્મગ્રંથકાર માને છે કે કોઈ પણ શરીરદ્વારા કાયયોગનો વ્યાપાર હોય પણ ઔદારિક શરીર જન્મસિદ્ધ છે. વૈક્રિય અને આહારક લબ્ધિજન્ય શરીરની પ્રધાનતા માનીને પ્રારંભ અને પરિત્યાગકાળે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્રનો વ્યવહાર કરવો જોઈએ. અહીં આ રીતે કર્મગ્રંથકારનો અભિપ્રાય ગ્રહણ કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) સિદ્ધાન્તમાં એકેન્દ્રિયમાં સાસ્વાદન ગુણઠાણું માન્યું નથી. જ્યારે કર્મગ્રંથકાર માને છે. સિદ્ધાન્તમાં વિશેષ સૂત્રથી એકેન્દ્રિયોને અજ્ઞાની કહ્યાં છે. જો એમ ન કહ્યું હોત તો બેઈન્દ્રિયોની માફક તેમને પણ જ્ઞાની માનવા પડત અને સાસ્વાદનભાવ માનવો પડત. તે સૂત્ર આ પ્રમાણે:—

**एगिंदिया णं भंते ! किं नाणि अन्नाणि ? गोयमा ! नो नाणी नियमा अन्नाणी.**

હે ભગવાન્! એકેન્દ્રિયો જ્ઞાની કે અજ્ઞાની? હે ગૌતમ ! જ્ઞાની નથી, નિયમથી અજ્ઞાની છે. આ વિષયો સિવાય નીચેની બે બાબતોમાં પણ મતાંતર પ્રવર્તે છે. (૧) સિદ્ધાન્તી અવધિદર્શન એકથી બાર ગુણસ્થાનક સુધી માને છે. જ્યારે કર્મગ્રંથકાર ચોથાથી બાર સુધી માને છે. (૨) સિદ્ધાન્તમાં ગ્રન્થિભેદ પછી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ માન્યું છે, જ્યારે કર્મગ્રંથકાર ઔપશમિક સમ્યક્ત્વ માને છે.

આ ગાથામાં પણ કર્મગ્રંથકાર અને સિદ્ધાન્તકારની જે જુદી જુદી માન્યતાઓ છે તે બતાવેલ છે.

ગાથા. ૫૦.

ગુણસ્થાનકમાં લેશ્યા ઉપર

અહીં ગુણસ્થાનક ઉપર લેશ્યા ઘટાવેલ છે. જ્યારે આગળ લેશ્યા માર્ગણા ઉપર ગુણસ્થાનક ઘટાવેલ છે. ગુણસ્થાનક ઉપર લેશ્યા ઘટાવતી વખતે પહેલા છ ગુણસ્થાનકમાં છ લેશ્યા માનેલ છે. જ્યારે લેશ્યા માર્ગણા ઉપર ગુણસ્થાનક ઘટાવતી વખતે પહેલા ચાર ગુણઠાણે છ લેશ્યાઓ માનેલ છે. આ બંને વસ્તુ અપેક્ષાકૃત છે. પહેલા મત અનુસાર પાંચમું અને છઠ્ઠું ગુણસ્થાનક પ્રાપ્ત કરતી વખતે શુભ લેશ્યા હોય છે, પણ પ્રાપ્ત કર્યા પછી અશુભ લેશ્યાઓ હોય છે. એ અપેક્ષાએ પહેલા છ ગુણઠાણે છ લેશ્યાઓ. જ્યારે બીજા મત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસાર પાંચમું અને છઠ્ઠું ગુણસ્થાનક શુભ લેશ્યાએજ પ્રાપ્ત થાય છે. એટલે તે તે ગુણસ્થાનકની પ્રાપ્તિ વખતે શુભ લેશ્યાઓ હોવાથી પ્રથમનાં ચાર ગુણઠાણાએ છ લેશ્યા ગણાવેલ છે.

"બન્ધ હેતુપર" આગળ પહેલા કર્મગ્રંથમાં બન્ધના જે હેતુઓ ગણાવેલ છે તે વ્યવહાર દૃષ્ટિથી ગણાવેલ છે. જ્યારે અહીં ગણાવેલ હેતુઓ નિશ્ચય દૃષ્ટિથી છે. અથવા પહેલા કર્મગ્રંથમાં ગણાવેલ હેતુઓ બાહ્ય હેતુઓ છે જ્યારે આ અભ્યંતર હેતુઓ છે.

**ગાથા ૫૩.**

"એક સાતા વેદનીય ચાર હેતુએ બંધાય" શાતાવેદનીય ચારે હેતુએ બંધાય છે. શાતા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે બંધાય છે તે મિથ્યાત્વ પ્રત્યયિક બંધાય છે. બાકીના ત્રણ હેતુએ પણ બંધાય છે. પરંતુ અહીં તે હેતુઓ ગૌણ છે અને મિથ્યાત્વની મુખ્યતા છે. બીજાથી પાંચમા ગુણઠાણા સુધી અવિરતિની મુખ્યતા છે અને બાકીના હેતુઓ ગૌણ છે. પ્રમત્તથી સૂક્ષ્મ-સંપરાય લગી કષાયની મુખ્યતા છે અને યોગની ગૌણતા છે. એટલે ત્યાં કષાય પ્રત્યયિક બંધાય છે. ઉપશાન્તમોહથી સયોગી લગી એક યોગ પ્રત્યયિકજ બંધાય છે. આ પ્રમાણે શાતા ચાર હેતુએ કરીને બંધાય છે.

"મિથ્યાત્વ ગુણઠાણેજ બંધ છે" નરક–ત્રિક વગેરે સોળ પ્રકૃતિઓ મિથ્યાદૃષ્ટિ ગુણઠાણે જ બંધાય છે. કારણ કે તેનો મિથ્યાત્વની સાથે અન્વય–વ્યતિરેક સંબંધ છે. મિથ્યાત્વ હોય ત્યારે આ પ્રકૃતિઓ બંધાય છે. અને મિથ્યાત્વના અભાવમાં બંધાતી નથી. આથી મિથ્યાત્વ એ આનું મુખ્ય કારણ છે. અને બાકીના ત્રણ ગૌણ છે. એટલે મિથ્યાત્વ પ્રત્યયિક ગણાવેલ છે.

"મિથ્યાત્વ અને અવિરતિ એ બે હેતુએ બંધાય" તિર્યંચત્રિક વગેરે ૩૫ પ્રકૃતિઓના બંધના મુખ્ય કારણો મિથ્યાત્વ અને અવિરતિ છે. અને બાકીનાં બે ગૌણ કારણો છે. એટલે એ બે કારણો વડે તેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધ કહેલ છે. કારણ કે મિથ્યાત્વ અને અવિરતિ હોય ત્યાં સુધી આ પ્રકૃતિઓ બંધાય છે. અને તેના અભાવમાં બંધનો પણ અભાવ છે.

"એ ત્રણ હેતુએ બંધાય" આહારકદ્વિક અને તીર્થંકર નામકર્મ સિવાયની બાકીની ૬૫ પ્રકૃતિઓ મિથ્યાત્વથી સૂક્ષ્મસંપરાય લગી યથાયોગ્ય મિથ્યાત્વ—અવિરતિ અને કષાય વડે બંધાય છે. માટે અહીં આ ત્રણ હેતુઓની મુખ્યતા છે. અને યોગની ગૌણતા છે. અહીં ત્રણ હેતુઓ સાથે આ ત્રેસઠ પ્રકૃતિઓનો અન્વય—વ્યતિરેક સંબંધ છે. આ ત્રણ હેતુઓ હોય ત્યાં સુધી બંધાય છે. અને હેતુઓ ટળ્યા પછી આગળના ગુણઠાણે બંધાતી નથી. આગળ એકલો યોગ છે. યોગની સાથે આ પ્રકૃતિઓનો અન્વય—વ્યતિરેક સંબંધ નથી, માટે યોગનું વર્જન કરેલ છે.

**सम्मत्तगुणनिमित्तं**" વગેરે આહારકદ્વિક અને જિનનામના વિશેષ બંધ હેતુ તરીકે અહીં સમ્યક્ત્વને ગણેલ છે. કારણ કે સમ્યક્ત્વના અભાવમાં આ પ્રકૃતિઓ બંધાતી નથી એમ એનો વિશેષ હેતુ જણાવવા માટે આ ત્રણ પ્રકૃતિને જુદી ગણાવેલ છે. બાકી પંચસંગ્રહમાં તો **सेसा उ कसाएहिं**" એમ કહીને તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિકને પણ કષાય પ્રત્યયિક ગણાવેલ છે. વળી આગળ ૨૦ મી ગાથામાં તીર્થંકર નામકર્મને સમ્યક્ત્વ પ્રત્યયિક અને આહારકદ્વિકને સંયમ પ્રત્યયિક જણાવેલ છે. એ પણ વિશેષ હેતુ બતાવવા માટે જ જણાવેલ છે. વળી આગળ પ્રકૃતિ અને પ્રદેશ બંધના કારણ તરીકે યોગ, અને સ્થિતિબંધ અને રસબંધના કારણ તરીકે કષાયો પંચમ કર્મગ્રંથમાં કહેશે, એટલે અહીં કર્તાનો આશય વિશેષહેતુ નિર્દેશ કરવાનો છે.

ગાથા ૫૬.

"દેશવિરતિએ ૩૮ હેતુ હોય" દેશવિરતિ ગુણસ્થાનક વિગ્રહગતિ અને અપર્યાપ્ત અવસ્થામાં હોતું નથી એટલે કાર્મણ કાયયોગ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔદારિકમિશ્ર કાયયોગ એ બે ન હોય, અને ત્રસકાયની અવિરતિથી વિરમેલ હોવાથી તે પણ ન હોય. અહીં શંકા થાય છે કે-ત્રસની અવિરતિ માત્ર સંકલ્પથીજ ટળી છે, પણ આરંભથી નહી તો અહીં ત્રસની અવિરતિ કેમ ટાળી ? ઉત્તર:—ગૃહસ્થોને અશક્ય પરિહાર હોવાથી આરંભથી ત્રસની અવિરતિ હોવા છતાં તે અલ્પ હોવાથી અહીં તેની વિવક્ષા કરી નથી. આ વસ્તુ બૃહચ્છતકની ચૂર્ણિ અનુસાર લખેલ છે. અને અપ્રત્યાખ્યાનાવરણીય ચાર કષાયના ઉદયનો અભાવ હોવાથી તે પણ અહીં હોય નહીં.

ગાથા ૫૯.

"એ ત્રણ ગુણઠાણે સાત કર્મ બાંધે" મિશ્ર ગુણઠાણે તથા-સ્વભાવથીજ જીવ આયુષ્ય બાંધતો નથી. અપૂર્વકરણ અને અનિવૃત્તિ બાદરે અતિ વિશુદ્ધ અધ્યવસાય હોવાથી આયુષ્ય બંધાતું નથી. કારણ કે આયુષ્યબંધ ઘોલના પરિણામથી થાય છે.

"એ બે વર્જીને છ કર્મ બાંધે" મોહનીયનો બંધ બાદર કષાયના ઉદયે થાય છે, અને સૂક્ષ્મસંપરાયે બાદર કષાયનો અભાવ હોવાથી મોહનીય ન બંધાય તથા અતિવિશુદ્ધ હોવાથી આયુષ્ય પણ ન બંધાય.

ગાથા ૬૨

"મિશ્રે મરે નહીં તેથી ત્યાં આઠ ઉદીરે" મિશ્ર ગુણઠાણે આઠ કર્મનીજ ઉદીરણા હોય. કોઈ કાળે સાતની ઉદીરણા ન હોય. કારણ કે મિશ્ર ગુણઠાણે આવલિકાશેષ આયુષ્યનો અભાવ છે. મિશ્ર ગુણઠાણે રહેલો જીવ આયુષ્ય એક અન્તર્મુહૂર્ત બાકી હોય ત્યારે મિશ્ર ભાવને તજીને મિથ્યાત્વે અથવા સમ્યક્ત્વે જાય છે.

"છ કર્મ ઉદીરે" ત્યાં અતિ વિશુદ્ધ પરિણામ હોવાથી આયુષ્ય અને વેદનીયની ઉદીરણાનો અભાવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શેષ ૫ કર્મ ઉદીરે" ઉપશાન્તમોહ ગુણઠાણે અતિવિશુદ્ધ પરિણામ હોવાથી વેદનીય અને આયુષ્યની ઉદીરણા ન હોય અને મોહનીયના ઉદયનો અભાવ હોવાથી તેની પણ ઉદીરણા ન હોય. કારણ કે **वेद्यमानमेवोदीर्यते** વેદાતું કર્મજ ઉદીરાય છે.

**ગાથા ૬૨**

સારાંશ:—ત્રીજે ગુણઠાણે આઠની ઉદીરણા. પહેલે, બીજે, ચોથે, પાંચમે અને છઠ્ઠે સાત અને આઠ કર્મની ઉદીરણા, સાતમાથી લઈને દશમાની એક આવલિકા બાકી રહે ત્યાં સુધી છની ઉદીરણા. દશમાની છેલ્લી આવલિકાથી લઈને બારમાની છેલ્લી આવલિકા બાકી રહે ત્યાં સુધી પાંચ કર્મની ઉદીરણા. બારમાની છેલ્લી આવલિકાથી તેરમાના અન્ત સુધી બેની ઉદીરણા. ઉદીરણા અધિકારમાં સર્વ કર્મની ઉદય—સત્તાની સ્થિતિ એક આવલિકા શેષ હોય ત્યારે ઉદીરણા અટકે એ ભાવાર્થ છે.

"બે ૩ ગુણઠાણે પરસ્પર સરખા" સર્વ જીવને શ્રેણિએ ચડતા એ ત્રણ ગુણઠાણાં હોય માટે સરખા કહ્યા.

**ગાથા ૬૪**

**ઔપશમિક ભાવ :**—મોહનીય કર્મના સર્વથા દબાઈ જવાથી એટલે વિપાક અને પ્રદેશરૂપપણાએ બન્ને પ્રકારના ઉદયના ઉપશમથી (અભાવથી) પ્રગટ થયેલ જે જીવ સ્વભાવ તે ઔપશમિક ભાવ.

**ક્ષાયિક ભાવ :**—કર્મનો અત્યંત ક્ષય થવાથી પ્રગટ થયેલ જે જીવ સ્વભાવ તે ક્ષાયિક ભાવ.

**ક્ષાયોપશમિક ભાવ:**—ઉદયમાં આવેલ કર્મનો ક્ષય અને અનુદિત કર્મના ઉપશમ થવાથી પ્રગટ થયેલ જીવ સ્વભાવ તે ક્ષાયોપશમિક ભાવ. અહીં ઉપશમના બે અર્થ છે. (૧) ઉદયમાં આવેલ કર્મનો ભોગવીને નાશ કરવો અને જે ઉદયમાં નથી આવ્યાં પણ આવવાનાં છે તેમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યવસાય અનુસારે રસ ઓછો કરવો એટલે તેઓને હીનશક્તિવાળાં કરવાં અને રહેલ શક્તિના પ્રમાણમાં ભોગવવાં. આ અર્થ ઉદયયુક્ત ક્ષયોપશમવાળાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયમાં ઘટે છે. (૨) ઉદયમાં આવેલાં કર્મનો ભોગવી નાશ કરવો અને ઉદયમાં નહિ આવેલાં તેઓને હીનશક્તિવાળાં કરી એવી સ્થિતિમાં મૂકવાં કે સ્વરૂપતઃ ફળ ન આપી શકે. પરરૂપે ભોગવાઈ દૂર થાય. આ અર્થ મોહનીયમાં લાગુ થાય છે.

**ઔદયિકભાવ:**—કર્મની શુભાશુભ પ્રકૃતિના (રસના) ઉદયથી પ્રગટ થયેલ જીવ સ્વભાવ તે ઔદયિક ભાવ.

**પારિણામિકભાવ:**—જેને લઈને મૂળ વસ્તુમાં કોઈ પણ પ્રકારનું પરાવર્તન ન થાય એવો ભાવ તથા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં રહેલ જે સ્વતઃસિદ્ધ સ્વભાવ તે પારિણામિકભાવ.

**ગાથા ૬૫**

**કેવળજ્ઞાન:**—કેવળજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય તે ક્ષાયિક કેવળજ્ઞાન.

**કેવળદર્શન:**—કેવળદર્શનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય તે ક્ષાયિક ભાવનું કેવળ દર્શન.

**ક્ષાયિક સમ્યક્ત્વ:**—અનંતાનુબંધી ચાર કષાય અને ત્રણ દર્શનમોહનીય એ સાત પ્રકૃતિનો ક્ષય થવાથી આત્મામાં ઉત્પન્ન થયેલ તત્ત્વરુચિગુણ તે ક્ષાયિક સમ્યક્ત્વ.

**દાનાદિ પાંચ લબ્ધિ:**—દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાંતરાય અને વીર્યાન્તરાય એ પાંચ પ્રકારના અંતરાય કર્મનો ક્ષય થવાથી ઉત્પન્ન થાય તે દાનાદિ પાંચ લબ્ધિ જાણવી.

**યથાખ્યાત ચારિત્ર:**—ચારિત્ર મોહનીયના ક્ષયથી ઉત્પન્ન થયેલ તે યથાખ્યાત ચારિત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"૪ જ્ઞાન, ૩ અજ્ઞાન" મતિજ્ઞાન—મતિઅજ્ઞાન, શ્રુતજ્ઞાન—શ્રુતઅજ્ઞાન, અવધિજ્ઞાન—વિભંગજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન, તે તે પ્રકારના જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે.

"૩ દર્શન" ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન તે તે પ્રકારના દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે.

"દાનાદિ પાંચ લબ્ધિ" દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય આ પાંચ લબ્ધિઓ તે તે પ્રકારના અંતરાયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે.

પ્રશ્નઃ—દાનાદિ પાંચ લબ્ધિઓ પહેલાં ક્ષાયિક ભાવની કહી છે. અને અહીં ક્ષાયોપશમિક ભાવના કહી છે. તો વિરોધ કેમ નહીં ?

ઉત્તર—દાનાદિ લબ્ધિઓ બે પ્રકારની છે. (૧) અંતરાયકર્મના ક્ષયથી ઉત્પન્ન થતી (૨) અંતરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતી. ત્યાં ક્ષાયિક ભાવમાં ગણાવેલી ક્ષયથી ઉત્પન્ન થયેલ અને કેવલજ્ઞાનીને હોય છે, જ્યારે બીજા પ્રકારની છદ્મસ્થોને હોય છે.

**ક્ષયોપશમ સમ્યક્ત્વ** :—અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શન મોહનીયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ ભાવ.

**દેશવિરતિ** :—અપ્રત્યાખ્યાનાવરણીય ચાર કષાયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ ભાવ,

**સર્વવિરતિ**:—પ્રત્યાખ્યાનાવરણીય ચાર કષાયના ક્ષયોપશમથી સર્વવિરતિ ગુણ ઉત્પન્ન થાય છે.

**ગાથા ૬૬**

"અજ્ઞાનપણું" મિથ્યાત્વના ઉદયથી અસદ્ અધ્યવસાયવાળું સદ્જ્ઞાન પણ અજ્ઞાન છે. પાછળની ગાથામાં ત્રણ અજ્ઞાનને ક્ષાયોપશમિક ભાવમાં ગણેલ છે. અને અહીં ઔદયિક ભાવમાં ગણેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો ત્યાં ક્ષાયોપશમિક ભાવમાં ગણવાનું કારણ એ છે કે તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે તે અપેક્ષાએ કહેલ છે. અને અહીં ઔદયિક ભાવમાં ગણવાનું કારણ એ છે કે અજ્ઞાનતાનું મુખ્ય કારણ મિથ્યાત્વ મોહનીયનો ઉદય છે.

**અસિદ્ધત્વઃ**—આઠ પ્રકારના કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ ભાવ.

**અસંયમઃ**—અવિરતિપણું. અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના ઉદયથી ઉત્પન્ન થાય છે.

૬ **"લેશ્યા"**:—(૧) જેઓના મતથી લેશ્યા કષાયાન્તર્ગત દ્રવ્ય છે. તેમના મતે કષાય મોહનીયના ઉદયથી ઉત્પન્ન થતી હોવાથી ઔદયિક. (૨) જેઓ લેશ્યાને યોગ પરિણામરૂપ માને છે તેઓના મતે ત્રણ—યોગ જનક કર્મના ઉદયથી ઉત્પન્ન થતી હોવાથી ઔદયિક ભાવે. (૩) જેઓ લેશ્યાને આઠે કર્મના પરિણામરૂપ માને છે તેઓના અભિપ્રાયથી સંસારિત્વ અને આઠ પ્રકારના કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલ છે.

"૪ કષાય" ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચાર કષાયો મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે.

"૪ ગતિ" નારકત્વ, તિર્યક્ત્વ, મનુજત્વ અને દેવત્વરૂપ પર્યાય ગતિનાકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે.

"ત્રણ વેદ" સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ નોકષાય મોહનીયના ઉદયથી ઉત્પન્ન થાય છે. એટલે ઔદયિકભાવે છે.

"મિથ્યાત્વ" અતત્ત્વની શ્રદ્ધારૂપ મિથ્યાત્વ મોહનીયના ઉદયથી ઉત્પન્ન થતું હોવાથી ઔદયિક છે.

ગાથા ૬૮.

ક્ષાયિક—પારિણામિકઃ—આ ભાંગો સિદ્ધોને હોય એટલે ૧

ક્ષાયિક—ઔદયિક—પારિણામિકઃ—આ ભાંગો કેવળીને હોય એટલે ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષાયોપશમિક—ઔદયિક—પારિણામિક :—ચારે ગતિમાં હોય.
એટલે ૪

ઔપશમિક—ક્ષાયોપશમિક—ઔદયિક—પારિણામિક—ચારે ગતિમાં
એટલે ૪

ક્ષાયિક—ક્ષાયોપશમિક—ઔદયિક—પારિણામિક :— ચારે ગતિમાં
એટલે ૪

ઔપશમિક—ક્ષાયિક—મિશ્ર — ઔદયિક—પારિણામિક :— મનુષ્યગતિ
એટલે ૧

કુલ ચારે ગતિ આશ્રયીને ૧૫ ભેદ સાંનિપાતિક ભાવના થાય. તેમાં મુખ્ય ભેદ ૬ છે. તે જીવમાંહે સંભવે, બીજા નહિ.

**ગાથા ૬૯.**

ચાર ઘાતિ કર્મનો ક્ષાયોપશમિક ભાવ હોય છે પણ કેવલ જ્ઞાનાવરણીય અને કેવલ દર્શનાવરણીયનો ક્ષાયોપશમિક ભાવ હોતો નથી. એટલી વિશેષતા સમજવી.

## અજીવ દ્રવ્યને વિષે ભાવ

ધર્માસ્તિકાય—અધર્માસ્તિકાય—આકાશાસ્તિકાય — પુદ્ગલાસ્તિકાય અને કાળ એ પાંચ અજીવ દ્રવ્યો છે. પુદ્ગલાસ્તિકાય સિવાય બાકીનાં ચાર અજીવ દ્રવ્યોને વિશે પારિણામિક ભાવ હોય છે. ધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલોને ગતિમાં સહાયરૂપ કાર્યમાં અનાદિકાલથી પરિણમેલ છે. અધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલને સ્થિતિમાં સહાયરૂપ પોતાના કાર્યમાં અનાદિકાલથી પરિણમેલ છે. આકાશાસ્તિકાય જીવ અને પુદ્ગલને અવકાશ આપવારૂપ પોતાના કાર્યમાં અનાદિકાલથી પરિણમેલ છે. કાલ સમયપર્યાયરૂપ સ્વકાર્યમાં અનાદિકાલથી પરિણમેલ છે. માટે આ ચારેનો અનાદિ પારિણામિક ભાવ છે.

પુદ્ગલ દ્રવ્યમાં પારિણામિક અને ઔદયિક એ બે ભાવ રહેલ છે. ત્યાં પારિણામિક ભાવ બે ભેદે છે. સાદિ—પારિણામિક અને અનાદિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પારિણામિક. ત્યાં દ્વયણુકાદિ સ્કંધો સાદિ–કાલથી તે તે ભાવમાં પરિણમેલ હોવાથી તેનો સાદિ–પારિણામિક ભાવ હોય છે. જ્યારે મેરૂ વગેરે શાશ્વતા પદાર્થો અનાદિ–કાલથી તે તે ભાવમાં પરિણમેલ હોવાથી તેનો અનાદિ–પારિણામિક ભાવ હોય છે. ઔદારિકાદિ શરીરનામ-કર્માદિના ઉદયથી ગ્રહણ કરેલા અનંત પરમાણુવાળા સ્કંધો તથા અંગોપાંગાદિ આકાર તથા વર્ણાદિને ઔદયિક અને પારિણામિક ભાવ ઘટે છે. કારણ કે એ સ્વ–સ્વભાવમાં પરિણત હોવાથી પારિણામિક ભાવ. અને ઔદારિક આદિ શરીરનામ–કર્મ જન્ય હોવાથી ઔદયિક ભાવ. જીવ જેને નથી ગ્રહણ કરી શકતો એવા દ્વિ–અણુકાદિસ્કંધોમાં જે વધઘટ થાય તેમાં તો સાદિ–પારિણામિક ભાવ ઘટે છે. ટીકામાં જીવ જેને ગ્રહણ કરી શકે છે તેવા સ્કંધોમાંજ ઔદયિક ભાવ કહેલ છે. જ્યારે ટબામાં દ્વિ–અણુકાદિને પણ ઔદયિક ભાવ કહ્યો છે. તેનો આશય સમજી શકાતો નથી, કારણ કે તેમાં તો સાદિ–પારિણામિક ભાવ ઘટે છે કાર્મણ વર્ગણાના પુદ્ગલ સ્કંધોમાં ઔપશમિક આદિ ભાવો ઘટી શકે છે. પણ તેની અહીં વિવક્ષા કરેલ નથી.

**ગાથા. ૭૦.**

"ત્યારે ૪ ભાવ હોય" (૧) પારિણામિક (૨) ઔદયિક (૩) ક્ષાયોપશમિક (૪) ઔપશમિક. અથવા (૧) પારિણામિક (૨) ઔદયિક (૩) ક્ષાયોપશમિક (૪) ક્ષાયિક. પંચસંગ્રહ દ્વાર બીજું ગા. ૬૪ ની ટીકામાં આ પ્રમાણે વિશેષતા છે—ત્યાં "ઉપશમક–ઉપશાન્ત," પદથી આઠમાથી અગિયારમા સુધીનાં ચાર ગુણસ્થાનક ગ્રહણ કરેલ છે. અને "અપૂર્વ તથા ક્ષીણ" પદથી આઠમું, નવમું, દશમું અને બારમું એ ચાર ગુણસ્થાનક ગ્રહણ કરેલ છે. ત્યાં ઉપશમ શ્રેણીવાળાને ઔપશમિક ચારિત્ર માનેલ છે. પણ ક્ષપકશ્રેણીવાળા માટે ચારિત્રનો કોઈ ઉલ્લેખ નથી, જ્યારે ટીકા અને ટબા અનુસાર આઠમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણઠાણે ક્ષાયોપશમિક ચારિત્ર અને ઉપશમ શ્રેણીવાલાને ૯-૧૦-૧૧ એ ગુણઠાણે ઉપશમ ચારિત્ર તથા ક્ષપક શ્રેણીવાળા માટે ચરિત્રનો કોઈ ઉલ્લેખ નથી.

અગિયારમા ગુણઠાણે મોહનીયનો સમ્પૂર્ણ ઉપશમ હોય છે એટલે માત્ર ઔપશમિક ચારિત્ર હોય છે. નવમે અને દશમે ઔપશમિક ક્ષાયોપશમિક એ બે ચારિત્ર હોય છે. કારણ કે એ બે ગુણઠાણે ચારિત્ર મોહનીયની કેટલીક પ્રકૃતિઓ ઉપશાન્ત હોય છે. બધી નહીં. એટલે ઉપશાન્ત પ્રકૃતિઓની અપેક્ષાએ ઔપશમિક અને અનુપશાન્ત પ્રકૃતિઓની અપેક્ષાએ ક્ષાયોપશમિક ચારિત્ર સમજાય છે. એજ પ્રમાણે ક્ષપક શ્રેણીવાળાને ચારિત્ર મોહનીયની કેટલીક પ્રકૃતિઓનો ક્ષય અને કેટલીકનો ક્ષયોપશમ હોવાથી ક્ષાયિક અને ક્ષાયોપશમિક ચારિત્ર ૮-૯-૧૦-૧૨ ગુણઠાણે સમજાય છે.

ગાથા. ૭૦.

આ ગાથા કોઈ એક જીવને વિવક્ષિત સમયે કેટલા ભાવો હોય તે સંબંધિ છે. એક જીવમાં જુદા જુદા સમયે અથવા અનેક જીવમાં એક સમયે પાંચે ભાવો હોઈ શકે છે. ત્યાં ગુણઠાણાની અપેક્ષાએ પહેલા ત્રણ ગુણઠાણામાં ઔદયિક-ક્ષાયોપશમિક અને પારિણામિક એ ત્રણ ભાવો હોય છે. ચોથાથી અગિયારમા સુધીનાં આઠ ગુણઠાણામાં પાંચે ભાવો હોય છે. બારમા ગુણઠાણે ઔપશમિક સિવાયના ચાર ભાવો હોય છે. તેરમા અને ચૌદમા ગુણઠાણે ક્ષાયિક-ઔદયિક-પારિણામિક એ ત્રણ ભાવો હોય છે.

અનેક જીવની અપેક્ષાએ ગુણસ્થાનકોમાં ભાવોના ઉત્તરભેદઃ—

**ઔપશમિક** ભાવના ભેદો આ પ્રમાણેઃ—સમ્યક્ત્વ ચોથાથી અગિયારમા ગુણઠાણા પર્યંત હોય અને ચારિત્ર ૯-૧૦-૧૧ એ ત્રણ ગુણઠાણે હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ક્ષાયોપશમિક** ભાવના ઉત્તરભેદો આ પ્રમાણેઃ—

પહેલા બે ગુણઠાણે ત્રણ અજ્ઞાન, ચક્ષુ—અચક્ષુદર્શન, અને પાંચ લબ્ધિ એ દશ ભેદો હોય. ત્રીજે મિશ્રદૃષ્ટિ ગુણઠાણે ત્રણ મિશ્રજ્ઞાન, ત્રણ દર્શન, પાંચ લબ્ધિ અને મિશ્ર મોહનીય એ બાર ભેદ હોય. (અહિં અવધિદર્શન સિદ્ધાન્તની અપેક્ષાએ ગણાવેલ છે.) ચોથે ગુણઠાણે ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન, પાંચ લબ્ધિ અને સમ્યક્ત્વ મોહનીય એ બાર ભેદો હોય. પાંચમે ગુણઠાણે દેશવિરતિ સહિત તેર ભેદ હોય. છઠ્ઠે—સાતમે ગુણઠાણે મનઃપર્યવજ્ઞાન સહિત અને દેશવિરતિને બદલે સર્વવિરતિ સહિત ચૌદ હોય. ૮—૯—૧૦ એ ત્રણ ગુણઠાણે સમ્યક્ત્વ વિના તેર ભાવ હોય. અગિયારમે તથા બારમે ગુણઠાણે ચારિત્ર વિના બાર ભાવ હોય. તેરમે અને ચૌદમે ગુણઠાણે ઘાતીકર્મનો ક્ષય થવાથી ક્ષાયોપશમિક ભાવ હોતો નથી.

**ઔદયિક** ભાવના ઉત્તરભેદ આ પ્રમાણે—

મિથ્યાત્વ ગુણઠાણે ચાર ગતિ, ચાર કષાય, ત્રણ વેદ, છ લેશ્યા, અજ્ઞાન, અસિદ્ધત્વ, અવિરતિ અને મિથ્યાત્વ એ ૨૧ ભેદ હોય. સાસ્વાદને મિથ્યાત્વ વિના ૨૦ ભેદ હોય. મિશ્ર અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે અજ્ઞાન વિના ૧૯ ભાવ હોય, (મિશ્ર ગુણઠાણે જ્ઞાન અને અજ્ઞાન મિશ્ર હોય છે. કર્મગ્રંથકાર અજ્ઞાન માને છે સિદ્ધાંતકાર એકલું જ્ઞાન માને છે) દેશવિરતિ ગુણઠાણે નરકગતિ અને દેવગતિ વિના ૧૭ ભાવ હોય. પ્રમત્ત ગુણઠાણે તિર્યંચગતિ અને અસંયમ ૧૫ ભાવ હોય. અપ્રમત્ત વિના ગુણઠાણે પ્રથમની ત્રણ લેશ્યા સિવાય બાકીના બાર ભાવ હોય. આઠમે અને નવમે ગુણઠાણે પદ્મ અને તેજો લેશ્યા વિના ૧૦ ભાવ હોય. સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ત્રણ વેદ અને ત્રણ કષાય વિના ચાર ભાવ હોય. (સંજ્વલન લોભ, મનુષ્યગતિ, શુક્લ લેશ્યા અને અસિદ્ધત્વ). ઉપશાન્તમોહ, ક્ષીણમોહ અને સયોગિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલિ ગુણઠાણે સંજ્વલન લોભ વિના ત્રણ ભાવ હોય. અયોગિ કેવલિ ગુણઠાણે મનુષ્યગતિ અને અસિદ્ધત્વરૂપ બે ભાવ હોય છે.

**પારિણામિક** ભાવના ઉત્તરભેદ આ પ્રમાણે:—

મિથ્યાત્વ ગુણઠાણે ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ એ ત્રણ ભેદ હોય. સાસ્વાદનથી ક્ષીણમોહ સુધી ભવ્યત્વ અને જીવત્વ એ બે ભેદ હોય. તેરમે અને ચૌદમે ગુણઠાણે આસન્ન સિદ્ધાવસ્થા ભણી તથા ઘાતીકર્મ ખપાવ્યા તેથી કે બીજા કોઈ કારણે ભવ્યત્વ પૂર્વાચાર્યોએ વિવક્ષ્યું નથી તેથી એક જીવત્વ પારિણામિકભાવે હોય.

**ક્ષાયિક** ભાવના ઉત્તરભેદ આ પ્રમાણે:—

ચોથાથી અગિયારમા ગુણઠાણા સુધી સમ્યક્ત્વ હોય. બારમે ગુણઠાણે સમ્યક્ત્વ અને ચારિત્ર હોય. તેરમે અને ચૌદમે ગુણઠાણે સમ્યક્ત્વ, ચારિત્ર, જ્ઞાન, દર્શન અને પાંચ લબ્ધિ એ નવ ભાવ હોય.

એમ ગુણઠાણે જેટલા જેટલા ભાવના ભેદ છે તેને સંબંધે બનના સાન્નિપાતિક ભેદો યથાસંભવ વિચારી લેવા, જેમકે મિથ્યાત્વ ગુણઠાણે ઔદયિક ભાવના ૨૧, ક્ષાયોપશમિક ભાવના ૧૦ અને પારિણામિક ભાવના ૩ સર્વે મળીને ૩૪ ભાવભેદો હોય.

**ગાથા. ૭૨.**

"એક તે સંખ્યા રહિત છે" સંખ્યાની મતલબ ભેદ સાથે છે. એટલે જેમાં ભેદની પ્રતીતિ થાય તે સંખ્યા કહેવાય છે. એકમાં ભેદની પ્રતીતિ થતી નથી કારણ કે જ્યારે એક ઘટ આપણે જોઈએ છીએ ત્યારે આ ઘટ છે એવી પ્રતીતિ ઉત્પન્ન થાય છે. પણ આ એક ઘટ છે એવી પ્રતીતિ થતી નથી. અથવા આપવા અને લેવામાં જ્યારે એક વસ્તુ પ્રાયઃ કોઈ ગણના કરીને આપતું-લેતું નથી. આ કારણથી બધાથી ઓછા હોવા છતાં એકની જઘન્ય સંખ્યાતા તરીકે ગણના થતી નથી. ભેદની પ્રતીતિ બે આદિથી થાય છે માટે બેજ જઘન્ય સંખ્યાતું ગણી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથા. ૭૩.

અનવસ્થિતઃ—આગળ આગળ વધતો જતો હોવાથી નિયત પરિમાણના અભાવવાળો પ્યાલો તે અનવસ્થિત પ્યાલો.

શલાકાઃ—એક એક સાક્ષિભૂત સરસવથી ભરાતો હોવાથી શલાકા.

પ્રતિશલાકાઃ—પ્રતિસાક્ષિભૂત સરસવો વડે ભરાતો હોવાથી પ્રતિશલાકા.

મહાશલાકાઃ—મહાસાક્ષિભૂત સરસવો વડે ભરાતો હોવાથી મહાશલાકા.

ગાથા ૭૪.

અનવસ્થિત પ્યાલો પહેલો ખાલી કરીએ તે વખતે તે નિયત માપવાળો હોવાથી તે અનવસ્થિત કહેવાય નહીં. પણ ત્યારપછી આગળ જતાં ક્રમે ક્રમે વધતો જશે માટે તેનું પરિમાણ અનિયમિત હોવાથી તે અનવસ્થિત ગણાય. અને અનવસ્થિત થયા પછી જ સાક્ષિ સરસવ શલાકામાં નંખાય તે પહેલાં નહીં.

ગાથા ૭૭.

પ્રથમ લક્ષયોજન પ્રમાણ મૂલ અનવસ્થિત પલ્યને સરસવો વડે ભરવો. પછી તે ભરેલા પ્યાલાને ઉપાડીને એક એક સરસવ જંબૂદ્વીપ આદિ પ્રત્યેક દ્વીપ અને સમુદ્રને વિષે મુકવા. આ પ્રમાણે એક એક સરસવ નાખતાં જે દ્વીપ કે સમુદ્રમાં મૂલ અનવસ્થિત પલ્ય ખાલી થાય તે દ્વીપ કે સમુદ્ર જેવડો લાંબો–પહોળો તથા ઉંચાઈમાં પહેલા પલ્ય જેવડો બીજો અનવસ્થિત પલ્ય કલ્પવો. અને એને શિખાસહિત સરસવોથી ભરવો અને એક એક સરસવ આગળના દ્વીપ અને સમુદ્રમાં નાંખતા જવું. આ પ્રમાણે એક એક સરસવ નાંખતા જ્યારે અનવસ્થિત પલ્ય ખાલી થાય ત્યારે એક સરસવ શલાકા પલ્યમાં નાખવો. વળી તે દ્વીપ કે સમુદ્ર જેવડો અનવસ્થિત પલ્ય બનાવવો અને તેને સરસવે કરીને શિખાસહિત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરવો અને પછી આગળના દ્વીપ અને સમુદ્રે એક એક સરસવ નાખવો અને ખાલી થાય ત્યારે એક સરસવ શલાકામાં નાખવો. આ પ્રમાણે જ્યારે અનવસ્થિત પાલો ખાલી થતો જાય ત્યારે એક એક સરસવ શલાકા પ્યાલામાં મુકતા જઇએ અને જે જે દ્વીપ કે સમુદ્રે ખાલી થાય તે તે દ્વીપ કે સમુદ્ર જેવડો નવો—નવો અનવસ્થિત કલ્પતા જવું, આ પ્રમાણે કરતાં જ્યારે શલાકા પલ્ય પૂર્ણ ભરાઈ જાય ત્યારે જે દ્વીપ કે સમુદ્રે અનવસ્થિત ખાલી થતો હોય તે દ્વીપ કે સમુદ્ર જેવડો અનવસ્થિત પ્યાલો કલ્પવો અને સરસવોથી ભરવો. તેને ખાલી કરી સાક્ષીભૂત સરસવ શલાકામાં સમાય એમ ન હોવાથી એમને એમ ભરેલો રાખવો; અને ત્યાંથી શલાકા પ્યાલો ઉપાડીને એક એક દ્વીપ—સમુદ્રે એક એક સરસવ નાંખતા જવું. આ પ્રમાણે શલાકા પ્યાલો ખાલી થાય ત્યારે એક સરસવ પ્રતિશલાકામાં નાખવો. આ વખતે અનવસ્થિત ભરેલ હોય. શલાકા ખાલી હોય અને પ્રતિશલાકામાં એક સરસવ હોય છે.

ફરી અનવસ્થિત પલ્યને લઈને આગળના દ્વીપ—સમુદ્રે એક એક સરસવ નાંખતા જવું અને ખાલી થાય ત્યારે એક સરસવ શલાકા પ્યાલામાં નાખવો અને તે દ્વીપ કે સમુદ્ર જેવડો નવો અનવસ્થિત પ્યાલો કલ્પવો તેને સરસવે કરીને ભરવો અને પાછો એક—એક સરસવ એક—એક દ્વીપ અને સમુદ્રમાં નાંખતા જવું. એ રીતે ફરી બીજી-વાર શલાકા પ્યાલાને પૂર્ણ ભરવો અને જે દ્વીપ—સમુદ્રે અનવસ્થિત ખાલી થયો હોય તે દ્વીપ—સમુદ્ર જેવડો ઉત્તરાનવસ્થિત કલ્પવો અને એને સરસવે કરીને ભરવો. હવે અનવસ્થિત ભરેલ છે. શલાકા પણ પૂર્ણ છે અને પ્રતિશલાકામાં એક સરસવ છે. પછી શલાકા પ્યાલાને ઉપાડીને ત્યાંથી આગળના દ્વીપ—સમુદ્રે એક—એક સરસવ નાખી ખાલી કરવો અને ખાલી થયે છતે એક સરસવ પ્રતિશલાકામાં નાંખવો. હવે પ્રતિશલાકામાં બે સરસવ છે. શલાકા ખાલી છે અને અનવસ્થિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરેલો પડયો છે. તેને ઉપાડીને ત્યાંથી આગળના દ્વીપ–સમુદ્રે એક એક સરસવ નાખવો. ખાલી થાય ત્યારે શલાકામાં એક સાક્ષી સરસવ નાખવો અને એ રીતે શલાકા પૂર્ણ ભરવો. ત્યારે અનવસ્થિત પણ ભરેલો હોય. પછી શલાકાને ઉપાડીને આગળના દ્વીપ–સમુદ્રે ખાલી કરવો. અને ખાલી થાય ત્યારે એક સરસવ પ્રતિશલાકામાં નાખવો. આ રીતે અનવસ્થિત વડે શલાકા અને શલાકાવડે પ્રતિશલાકા પૂર્ણ ભરવો, પ્રતિશલાકા પૂર્ણ થાય ત્યારે અનવસ્થિત, શલાકા અને પ્રતિ-શલાકા ત્રણે પ્યાલા પૂર્ણ ભરેલા હોય છે. પછી પ્રતિશલાકાને ઉપાડીને આગળના દ્વીપ–સમુદ્રે ખાલી કરવો અને ખાલી થાય ત્યારે મહાશલા-કામાં એક સાક્ષી સરસવ નાખવો. ત્યારે મહાશલાકામાં એક સરસવ પ્રતિશલાકા ખાલી અને શલાકા તથા અનવસ્થિત ભરેલા હોય છે. પછી શલાકાને ઉપાડીને આગળના દ્વીપ અને સમુદ્રે ખાલી કરવો, અને ખાલી થાય ત્યારે એક સરસવ પ્રતિશલાકામાં નાખવો. ત્યારે મહાશલાકા તથા પ્રતિશલાકામાં એક એક સરસવ અને શલાકા ખાલી તથા અનવસ્થિત ભરેલ હોય છે, પછી અનવસ્થિતને ઉપાડીને આગળના દ્વીપ–સમુદ્રે ખાલી કરવો અને તેના વડે શલાકા ભરવો. શલાકા ભરાય ત્યારે અનવસ્થિતને ભરેલો રાખવો અને શલાકાને ખાલી કરી એક સરસવ પ્રતિશલાકામાં નાખવો. આવી રીતે અનવસ્થિત વડે શલાકા અને શલાકાવડે પ્રતિશલાકાને પૂર્ણ ભરવો. પ્રતિશલાકા પૂર્ણ થાય ત્યારે મહાશલાકામાં એક સરસવ અને બાકીના ત્રણ ભરેલ હોય છે. પછી પ્રતિશલાકા ખાલી કરી મહાશલાકામાં એક સરસવ નાખવો. અને શલાકા ખાલી કરી પ્રતિશલાકામાં એક સરસવ નાખવો. તથા અનવસ્થિત ખાલી કરી એક સરસવ શલાકામાં નાખવો. આ રીતે જ્યારે મહાશલાકામાં એક સરસવ વધે ત્યારે પ્રતિશલાકા ખાલી હોય અને શલાકા તથા અનવસ્થિત ભરેલ હોય છે. આ પ્રમાણે પૂર્વ–પૂર્વ પલ્ય ખાલી થાય ત્યારે એક–એક સાક્ષી સરસવ આગળના પ્યાલામાં

નાંખતા જવું. જ્યારે મહાશલાકા પૂર્ણ ભરાય ત્યારે પ્રતિશલાકા ખાલી હોય અને શલાકા તથા અનવસ્થિત ભરેલ હોય. અને એજ પ્રમાણે શલાકાવડે પ્રતિશલાકા અને અનવસ્થિત વડે શલાકાને પૂર્ણ કરતા જવું. જ્યારે મહાશલાકા અને પ્રતિશલાકા પૂર્ણ થાય ત્યારે શલાકા ખાલી હોય અને અનવસ્થિત ભરેલ હોય. પછી અનવસ્થિત-વડે શલાકાને પૂર્ણ ભરવો અને શલાકા પૂર્ણ ભરાય ત્યારે જે દ્વીપ કે સમુદ્ર હોય તે દ્વીપ કે સમુદ્ર જેવડો અનવસ્થિત કલ્પીને તેને પણ સરસવો વડે ભરી લેવો. આ પ્રમાણે ચારે પ્યાલા પૂર્ણ ભરેલ હોય.

મતાંતર:—જીવવિજયજીના ટબામાં આ વાત જુદી રીતે જણાવેલ છે તે અન્ય આચાર્યોનો મત હોય તેમ જણાવે છે. તેમાં કહ્યું છે કે પ્રથમ અનવસ્થિત વડે શલાકા પૂર્ણ ભરવો, શલાકા ભરાય ત્યારે અનવસ્થિત ખાલી રાખવો. ત્યાંથી આગળ શલાકામાંથી એક એક સરસવ નાખવો. શલાકા ખાલી થાય ત્યારે પ્રતિશલાકામાં એક સરસવ નાખવો એટલે જ્યારે પ્રતિશલાકામાં એક સરસવ હોય ત્યારે શલાકા અને અનવસ્થિત ખાલી હોય. પછી જ્યાં શલાકા ખાલી થયો તે દ્વીપ –સમુદ્ર જેવડો અનવસ્થિત કલ્પવો. અને એ રીતે અનવસ્થિત વડે શલાકા ભરવો. શલાકાવડે પ્રતિશલાકા ભરવો. જ્યારે પ્રતિશલાકા પૂર્ણ ભરાય ત્યારે અનવસ્થિત અને શલાકા ખાલી હોય છે. પછી પ્રતિ-શલાકા ઉપાડવો અને એક–એક દ્વીપ–સમુદ્રે એક–એક સરસવ નાંખવો અને તે ખાલી થયે છતે એક સાક્ષી સરસવ મહાશલાકામાં નાખવો. મહાશલાકામાં જ્યારે એક સરસવ હોય ત્યારે પાછળના ત્રણે પ્યાલા ખાલી હોય પછી જ્યાં પ્રતિશલાકા ખાલી થયો હોય ત્યાં નવો અનવસ્થિત કલ્પવો. અનવસ્થિત વડે શલાકા અને શલાકાવડે પ્રતિશલાકા અને પ્રતિશલાકાવડે મહાશલાકા આ ક્રમથી પૂર્ણ કરવા. જ્યારે મહાશલાકા પૂર્ણ થાય ત્યારે પ્રતિશલાકા–શલાકા અને અનવસ્થિત ખાલી હોય. પછી જ્યાં પ્રતિશલાકા ખાલી થયો હોય ત્યાં તેવડો અનવસ્થિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પવો. પાછા એજ ક્રમથી એક–બીજાને પૂર્ણ કરવા. એ રીતે પ્રતિ-શલાકા પૂર્ણ થાય ત્યારે મહાશલાકા અને પ્રતિશલાકા પૂર્ણ ભરેલા હોય અને શલાકા તથા અનવસ્થિત ખાલી હોય. પછી જ્યાં શલાકા ખાલી થયો હોય તેવડા દ્વીપ કે સમુદ્ર જેવડો અનવસ્થિત કલ્પવો. અને અનવસ્થિત વડે શલાકા પૂર્ણ ભરવો અને જ્યાં અનવસ્થિત ખાલી થયો હોય તે દ્વીપ કે સમુદ્ર જેવડો અનવસ્થિત કલ્પીને તેને શિખા સહિત સરસવે પૂર્ણ ભરવો. આ રીતે ચારે પ્યાલા પૂર્ણ ભરેલા થાય.

આ પ્રમાણે ટીકા અનુસાર અને ટબા અનુસાર ચારે પ્યાલા પૂર્ણ થયા. હવે તે દરેક દ્વીપ–સમુદ્રમાં નાંખેલા સરસવ તથા ચારે પ્યાલાના સરસવને એકઠા કરવા અને તેમાંથી એક ઓછો કરવો તે ઉત્કૃષ્ટ સંખ્યાતું કહેવાય. બે જઘન્ય સંખ્યાતું અને બાકીનું બધું મધ્યમ–સંખ્યાતું ગણાય.

ગાથા–૭૮

અસંખ્યાતા અને અનંતાનું સ્વરૂપ.

સંખ્યાતા–અસંખ્યાતા અને અનંતાની અંક સ્થાપના.

| | | |
|---|---|---|
| જઘન્ય–સંખ્યાતુ ૧ | મધ્યમ-સંખ્યાતુ ૨ | ઉત્કૃષ્ટ સંખ્યાતુ ૩ |
| જઘન્ય પરિત્ત-અસં. ૧ | મધ્યમ-પરિત્ત-અસં. ૨ | ઉત્કૃષ્ટ પરિ અસં. ૩ |
| જઘન્ય યુક્ત-અસં. ૪ | મધ્યમ યુક્ત-અસં. ૫ | ઉત્કૃષ્ટ-યુક્ત-અસં. ૬ |
| જઘન્ય-અસં. અસં. ૭ | મધ્યમ-અસં. અસં. ૮ | ઉત્કૃષ્ટ-અસં. અસં. ૯ |
| જઘન્ય પરિત્ત અનંતુ ૧ | મધ્યમ-પરિત્ત-અનંતુ ૨ | ઉત્કૃષ્ટ પરિત્ત અનંતુ ૩ |
| જઘન્ય-યુક્ત-અનંતુ ૪ | મધ્યમ યુક્ત-અનંતુ ૫ | ઉત્કૃષ્ટ-યુક્ત અનંતુ ૬ |
| જઘન્ય-અનંતાનંતુ ૭ | મધ્યમ-અનંતાનંતુ ૮ | ઉત્કૃષ્ટ અનંતાનંતુ ૯ |

૧ જઘન્ય પરિત્ત અસંખ્યાતું :–ઉત્કૃષ્ટ સંખ્યાતામાં એકરૂપ સહિત કરીએ ત્યારે જઘન્ય પરિત્ત અસંખ્યાતું થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨ મધ્યમ-પરિત્ત-અસંખ્યાતું :—જઘન્ય-પરિત્ત અસંખ્યાતામાં એકરૂપ યુક્ત કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટ-પરિત્ત અસંખ્યાતું ન થાય ત્યાં સુધી મધ્યમ-પરિત્ત અસંખ્યાંતુ.

૩ ઉત્કૃષ્ટ-પરિત્ત-અસંખ્યાતું :—જઘન્ય પરિત્ત અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી જઘન્ય યુક્ત અસંખ્યાતું થાય અને તેમાંથી એકરૂપ ઓછું કરીએ ત્યારે ઉત્કૃષ્ટ પરિત્ત-અસંખ્યાતું.

૪ જઘન્ય-યુક્ત અસંખ્યાતું :— જઘન્ય-પરિત્ત અસંખ્યાતાનો રાશી અભ્યાસ કરવાથી જઘન્ય યુક્ત અસંખ્યાતું થાય. એક આવલિકાના આટલા સમયો હોય છે.

મધ્યમ-યુક્ત-અસંખ્યાતું :—જઘન્ય-યુક્ત-અસંખ્યાતામાં એક ઉમેરીએ એટલે ત્યાંથી માંડીને જ્યાં સુધી ઉત્કૃષ્ટ-યુક્ત-અસંખ્યાતું ન થાય ત્યાં સુધીનું બધું મધ્યમ-યુક્ત અસંખ્યાતું કહેવાય.

૬ ઉત્કૃષ્ટ-યુક્ત- અસંખ્યાતું :— જઘન્ય-યુક્ત-અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી સાતમું જઘન્ય અસંખ્યાત-અસંખ્યાતું થાય, એકરૂપ ઓછું કરતાં ઉત્કૃષ્ટ-યુક્ત-અસંખ્યાતું થાય.

૭ જઘન્ય-અસંખ્યાત-અસંખ્યાતું :—જઘન્ય-યુક્ત-અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી જઘન્ય-અસંખ્યાત-અસંખ્યાતું થાય.

૮ મધ્યમ-અસંખ્યાત-અસંખ્યાતું :—જઘન્ય અસંખ્યાત-અસંખ્યાતામાં એક ઉમેરીએ તે જ્યાં સુધી ઉત્કૃષ્ટ ન થાય ત્યાં સુધી મધ્યમ-અસંખ્યાત-અસંખ્યાતું કહેવાય.

૯ ઉત્કૃષ્ટ-અસંખ્યાત-અસંખ્યાતું :—જઘન્ય-અસંખ્યાત-અસંખ્યાતાનો રાશી અભ્યાસ કરવાથી પહેલું જઘન્ય પરિત્ત અનંતું થાય. અને તેને એકરૂપ ઊણું કરીએ એટલે ઉત્કૃષ્ટ અસંખ્યાત-અસંખ્યાતું થાય.

૧ જઘન્ય-પરિત્ત-અનંતું :— સાતમા જઘન્ય-અસંખ્યાત-અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી પહેલું જઘન્ય-પરિત્ત અનંતું થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨ મધ્યમ-પરિત્ત અનંતું — જઘન્ય-પરિત્ત અનંતાને એકાદિકે યુક્ત કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટ ન થાય ત્યાં સુધી મધ્યમ-પરિત્ત-અનંતું.

૩ ઉત્કૃષ્ટ-પરિત્ત-અનંતુઃ—પહેલા જઘન્ય-પરિત્ત—અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી જઘન્ય યુક્ત અનંતું થાય. અને તેને એકરૂપ ઊણું કરીએ ત્યારે ઉત્કૃષ્ટ-પરિત્ત અનંતું થાય.

૪ જઘન્યયુક્તાનંતું :— પહેલા જઘન્ય-પરિત્ત-અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી જઘન્ય યુક્તાનંતું થાય. આટલા અભવ્યજીવો છે.

૫ મધ્યમ યુક્તાનંતુ :—જઘન્ય યુક્તાનંતાને એકાદિકે યુક્ત કરતાં કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટ યુક્તાનંતું ન થાય ત્યાં સુધી સર્વ મધ્યમ યુક્તાનંતું.

૬ ઉત્કૃષ્ટ યુક્તાનંતુઃ—જઘન્ય યુક્તાનંતાને રાશિ અભ્યાસ કરવાથી સાતમું જઘન્ય-અનંતાનંતું થાય, તેને વળી એક રૂપ ઊણુ કરીએ એટલે ઉત્કૃષ્ટ યુક્તાનંતું થાય.

૭ જઘન્ય—અનંતાનંતું :—ચોથા જઘન્ય-યુક્ત--અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી સાતમું જઘન્ય અનંતાનંતું થાય.

૮ મધ્યમ—અનંતાનંતુઃ— જઘન્ય-અનંતાનંતાને એકાદિકે યુક્ત કરીએ એટલે પછીનું સર્વ મધ્યમ—અનંતાનંતું થાય.

૯ ઉત્કૃષ્ટાનંતાનંતુ:—અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે :—

**एवं उक्कोसयं अणताणंतयं नत्थि।**

ઉત્કૃષ્ટ અનંતાનંતું નથી. જઘન્ય અનંતાનંત પછીનાં સર્વ સ્થાનો મધ્યમ-અનંતાનંતામાં સમાય છે. એટલે ઉત્કૃષ્ટ-અનંતાનંતું નથી.

આ પ્રમાણે અનુયોગદ્વાર સૂત્રમાં કહેલ વિધિ પ્રમાણે અસંખ્યાતાદિકનું સ્વરૂપ કહ્યું. હવે અન્ય આચાર્યોને મતે તેનું સ્વરૂપ જણાવે છે.

**ગાથા ૮૦ થી ૮૬**

૧ જઘન્ય પરિત્ત અસંખ્યાતુંઃ— ઉત્કૃષ્ટ સંખ્યાતું એકરૂપ યુક્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીએ એટલે પહેલું અસંખ્યાતું થાય.

૨ મધ્યમ-પરિત્ત અસંખ્યાતું:—આગળ પ્રમાણે.

૩ ઉત્કૃષ્ટ પરિત્ત—અસંખ્યાતું:—ચોથા જઘન્ય યુક્ત અસંખ્યાતામાંથી એકરૂપ ઊણું કરીએ એટલે ત્રીજું અસંખ્યાતું.

૪ જઘન્ય—યુક્ત—અસંખ્યાતું — ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતું એકરૂપ યુક્ત કરીએ એટલે ચોથું અસંખ્યાતું થાય.

૫ મધ્યમ—યુક્ત—અસંખ્યાતું: આગળ પ્રમાણે

૬ ઉત્કૃષ્ટ—યુક્ત—અસંખ્યાતું :— સાતમા જઘન્ય-અસંખ્યાત—અસંખ્યાતામાંથી એકરૂપ ઊણું કરીએ એટલું છઠ્ઠું ઉત્કૃષ્ટ-યુક્ત-અસંખ્યાતું થાય.

૭ જઘન્ય-અસંખ્યાત-અસંખ્યાતું :—ચોથું જઘન્ય-યુક્ત અસંખ્યાતું એકજ વાર વર્ગિએ એટલે -જઘન્ય-અસંખ્યાત-અસંખ્યાતું સાતમું થાય

૮ મધ્યમ—અસંખ્યાત—અસંખ્યાતું:—સાતમું અસંખ્યાતું રૂપાદિકે યુક્ત કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટ ન થાય ત્યાં સુધી મધ્યમ-અસંખ્યાત અસંખ્યાતું આઠમું થાય.

૯ ઉત્કૃષ્ટ-અસંખ્યાત—અસંખ્યાતું :—જઘન્ય-પરિત્ત-અનંતામાંથી એક ઓછો કરીએ ત્યારે ઉત્કૃષ્ટ-અસંખ્યાત-અસંખ્યાતું થાય.

૧ જઘન્ય-પરિત્ત—અનંતું :—પ્રથમ જઘન્ય-અસંખ્યાત-અસંખ્યાતાનો ત્રણ વાર વર્ગ કરવો અને તેમાં આ દશ વસ્તુઓ ભેળવીએ. (૧) લોકાકાશના પ્રદેશ, (૨) ધર્માસ્તિકાયના પ્રદેશ, (૩) અધર્માસ્તિકાયના પ્રદેશ; (૪) એક જીવના પ્રદેશ, (૫) સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો (૬) અનુભાગબંધના અધ્યવસાયસ્થાનો, (૭) યોગ તે મન, વચન કાયાનું વીર્ય. તેના છેદપ્રતિભાગ તે સૂક્ષ્મ નિર્વિભાજ્ય ભાગ, (૮) ઉત્સર્પિણી-અવસર્પિણી એ બે કાળના સમય, (૮) પ્રત્યેક જીવનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીર અને (૧૦) નિગોદ-સાધારણ વનસ્પતિકાયનાં શરીર એ દશ અસંખ્યાતી વસ્તુઓ ભેળવીએ અને પછી વળી તે રાશિનો ત્રણ વાર વર્ગ કરીએ તે પહેલું જઘન્ય-પરિત્ત–અનંતું થાય.

૨ મધ્યમ-પરિત્ત અનંતુઃ આગળ પ્રમાણે.

૩ ઉત્કૃષ્ટ-પરિત્ત અનંતુઃ—જઘન્ય યુક્ત અનંતામાંથી એક ઓછો કરીએ એટલે ત્રીજું ઉત્કૃષ્ટ-પરિત્ત–અનંતુ થાય.

૪ જઘન્ય-યુક્ત-અનંતુઃ—જઘન્ય-પરિત્ત-અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી ચોથું અનંતુ થાય. આટલા અભવ્ય જીવો છે.

૫ મધ્યમ-યુક્ત-અનંતુઃ—આગળ પ્રમાણે

૬ ઉત્કૃષ્ટ-યુક્ત-અનંતુઃ—જઘન્ય-અનંતાનંતુ એકરૂપ ઊણું કરીએ એટલે છઠ્ઠું ઉત્કૃષ્ટ-યુક્તાનંતુ થાય.

૭ જઘન્ય અનંતાનંતુઃ—જઘન્ય-યુક્ત–અનંતાનો એકવાર વર્ગ કરવાથી સાતમું જઘન્ય અનંતાનંતુ થાય.

૮ મધ્યમ-અનંતાનંતુઃ—જઘન્ય અનંતાનંતાને એકાદિકે યુક્ત કરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટાનંતાનંતુ ન થાય ત્યાં સુધી સર્વ મધ્યમ–અનંતાનંતુ.

૯ ઉત્કૃષ્ટ-અનંતાનંતુઃ—જઘન્ય-અનંતાનંતાની રાશિનો ત્રણવાર વર્ગ કરીએ અને તેમાં આ છ અનંતા ભેળવીએ (૧) સિદ્ધના જીવ, (૨) નિગોદિયા જીવ, (૩) વનસ્પતિ કાયના જીવ, (૪) સર્વ અતીત-અનાગત કાળના સમય, (૫) સર્વ પુદ્ગલ પરમાણુ અને (૬) સર્વ અલોકાકાશનાં પ્રદેશ, આ છ ભેળવીએ. ત્યારપછી વળી તેનો ત્રણવાર વર્ગ કરીએ, અને કેવળજ્ઞાન અને કેવલ-દર્શનના પર્યાય ભેળવીએ ત્યારે નવમું ઉત્કૃષ્ટાનંતાનંતુ થાય. આ ઉત્કૃષ્ટ-અનંત–અનંતું નિષ્પ્રયોજન છે. એટલા માટે સિદ્ધાન્તમાં ના કહી છે. કારણ કે લોકાકાશમાં જેટલા પદાર્થો છે તે સર્વે આઠમા અનંતેજ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મગ્રંથમાં સંખ્યાતાદિના એકવીશ ભેદ ગણાવ્યા છે. પહેલા ત્રણ સંખ્યાતાના. બીજા નવ અસંખ્યાતાના અને ત્રીજા નવ અનંતાના. આ બન્ને મતાંતરોમાં પહેલાં સાત ભેદના વર્ણનમાં કોઈ જાતનો ફેરફાર નથી. આઠમા ભેદથી વિષયોમાં મતભેદ છે, ટબામાં અને મૂલમાં જે મતાંતર જણાવેલ છે તે ટુંકમાં આ પ્રમાણે છે. જઘન્ય-યુક્ત-અસંખ્યાતાનો વર્ગ કરવાથી જઘન્ય-અસંખ્યાત-અસંખ્યાતુ થાય છે. જઘન્ય—અસંખ્યાત-અસંખ્યાતાનો ત્રણવાર વર્ગ કરીને એમાં ગાથામાં જણાવેલ દશ અસંખ્યાતા મેલવવાથી અને પછી ત્રણવાર વર્ગ કરવાથી જઘન્ય—પરિત્ત-અનંતુ થાય છે. જઘન્ય-પરિત્ત અનંતાનો અભ્યાસ કરવાથી જઘન્ય-યુક્ત-અનંતું થાય છે. જઘન્ય-યુક્ત-અનંતાનો એક વાર વર્ગ કરવાથી જઘન્ય-અનન્ત—અનન્ત થાય છે. જઘન્ય-અનંતાનન્તાનો ત્રણવાર વર્ગ કરીને એમાં છ અનંતા મેલવીને ફરીવાર ત્રણવાર વર્ગ કરીને કેવળજ્ઞાન અને કેવળદર્શનના પર્યાયો મેલવવાથી જે સંખ્યા થાય તે ઉત્કૃષ્ટ અનંતાનંતુ છે. મધ્યમ અને ઉત્કૃષ્ટ સંખ્યા જાણવા માટેની રીત સરખી છે.

આ બન્ને રીતથી જઘન્ય અને ઉત્કૃષ્ટની સંખ્યા એક એકની હોય છે. પણ મધ્યમ સંખ્યાતાના સંખ્યાતા, અસંખ્યાતાના અસંખ્યાતા અને અનંતાના અનંતા ભેદો થાય છે.

આ રીતે ષડશીતિ નામના ચતુર્થ કર્મગ્રંથ ઉપર મૂલ અને ટબ્બાને લગતા વિષયોનું ટીપ્પણ પૂર્ણ થયું. આ કર્મગ્રંથના જુદા જુદાં વિષયો ઉપર વિવેચન હોવાથી આનું બીજું નામ સૂક્ષ્માર્થ વિચાર છે. આની મૂલ ગાથાઓ ૮૬ છે. અને બીજી ત્રણ પ્રક્ષેપ ગાથાઓ મલી કુલ ૮૯ ગાથાઓ આ કર્મગ્રંથમાં આપેલી છે.

## ષડશીતિ પ્રદીપક સંપૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપનાં બાળકોને શ્રદ્ધાળુ,
જ્ઞાનવાન અને
ચારિત્રસંપન્ન બનાવવા

# મહેસાણા
# પાઠશાળામાં દાખલ
# કરો

**પ્રવેશપત્ર મંગાવી ભરી મોકલો**

:- પ્રકાશક :-

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
ઠે. સ્ટેશન રોડ,
મહેસાણા (ઉ.ગુ.) ૩૮૪૦૦૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org